હક઼્ક઼ના તલબગારો તથા ઈન્સાફ઼પ્રિય દિલો તથા દિમાગવાળાઓ માટે હિદાયતનો અણમોલ તોહફ઼ો

દિલે બિના ભી કર ખુદાસે તલબ
આંખ કા નૂર દિલ કા નૂર નહીં
-(ડૉ. ઈકબાલ)

# બિદઅતની હક઼ીક઼ત

સંપાદક

અબુલ એજાઝ મુહમ્મદસિદ્દીક઼
ઝિયા નક્શબંદી ચિશ્તી
રુકને મર્કઝી મજલિસે શુરા, બઝમે લાષાની (પાક.)

અનુવાદક

જનાબ મૌલાના ઈસ્માઈલ અમજદી રોઝાટંકારવી

પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફ઼ા–દયાદરા
GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: ૧૮૩ | આવૃત્તિ–૧ | પ્રત: ૪૫૦૦ |
| ૬–રજબુલ મુરજ્જબ | હિ.સ. ૧૪૩૨ | જુન–૨૦૧૧ |

નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન

| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | બિદઅતની હક઼ીક઼ત |
| સંપાદક | : | અબુલ એજાઝ મુહમ્મદસિદ્દીક઼ ઝિયા નક્શબંદી ચિશ્તી |
| ગુજરાતી અનુવાદ | : | જનાબ મૌલાના ઈસ્માઈલ અમજદી રોઝાટંકારવી |
| પેજીસ | : | ૨૩૨ કિંમત : રૂા. ૬૦/– |
| કંપોઝિંગ | : | સાદિક઼ યાકૂબ પટેલ દયાદરવી |
| પ્રુફ રીડિંગ | : | પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી |
| આવૃત્તિ | : | પ્રથમ ★ નકલ : ૪૫૦૦ |
| પ્રકાશન વર્ષ | : | ૬ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૩૨ અંગ્રેજી તા. ૯ જુન ૨૦૧૧, વાર : જુમેરાત |
| પ્રાપ્તિસ્થાન | : | અંજુમને રઝાએ મુસ્તફ઼ા–દયાદરા C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦ ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨ |

પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફ઼ા–દયાદરા
GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝાએ મુસ્તફ઼ા,
મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓફિસ), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❊ પ્રકાશકના બે બોલ........ | 005 |
| ❊ પ્રસ્તાવના...... | 007 |
| ❊ શિર્ક અને બિદઅત | 005 |
| ❊ તૌહીદ અને ઈશ્કે રસૂલ | 017 |
| ❊ દુશ્મનોનું ષડયંત્ર | 017 |
| ❊ શિર્કની હક઼ીક઼ત | 018 |
| ❊ શિર્કના ત્રણ પ્રકારો | 020 |
| ❊ બિદઅત શું છે ? | 020 |
| ❊ કુર્આનને ભેગુ કરવું અને બિદઅત | 023 |
| ❊ હદીષોનું સંપાદન અને બિદઅત | 026 |
| ❊ ફિક઼્હ તથા ઉસૂલે ફિક઼્હ | 026 |
| ❊ ઈલ્મે કલામ | 026 |
| ❊ બિદઅતી કોણ ? | 027 |
| ❊ ફૈંસલો કરવાની રીત | 028 |
| ❊ ઈન્સાફની વાત | 032 |
| ❊ ફૈંસલો કરવાની બીજી રીત | 033 |
| ❊ દેવબંદના ખુલાસાઓ | 038 |
| ❊ અમારી ગુઝારિશ ! | 042 |
| ❊ મવદૂદી મહાશય અને બિદઅતનો ખયાલ | 043 |
| ❊ પ્રસ્તુત કિતાબ વિશે | 044 |
| ❊ બિદઅતની વ્યાખ્યા | 047 |
| ❊ બિદઅતે એ'તેક઼ાદી | 048 |
| ❊ બિદઅતે અમલી | 049 |
| ❊ વિચારવા જેવી બાબત | 049 |
| ❊ અમલી બિદઅતના પ્રકાર | 050 |
| ❊ ધ્યાન દોરવા લાયક વાત | 050 |
| ❊ બિદઅતે હસના (સારી બિદઅત) | 051 |
| ❊ બિદઅતે સય્યેઆ (બુરી બિદઅત) | 051 |
| ❊ વિસ્તારપૂર્વક ચર્ચા | 051 |
| ❊ મુજદ્દિદે અલ્ફેષાનીનો મસ્લક | 057 |
| ❊ સારા અને ખરાબ હોવાનો દારો મદાર | 062 |




# અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ❊ બિદઅતે હસનાના વાજિબ હોવા વિશે | 067 |
| ❊ સુન્નતે ખોલફાએ રાશેદીન رضوان الله تعالى عليهم اجمعين | 075 |
| ❊ મુસલમાનોનો માર્ગ અને એક ચેતવણી | 083 |
| ❊ અમુક વાંધાઓનું પરીક્ષણ | 088 |
| ❊ વસ્તુઓમાં મૂળ મુબાહ હોવું છે | 121 |
| ❊ વર્ણન ન હોવાથી વજૂદ ન હોવું પુરવાર થશે નહીં | 122 |
| ❊ ખુલાસો : કલામુલ ઈમામ ઈમામુલ કલામ | 138 |
| ❊ રિવાજ પામેલ બિદઅતો | 140 |
| ❊ વાંધો ઉઠાવનારનો અક઼ીદો | 146 |
| ❊ મેહફિલે મીલાદ | 150 |
| ❊ એક વાંધાનું વિશ્લેષણ | 157 |
| ❊ હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીનો અમલ અને મંતવ્ય | 159 |
| ❊ વિરોધીઓના પીર અને બીજા બુઝુર્ગોનો અમલ | 160 |
| ❊ બુરાં કામોથી બચો ! | 161 |
| ❊ શું અહીં ફુઝૂલ ખર્ચી ન થઈ ? | 166 |
| ❊ મના કરેલી ચીજો શું છે ? | 169 |
| ❊ બિદઅતે હસનાના વિરોધીઓ અને મેહફિલે મીલાદ | 170 |
| ❊ તારીખે વિલાદત અને ઉમ્મતનો અમલ | 171 |
| ❊ મીલાદનો જુલૂસ | 175 |
| ❊ ઈમામ બુખારીનું સ્વાગત અને જુલૂસ | 182 |
| ❊ ઈસાલે સવાબ | 186 |
| ❊ તઅઝિયત (અફસોસ જાહેર કરવા વિષે) | 191 |
| ❊ ખાવા સામે રાખી કુર્આનની આયતો પઢવી અને બરકતની દુઆ | 193 |
| ❊ હવાલો : મિશ્કાત બાબ ફિલ મોઅજિઝાત | 194 |
| ❊ દિવસ નક્કી કરવો | 195 |
| ❊ ફતાવા રશીદિયાનો દિલચસ્પ ફતવો | 198 |
| ❊ દિવસ નક્કી કરવાના ફાયદા | 201 |
| ❊ ઉર્સ | 205 |
| ❊ દિલચસ્પ બનાવ | 220 |
| ❊ મસ્લકે મુજદ્દિદ અલ્ફેષા رحمة الله عليه ની પર એક નજર | 221 |
| ❊ અઝાન પહેલાં સલાતો સલામ | 225 |

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# પ્રકાશકના બે બોલ......

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

## ★ સુન્નીઓ ! અસલી બિદઅતીઓને ઓળખો ! ★

આજકાલ વાત વાતમાં શિર્ક–બિદઅતના ફત્વા લગાડતી એક ટોળી ખૂબ જ શોર મચાવતી રહે છે, પોતે સેંકડો બિદઅતોના હારતોરા લગાડીને ફરતી એ ગુમરાહ જમાઅત "અહલે સુન્નત વ જમાઅત"ના લોકોને બિદઅતી ! બિદઅતી !નું ગલત મહેણુ મારતી રહે છે, એ છે વહાબી દેવબંદીઓની જમાઅત કે જેઓ અક઼ીદાથી લઈને અમલોમાં બિદઅતોની વણઝાર લઈને ચાલી રહ્યા છે છતાં "ચોર કોટવાલને દંડે" તેમ સુન્નીઓને "બિદઅતી" કહીને વગોવતા ફરે છે. પ્રથમ તો એ કે એમના જાહિલોને પોપટ જેમ બિદઅત ! બિદઅત ! રટાવી દેવામાં આવે છે પણ બિદઅતની વ્યાખ્યા પૂછો તો જવાબ બનશે નહીં ! અને જો કોઈ જવાબ આપી શકે તો કહેશે કે, "જે હુઝૂર ﷺના જાહેરી જમાના મુબારકમાં ન હતું અને પછી નવુ ઉદ્‌ભવ પામ્યું તે 'બિદઅત' છે." તો તેને કહેવામાં આવે કે, ભાઈ ! તારા અસ્તિત્વથી લઈને આ તારાં પહેરેલ વર્તમાન જાતનાં કાપડવાળાં કપડાં, તારાં પગરખાં (બૂટ, ચપ્પલ) તારી આ ટોપી........ આ તારી બાઈક તથા ગાડી વગેરે પણ હુઝૂર ﷺના જાહેરી જમાનામાં ન હતાં. તો તું આવી સ્ટાઈલનાં કપડાં, ટોપી, બાઈક, ગાડી વગેરેનો ઉપયોગ કરે તો તું બિદઅતી ન કહેવાય ?! તો કહેશે, હા ! હા ! યાર ! અમારા મોલીસાહબને પૂછવું પડશે !

વળી તેને કહો કે આ તમારી મસ્જિદ તથા મદ્રસાના ગગનચુંબી મીનારા એ હુઝૂર ﷺના જાહેરી જમાના મુબારક પછીની પેદાશ છે, આ મસ્જિદની સિમેન્ટ પથ્થરની છતો, આ માર્બલ તથા ગ્રેનાઈટના ચકચકાટ, આ ગાદલા જેવા ગાલીચાવાળી સફો, આ માઈકો ઉપર અઝાન, આ પગારદાર ઈમામો બાંગીઓ, રમઝાનમાં વાગતી વ્હીસલો, આ પ્રેસમાં છપાયેલાં કુર્આન તથા કિતાબો, આ ૪૦ દિવસનાં ચિલ્લામાં નીકળતી જમાતો, આ ગૈર કૌમને બદલે મુસલમાનોને કલ્મો પઢાવતા તબ્લીગ ઢોંગીઓ, આ તબ્લીગી નિસાબ નામની



કિતાબ તથા દીનના નામે દર મહિને નીકળતાં માસિકો, આ નઝરાણા લઈને તક઼રીરો કરતા મૌલ્વીઓ તથા વાર્ષિક દસ્તારબંદીના જલસાઓ તેનાં સ્ટેજો....વગેરે આ બધું શું બિદઅત નથી ?! તો કહેશે હા ! હા ! યાર ! અમારા મોલીસાહબને પૂછવુ પડશે !

સુન્નીઓ ! વહાબી દેવબંદીઓ જેમના નસીબમાં હિદાયત નથી તેઓ આવો જવાબ આપી છટકી જાય છે, પણ જેના નસીબ હિદાયત હશે તે પોતાના બાતિલ મઝહબની અસલિયત ઓળખવા જરૂર પ્રયત્ન કરશે. તેમની અવામ તેમનો મૌલ્વી જે ઊંધુ ચટ્ટુ સમજાવે ગળે ઉતારી જાય છે અને તેમના મોલીસાહબને પૂછયા વિના તેઓ પાણી પણ નથી પીતા ! જ્યારે આપણી અવામ પર અફસોસ કે ઘણા એવા છે જેઓ કુર્આન હદીષથી સાફ સમજાવવામાં આવે છે કે, "વહાબી દેવબંદી વગેરે ખુદા વ રસૂલના ગુસ્તાખ છે, તેમની કિતાબો ખોલીને અલ્લાહ વ રસૂલની, નબી વલીની ગુસ્તાખીભર્યાં લખાણો તેમનાં લખેલાં દર્શાવી સમજાવવામાં આવે છે કે **"આ બદ્મઝહબોની સોહબત હજાર કાફિરોની સોહબતથી બુરી છે"** છતાં ઘણા એવા છે જે તેમની સાથે ઉઠક, બેઠક, દોસ્તી તો દૂરની વાત આટલી સમજણો પાડવા છતાં તેમની સાથે શાદીઓ કરે જ જાય છે ! જ્યારે કે **તેમની સાથે છોકરા કે છોકરીના નિકાહ જ થતા નથી અને જે ઔલાદ થશે તે હરામની થશે.** છતાં હજુય સંબંધો ચાલુ જ છે ! તો ખુદા તથા ક઼યામતના હિસાબો કિતાબ પર ઈમાન હોય તો સમજો અને ખુદા વ રસૂલના ગુસ્તાખોથી સંબંધ કટ કરો, નહીં તો જહન્નમમાં પડવા રેડી થઈ જાવ !

પ્રસ્તુત કિતાબ **"બિદઅતની હક઼ીક઼ત"**માં કુર્આન, હદીષ, બુઝુર્ગોનાં કથનો બલ્કે વિરોધીઓના મૌલ્વીઓનાં કથનો થકી પણ બિદઅતની વ્યાખ્યા, તેના પ્રકારો : સારી બિદઅત, બુરી, બિદઅત વગેરે વિશે, તથા મીલાદ, ઈસાલે સવાબ, ઉર્સ, સલાતો સલામ, ક઼યામ......વગેરેની લાજવાબ સાબિતી દર્શાવી છે. લેખક તથા અનુવાદકને રબ્બે કરીમ બંને જહાનમાં બેહતરીન જઝાએ ખૈર આપે. (આમીન) બસ ! વિનંતિ કે આવી કિતાબોને વાંચો, વંચાવો અને આ ફિત્નાના દૌરમાં ઈમાનની સલામતી માટે ઈલ્મે દીનથી સજ્જ થઈ તમારા, તમારી ઔલાદના ઈમાનને બચાવો.

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૯–જુન–૨૦૧૧, વાર : રવિવાર, હિ.સ. ૧૪૩૨, ૬–રજબુલ મુરજ્જબ)*



# પ્રસ્તાવના......

અઝ : **પ્રો. ડોકટર મસ્ઊદ અહમદ સાહબ** رحمۃ اللہ علیہ
*(માજી પ્રિન્સિપાલ ગવર્નમેન્ટ ડિગ્રી કોલેજ –(સખ્ખર, સિંધ)*

**نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ**

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

શિર્ક અને બિદઅતના શબ્દો પહેલાં એટલા ન સાંભળવામાં આવ્યા જેટલા આજે સાંભળવા મળે છે. આ એક આશ્ચર્યજનક હક઼ીક઼ત છે. શું એટલા માટે સાંભળવામાં ન આવ્યા કે પાછલા લોકો શિર્ક અને બિદઅતની હકીકતથી અજાણ હતા અને દિલમાં જે પણ આવે એવું કરતા હતા ?!

જે વાતો આજે શિર્ક અને બિદઅત બતાવવામાં આવે છે એના પર તો સદીઓથી અમલ થતો આવ્યો છે. શું પેહલાંના મુસલમાનો બધા ગુમરાહ (ભટકેલા) હતા ? આ વાત સદબુધ્ધિ માનવા માટે તૈયાર નથી. આ સવાલનો જવાબ આપવામાં બુધ્ધિ થોડી હેરાન થઈ જાય છે અને તે આ શબ્દોને શકના દ્રષ્ટિકોણથી જુએ છે.

આ શબ્દોની પાછળ એમને ફ઼િત્નાનું તોફ઼ાન અને ષડયંત્રોની એક જાળ બિછાવેલી દેખાય છે જેનું નિશાન અઝમતે મુસ્તફ઼ા ﷺ છે,



જેમનું નિશાન મહબ્બતે રસૂલ ﷺ છે. હા ! આ બે શબ્દો એવા અસરકારક હથિયાર છે જેનાથી ઈશ્કે રસૂલ ﷺ ની રગો કપાઈ જાય છે અને મુસલમાનને પલક ઝપકમાં મુર્દા કરી દેવામાં આવે છે. આ એ જ હથિયાર છે જેનાથી દિવસના ઉજાસથી વધારે રોશન હક઼ીક઼તોનું ખૂન કરવામાં આવે છે. આ એ ઓજાર છે જેનાથી દિલોને મારી નાખવામાં આવે છે અને દિમાગોને નીચોવી લેવામાં આવે છે !

જરૂરત હતી કે આ ધોકાના પડદાને ખોલવામાં આવે. અલ્લામા મુહમ્મદ હુસૈન આસી رحمۃ اللہ علیہ એ પોતાના શાર્ગિદ જનાબ મુહમ્મદ સિદ્દીક઼ ઝિયા નકશબંદીનું જમાનાની આ ખાસ જરૂરત તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું અને એમણે બિદઅતની હક઼ીક઼ત પર આ મક઼ાલો (લેખ) લખ્યો જેમાં બિદઅતના દરેક પ્રકાર પર વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે.

આયતો, હદીષો, સલફે સાલેહીનનાં ફ઼ર્માનો (વાતો)થી દલીલો આપવામાં આવી છે, ત્યાં સુધી કે મતભેદ કરવાવાળાઓની કિતાબોથી પણ ફ઼ાયદો ઉઠાવવામાં આવ્યો છે. લખાણની રીત બાઅદબ દિલોમાં ઉતરવાવાળી, દિમાગમાં આવવાવાળી છે. હા ! અમુક જગ્યાએ મુનાઝેરાના રંગની ઝલક પણ મેહસૂસ થાય છે.

ફ઼ાઝિલ લેખક સિદ્દીક઼ મુહમ્મદ ઝિયા સાહબ પોતાના મુર્શિદ હઝરત સૈયદ અલી હુસૈન અલીપૂરીની બારગાહમાં તર્બિયત પામનારા અને ફૈઝ હાંસલ કરનાર છે. હાલમાં તરબીલા ડેમમાં નોકરી કરે છે.

એ ડેમ તો જમીનને પાણી આપી ફ઼ાયદો આપે છે અને વીજળી પૈદા કરે છે પરંતુ ફ઼ાઝિલ લેખક દિલોને પાણી આપી જાગૃત કરે છે અને દિમાગોને રોશન કરે છે, અલ્લાહ عزوجل એમને વધારે હિંમત આપે. આમીન.

એમાં શક નથી કે એમની કિતાબ 'બિદઅતની હક઼ીક઼ત' યુવાપેઢીની પરેશાનીને દૂર કરવાવાળો ઈલાજ છે.

આ કિતાબ પર પ્રોફ઼ેસર મુહમ્મદ હુસૈન આસીએ શિર્ક તથા બિદઅતના વિશે પ્રસ્તાવનામાં ઘણી ફ઼ાયદાકારક વાતો લખી છે અને દિલોને લગતી વાતો કહી છે. પ્રોફ઼ેસર સાહબની વાતોનો નિચોડ આ

પ્રમાણે છે :–

ઈસ્લામનો પાયાનો અક઼ીદો તૌહીદનો અક઼ીદો છે, જે દરબારે રિસાલત ﷺથી મળ્યો છે. એટલા માટે હુઝૂર ﷺ થી જેટલી મહોબ્બત હશે એટલા જ પ્રમાણે આ અક઼ીદો મજબૂત હશે અને જે પ્રમાણે મહોબ્બત ઓછી હશે એ પ્રમાણે અક઼ીદામાં કમજોરી આવતી જશે. તૌહીદનો અક઼ીદો હુઝૂર ﷺની મહોબ્બત સિવાય મજબૂત નથી થઈ શકતો બલ્કે જાતે જીવંત નથી રહી શકતો અને એ પ્રમાણે તૌહીદની ગરમી નથી પૈદા કરી શકતો જે આપણાથી માંગવામાં આવે છે અને જે મક઼સદ છે. રસૂલની મહોબ્બત તૌહીદના અક઼ીદાનો પાયો છે. ઈસ્લામના દુશ્મનોએ આ પાયાને બર્બાદ કરવા એ પેંતરો વિચાર્યો કે એવા દરેક ખયાલને શિર્ક કહેવામાં આવે જેનો વિષય તા'ઝીમે રસૂલ ﷺ હોય અને એ રીતે તૌહીદને માનવાવાળાની શિર્કથી નફરતનો પૂરો ફાયદો ઉઠાવાયો અને ઘણા મુસલમાનોને સીધા રસ્તેથી ખોટા રસ્તા તરફ લઈ ગયા. આ ઘણા અફસોસની વાત છે.

જ્યાં સુધી શિર્કની વાત છે તો એના ત્રણ પ્રકારો છે :–

**૧.** અલ્લાહ ﷻ સિવાય બીજી ઝાતને ખુદા માનવું

**૨.** અલ્લાહ ﷻ સિવાય કોઈ બીજી ઝાતને પૈદા કરવાવાળો વિચારવું

**૩.** અલ્લાહ ﷻ સિવાય બીજી ઝાતની ઈબાદત કરવી.

મુસલમાનોમાં કોઈ એક પણ આદમી એવો જોવામાં નથી આવતો જે કોઈ નબી, રસૂલ કે વલીના વિશે આ ત્રણ શિર્કવાળા અક઼ીદામાંથી કોઈ અક઼ીદો રાખતો હોય. અને કોઈ પોતાના ગુમાનથી એ સમજે કે મુસલમાનોમાં એવા મુશ્રિકો છે, તો એનો વિચાર એ હદીષના વિઢધ્ધ છે જેમાં સરકારે દો આલમ ﷺ એ ફર્માવ્યું, મને તમારા મુશ્રિક થવાની કોઈ બીક નથી, બીક એ છે કે તમે દુનિયામાં ન પડી જાવ.

અને એ બીક સામે આવી ! આજે આલિમ અને જાહિલ બધા જ દુનિયામાં ફસાઈ ગયા છે, એમાં થોડા અપવાદ લોકોની વાત અલગ છે.



જ્યાં સુધી બિદઅતનો સવાલ છે તો એના શબ્દકોશના તર્જુમા પ્રમાણે દરેક નવુ કામ બિદઅત છે. અને શરીઅતની બોલીમાં દરેક એ નવુ કામ બિદઅત છે જે હુઝૂર ﷺની જાહેરી જિંદગી પછી રિવાજ પામે. હવે આના બે પ્રકાર છે, કે નવુ કામ સારું હશે કે ખરાબ. જો એ નવુ કામ શરીઅત પ્રમાણે છે તો સારુ છે, નહીં તો ખરાબ, આ એક સીધો દિમાગમાં આવવાવાળો કાનૂન છે. જો આપણે એવી હઠ કરીએ કે નહીં ! હુઝૂર ﷺના જમાના પછી જાહેર થવાવાળુ દરેક કામ બિદઅત છે, અને બિદઅતી ગુમરાહ (ભટકેલો) છે. તો પછી એ ઐતિહાસિક હક઼ીક઼તનો શું જવાબ થશે કે એ નવી નવી વાતો જે હુઝૂર ﷺ ની જાહેરી જિંદગી પછી મૌજૂદ થવા પામી અને બધાએ જ એ કામને કર્યું, બધા સાઢ સમજ્યા, કોઈએ વાંધો ન ઉઠાવ્યો, તો એ વાતો પર અમલ કરવાવાળા અને એને સાઢ કહેવાવાળા પર શું હુકમ લગાડવામાં આવશે ?

**(૧)** દા.ત. કુર્આને હકીમ હુઝૂર ﷺના જમાનામાં ભેગુ નથી કરવામાં આવ્યું. હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનું એ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું અને જ્યારે એમણે ના કહ્યું તો હઝરત ઉમરે ફરમાવ્યું, અલ્લાહ ﷻ ની ક઼સમ ! આ કામ તો સાઢ છે ! *(બુખારી શરીફના હવાલાથી)*

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ આ કામનું સારુ હોવું માની લીધું અને કુર્આને કરીમને પોતાની નજર હેઠળ ભેગું કર્યું અને તરતીબ (ક્રમ) આપી.

હુઝૂર ﷺએ દરરોજ તરાવીહની નમાઝ નથી પઢી, એટલા માટે કે કાંઈક રમઝાનના રોઝા સાથે સાથે તરાવીહ પણ ફર્ઝ ન થઈ જાય, અને હઝરતે ઉમરે પોતાના ખિલાફતના જમાનામાં હમેશાં અમલ કરાવ્યો અને ફર્માવ્યું, આ કેવી સારી બિદઅત છે ?

ચાશતની નમાઝ વિશે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરે ફર્માવ્યું, "આ નવી વાતોમાંથી એક સારી વાત છે." *(બુખારી શરીફ)*

આપે જોયું કે હુઝૂર ﷺના જમાના પછી નવી નવી વાતો નીકળતી

રહી અને હઝરત ઉમર અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર જેવી જલીલુલ કદ્ર હસ્તીઓએ આ વાતોને સારી કહી અને અમલ કર્યો, એનાથી જાણવા મળ્યું કે સારી વાત દરેક હાલતમાં સારી છે. ચાહે હુઝૂર ﷺ ના જમાના પછી જ કેમ જાહેર ન થઈ હોય. આ એક દિમાગમાં આવવાવાળી વાત છે, જેમાં થોડી પણ સમજ હશે એ આ વાતને માની લેશે.

ફાઝિલ લેખક જનાબ મુહમ્મદ સિદીક઼ સાહબે પોતાના મોહતરમ ઉસ્તાદ અલ્લામા પ્રોફેસર મુહમ્મદ આસી સાહબની વાત આગળ વધારતાં બિદઅતની હક઼ીક઼ત પર એવી વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે કે બધા જ પ્રકારો સામે આવી ગયા. એમની ચર્ચાનો ખુલાસો આ મુજબ છે :–

હદીષ શરીફમાં આપણને હિદાયત અને તાકીદ કરવામાં આવી છે : જે વાતો પર શરીઅતે ચુપકીદી સેવી છે એની પાછળ પડવામાં ન આવે અને જાણી બુઝીને કોઈ હુકમ ન લગાડવામાં આવે, કેમ કે અલ્લાહ ﷻ અને રસૂલ ﷺ ના ફર્માન પ્રમાણે સારી વાતો કાઢવાવાળાને એ વાતોનો સવાબ મળશે અને ખરાબ વાતો કાઢવાવાળાને એ વાતોનાં બદલામાં ગુનાહ મળશે. નવી અને સારી વાતોને તો અલ્લાહ ત્આલાએ પણ  પસંદ કરી છે. દા.ત. કુર્આન કરીમમાં છે કે, ઈસાઈઓએ દુનિયાથી અલગ રહેવાનું પોતાના તરફથી કાઢયું, અલ્લાહ ﷻ એ એમના ઉપર આ પાબંદી ન લગાડી હતી.

પછી અમુક લોકોએ પોતાના તરફથી લગાડેલી પાબંદી પર અમલ કર્યો અને અમુક લોકોએ ન કર્યો. જે લોકોએ આ વાતો પર અમલ કર્યો અલ્લાહ ﷻ એ એ લોકોને સવાબ આપ્યો. આથી જાણવા મળ્યું કે નવી નવી વાતો કાઢવી આદમીની આદત છે, અને સારી વાતો કાઢવાવાળાને અલ્લાહ ﷺ પણ સવાબ આપે છે અને એને એ પસંદ છે કે આવી વાતો પર હમેશાં અમલ કરવામાં આવે. નહીં તો આવું ન ફર્માવ્યું હોત, "ઈસાઈઓએ (રહબાનિયત્) સન્યાસ લેવું કાઢયું, પરંતુ અમુક એ વાત પર અમલ ન કરી શકયા, પરંતુ જે લોકોએ અમલ કર્યો એમને



સવાબ આપ્યો."

ખુલાસો એ કે નવી નવી સારી વાતો કાઢવી અને અમલ કરવાની સાબિતી કુર્આન હદીષ બંનેવથી મળી ગઈ.

હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ઘણી નવી વાતો સારી અને પસંદીદા હોય છે અને એવી જ સારી વાતો માટે હઝરત શૈખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, સારી બિદઅત સુન્નતને મજબૂત કરવાવાળી અને રિવાજ આપવાવાળી છે. એટલે દરેક એ નવી વાત સારી છે જેનાથી સુન્નતને મજબૂતી મળે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે જે કામના સારા હોવાની કુર્આન અને હદીષથી ઉઘાડી રીતે અથવા ઈશારાથી સાબિતી મળે એ સારુ છે. એટલા માટે મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ ક઼ાયદાના આધારે આવી નવી વાતોને સુન્નતમાં સ્થાન આપ્યું છે. એટલે આવી બિદઅત કોઈ પણ રીતે ગુમરાહી (ગેર માર્ગે લઈ જવાવાળી) નથી પણ સવાબનો સબબ છે.

બુનિયાદી રીતે અમલનો આધાર નિય્યત પર છે એટલા માટે એવી નવી વાત જે કરવામાં સારી હોય નિય્યતમાં ખરાબી થવાના કારણે ખરાબ થઈ શકે છે. અને એવી નવી વાત જે જોવામાં ખરાબ દેખાતી હોય નિય્યત સારી થવાના કારણે સારી થઈ શકે છે, એ શર્તની સાથે કે શરીઅતના વિરુઘ્ધ ન હોય. અમુક લોકોનું કહેવું છે કે, "ખુલ્લે આમ ગુનાહ કરવાવાળો કોઈ સારુ, કામ કરે એ સારુ નથી અને ન તો એ લાયકાત ધરાવે છે કે સારા લોકો એના ઉપર અમલ કરે." આ વાત પણ દિમાગમાં આવવાવાળી નથી, કેમ કે સારુ કામ તો સારુ જ છે, જો એ ખુલ્લે આમ ગુનાહ કરવાવાળો કરે. દા.ત. ઈસ્લામની શરૂઆતમાં કુર્આનમાં શબ્દો તથા અક્ષરો પર નુકતા ન હતા, આ નુકતા પેહલી સદી હિજરીના અંતમાં હજ્જાજ બિન યુસૂફે લગાડયા, નહીં તો અરબ સિવાયના અજમી લોકોને કુર્આન પઢવામાં ઘણી તકલીફ પડતી, પરંતુ હજ્જાજ બિન યૂસુફ સરેઆમ ગુનાહ કરતો હોવા છતાં એનું આ એહસાન મુસલમાનો પર છે, અને એ કામને સારુ હોવાનું કોઈ નકારનાર નથી, દરેક એ કામને

સારુ સમજે છે અને એના પર અમલ કરે છે.

અસલ (મૂળ વાત)માં નવી નવી વાતો કાઢવી અને નવી નવી વસ્તુઓને વજૂદમાં લાવવી આદમીની આદત છે અને ઈસ્લામ દીને ફિતરત (પ્રાકૃતિક ધર્મ) છે એમાં આદત (પ્રકૃતિ)ની વિરુધ્ધ કોઈ વાત નથી જેથી અમુક શર્તોની સાથે ઈસ્લામમાં નવી વાતો આવવાની શક્યતાઓ છે, જે એને નકારે છે એ ઈસ્લામને પ્રાકૃતિક ધર્મ હોવાને નકારે છે.

કુર્આનમાં અલ્લાહ ﷻ ફર્માવે છે :–

"અમે લખી રહ્યા છીએ જે લોકોએ આગળ મોકલ્યું અને જે નિશાનીઓ પાછળ છોડી ગયા." *(સૂ. યાસીન, આ. ૧૨)*

દેખીતી રીતે અહીં નિશાનીઓથી મુરાદ એ સારી અને ખરાબ વાતો છે જે આદમી પોતાની પાછળ છોડી ગયો છે અને જેનું ફર્માન આ હદીષમાં છે :

"જે કોઈ ઈસ્લામમાં સારા કામને રિવાજ આપે એને પોતાના અમલ કરવાનો અને એ કામોનો સવાબ મળશે અને જે એના પર પાબંદ રહેશે, એના સવાબમાં કમી થયા વગર. અને જે આદમી ઈસ્લામમાં ખોટા કામને રિવાજ આપશે એના પર ખરાબ કામ કરવાનો ગુનાહ લાગશે તેમજ એ લોકોના બુરા કામ કરવાનો ગુનાહ લાગશે જે એના પછી એ કરશે, એના ગુનાહોમાં કમી થયા વગર. *(મુસ્લિમ શરીફ)*

તો હદીષ શરીફથી સાબિતી મળી કે નવી વાતોને રિવાજ આપવું ઈન્સાનની આદત છે. એટલા માટે આ નવી વાતો નીળકતી જ રહેશે, હા ! સારી વાતો પર સવાબ મળશે અને બુરી વાતો પર અઝાબ મળશે.

દરેક વાતનો નિચોડ એ છે કે મુહમ્મદ સિદીક્ (ઝૈદ મજદહૂ) સાહબે બિદઅતની હકીકત પર વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે અને એના તમામ પ્રકારોને રોશન કર્યા છે. એમણે બિદઅતની વિસ્તારપૂર્વક ચર્ચા સાથે મેહફિલે મીલાદ, જુલૂસે મીલાદ, ઉર્સ, દુરૂદ અઝાનથી પેહલાં વિગેરે વાતો પર દલીલોપૂર્વક ચર્ચા કરી છે.



હકીકતમાં શિર્ક અને બિદઅતના વિઢધ્ધ અવાજ ઉઠાવવો અને ફિત્ના ઉભા કરવા ઘણા મોટા ષડયંત્રનો ભાગ છે, જેનો હેતુ મુસલમાનોને હુઝૂર ﷺથી દૂર કરવાનો છે, અને આગળના નેક લોકોથી દૂર કરવા માટે છે. આ ષડયંત્રોની પાછળ કામ કરવાવાળા કુર્આન તથા હદીષનું ખોટુ અર્થઘટન કરી મુસલમાનોને એ વાતોથી રોકે છે, જેનાથી ઈશ્કે રસૂલ ﷺ માં વધારો થાય, ફિદાકારી તથા જાંનિષારીનો જઝબો પેદા થાય, અને શહાદતના માટે રૂહ બેકરાર થવા લાગે.

અલ્લાહ ﷻ દરેક સુન્ની મુસલમાનને દીનના વિઢધ્ધ ષડયંત્રો કરતા લોકોથી દૂર રાખે અને આપણા દિલોમાં મહબ્બતે રસૂલની એવી આગ લગાડે જેને કોઈ બુઝાવી ન શકે.

**બમુસ્તફા બરસાં ખ્વેશરાં કે દીં હમા ઉસ્ત**
**અગર બ ઊ ન રસીદી તમામ બૂ લહબીસ્ત**

અલ્લાહ ﷻ મૌલાના સિદ્દીક્ સાહબને અને એમના ઉસ્તાદ અલ્લામા પ્રોફેસર મુહમ્મદ આસીને (અજરે અઝીમ) મહાન બદલો આપે કે એમણે મુસલમાનો પર એહસાન કર્યું અને લોકોના ખયાલોને સુધારા તરફ કરવા એક ઈલ્મી ભેટ આપી. આમીન.

آمین بجاہ النبی الکریم علیه افضل الصلوٰة و التسلیم

***–અહકર મુહમ્મદ મસ્ઊદ અહમદ***

*૨૮–જમા. અવ્વલ હિ.સ. ૧૪૧૨*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# શિર્ક અને બિદઅત

(જે આ કિતાબનો મુકદ્દમો પણ છે)

અઝ : **પ્રોફેસર મુહમ્મદ હુસૈન આસી**

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

ઈસ્લામનો પાયાનો અક઼ીદો તૌહીદ છે અને બીજો રિસાલત. દરેક નબી علیہ السلامએ બધાથી વધારે ભાર તૌહીદના અક઼ીદા પર આપ્યો અને તે એ કે ખુદાનું એક હોવું અને એનો કોઈ ભાગીદાર નથી એ અક઼ીદો છે. દરેક ઉમ્મત પોતાના નબી علیہ السلامના પાકીઝા જીવનની અનમોલ આદતો, સર્વોચ્ચ તાલીમ અને જેનો દાખલો ન મળે એવી તાલીમની રીત હોવા છતાં પણ સીધા રસ્તા પર ન આવી. ખુદા ﷻના મેહબૂબોએ મો'જિઝાની માંગ પર મો'જિઝા પણ બતાવ્યા પરંતુ એની પણ જે પ્રમાણે અસર થવી જોઈએ એ ન થઈ, વધુ પડતા લોકો પોતાના નકારાત્મક વિચારો પર અડીખમ રહ્યા અને થોડા ઈમાન લાવ્યા પરંતુ ઘણી ઝડપથી એ ઈમાનવાળાઓ મોજિઝાના પાયાના મક઼સદને ભૂલી ગયા અને નબીઓની હિદાયતના વિરુધ્ધ એમને અલ્લાહના બેટા અને ખુદા માની બેઠા. હઝરત ઈસા علیہ السلامએ મૃત્યુ પામેલા લોકોને જીવીત કરી પોતે રસૂલ હોવાની સાબિતી આપી હતી, પરંતુ માનવાવાળાઓએ એને ખુદા હોવાના દલીલ બનાવી લીધી. એ જ પ્રમાણે યહૂદીઓએ હઝરત ઉઝૈર علیہ السلام માટે કર્યું હતું.



છેલ્લે હુઝૂર ﷺ છેલ્લા નબી હોવાનો તાજ પહેરી દુનિયામાં પધાર્યા અને અલ્લાહ ﷻ ના એક હોવાનો ફેલાવો કરવા જિમ્મેદારી ઉઠાવી. આપની થોડા વર્ષોની કોશિશથી દુનિયામાં ઘણો સારો ઈન્કિલાબ આવ્યો અને શિર્ક તથા કુફ્રના અંધારાને દૂર કરીને આપે દુનિયાને તૌહીદની રોશનીથી પ્રકાશિત કરી દીધી.

આખરી નબી ﷺએ મૂર્તિપૂજકોની ઝલીલ પેશાનીઓને ખુદા ﷻની બારગાહમાં નમાવી એવું મોટુ એહસાન કર્યું જેનો બદલો નથી આપી શકાતો, આપ ﷺએ રૂહને રોશની આપી દિલોને રોશન કર્યા અને ખોટા વિચારોનો નાશ કર્યો. ફ્રાન્સિસી મોહક્ક઼િક઼ કહે છે : **He moved the alters, the gods, the religions, the ideas, the belifs and the souls.** ''આ મહાન શખ્સિયતે (જૂની) કુર્બાનીની જગાઓ, દેવતા, મઝહબો, વિચારો અને અક઼ીદાઓ અને રૂહોમાં ધ્રુજારી પૈદા કરી દીધી.

હઝરત ઈસા علیہ السلامના અમુક મોઅજિઝા જોઈને એમની ઉમ્મતે દુનિયામાં હયાત હોવા દરમિયાન અથવા તેમના જવાના થોડા ટાઈમ પછી ખુદા માની લીધા, પરંતુ અહીં ચૌદસો (૧૪૦૦) વર્ષ થઈ ગયાં અત્યાર સુધી મુસલમાનો પોતાના આક઼ા ﷺને એના ખાસ બંદા અને રસૂલના લક઼બથી યાદ કરે છે અને હુઝૂર ﷺની બધી જ ખૂબી અને મોઅજિઝાને અલ્લાહ ﷻના બંદા અને રસૂલ હોવાની સાથે જ જોડે છે. અહીં મૃત્યુ પામેલાંને જીવતાં જ નથી કરવામાં આવ્યાં બલ્કે ચાંદના પણ ટુકડા કર્યા, ડૂબેલા સૂર્યને પાછો લાવ્યા, પથ્થર બોલાવ્યા, વૃક્ષોને ચાલતાં કર્યાં પરંતુ એને હુઝૂર ﷺ ની ખુદા હોવાની નહીં બલ્કે બંદા હોવાની નિશાની સમજવામાં આવી. તૌહીદમાં આ મજબૂતી કોઈ સાયન્સ કે ફિલોસોફીનો કમાલ નથી, આ કોઈ ઈલ્મ કે અમલની બરકતો નથી, આ કોઈ દિમાગ કે હિકમતનો (કરિશ્મો) જાદૂ નથી, પરંતુ ફક્ત હુઝૂર ﷺનો ફૈઝ અને નબુવ્વતવાળી નઝરનો ફૈઝ છે. હુઝૂર ﷺ પોતાની ઉમ્મતની હિફાઝત કરવાવાળા છે અને કોઈ પણ સંજોગોમાં એમને શિર્કના અંધારામાં સપડાયેલા જોવું પસંદ નથી.

## ★ તૌહીદ અને ઈશ્કે રસૂલ ★

હુઝૂર ﷺ એ પોતાની ઉમ્મતને તૌહીદની ન પૂરી થવાવાળી દૌલત આપી, માનવતાનો અને એહસાન માનવાનો પેહલો તકાઝો એ છે કે આપણે આપણા હુઝૂર ﷺ પર પોતાનું તન, મન, ધન કુર્બાન કરી આપીએ અને જિંદગીની દરેક ઘડીમાં હુઝૂર ﷺની બારગાહમાં દુરૂદો સલામનો હદિયો પેશ કરતા રહીએ.

એ સચ્ચાઈમાં કોઈ શક નથી કે તૌહીદ આપણને મળી તો દરબારે રિસાલત ﷺ થી મળી છે અને મળે છે. જે પ્રમાણે હુઝૂર ﷺથી લગાવ અને મહોબ્બત હશે આ તૌહીદ વધારે મજબૂત અને મેહફૂઝ થશે. એ પ્રમાણે એનાથી ઉલ્ટુ કે જેમ જેમ કોઈ આ ઈશ્કો મહબ્બતથી દૂર થતો જશે તૌહીદના અક઼ીદાથી પણ ખાલી થતો જશે. આ બંનેવ એક બીજા માટે જરૂરી છે અને એમને કોઈ પણ રીતે એકબીજાથી અલગ કરવું શક્ય નથી.

ઈસ્લામ અને મુસલમાનોની મોટામાં મોટી પુંજી આ બે તાક઼તો છે : જેહાદ અને કુર્બાનીનો જઝબો, જેના ઉપર આપણી આઝાદી, તરક્કી, કામયાબી અને નજાતનો આધાર છે, શુરૂના જમાનામાં સહાબાએ કિરામની બધી જ જેહાદી પ્રવૃત્તિઓ આ જ બે તાક઼તોની ધરી પર ફરતી જોવા મળે છે. મૂસા બિન નસીર, તારિક બિન ઝિયાદ, નૂરીદ્દીન ઝંગી, સલાહુદ્દીન ઐયૂબી, ગઝનવી અને ગોરીના કિરદારમાં આ જ શકિતઓ કેન્દ્ર સ્થાને છે. હુઝૂર ગૌષે આ'ઝમ, સૈયદના મુજદ્દિદ અલ્ફેષાની, શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી, ઈમામ અહમદ રઝા બરેલ્વી, હુઝૂર શાહે લાષાની અને હુઝૂર નક઼શે લાષાનીએ એ જ પાયાની શક્તિઓને પોષી છે. મઝહબની રૂહે રવાં પણ આ જ બે શક્તિઓ છે :–

## ★ દુશ્મનોનું ષડયંત્ર ★

ઈસ્લામના શત્રુ પણ આ બે શક્તિઓથી ડરતા રહ્યા છે. એમને ખબર હતી કે તૌહીદનો અક઼ીદો હુઝૂર ﷺની મહોબ્બત વગર કોઈ જઝબો પૈદા નહીં કરી શકે, બલ્કે એ અક઼ીદો પણ બાકી નહી રહે, એના



માટે એ લોકોએ પૂઢ ધ્યાન એ જઝબાનો વિનાશ કરવા લગાડયું. શૈતાને પોતાના શિષ્યોને સમજાવ્યા :–

**યહ ફાકાક઼શ જો મૌતસે ડરતા નહીં ઝરા**
**રૂહે મુહમ્મદ ﷺ ઉસ્કે બદનસે નિકાલ દો**

જો મુસલમાનનું દિલ રસૂલ ﷺની મહોબ્બતથી ખાલી થઈ ગયું તો કેવી તૌહીદ અને કેવો જેહાદ ?!

દુશ્મને પોતાના બુરા મક઼સદની પ્રાપ્તિ માટે જે રસ્તો પસંદ કર્યો તે ઘણો ધોકાનો રસ્તો હતો. આ સચ્ચાઈ છે કે મુસલમાનોને તૌહીદ તથા ઈશ્કે રસૂલ ﷺ જાનથી પણ પ્યારો હતો અને છે. તૌહીદ શિર્કથી નફરતનું નામ છે, તો બીજી બાજુ રસૂલ ﷺની મહોબ્બતનો પ્રથમ તક઼ાદો અદબ અને હુઝૂર ﷺ ની ફર્માબરદારી છે, જેથી મુસલમાન ન તો શિર્કને સહન કરી શકે છે અને ન તો એવાં કામને જે સુન્નતના વિઢધ્ધ (બિદઅત) હોય. દુશ્મનની ધોકા બાઝી એવી હતી કે એ લોકોએ ધનથી ખરીદેલા મોલવીઓના દ્વારા મુસલમાનોને ઈશ્કે રસૂલ ﷺથી ખાલી કરવા માટે દરેક એવી વિચારસરણીને શિર્કનું લેબલ લગાડયું જેનો મક઼સદ હુઝૂર ﷺની અઝમત હતો, અને એવા પ્રકારના દરેક કામને બિદઅત કહેવાનું શઢ કર્યું જેનો હેતુ હુઝૂર ﷺની અદબનો હતો. તૌહીદનો અક઼ીદો ધરાવનારની શિર્કથી ધૃણાનો એ લોકોએ ફાયદો ઉઠાવ્યો કે શિર્ક શિર્ક કહીને નબુવ્વતની ખૂબીઓને નકારવાનો માર્ગ બનાવવાની કોશિશ કરી અને બિદઅત બિદઅતની બૂમરાણ કરી એવા સમસ્ત પ્રકારોને રોકવાની કોશિશ કરી જેમાં એમને ઈશ્કે મુસ્તફા ﷺની કોઈપણ ઝલક નજરો સમક્ષ આવે.

## ★ શિર્કની હક઼ીક઼ત ★

કેમ કે ઈસ્લામના શત્રુના હાથા બનવાવાળાઓનો તૌહીદની હિફાઝત અને એને ફેલાવવામાં કોઈ લગાવ ન હતો એટલા માટે એમણે ઉમ્મતીઓને મુશ્રિક તથા બિદઅતી તો જથ્થાબંધ કહેવાનું શરૂ કર્યું પરંતુ કોઈ પણ જગાએ શિર્ક કોને કહેવાય એ ન જણાવ્યું ! તક઼વિયતુલ ઈમાન

નામની કિતાબ જે લોકોને ગેરમાર્ગે દોરવા પ્રથમ ઉર્દૂમાં લખવામાં આવી છે એમાં શિર્કની લાંબી લાંબી યાદીઓ દર્શાવેલી છે પરંતુ શિર્ક કોને કહેવાય એનાથી એ કોરી છે ! શક્ય છે કે શિર્ક કોને કહેવાય એ જણાવી દેતા તો ગેર માર્ગે દોરવાના પ્રયત્નોની પોલ ખુલી જતી ! જુઓ ! એમને ત્યાં યા રસૂલલ્લાહ, યા અલી, યા ગૌષ કહેવું તો શિર્ક છે, પરંતુ યા ઝૈદ, યા ઉમર, યા બકર, યા ઉસ્તાદી, અને યા વલદી વિગેરે વિગેરે બોલવું શિર્ક નથી ! અલ્લાહ ﷻના મહબૂબોથી મદદ માંગવી શિર્ક છે. પરંતુ પોલીસ, હાકિમ, ડૉકટર વિગેરેથી મદદ માંગવી શિર્ક નથી ! અગ્યારમી શરીફ કરવાને શિર્કમાં ગણત્રી કરે પરંતુ હિંદુઓની દિવાળીથી જે પ્રાપ્ત થાય ખાય લે ! અલ્લાહના વલીઓની કબરો પણ જવું તૌહીદના વિઢધ્ધ માને પરંતુ મૂર્તિપૂજકોની આગેવાનીમાં પ્રવચનો કરે (એટલે કબરોથી આ દુશ્મની અને મૂર્તિપૂજકોથી આ મહોબ્બત !) સાચું ફર્માવ્યું મોહસિને આ'ઝમ ﷺ એ કે, એવા લોકો પણ હશે જે મુસલમાનને કતલ કરશે અને મૂર્તિપૂજકોને છોડી આપશે.

હવે આવો શિર્કની હકીકત સમજીએ. આ શબ્દ તૌહીદના વિઢધ્ધ છે. એક વાક્યમાં તૌહીદ એ જ છે જે કલમાએ તયબહમાં જણાવેલ છે. એટલે لَا اِلٰہَ اِلَّا اللّٰہُ અલ્લાહને છોડી કોઈને પૂજા (ઈબાદત)ને લાયક ન માનવું તૌહીદ છે અને અલ્લાહને છોડી બીજાને પૂજાને લાયક માનવું શિર્ક છે. અલ્લાહ માટે બે ખૂબીઓ હોવી જરૂરી છે : વાજિબુલ વજૂદ હોવું અને પૂજાના લાયક હોવું, જે પણ અલ્લાહને છોડીને કોઈને પણ વાજિબુલ વજૂદ માને અથવા પૂજાના લાયક માને તે મુશરિક થઈ જશે, અને જે અલ્લાહને જ વાજિબુલ વુજૂદ અને પૂજાના લાયક માને તે તૌહીદવાળો છે. વાજિબુલ વુજૂદ પોતાની જાત અને ખૂબીઓમાં કોઈનો મોહતાજ નથી હોઈ શકતો, બલ્કે સમસ્ત એનાં મોહતાજ છે, એ જ બધાંને પેદા કરવાવાળો હોવો જોઈએ. નિચોડ એ કે તૌહીદ એ છે કે અલ્લાહ ﷻ ને વાજિબુલ વજૂદ, પૈદા કરવાવાળો અને પૂજાના લાયક માનવો. એના વિઢધ્ધ અકીદો રાખવું શિર્ક છે. હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી ફર્માવે છે :–



**શિર્કના ત્રણ પ્રકારો છે** : વાજિબુલ વુજૂદ હોવામાં, પૈદા કરવામાં અને પૂજાના લાયક હોવામાં'' *(અશિઅતુલ લમ્આત)* આ વિગત પછી બોલો ! હુઝૂર ﷺ ની ઉમ્મતમાં કોણ મુશરિક છે ? શું કોઈ મુસલમાન અલ્લાહની જાત સિવાય કોઈને પૈદા કરવાવાળો, વાજિબુલ વુજૂદ અથવા પૃથ્વીના ઉપર કોઈ એવો બદબખ્ત નહીં મળે જે હુઝૂર ﷺનો ઉમ્મતી પણ હોય અને અલ્લાહને છોડી કોઈને ખુદા માનતો હોય ! બધા જ મુસલમાન તૌહીદનો ઝબાન તથા દિલથી દરરોજ ઘણી જ વખત અઝાન, ઈકામત, કલમએ તૈયબા અને કલમએ શહાદત પઢીને કે સાંભળીને તૌહીદના અકીદાને બાકી રાખે છે. لَا اِلٰہَ اِلَّا اللّٰہُ، اَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ *(લા ઈલાહ ઈલ્લલ્લાહ, અશ્હદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ)* તાજજુબ છે કે જ્યારે એક કાફિર એક વખત કલિમા શરીફ પઢીને મુસલમાન થઈ જાય છે તો એ કલમો પઢવાવાળો જેના દિલમાં પેહલાથી કલમા શરીફ છુપાયલો છે અને વખતો વખત પોતાની ઝબાનથી દોહરાવે છે તો પછી એ માણસને મુસલમાન કેમ નહીં માનવામાં આવે ? ! અને શા કારણથી શિર્કમાં સપડાયેલો માનવામાં આવે ?!

યાદ રાખો ! અને ખૂબ દિમાગમાં બેસાડી લો કે અલ્લાહના ફઝ્લથી અને મુસ્તફા ﷺના કરમથી આ ઉમ્મતથી શિર્ક કાયમના માટે જઈ ચૂક્યું છે. માનવામાં ન આવે તો બધાથી મોટા (સાદિક) સાચા હુઝૂર ﷺ નું ફર્માન સાંભળો : ''બેશક ! કસમ ખુદાની મને મારા પછી તમારા ઉપર મુશ્રિક થવાનો ડર નથી, પરંતુ મને તમારા દુનિયામાં સપડાય જવાનો ડર છે.'' *(બુખારી શરીફ)*

## ★ બિદઅત શું છે ? ★

એ જ હાલત બિદઅતની બૂમરાણનો છે. દરેક મુસલમાનને બિદઅતમાં ગણના કરવાવાળા પોતે એની હકીકતથી જાણકાર નથી, અથવા બની શકે છે કે જાણવા માંગતા નથી 'બિદઅત' શબ્દકોશના તર્જુમાની રીતે એવુ નવુ કામ છે. જે પેહલાં ન હોય અને શરીઅતના

કાયદા પ્રમાણે એ નવુ કામ જે હુઝૂર ﷺની જાહેરી જિંદગી પછી વજૂદમાં આવ્યું હોય. વળી એના મોટા મોટા બે પ્રકારો છે : જો નવુ કામ શરીઅત પ્રમાણે અને સુન્નત પ્રમાણે હોય તો એને **સારી બિદઅત** કહેવામાં આવે છે, નહીં તો (એ પ્રમાણે ન હોય તો) **બુરી બિદઅત** કહેવામાં આવશે.

આ વાત બિલકુલ બુધ્ધિ વિઢધ્ધ છે, કે હુઝૂર ﷺ ના વિસાલની સાથે નબુવ્વતનો ફૈઝ રોકાય ગયો હોય અને સારાં કામો બંધ થઈ ગયાં હોય. **(નેકી અને નેકીની શરૂઆત રિસાલતના ફૈઝ વગર શકય નથી.)** યાદ રાખો ! સૈયદે કાયનાત ﷺ બલ્કે જાને કાયનાત ﷺની જાહેરી જિંદગી નિઃશકં ! ત્રેસઠ (૬૩) વર્ષમાં પૂરી થઈ ગઈ, પરંતુ રિસાલતનો ફૈઝ હમેશાં હમેશાં ચાલુ રહેશે, એટલા માટે આપ હકીકી જિંદગી સાથે જીવંત હિદાયત કરનાર, પાક કરવાવાળા, કિતાબ તથા હિકમતની તાલીમ આપવાવાળા અને ફૈઝ પહોંચાડવાવાળા છે.

કુર્આનમાં સ્પષ્ટતા છે કે :–

**هُوَ الَّذِىْ بَعَثَ فِى الْاُمِّيّنَ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ۗ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ۙ وَّ اٰخَرِيْنَ مِنْهُمْ لَمَّا يَلْحَقُوْا بِهِمْ**

''એ જ છે જેણે અનપઢોમાં એમાંથી જ એક રસૂલ મોકલ્યા. એ લોકો પર એની આયતો પઢે છે અને એ લોકોને પાક કરે છે, અને એ લોકોને કિતાબ તથા હિકમતનો ઈલ્મ અપર્ણ કરે છે અને જરૂર એ પહેલાં લોકો ખુલ્લી ગુમરાહીમાં હતા.'' *(પારા–૪)*

આપણે લાલચ અને નફસની બુરાઈથી ભરેલા, પ્રપંચ તથા રિયાકારી પૂતળાં જો હુઝૂર ﷺના દીદારથી મેહરૂમ રહીએ તો એ અલગ વાત છે, નહીં તો એવા સારા નસીબવાળા પણ છે જે લોકોને હુઝૂર ﷺ ઘણી વખત સ્વપ્નમાં પોતાનો દીદાર આપે છે, અને અમુક પ્રકારની હિદાયતો આપે છે, અને એવી આંખોવાળા પણ છે. જે ખુલી આંખથી એ જાને નૂર ﷺના દીદાર કરે છે અને હુઝૂર ﷺથી સીધો



ફૈઝ પ્રાપ્ત કરે છે.

ડૉ. ઈકબાલ કહે છે : ''મારો અકીદો છે કે નબીયે કરીમ ﷺ જીવીત છે, અને આ જમાનાના લોકો પણ એ જ રીતે ફૈઝ પ્રાપ્ત કરી શકે છે જે રીતે સહાબાએ કિરામે પ્રાપ્ત કર્યો હતો.'' *(ફયઝાને ઈકબાલ)*

દા.ત. ભૂતકાળમાં હુઝૂર ગૌષે આ'ઝમ, હઝરત અબુલ હસન ખિર્કાની અને ઈમામ સિયૂતી એવા મર્તબાવાળા લોકો જેઓ હુસ્નના શ્રોત અથવા પૂરા હુસ્નની સાથે સીધો રિશ્તો રાખે છે. શું દુનિયાનો કોઈ હુસ્ન અમલમાં હોય કે નિય્યતમાં હોય એમનાથી છુપો રહી શકે છે ?!

**ઔર કોઈ હુસ્ન ક્યા ઉનસે નિહાં હો ભલા**
**જબ ન નબી હી છુપા, ઉન્કી નઝર પે સલામ**

આપણે (દિલથી અંધ) કોઈ વાત વિશે શું ફેંસલો કરી શકીએ છીએ અને આપણા ફેંસલાનું વજન પણ શું છે ?! વજન તો એ જોવાવાળી તાકતનો ફેંસલો છે. ઈકબાલ ફર્માવે છે :

**ભરોસા કર નહીં સકતે, ગુલામોંકી બસારત પર,**
**કે દુન્યામેં ફકત મર્દાને હૂરકી આંખ હૈ બિના**

એ કામિલ મો'મિનો જેઓ અલ્લાહ ﷻના નૂરથી જોવાવાળા છે, યકીન માનો કિતાબ અને સુન્નત પછી ઉમ્મત માટે સારા અને ખરાબની પરખ રાખવાવાળા છે. જે કામને એ સારુ કહે યકીન જાણો સારુ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે :–

''જે કામને મોમિન સારુ માને તો એ અલ્લાહ ﷻની બારગાહમાં સારુ છે.'' *(મિર્કાત શરીફ)*

અને જે કામ આ લોકો કરે કોઈ પણ શક વિના દલીલ છે. આ શરીઅતની મરજીને જાણવાવાળા અને સુન્નતના રાઝોને જાણવાવાળા છે. આ ઈશ્કની મંઝિલ પર સ્થાન પ્રાપ્ત કરવાવાળા હતા જે સ્થાને મેહબૂબનો દીદાર વિના પર્દે કરે છે. એ લોકોનો કોઈ પણ કદમ મહબૂબની તમન્નાઓ વિરુધ્ધ નથી હોતો. એમનું ઉઠવું બેસવું, ચાલવું,

રોકાવું, સૂવું, જાગૃત થવું દરેક વસ્તુ યારને રાજી કરવા માટે હોય છે. શું આ લોકો કોઈ નવું કામ કરે એને ખરાબ કહેવું શકય છે ? એ જોવામાં તો બિદઅત જ  હશે, પરંતુ એની સ્પષ્ટતા કરવાવાળી હશે (બિદઅતે મહમૂદા હસન એટલે સારી બિઅદત) આ વાતને દિમાગમાં સ્થાન આપવામાં આવે તો જાણવા મળશે કે જે કામ કોઈ સહાબી, તાબઈ, મુજતહિદ, આરિફ બિલ્લાહ, આશિક઼ે રસૂલ, મુજદ્દિદ, મુજાહિદે શરૂ કર્યું એને બિદઅતે હસના જ કહેવામાં આવશે. બુરી બિદઅત એ છે જેની શરૂઆત કોઈ ગુમરાહ (માર્ગ ભટકેલ)ના હાથો થકી થઈ હોય. સારી બિદઅતને સારી અને ભલી હોવાના કારણે સુન્નત અથવા સુન્નતે હસના કહેવામાં આવે તો પણ જાઈઝ છે. હઝરત મુજદ્દિદે અલફેષાની પણ એવી બિદઅત જે શરીઅત અને સુન્નતના તક઼ાઝા પ્રમાણે હોય તેને સુન્નત કહેવું પસંદ કરે છે. ખૂદ હદીષે પાકમાં પણ એને સુન્નતે હસના (નવો સારો તરીક઼ો) કહેવામાં આવ્યો.

જેમ કે મુસ્લિમ શરીફમાં છે :–

"જે ઈસ્લામમમાં સારા તરીક઼ાને પૈદા કરે એને પોતાના અમલનો સવાબ પણ પ્રાપ્ત થશે અને એ લોકોના અમલનો પણ જે એના પછી અમલ કરશે એના નેકીમાં ઘટાડો થયા વિના." *(મુસ્લિમ શરીફ)*

આ સુન્નતે હસનાએ (સારી બિદઅતે) ઈસ્લામની તારીખમાં શું શું કામો કર્યાં છે અને ઉમ્મતને કેટલો લાભ અર્પણ કર્યો છે એના વિશે કેવળ અમુક વાતો જુઓ :–

## ★ કુર્આનને ભેગુ કરવું અને બિદઅત ★

હુઝૂર ﷺ પર જે સમયમાં કુર્આન ઉતર્યું હતું ત્યારે કાગળ ઘણા ઓછા પ્રમાણમાં અને કિંમતી હતા. અમુક સહાબાએ કિરામે એના પર કુર્આન લખ્યું હતું, પરંતુ વધુ પ્રમાણમાં ખજૂરનાં પાંદડાં, પત્થરની તખ્તી, ઊંટનાં હાડકાં, ચામડાના ટુકડા વિગેરેને વાપરવામાં આવતું હતું. એ બરકતવાળા સમયમાં ભેગું ન કરવામાં આવ્યું અને ન તો એ જરૂરત જણાઈ. (કેમ કે સહાબાએ કિરામના સીનાઓમાં કુર્આન મેહફૂઝ



હતું અને તેઓ આ વિષયમાં ખૂબ જ સાવધાન હતા.)

હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના સમયમાં મુસૈલમા કઝ્ઝાબ સાથે ખૂનરેઝ જંગ થઈ તો ૭૦ હાફિઝે કુર્આન પણ શહીદ થઈ ગયા. એ હાફિઝો પાસે કુર્આનની આયતો લખેલા ટુકડા હતા. હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ કપરા સમયને ધ્યાનમાં રાખી કુર્આનને ભેગું કરવાની સલાહ આપી. હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہએ ઉત્તર આપ્યો : "તમે એ કાર્ય કેમ કરો છો જે હુઝૂર ﷺએ નથી કર્યું ?"હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ  ફર્માવ્યું : "ખુદાના ક઼સમ ! આ સારૂ કામ છો !" હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ ફર્માવે છે : "ઉમર વારંવાર આ જ રીતે કહેતા રહ્યા ત્યાં સુધી કે અલ્લાહ ﷻએ મારું સીનું આ કામ માટે ખોલી દીધું અને મારી રાય પણ ઉમરના મશ્વરાથી મળી ગઈ." પછી એ હઝરત ઝૈદ બિન رضی اللہ عنہ સાબિત પાસે ગયા. એમણે પણ આ જ પ્રશ્ન કર્યો એ પ્રશ્નનો ઉત્તર સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہએ એ જ આપ્યો, એટલે "ખુદાની ક઼સમ ! આ સારું કામ છે" હઝરત ઝૈદ رضی اللہ عنہ પર એ હાલત પસાર થઈ કે ફર્માવે છે, "અલ્લાહ ﷻ એ મારા સીનાને પણ ખોલી આપ્યું અને એ બંનેવના મશ્વરાને ક઼બૂલ કર્યો. *(બુખારી શરીફ)*

હઝરત ઝૈદ رضی اللہ عنہના પ્રયત્નોથી હવે કુર્આનને એક સ્થળે લખવામાં આવ્યું.

હઝરત ઉષ્માન رضی اللہ عنہએ લખાણની નક઼લથી ઘણા લખાણ તૈયાર કરાવ્યાં અને અલગ અલગ દેશોમાં રવાના કર્યાં. આ રીતે કિરાઅતમાં ઈખ્તેલાફના કારણે જે ફિત્નો ઉઠવાનો ખતરો હતો એ દબાઈ ગયો.

એ જમાનાના લખાણ પ્રમાણે કુર્આનમાં નુકતા ન હતા, ન હરકતો (ઝેર, ઝબર,  પેશ) હતી એ નેક બખ્તી હઝરત સૈયદના હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના શિષ્ય હઝરત અબુલ અસ્વદ દુઅલા અને એમના શિષ્ય હઝરત યહ્યા બિન યઅમુરના ભાગ આવી. (આ કામ હિજરી ૫૦ પછી થયું) એઅરાબ (હરકતો એટલે ઝેર, ઝબર, પેશ વગેરે)ની વર્તમાન સ્થિતિ અબ્બાસી સમયના એક આલિમ ખલીલ બિન અહમદ

رحمۃ اللہ علیہએ આપી.

કુર્આન સંપાદનની આ સમસ્ત કહાની સાંભળીને કહો કે શું સિદ્દીક઼ે અકબર, હઝરત ફારૂક઼ે આઝમ, હઝરત ઝૈદ બિન ષાબિતે જે કાંઈ પણ કર્યું એ ખુદા ﷻ અને રસૂલ ﷺની રઝાની વિરુધ્ધ હતું ? ! **આ વાતને દરેક માને છે કે આ કામ હુઝૂર ﷺએ પોતાના જાહેરી જીવનના સમયે કરવામાં ન આવ્યું હતું, તેમ છતાં પણ ખુદાના સોગંદ ખાઈને એને સારું કહે છે અને એ સારુ સમજવાનું કારણ એ જણાવે છે કે અલ્લાહ ﷻએ આ કામ માટે એનું સીનું ખોલી આપ્યું છે.** (અલ્લાહ જો સીનું ન ખોલે તો બિદઅતે હસનાની હક઼ીક઼તનો ઈલ્મ નથી પ્રાપ્ત થઈ શકતો.)

પછી એ કુર્આન પર નુક઼તા, એઅરાબ (ઝેર, ઝબર, પેશ)નું લગાડવું, પછી ત્રીસ ૩૦ સીપારાઓમાં વહેંચવું અને દરેક સીપારાના ચાર ભાગ કરવા, આ પ્રકારની બિદઅતો જે ઘણા સમયથી ચાલી આવી અને કુર્આને કરીમને આપણી સામે વર્તમાન સ્વરૂપમાં લાવી, એ શું ગૈરજરૂરી હતું ?! માની લો કે આ બધું ન હોત અને એ જ પ્રમાણે કુર્આન ખજૂરનાં પાંદડાં અને પત્થરો અને હાડકાંઓ પર લખેલ હોત તો કેટલા માણસો કેટલો ફાયદો પ્રાપ્ત કરી શકત ? એ લોકો જેમણે આ બધુ કર્યું એમને મોહસિન (એહસાન કર્તા) સમજવું જોઈએ કે બિદઅતી ? જો એ મુકમ્મલ યક઼ીન સાથે મોહસિન છે અને એ લોકોને કુર્આનની ખિદમત આપતા સમયે અલ્લાહ ﷻ તથા રસૂલ ﷺ ની મદદ અને રહમત મળી હતી, તો હવે માની લો કે અમુક બિદઅતો સારી પણ હોય છે અને ઘણી જ જરૂરી પણ હોય છે. જે સારી બિદઅત જે પ્રમાણે જરૂરી અને ફાયદો આપવાવાળી હોય એ પ્રમાણે એને વાજિબ અને મન્દૂબ પણ કહી શકીએ છીએ, એ જ પ્રમાણે એનાથી ઉલ્ટુ કે જે બિદઅત જેટલા પ્રમાણમાં ખરાબ હશે અને નુકસાનકર્તા હશે એ જ પ્રમાણે એને હરામ, મકરૂહ વિગેરે કહેવું પણ બરાબર થશે. એ જ પ્રમાણે અમુક બિદઅતો કેવળ જાઈઝ થશે તેને મુબાહ કહેવામાં આવશે. (જેમાં ન સવાબ છે ન ગુનોહ).



## ★ હદીષોનું સંપાદન અને બિદઅત ★

અમુક કારણોના લઈને જે વખતે બનાવટી હદીષો ઘડવાનો ફિત્નો ઉભો થયો તો હુઝૂર ﷺના સાચા ગુલામ જે સાચી રીતે દીને હક઼્ક઼ની હિફાઝત કરવાવાળા હતા તેઓ બેચૈન થઈ ગયા. એ લોકોએ હુઝૂર ﷺના ફર્માનોની હિફાઝતની જિમ્મેદારી ઉઠાવી અને ઉપર જણાવેલ ફિત્ના વિરૂધ્ધ આ ફિત્નાને બંધ કરવા રાવી અને જે લોકોથી રિવાયત લીધી એમની જાચં–પડતાલ (તપાસ) શરૂ કરી અને એના વિશે કેટલાયે ઈલ્મો, ઈસ્તેલાહો અને ક઼ાયદા બનાવ્યા. (જેનાથી ઈલ્મે હદીષનો કોઈ પણ તાલિબે ઈલ્મ અજાણ નથી) આ સારી બિદઅતનો ફાયદો એ થયો કે સુન્નતો મેહફૂઝ થઈ ગઈ અને ઉમ્મત એક મોટા તોફાનથી બચી ગઈ. **જણાવો ! આ લોકો આપણા પર એહસાન કરવાવાળા છે કે બિદઅતી ?!**

## ★ ફિક઼્હ તથા ઉસૂલે ફિક઼્હ ★

એ જ પ્રમાણે ફિક઼્હનો ઈલ્મ સારી રીતે તરતીબ આપવામાં (સંપાદિત કરવામાં) આવ્યો, ઉસૂલે ફિક઼્હના કાયદાઓને ઘડવામાં આવ્યા, ઈસ્તિહસાન અને ઈસ્તિસ્લાહ જેવી વ્યાખ્યાઓ બનાવવામાં આવી. **વિચારો ! જો ફિક઼્હનું આ કામ જો આ ફુક઼હાએ કિરામે કર્યું ન હોત તો કિતાબ અને સુન્નતને સમજવું કેટલું મુશ્કેલ હોત ?!**

## ★ ઈલ્મે કલામ ★

એ જ રીતે યુનાની ફિલોસોફીનું વાવાઝોડુ આવ્યું અને મોઅતઝલાએ પણ પોતાની અક઼લ પર ભરોસાની બૂમરાણ મચાવી. તે સમયે ઈસ્લામની હિફાઝત માટે ઈલ્મે કલામની બુનિયાદ રાખવામાં આવી. આ બિદઅતે બેદીની, અવિશ્વાસ તથા અક઼લ પાછળ ભાગવાવાળાનો માર્ગ બંધ કરી આપ્યો. હઝરત અલ્લામા ગિઝાલી, ઈમામ ફખ્રુદ્દીન રાઝી જેવા બુઝુર્ગોએ જેઓ પર ઈસ્લામને ફખ્ર છે, એના થકી ઘણુ કામ કર્યુ.

## ★ બિદઅતી કોણ ? ★

ઉપર જણાવેલ લખાણ થકી એ વાત સ્પષ્ટ રીતે સામે આવી જાય છેકે હુઝૂર ﷺ પછી હુઝૂરના ફર્માનો પર અમલ[૧] માટે કેટલાંક સારા કામોની બુનિયાદ નાખવામાં આવી એનો પાયો નાખવાવાળા ખુલફાએ રાશિદીન, એહલે બૈત, સહાબાએ કિરામ, તાબઈન, અઈમ્મએ મુજતહેદીન (ઈમામો), ફકીરો, મોહદ્દિષો, અવલિયા, અસ્ફિયા અને ઈસ્લામ જેના પર નાઝ કરે છે એવા બાદશાહો અને મુજાહિદો હતા. કોણ એવો માથા ફરેલ હશે જે આવા લોકોને પણ બિદઅતી હોવાનો ફત્વો આપે ? ! આ અલ્લાહ ﷻની બારગાહ સુધી પહોંચેલા હતા. જેઓના જીવનનો દરેક સમય ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَ ને રાજી રાખવા સમર્પિત થયેલો, એ લોકોએ જે કાંઈ પણ કર્યું તે ઈસ્લામને ઊંચાઈ પર લઈ જવા અને ઉમ્મતની ભલાઈ માટે કર્યું. એ કુદ્સી સિફાત (ફરિશ્તામય ખૂબીઓ) ધરાવતા બુઝુર્ગો જેઓની રાત સિજદા અને કયામમાં ગુજરી અને દિવસ ઈસ્લામનો ફેલાવો કરવામાં, તેઓ પોતે આપણા માટે સીધા રસ્તાની ઓળખ છે. શું એ લોકો પર બિદઅતી અને સુન્નત વિરુધ્ધ હોવાનું લેબલ લગાડીશું ?! નહીં ! બિલકુલ નહીં ! એઓ બિલકુલ બિદઅતી નથી જ, બુનિયાદી રીતે બિદઅતી એ છે જે એમના પર વિશ્વાસ ન રાખી પોતાની દોઢ ઈંચની અલગ મસ્જિદ સ્થાપે છે. આ બધા બુઝુર્ગો તો એહલે સુન્નતના છે. હા ! આ લોકોને નકારવાવાળા જરૂર બિદઅતી[૨] છે. જે પ્રમાણે જબરિયા (માણસને તદ્દન લાચાર હોવાનો અકીદો ધરાવે છે), કદરિયા (માણસને

*૧. જ્યારે હુઝૂર ﷺ પોતે નવા કામોની બુનિયાદ રાખવાવાળા માટે સવાબ બયાન ફર્માવે છે જેમ કે મુસ્લિમ શરીફની હદીષ પહેલાં લખાઈ ચૂકી છે. તો જે પણ નવા કામની બુનિયાદ નાખશે એના ફર્માન પર અમલ કરશે. બિદઅતી તો એ છે જે હુઝૂર ﷺના હુકમના વિરુધ્ધ કરે.*

*૨. દુર્રે મુખ્તાર કિતાબુસ્સલાતમાં છે : "બિદઅતી ઈમામ પાછળ નમાઝ પઢવી મકરૂહ છે. બિદઅત એ અકીદાના વિરૂધ્ધ અકીદો રાખવાનું નામ છે જે હુઝૂર ﷺથી મશહૂર હોય, જ એટલે હુઝૂર ﷺની કોઈ હદીષ વિરૂધ્ધ હોય."*



પૂરી રીતે ઈખ્તિયારવાળો માને છે), મુઅતઝલા (દિમાગથી ભાગવાવાળા), નેચરી, નજદી વિગેરે તદ્દન સુન્નતથી દૂર અને બિદઅતમાં સપડાયેલ છે.

ઉપરના લખાણમાં વિસ્તારપૂર્વક જણાવેલ છે, ત્યાં સુધી કે કુર્આનપાકના હવાલાથી જણાવેલ છે કે હુઝૂર ﷺ કયામત સુધી પોતાની ઉમ્મતને હિદાયત આપવાવાળા છે, જે માણસ આ હિદાયત અને તાલીમથી ફાયદો મેળવી શકે છે એમની રાયને ખોટી સુન્નત વિરુધ્ધ, અને બિદઅત કઈ રીતે કહી શકીએ છીએ ? એમની પૈરવીનો હુકમ ખૂદ કુર્આન પાકે આપ્યો છે : **وَاتَّبِعۡ سَبِيۡلَ مَنۡ اَنَابَ اِلَيَّ** "અને એના માર્ગે ચાલ જે મારા તરફ પલટયો." *(સૂ. લુકમાન)* આ પવિત્ર લોકો આ કામિલ મોમિનો સીધા માર્ગની ઓળખ છે." **صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ** "માર્ગ એમનો જેમના પર (હે અલ્લાહ ! ﷻ) તેં ઈનામ કર્યું." *(સૂ. ફાતિહા)* એમના માર્ગ પર ન જવું એ દોઝખમાં જવું છે. કુર્આન પાકમાં છે :–

**وَمَنۡ يُّشَاقِقِ الرَّسُوۡلَ مِنۡ بَعۡدِ مَا تَبَيَّنَ لَهُ الۡهُدٰى وَيَتَّبِعۡ غَيۡرَ سَبِيۡلِ الۡمُؤۡمِنِيۡنَ نُوَلِّهٖ مَاتَوَلّٰى وَنُصۡلِهٖ جَهَنَّمَ وَسَآئَتۡ مَصِيۡرًا**

"અને જે રસૂલ ﷺ ના વિરૂધ્ધ કરે એ પછી કે સીધો માર્ગ એ લોકો પર જાહેર થઈ ગયો અને મુસલમાનોના માર્ગને ત્યજી બીજા માર્ગે ચાલે, અમે એ લોકોને એમની હાલત પર છોડી આપીશું, એમને દોઝખમાં પ્રવેશ આપીશું અને એ કેટલી ખરાબ જગા છે જવાની." *(સૂ. નિસાઅ)*

જુઓ ! જો હુઝૂર ﷺ ની વિરૂધ્ધ કરવું જુર્મ છે તો કામિલ ઈમાનવાળા લોકો (અલ્લાહના વલીઓ)ના માર્ગોથી વિમુખ થવું પણ ભૂલ ભરેલુ છે. આ બંનેવની સજા અલ્લાહની રહમતથી દૂર થવું અને સીધુ દોઝખમાં જવું છે.

## ★ ફૈંસલો કરવાની રીત ★

ઉપર જણાવેલ હકીકતોના પ્રકાશમાં એ વાત તદ્દન ખુલી ગઈ કે આ

ઉમ્મતના પાકીઝા માણસો જેમની હૈસિયત ઉમ્મતે માનેલી જ છે, એ લોકોનું કામ બિદઅત અને ગુમરાહી નથી હોઈ શકતું. એ લોકો પર વાંધો ઉઠાવવો તો દૂર રહ્યો પણ એમની પેરવી કરવી જરૂરી છે. કોઈ કામને જાઈઝ અને નાજાઈઝ માનવા માટે કિતાબ અને સુન્નત પછી આ પણ એક ઓળખ છે, અને કિતાબ અને સુન્નત સમજવા માટે આપણે એ લોકોના મોહતાજ છીએ. જે કાર્ય એ લોકોએ કર્યું અથવા પસંદ કર્યું એ કિતાબ અને સુન્નતની મુરાદના વિરૂધ્ધ ન હોય શકે. આ હક઼ીક઼તને દિમાગમાં બેસાડયા પછી તમે કોઈ પ્રોગ્રામ, રસમ, કાર્યના વિશે સંશોધન કરવા માંગતા હોઉ તો જુઓ કે એ કોણે શરૂ કર્યું અથવા કેવા લોકોએ આ કાર્ય પર અમલ કર્યો. જો શરૂ કરવાવાળા અથવા અમલ કરવાવાળા ઉમ્મતના પાકીઝા લોકો હોય તો તુરંત સમજી લો કે આ શરીઅતમાં જાઈઝ છે અને સારુ કાર્ય છે. નહીં તો નાજાઈઝ અને નાપસંદ (ખાસ કરીને જયારે એ ગુમરાહ લોકોએ શરૂ કર્યું હોય અથવા અમલ કર્યો હોય)

દા.ત. મીલાદ શરીફનો શરીઅતમાં શું હુકમ છે ? એનું સંશોધન કરવા માંગતા હોઉ તો જુઓ કે આ કામ કેવા ફિર્ક઼ાવાળાઓએ શરૂ કર્યું છે. જો એને શરૂ કરવાવાળા ૭૨ બોત્તેર ફિર્કામાંથી કોઈ નથી પરંતુ મોહદ્દિષે કિરામ, અને સૂફિયાએ એઝામ છે, તો આ જ એના જાઈઝ અને મુસ્તહબ હોવાની દલીલ છે. વર્તમાન સમયમાં ફિત્ના ફેલાવવાવાળાથી પેહલાંના ઈતિહાસ પર દ્રષ્ટિ કરીએ તો મોટા મોટા સૂફીઓ, મોહદ્દિષો, મુફસ્સિરો અને મુફતીઓ મીલાદ શરીફની બરકતોનું વર્ણન કરતા નજરે આવશે, જેમાં ખાસ ઈમામ જલાલુદ્દીન સિયૂતી, ઈમામ સખાવી, ઈમામ ક઼સ્તલાની, અલ્લામા ઈબ્ને હજર, સાહિબે રૂહુલ બયાન, મુલ્લા અલી કારી, મોહદ્દિષ દહેલ્વી, શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી, જોવા મળે છે. શું આ સાચા અને ઈલ્મવાળા કિતાબ અને સુન્નત વિરૂધ્ધ ફૈસલો કરી શકે છે ? નહીં ! સદંતર નહીં ! તો માનવું રહ્યું કે મીલાદ શરીફમાં કોઈ ખરાબી નથી, ખરાબી છે તો એ દિલોમાં જે એને રોકે છે. તો પછી વિચારો ! જો



મીલાદ શરીફ કરવાવાળા આ બુઝુર્ગો એહલે સુન્નત છે, તો નકારવાવાળા યક઼ીનની સાથે એહલે સુન્નતથી નીકળી ગયેલા છે, અને જે એહલે સુન્નતથી નીકળેલા હોય એ જ 'બિદઅતી' હોય છે.

આ પ્રશ્ન દિમાગમાં ઉત્પન્ન થાય છે કે આ બુઝુર્ગોએ મેહફિલે મીલાદનું જાઈઝ હોવું ક્યાંથી સાબિત કર્યું ? તો અગણિત આયતો અને રિવાયતો મળી જશે, અને એ હક઼ીક઼ત ખુલીને સામે આવી જશે કે આપણા બુઝુર્ગો જે કાંઈ પણ કરતા હતા તે કિતાબ અને સુન્નતની દલીલ હોવાથી કર્યું હતું. પછી જો દિલમાં એવો વહેમ ઉત્પન્ન થાય કે મીલાદનું બયાન તો કિતાબ તથા સુન્નતમાં આવેલ છે, પરંતુ મેહફિલે મીલાદ જે વર્તમાનકાળમાં થાય છે તે ઈસ્લામના શરૂના જમાનામાં નહોતી ?! તો સમજી લેવું કે એ એક નવુ સારૂ કાર્ય છે અને નવુ સારૂ કાર્ય કરવાનો સવાબ હદીષથી સાબિત છે. બલ્કે આ હદીષથી તો એ સાબિતી મળે છે કે ક઼યામત સુધી જે જે જગ્યાએ પણ મેહફિલે મીલાદ મનાવવામાં આવશે એનો સવાબ કરવાવાળાઓને જ નહીં, એને શરૂ કરવાવાળાઓને પણ મળશે જ.

અલ્લાહ ﷻ ન કરે કે કોઈ ઓછા દિમાગવાળો મહેફિલે મીલાદને બિદઅત (એટલે ખરાબ બિદઅત) કહેવા પર જ અડેલો રહે તો એ એને જ બિદઅત નથી બોલી રહ્યો, બલ્કે એ બધા સૂફી, મોહદ્દિષો અને મુફસ્સિરોને બિદઅતી કહી રહ્યો છે ! જેઓ પોતપોતાના સમયમાં મીલાદ શરીફ મનાવતા આવ્યા, જેમની કિતાબો આજે પણ રોશનીના મિનારા બનેલી છે. જેમનાં સંશોધનને હમેશાં માટે ઉમ્મતનો મહાન વારસો સમજવામાં આવે છે. આ લોકો એ બુઝુર્ગોને મઆઝલ્લાહ ! આ રીતે બિદઅતી, ગુમરાહમાં ગણના કરી પોતાના બિદઅતી અને ગુમરાહ હોવાનું એલાન કરી રહ્યા છે. અને કુર્આનના ફતવા نُصْلِهٖ جَهَنَّمَ ''એમની દીન તથા દુનિયાને બર્બાદ કરી રહ્યા છે.''

ફારસી શેઅર :–

**(અર્થ :)** *''દુર્વેશોથી મહોબ્બત જન્નતની ચાવી છે, એ લોકોની દુશ્મની લઅનતની સજા છે.''*

એ જ રીતે ઈસાલે સવાબ (તીજ્યા, દસવાં વિગેરે) વિશે સંશોધન કરીએ ઈસાલે સવાબ એટલે સવાબ પહોંચાડવું. તેની દલીલ તો ઘણી આયતો રિવાયતોથી સાબિત છે. પરંતુ એની વર્તમાન અલગ અલગ સ્થિતિઓ સંશોધન માગે છે, તો જુઓ કે બુઝુર્ગાને દીનનો શું અમલ રહ્યો છે ? જો સલફે સાલેહીન એના વિરૂધ્ધ હતા તો તમે પણ વિરૂધ્ધ થઈ જાવ ! અને જો એ માનવાવાળા હતા તો તમે પણ માની લો. જે રીતે કે શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના મલ્ફૂઝાતથી સાબિતી મળે છે કે, એમના વાલિદ હઝરત શાહ વલીયુલ્લાહનું તીજ્યું પણ થયું. (અને એમાં ૮૧ ખત્મે કુર્આન અને અસંખ્ય કલ્મા તૈયબાનો સવાબ બખ્શવામાં આવ્યો) એ જ રીતે સાતમુ, દસમુ, ચાલીસમુ, જુમેઅરાતના ફાતેહા અને વાર્ષિક ઉર્સના વિશે સંશોધન કરવામાં આવે, તો જાણવા મળે છે કે બુઝુર્ગાને દીનનો મુદ્દતોથી એના પર અમલ રહ્યો છે.

વર્તમાનકાળમાં અઝાનથી પહેલાં અને પછી મોટા અવાજે દુરૂદો સલામ પઢવામાં પણ વિરોધાભાસ થઈ રહેલ છે. જ્યારે કે આજથી ૨૦૦ બસો ૪૦૦ ચારસો વર્ષ પહેલાં આ બધા પર ઈત્તેફાક (એકમતિ) તથા ઈજમાઅ હતો. સંશોધન પ્રમાણે આ કાર્યની શરૂઆત મુજાહિદે ઈસ્લામ હઝરત સલાહુદ્દીન ઐયૂબી (વફાત હિ. ૫૮૯)એ કરી હતી. એવા લોકો જેમણે ઈસાઈઓ વિરૂધ્ધ યુધ્ધમાં ઈસ્લામના સૌથી ખરાબ દુશ્મનોને બુરી રીતે હરાવી દીને હક્કની હિફાઝત કરી, અને જે સીરત અને ચારિત્રથી કુર્આની તાલીમની જીવતી જાગતી તસ્વીર હતા, તે બિદઅતી હતા કે આપણા પર મહાન એહસાન કરવાવાળા ?! અને હઝરત ઐયૂબીની આ કાર્યવાહીને (અઝાન બાદ દુરૂદ) બધા જ આલિમો, સૂફીઓ તરફથી વિરૂધ્ધ વિના સાથ મળ્યો, અને વર્ષો સુધી આ બિદઅતે હસના (સારી બિદઅત) પર ઈજમાઅ રહ્યો, ત્યાં સુધી કે મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબે એનો વિરોધ કર્યો અને મસ્જિદે બૈતુલ હરામના મોઅઝ્ઝિનને દુરૂદો સલામ પઢવા પર શહીદ કર્યા.



## ★ ઈન્સાફની વાત ★

આ વિસ્તારપૂર્વક ચર્ચા પછી પણ જો કોઈ માણસને સંતોષ ન થાય અને તે મુસલમાનોને બિદઅતી કહેવાથી ન અટકે તો પોતાના કાર્યોને પણ પોતાની કસોટીમાં રાખી ચકાશે. શું એ દાવો કરી શકે છે કે એ લોકોનું જીવન સદંતર હુઝૂર ﷺના જાહેરી જીવનના દૌરના પ્રમાણે છે ? અને એ લોકોએ દરેક એવી વસ્તુથી દૂરી રાખી છે જે એ મુબારક સમયમાં ન હતી ? **જો આ જ દાવો છે તો વર્તમાન સમયમાં જે કુર્આન છે તેની સદંતર ન તિલાવત કરે (કે આ સ્વરૂપમાં કુર્આન એ નબી પછીની બિદઅત છે જેમ કે ઉપર વર્ણન આવી ગયું છે.) એવી જ રીતે એવી મસ્જિદોમાં નમાઝ ન પઢ ` જે નબવી યુગ પછીના સમયની સહુલતો પ્રમાણે બનેલ છે. (પહેલાંના સમયથી આજ સુધી જે બનાવટ વગેરેમાં ફેરફાર આવેલ છે એની બિદઅતમાં ગણના કરી હકીકી મસ્જિદની શોધ કરે) એવા કોઈ મદ્રસામાં સદંતર ઈલ્મ પ્રાપ્ત ન કરે જે અસહાબે સુફ્ફાના મદ્રસાની બનાવટથી વિરૂધ્ધ બનાવટવાળો જણાય. કોઈપણ એવી વસ્તુ પર સફર ન કરે જે નબવી યુગ પછીના સમયની ઉપજ હોય, ત્યાં સુધી કે એવા મકાનમાં ન રહે જે ઘરમાં વર્તમાન સમયની સુવિધાઓ હોય. જો તીજ્યુ, સાતમુ, દસમુ બિદઅત છે, તો અઠવાડિક, માસિક બહાર પડવાવાળાં પેપરો તથા મંથલી કેવી રીતે જાઈઝ ઠરશે ? અને દેવબંદની શતાબ્દીનો જશ્ન કયા ખાનામાં રાખશો ? અને વાર્ષિક એહલે હદીષ કોન્ફ્રન્સની શું દશા થશે ? અને જો હુઝૂર ﷺના સમયમાં કોઈએ 'એહલે હદીષ' અથવા દેવબંદી 'કાસમી' જેવું નામ ધારણ નથી કર્યું તો પછી એને બિદઅત કેમ ન ગણાય ? વિગેરે વિગેરે.**

મુફતી અહમદ યારખાં رحمۃ اللہ علیہ ફર્માવે છે : અમે મોલવી ષના ઉલ્લાહને એક મુનાઝરામાં કહ્યું હતું કે, તમે લોકો આ ચાર વસ્તુની સાચી વ્યાખ્યા કરો જેના પર કોઈ પ્રશ્ન ઉત્પન્ન ન થાય અને દરેકની

સર્વ સમંતિ હોય, તો જે પ્રમાણે ચાહો અમારાથી ઈનામ લઈ લો : (૧) બિદઅત (૨) શિર્ક (૩) દીન (૪) ઈબાદત. અને **આજે પણ પોતાના રબ પર વિશ્વાસ ધરાવી ચેલેંજ કરીએ છીએ કે વિશ્વનો કોઈ પણ દેવબંદી, કોઈ પણ ગૈર મુકલ્લિદ અને કોઈ પણ શિર્ક અને બિદઅતની માળા જપવાવાળો આ ચાર વસ્તુની એવી વ્યાખ્યા આપે જેનાથી એમનો મઝહબ બચી જાય ! આજે પણ સર્વ દેવબંદી અને સર્વે ગેરમુકલ્લિદને સ્પષ્ટ ચેલંજ છે ! એવી સાચી વ્યાખ્યા કરો જેથી કરી મેહફિલે મીલાદ (મઆઝલ્લાહ) હરામ અને રિસાલએ ક઼ાસિમ અને એહલે હદીષનું પોસ્ટર હલાલ ઠરે, અલ્લાહના વલીઓથી મદદ માંગવુ શિર્ક ઠરે અને પોલીસ વિગેરેથી મદદ માંગવું શુધ્ધ તૌહીદ ઠરે ! અમે જણાવી આપીએ છીએ કે આ વ્યાખ્યાઓ તેમનાથી ન થઈ શકી છે ન તો થઈ શકશે. !**

**અહીં સિયાલકોટમાં એક માણસ ઘણા જોશમાં મેહફિલે મીલાદ વિરુધ્ધ બકવાસ કરી રહ્યો હતો અને એની બિદઅતમાં ગણના કરતો હતો. એક છોકરાએ ચિઠ્ઠી લખી કે એહલે હદીષનું વાર્ષિક કોન્ફ્રન્સ કેમ કરી બિદઅત નથી ? તે જ સમયે જોશ ઠંડો પડી ગયો !** એ જ રીતે **એક વખતે એક પ્રોફેસર સાહેબને સમય નક્કી કરવાના વિષયમાં મેં પણ જવાબ મોકલેલ કે બિદઅત વિશેની આ જ વિચારસરણી છે તો જણાવો કે સમયની પાબંદીમાં નક્કી કરેલ પઢાઈ, નક્કી કરેલ પગાર, આગળ જતાં વધારા સાથે તાલીમ આપવી કેમ કરીને બિદઅત નથી ? તો મને ઉત્તર ન મળ્યો.**

## ★ ફૈંસલો કરવાની બીજી રીત ★

ઈમાનનો બધો જ આધાર મહોબ્બત પર છે. એટલે કે ખુદા ﷻ અને રસૂલ ﷺ ની મહોબ્બત પર. ઘણી આયતો અને હદીષોની સાબિતી પછી સાધારણ બુધ્ધિવાળા માણસોનો પણ આ જ ફૈંસલો છે. પોતે વિચારો કે જે જેને પોતાનો ખુદા ﷻ માને છે એટલે એને બધાથી



મોટો માને છે અને જેને એનો પ્રતિનિધિ સમજે છે એને પોતાના ખુદા ﷻ પછી મોટો માને છે. એ કારણે કોઈને ખુદા યા ખુદાનો પ્રતિનિધિ માનવાવાળો એની મહોબ્બતથી ખાલી નથી હોઈ શકતો અને મહોબ્બત કેમ કે અઝમતના કારણે છે જેથી એમની તાઝીમને નકારી પણ નથી શકતો. જો કોઈ જેને ખુદા અથવા ખુદાનો પ્રતિનિધિ માની એની મહોબ્બત અને તાઝીમ ન કરે, તો તદ્દન ઉઘાડી વાત છે કે ઈમાનનો દાવો કરવામાં જૂઠો છે.

જે લોકો ખુદા અને નબી હોવાના જૂઠા દાવા કરે છે એ લોકોને માનવાવાળા, એ જૂઠાઓથી મહોબ્બત અને તેમની તાઝીમ કરે છે. તો પછી સાચા ખુદા ﷻ ના તથા સાચા રસૂલ ﷺને માનવાવાળાને પોતાના ખુદા ﷻ અને રસૂલથી મહોબ્બત અને તાઝીમ કેટલા પ્રમાણમાં હોવી જોઈએ ? અને માની લો કોઈ માણસ ઈમાન (માનવાવાળો)નો દાવો તો કરે છે પરંતુ ખુદા ﷻ અને રસૂલ ﷺ ની મહોબ્બત અને તાઝીમને નકારવાવાળો હોય અથવા એ વસ્તુથી ખાલી હોય તો જાણી લો કે એ પોતાના ઈમાનના દાવામાં તદ્દન જૂઠો છે.

હવે તમો એ જાણવા માંગતા હોય કે કોણ મહોબ્બત અને તાઝીમ કરવાવાળો છે, તો એ કોઈ અઘરૂ કામ નથી. જો કોઈ માણસ તમારા બાપના બારામાં મશ્વરો આપી રહ્યો હોય તો તમો એ માણસની બોલવાની પધ્ધતિ અને શબ્દોથી એકદમ સમજી જશો કે એ તમારા બાપનો વિરોધી છે કે દોસ્ત ? એ જ રીતે જે પણ માણસ હુઝૂર ﷺના વિશે વાત કરે છે તો એની બોલવાની પધ્ધતિ તથા શબ્દો પરથી તુરંત જાણી શકો છો કે એ મહોબ્બત કરવાવાળો છે કે એ વસ્તુથી કોરો છે. જ્યારે તમે એના વિશે જાણી લીધું કે એ અલ્લાહ ﷻના મેહબૂબ ﷺ થી મહોબ્બત કરવાવાળો છે, તો ફૈંસલો કરી લો કે એ ઈમાનવાળો છે, ભલે એને કુર્આને પાક પઢતાં પણ ન આવડતુ હોય. અને જો તમે અંદાઝો કરી લીધો કે એ મહોબ્બતથી ખાલી છે, તો માની લો કે એ કાફિર છે અથવા મુનાફિક છે ભલેને એ કુર્આનની આયતો સડસડાટ પઢતો હોય. **યક઼ીન જાણો કુર્આન પોતાના મેહબૂબ ﷺની સચ્ચાઈની**

**સાબિતી કરવા આવ્યું છે, તૌહીન કરવા નહીં.** કુર્આનેપાકની દરેક આયત મો'જિઝો છે (કુર્આનપાકમાં મોઅજિઝાને આયત કહેવામાં આવ્યો છે.) મોઅજિઝો જો મો'જિઝો બતાવવાવાળાની સચ્ચાઈની સાબિતી ન આપે તો મોઅજિઝો નથી રહેતો ! જ્યારે કુર્આનપાકની ૬૬૬૬ આયતો મોઅજિઝો છે, તો જાણી લીધું કે દરેક આયત સરકાર ﷺની અઝમતનું વર્ણન કરે છે. જો કોઈ માણસ એ આયતોને પઢીને પણ હુઝૂર ﷺની ખૂબીઓને નકારે તો માની લો કે ન તો એ કુર્આન સમજી શક્યો છે ન એ ઈમાનવાળો છે. એ ખુદાનો દોસ્ત નથી દુશ્મન છે ! ઈસ્લામનો પ્રચારક નથી પણ ગદ્દાર છે અને અમ્ન સ્થાપ્નાર નથી વિખવાદ કરવાવાળો છે બલ્કે એવું કહો કે બધાંથી મોટો તૌહીન કરવાવાળો છે એટલા માટે કે કુર્આન પર પણ જુલ્મ કરી રહ્યો છે.

વિચારો કે કોઈ મુનાફિક઼ મુસલમાનોની છેતરપિંડી કરવા માંગતો હોય તો શું રસ્તો અપનાવશે ? એ કુર્આનની તિલાવત કરી બીજાને પ્રભાવમાં લેશે અથવા હદીષ સંભળાવી અથવા પોતાના ઈલ્મનું પ્રભુત્વ બેસાડીને આંજી દેશે. આવો માણસ કિતાબ અને સુન્નતનો સહારો ન લે તો ધોકો આપવામાં સફળતા કેવી રીતે પ્રાપ્ત કરી શકે છે ? ! સારી પેઠે જાણી લો કે મુનાફિક઼ને ન તો કુર્આનથી સંબંધ છે ન હદીષથી, તે કેવળ ધોકો આપવા માટે તેનો હવાલો આપી રહ્યો છે. જે અક઼ીદો પોતાની માન્યતાથી વિઢધ્ધ છે એને પોતાની માન્યતા વિઢધ્ધ કહેવાને બદલે કિતાબ તથા સુન્નતના વિઢધ્ધ કહી રહ્યો છે ! પોતાના વિઢધ્ધ કહેતો તો એનું તીર નિશાના પર બેસતુ નહીં જેથી કિતાબ તથા સુન્નતના વિઢધ્ધ જાહેર કરી પોતાના દિલી કુફ્ર પર પર્દો નાખી રહ્યો છે, અને પોતાના ખોટા માર્ગને સાચો જણાવી રહ્યો છે. અફસોસ ! કે એની આ સ્કિમ એના વિચારોમાં ઘણી કામ્યાબ રહી. આજે ઉમ્મતમાં ચાલતો બધો જ વિખવાદ એ જ સ્કિમનું પરિણામ છે. લોકો પોતાના બાપના વિરોધીને એક–બે શબ્દ પરથી ઓળખી લે છે પરંતુ કિતાબ તથા સુન્નતના ખોટા અર્થઘટન કરવાવાળાઓને નથી ઓળખતા. જુભ્ભા અને દસ્તાર, કપાળ પર કાળો ધબ્બો, ઊંચો લેંગો અને દેખાડવાના અખ્લાક઼ોએ ભોળા



દિલના લોકોને હક઼ીક઼તથી દૂર કરી દીધા. અફસોસ !!

જો કુર્આને ખબરદાર કરેલ વાતો દિમાગમાં રહી હોત કે હુઝૂર ﷺ ની થોડી પણ ગુસ્તાખી પૂરી જિંદગીની નેકીઓને બર્બાદ કરવા પૂરતી છે. *(સૂ. હુજુરાત)* તો આ મુસીબતમાં ન સપડાત.

આ તૌહીદ અને આ સુન્નત (જેની વિસ્તારપૂર્વક ઉપર ચર્ચા થઈ) કેવળ ગેરમાર્ગે દોરવા માટેનું સૂત્ર બનાવી વાપરવામાં આવે છે અને આ શિર્ક અને આ બિદઅતની વાતો ફક્ત હુઝૂર ﷺ ના ગુસ્તાખ બનાવવાનું એક હથિયાર છે. આ કેટલી તકલીફ આપવાવાળી વાત છે કે ખારજીઓએ એ પાક જાત પર જેને ખૂદ હુઝૂર ﷺએ ઈલ્મના શહેરનો દરવાજો ઠરાવ્યા (એટલે હઝરત અલી کرم اللہ وجہہ الکریم)ને મઆઝલ્લાહ ! શિર્કનો ઈલ્ઝામ લગાડયો અને એ બદનસીબોએ પોતાના ખોટા ગુમાનમાં પોતાના આ ફત્વાને કુર્આનનો હુકમ ઠરાવ્યો ! એ જ રીતે હઝરત ઉષ્માન رضی اللہ عنہ જે કુર્આનની આયતોને ભેગી કરવાવાળા છે અને ત્રીજા ખલીફા છે તેમના પર હુમલો કરવાવાળાઓએ તેમને બિદઅતી ઠરાવ્યા ! આ હુમલો કરવાવાળાઓએ તેમને છેલ્લે હઝરત ઉસ્માન رضی اللہ عنہને શહીદ કર્યા ! અને ઈસ્લામમાં પહેલા ફિત્નાનો પાયો નાખ્યો, અને ખારજી લોકો જેમણે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને શહીદ કર્યા, આ ઈસ્લામના ઈતિહાસમાં ફિત્નો કરવાવાળાઓની બીજી ટુકડી હતી. જેમણે કુર્આનને જાતે સાહિબે કુર્આન (નબી)થી પઢીને એની સારામાં સારી ખિદમતો આપી અને જેમને ખુદા جل جلالہ અને રસૂલ ﷺ એ બુલંદી આપી કે એમની વાતો પર અમલ★ કરવો ઉમ્મત માટે જરૂરી દર્શાવ્યું, એમને જ મુશ્રિક અને બિદઅતી કહેવામાં આવી રહ્યા છે ! (મઆઝલ્લાહ !) જાણવા મળ્યું ફસાદ (ઝઘડા) કરવાવાળા શરૂથી જ આવા ના'રા લગાડતા આવ્યા છે, કેવળ એ લોકોની ઓળખ જરૂરી છે, જે એમને ઓળખતા નથી તેઓ એ લોકોના ધોકામાં આવી જાય છે અને જે ધોકામાં આવી જાય છે તે પછી એમની જેમ જ બીજાને ધોકો

★*હદીષેપાકમાં : "ખુલફાએ રાશિદીનની સુન્નતને દાંતોની જેમ જમાવી દો એટલે સખ્તીથી પકડી લો."*

આપવાનું ચાલુ કરી આપે છે. એટલે કે પહેલાં ગુમરાહ થાય છે, પછી બીજાને ગુમરાહ કરે છે. ઉમ્મતને આ ટુકડાઓમાં વહેંચી આપવાવાળાઓ નેક લોકોના વેશ ધારણ કરીને વધારે નુકસાનકર્તા થઈ જાય છે.

કુર્આન ફર્માવે છે :–

وَاِذَا قِيۡلَ لَهُمۡ لَا تُفۡسِدُوۡا فِى الۡاَرۡضِۙ قَالُوۡۤا اِنَّمَا نَحۡنُ مُصۡلِحُوۡنَ

"જો એમને કહેવામાં આવે જમીનમાં ફસાદ ન કરો, તો કહે છે અમે તો સુધારવાવાળા છીએ." *(સૂ. બક઼રહ)*

ખુલાસો એ કે બિદઅતની તસ્બીહ પઢવાવાળાની વાત કરવાની રીત અને વાત કરવાના મક઼સદનું નિરીક્ષણ કરો, જો એ હુઝૂર ﷺની ફઝીલતો અને ખૂબીઓને નકારવાવાળા છે, તો યક઼ીન કરી લો કે ખુદા ﷻ અને રસૂલ ﷺ થી બિલકુલ મહોબ્બત નથી, અને મહોબ્બત નથી તો ઈમાન પણ નથી. اَلَا لَا اِيۡمَانَ لِمَنۡ لَّا مَحَبَّةَ لَهٗ એટલે જેમાં મહોબ્બત નથી એમાં ઈમાન નથી *(હદીસ શરીફ : પ્રસ્તાવના દલાઈલુલ ખયરાત)* જ્યારે ઈમાન જ નથી તો કેવી તૌહીદ અને કેવી સુન્નત જો બીજાઓને શિર્ક તથા બિદઅતથી બીવડાવી રહ્યો છે તો એ તે જ બલવાઈ (બાગીઓ) અને ખારજીઓની સુન્નત છે (અને એમને જે સુન્નતથી મહોબ્બત છે એ સુન્નતે રસૂલ ﷺ નથી પરંતુ હુઝૂર ﷺ ના દુશ્મનોની સુન્નત છે !) જે પોતે બિદઅતી છે એ કોઈ તરીક઼ાને બિદઅત જણાવતો રહે તો શું ફર્ક પડવાનો છે ? આ તો એનું બહાનું છે. મેં કહ્યું છે :– (શઅર)

**નામ તૌહીદકા લેતા હૈ કભી સુન્નતકા**
**કરતા હૈ મુન્કિરે તા'ઝીમ બહાનેં ક્યા ક્યા !**

થોડા વર્ષો પહેલાંની વાત છે. એક જવાન જે ગેર મુકલ્લિદના ખાનદાનનો હતો તે મારી પાસે આવ્યો. એણે કહ્યું, મેં ઘણા ધ્યાનથી અભ્યાસ કર્યો અને સંશોધનના આધારે અહલે સુન્નતનો માર્ગ સાચો લાગે છે. હા ! એક મસ્અલો જરૂર ખટકે છે, અને તે એ છે કે અઝાન પહેલાં અને પછી દુરૂદ પઢવું ?! મેં ઘણા વિસ્તારપૂર્વક જવાબ આપ્યો



જેનાથી એને સંતોષ થયો (દા.ત. દુરૂદ શરીફનો હુકમ કોઈ ટાઈમ સાથે બાંધેલ નથી પરંતુ બિન શર્તી છે અને શરત વિનાને શર્તમાં બાંધવું ખૂદ બુરી બિદઅત છે.) છેલ્લે મેં કહ્યું, આ વસ્તુ પર વિચારવા માટે બીજો એક માર્ગ પણ છે. એણે સવાલ કર્યો, શું ? મેં કહ્યું, દુરૂદને નકારવાવાળાના બીજા અક઼ીદા પર પણ વિચારો જેને તેઓ આમ લોકોથી છુપાવે છે. જેમ કે એ લોકોની કિતાબોમાં છે. દા.ત. અલ્લાહ ﷻનું સાચા હોવું જરૂરી ન માનવું, હુઝૂર ﷺના આખરી નબી હોવાના શરઈ અને લોકોમાં મશહૂર અર્થને નકારવું, દરેક મુસલમાનને મઆઝલ્લાહ ! રહમતુલ્લિલ આલમીન ઠરાવવું વિગેરે. એલોકોની આવી ખરાબ માન્યતાઓ છે જે એમની ઈમાનથી દૂરીનું કારણ છે. શું શક્ય છે કે આટલા મોટા પાયાના અક઼ીદા બર્બાદ કરીને ખાસ દુરૂદની માન્યતામાં તેઓ સાચા હોય ?! એ જ પ્રમાણે જે મઝહબના દરેક અક઼ીદાને તમે પોતે સાચો માની રહ્યા છો જેમ કે તમે કહ્યું છો, તો શું શક્ય છે કે આ એક અક઼ીદામાં તે ખોટો હોય ?!

## ★ દેવબંદના ખુલાસાઓ ★

બિદઅતનો મતલબ સારી રીતે સમજવા માટે હવે ક઼ારી તૈયબ માજી મોહતમિમ દા.ઉ. દેવબંદની કિતાબ "કલમ એ તૈયબા" ઈદારએ ઈસ્લામિયાત લાહોરની અમુક વાતો લખવામાં આવે છે. ઈલ્મ અને સંશોધનમાં શકય છે કે દેવબંદનો કોઈ ફાઝિલ બરાબર ન હોય. (આ લખાણ કિતાબના પેહલા એડીશન ઈ.સ. ૧૯૭૬માંથી લેવામાં આવ્યું છે.)

**૦૧.** દીનના વિષે કોઈ મુત્લકને (કેદ વિનાને) મુક઼ૈયદ (ક઼ેદવાળુ) બનાવે અથવા મુક઼ય્યદ (કેદવાળાને) મુત્લક઼ (ક઼ેદ વિનાનું કરવું) કે જે આમ હોય એને ખાસ કરવું અથવા ખાસને આમ કરવાનો અધિકાર અલ્લાહ ﷻ અને એના રસૂલ સિવાય કોને પ્રાપ્ત થયેલ છે કે આવી હિમ્મતની શકયતા હોય ? છતાં પણ જો કોઈ ખુદા ﷻ સિવાય અને સિવાય રસૂલ ﷺ આ પ્રમાણે કરે તો હક઼ીક઼તમાં શરીઅતમાં અધિકાર હોય એવો દાવો કરવું છે, જે

બુરામાં પણ બુરી બિદઅત બલ્કે રિસાલતમાં ભાગીદાર થવું છે. અલ્ અયાઝ બિલ્લાહ ! *(પેજ–૨૦)*

**૦૨.** કોઈ એક ઝઈફ (જે ભરોસાપાત્ર ન હોય) રિવાયતને પણ સાકિ઼તુલ્એતેબાર (બિન ભરોસાપાત્ર) નથી માનવામાં આવી નહીં તો ઝઈફ, મો'ઝૂઅ (બનાવટી) મુન્કર (દલીલપાત્ર નહીં) વિગેરેમાં તફાવત બાકી નથી રહી શકતો. *(પેજ–૪૭)*

**૦૩.** ઝઈફ રિવાયત (ભરોસાપાત્ર ન હોય) એવી નથી જેનાથી દલીલ પકડવામાં ન આવે, એટલા માટે કે મોહદ્દિષો ઝઈફમાં ગણના પણ કરતા રહે છે, અને એનાથી દલીલ પણ કા઼યમ કરે છે.

**૦૪.** સાફ વાત છે કે જ્યારે ઝઈફ રિવાયતોની કિતાબનો સંગ્રહ હુસ્ને નઈરહ (હદીષનો એ પ્રકાર જેમાં ઝઈફથી વધારે તાક઼ત હોય છે) બનીને હુકમોમાં પણ હુજ્જત છે.

**૦૫.** ફઝીલતોમાં તદ્દન ઝઈફ હદીષોને પણ માન્યતા આપવામાં આવી છે.

**૦૬.** સાફ છે કે કોઈ વસ્તુનું ઝિક્ર ન કરવું એ તે વસ્તુનું ન હોવું સાબિત નથી કરતું.

**૦૭.** આથી સાફ થઈ ગયું કે ઉમ્મતના કોઈ કામ પર ઉમ્મત અને ઈમામો તરફથી નકારવામાં ન આવ્યું હોય એ એના પર સર્વ સંમતિ હોવાની દલીલ છે. અને ''જેને ઈમાનવાળા સારુ માને એ ખુદા ﷻની બારગાહમાં પણ સારી વસ્તુ છે''ના ઉસૂલ પર ખાસ મોમિન હોય કે આમ મોમિન દરેક સમયમાં ફર્માંબરદારી અને નઝદીકી પ્રાપ્ત કરવાનો ઝરીઓ માનતા કાર્ય ન કહેવામાં આવે. બધા જાણે છે કે ઈસ્લામી અક઼ીદાનો આધાર તવાતૂર (દરેક સમયમાં રાવી હોવુ) છે પરંતુ એની સાબિતીમાં રિવાયતોનો તવાતૂર જરૂરી નથી. દરેકે એ કાર્ય કર્યું હોય એ તવાતૂર માટે પૂરતુ છે જ્યારે એ વસ્તુની બુનિયાદ કિતાબ તથા સુન્નતમાં મળે. *(પેજ–૭૦)*



**૦૮.** જો કોઈ મસ્અલામાં સહાબાએ કિરામના જમાના પછી પણ કોઈ સમયમાં સર્વ સંમતિ થઈ જાય તો પણ એ મસઅલો સર્વ સંમતિથી સાબિત થયેલ માનવામાં આવશે. એટલા માટે કે સર્વસંમતિ માટેના જે પાયાના કા઼નૂન છે એની શરઈ હુજ્જત (દલીલ) હોવું આ વિશે મુતલક઼ (વિના કોઈ કેદ) જેમાં કોઈ સમય અને જમાનાની પાબંદી નથી. *(પેજ–૭૪)*

**૦૯.** હવે હું એનાથી પણ ઉપર થઈ એ કહીશ કે જો કોઈ શરઈ મસ્અલામાં પહેલાંના બુઝુર્ગોમાંથી કોઈની વાત એથી વિરુધ્ધ પણ સાબિત થાય અને એ છતાં પણ કોઈ જમાનામાં એ મસ્અલા પર ઈજ્માઅ (સર્વસંમતિ) થઈ જાય અને ઉમ્મતના આલિમો અને અનપઢ સર્વસંમત થઈ જાય તો પણ એ ઈજ્માઅ વિશ્વનીય ગણાશે. *(પેજ–૭૫)*

**૧૦.** પછીના લોકો (આખરીન)નું સર્વ સંમત હોવું પેહલાના લોકો (અવ્વલીન)ની સર્વ સંમત હોવાની પોતે જ દલીલ છે. *(પેજ–૭૯)*

**૧૧.** જેનું વર્ણન કરવામાં ન આવ્યું હોય એનો મતલબ કોઈ પણ જગાએ નાજાઈઝ અથવા મના હોવુ નથી. *(પેજ–૮૪)*

**૧૨.** જો વર્ણન ન હોવું એ તમારી સોચમાં નાજાઈઝ હોવાની દલીલ છે, તો મનાઈ ન હોવાનું વર્ણન ન હોવું આ જ ક઼ાયદાની રૂએ એના જાઈઝ હોવાની દલીલ છે. *(પેજ–૮૪)*

**૧૩.** કોઈ વર્ણન કરેલી વસ્તુથી જેનું વર્ણન ન કરવામાં આવ્યું હોય એવી વસ્તુને નાજાઈઝ કહેવા માટે દલીલ કરવી કોઈ દલીલ જ નથી કે તેના પર ચર્ચા કરવી જરૂરી બને. *(પેજ–૮૮)*

**૧૪.** સાફ વાત છે કે, વર્ણન ન હોવું અથવા આ આપણી અજાણતા એ એના નાજાઈઝ હોવાની દલીલ નથી. ખાસ કરીને આપણી અજાણતા ન તો શરીઅતમાં દલીલ છે ન તો અક઼લની રીતે. *(પેજ–૧૦૯)*

**૧૫.** દલીલ માંગવાના વિશે ખાસ દલીલ માંગવી જ તદ્દન નાજાઈઝ છે. ફલાણી વસ્તુની દલીલ દા.ત. કુ઼ર્આનથી આપો અથવા

હદીષથી આપવામાં આવે, તો પછી સહાબાએ કિરામના કાર્યથી દલીલ માંગવી કેવી ? (પેજ–૧૦૯)

**૧૬.** હકીકત તો એ છે કે હુઝૂર ﷺની ઉમ્મતનું પૂર્વથી લઈ પશ્ચિમ સુધી દરેકે કાર્ય કરવું સહાબાએ કિરામના કાર્ય કરવાની દલીલ છે જેમ કે તદ્દન જાહેર થઈ ગયેલ છે. જ્યારે સહાબાએ કિરામનું આ વસ્તુને નકારવું સાબિત નથી, પરંતુ આ મસ્અલાથી ચૂપ રહ્યા તો હુઝૂર ﷺ ની ઉમ્મતનું સર્વસંમત થવું કોઈ કાર્ય પર એમના કાર્ય કરવાની દલીલ માનવામાં આવશે. જેમ કે એની વિસ્તારપૂર્વક ચર્ચા થઈ ચૂકી. નહીં તો ઘણા એવાં જાઈઝ કાર્યો જે સહાબાએ કિરામના સમયમાં ન થયાં પરંતુ ઈબાદતે અસલી (વસ્તુ મૂળભૂત રીતે જાઈઝ હોવાથી) જાઈઝ છે, અથવા ઘણા બધા ઈજતેહાદી મસાઈલ જે સહાબાએ કિરામના સમયમાં અમલ તો શું જાણકારીમાં પણ ન હતા, પરંતુ પછી કોઈ શરીઅતના કાયદાથી નિચોડ કરી બનાવેલ તો એને એ માટે નાજાઈઝ નહીં ગણવામાં આવે કે સહાબાએ કિરામનું આ વિશે કોઈ કાર્ય કરવું સાબિત નથી કે ત્યાં તદ્દન કાર્ય સાબિત જ નથી બલ્કે જાણકારીમાં પણ નથી ! તો આવા જાઈઝ મસાઈલો પર જ્યારે પણ ઉમ્મત સર્વ સંમતિથી કાર્ય કરે તો એને એ હક છે, કે એ કાર્ય શરીઅતના વર્તુળમાં જ ગણાશે. (પેજ–૧૧૦)

**૧૭.** કિતાબ અને સુન્નતમાં હોવાની સોચ એટલી નાની નથી જે રીતે આ લોકોએ વિચારી લીધું છે. સુન્નતે નબવી ﷺનો ખજાનો કેવળ બુખારી, મુસ્લિમ, સહીહ સિત્તા સુધી સિમીત નથી બલ્કે એના સિવાય પણ ઘણુ બધું છે. (પેજ–૧૨૩)

**૧૮.** હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, અલ્લાહ ﷻ કોઈ નેક બંદાનો રુત્બો ઊંચો કરશે તો એ કહેશે, યા અલ્લાહ ! ﷻમને આ મર્તબો શી રીતે મળ્યો ? અલ્લાહ ફર્માવશે, તારા છોકરાએ જે તારા માટે બખ્શિશની દુઆ કરી એટલે મારાથી તારા માટે બખ્શિશ માગી. (પેજ–૧૪૬)



**૧૯.** આ ઝિક્રનો ખુલાસો જેનું નામ દુરૂદ શરીફ છે, દરેક જહાનમાં મહાન મુરબ્બી અને એહસાન કરવાવાળા હુઝૂર ﷺના હક્કને ઓળખવો, અને આપની મુબારક ઝાત સાથે ગુલામીના સંબંધને તરક્કી આપી હુઝૂર ﷺની સાથે ખાસ નિસ્બત જોડવી છે, એટલા માટે કે આ નિસ્બતના કારણે એક બાજુ તો હુઝૂર ﷺની આપણે ગુનેહગાર ઉમ્મતની તરફ ખાસ નિગાહ થઈ જાય અને એક બાજુ અલ્લાહ ﷻ નો ખાસ ફઝ્લો કરમ થઈ જાય. (પેજ–૧૫૦)

## ★ અમારી ગુઝારિશ ! ★

પોતાના સમયના સૌથી મોટા દેવબંદી આલિમ કારી સાહબના ઉપર જણાવેલ લખાણને ધ્યાનપૂર્વક ઠંડા દિલથી અભ્યાસ કરો અને જણાવો કે શું આ એ જ કાયદા કાનૂન નથી જેને એહલે સુન્નતના આલિમો નકાર કરનારાઓને ઉત્તરમાં આપે છે ? કોઈ કાર્યનું જાઈઝ અને નાજાઈઝ હોવું અથવા બિદઅત અને બિદઅત ન હોવું નો નિર્ણય કરવો હોય તો આ વાતોને દિમાગમાં સ્થાન આપવું જોઈએ. દા.ત. દુરૂદ શરીફ પઢવાનો હુકમ મુતલક (વિના સમયની પાબંદી એ) છે, જે એને નક્કી કરેલ સમય પ્રમાણે મુકય્યદ (સમયની પાબંદી) કરે છે અથવા કોઈ સમય પઢવું નાજાઈઝ જણાવે છે. એ કારી સાહબની દ્રષ્ટ્રિએ જાતે શરીઅત ઘડવાનો ગુનોહ કરી રહેલ છે. એ ઝઈફ હદીષોના રુત્બાનું વર્ણન કરે છે. અઝાનના સમયે અંગૂઠાને ચૂમવાનું નકારવાવાળા એને નથી માનતા તો કારી સાહબ કહે છે, સર્વ સંમતિ (ઈજ્માઅ) કોઈ પણ સમયની હોય માન્યતા આપવામાં આવશે, બલ્કે સહાબાએ કિરામની સર્વ સંમતિ હોવાની નિશાની છે. જો આ બરાબર છે તો મીલાદની મહેફિલની વર્તમાન સમયની રીત પર એક સમયમાં ઈજ્માઅ થઈ ચૂક્યો છે. એ સર્વ સંમતિ પછી લગભગ ૫૦ વર્ષ પછી તાજુદ્દીન ફાકેહાનીએ બધાથી પહેલાં નકાર્યું (વિસ્તારથી જાણવા માટે જુઓ અન્વારે સાતિઆ) ઉમ્મતની સર્વ સંમતિની શર્ત જ્યારે કોઈ પણ સમયમાં સર્વસંમતિ થવાથી પૂરી થઈ જાય છે તો જણાવો કે મેહફિલે

મીલાદને નકારવું એવા મસ્અલાને નકારવું નથી જેના ઉપર સર્વ સંમતિ થઈ ચૂકી છે ? ખુલાસો એ કે આ ઉપર જણાવેલ લખાણથી બધા જ ટકરાવવાળા મસાઈલનો નિચોડ મળી જાય છે. હા ! શરત એ કે દિલમાં ટેઢાપણું ન હોય !

## ★ મવદૂદી મહાશય અને બિદઅતનો ખયાલ ★

થોડા વર્ષો પહેલાં જમાઅતે ઈસ્લામીના સ્થાપક અને અમીર મવદૂદી મહાશયે કાબા શરીફના ગિલાફની ઝિયારત કરાવવા માટે મોટા પાયે પ્રોગ્રામ રાખ્યો, તો ખાસ પ્રકારના દિમાગ રાખવાવાળા લોકોએ પોતાના ખોટા વિચારો પ્રમાણે બધાને નાજાઈઝ અને બિદઅત કહ્યું. મવદૂદી સાહેબે જવાબમાં જણાવ્યું :–

"કોઈ પણ કામને બુરી બિદઅતમાં ગણના કરવા માટે કેવળ એ વાત પૂરતી નથી કે આ કામ હુઝૂર ﷺના સમયમાં ન થયું હતું. બિદઅતના અર્થ પ્રમાણે તો બિલકુલ નવુ કામ બિદઅત છે, પરંતુ શરીઅતમાં જે નવા કામને ગુમરાહીમાં ગણવામાં આવે છે એનાથી મુરાદ એ નવું કામ છે જેના માટે શરીઅતમાં કોઈ દલીલ ન હોય, જે શરીઅતના કોઈ કાયદા અથવા હુકમથી વિઢધ્ધ હોય, જેનાથી કોઈ એવો ફાયદો પ્રાપ્ત કરવો અથવા કોઈ એવા નુકસાનને દૂર કરવું ન વિચારેલ હોય જેની શરીઅતમાં માન્યતા પ્રાપ્ત થયેલ છે, જેની બુનિયાદ રાખવાવાળો પોતાની જાત ઉપર અથવા બીજા પર એ કામ કરવું જરૂરી કરી દે કે એ કાર્ય ન કરવું ગુનાહ અને કરવું જરૂરી છે. જો આ વાતો ન હોય તો કેવળ એને દલીલ બનાવવી કે ફલાણુ કામ હુઝૂર ﷺના જમાનામાં નથી થયું તેને 'બિદઅત' ગુમરાહીનાં અર્થમાં નથી કહી શકાતુ.

બુખારીએ કિતાબુલ જુમ્આમાં ચાર હદીષો નકલ કરી છે જેમાં બતાવવામાં આવ્યું છે કે રિસાલતકાળમાં અને શેખૈનના જમાનામાં જુમ્આની એક જ અઝાનનો રિવાજ હતો. હઝરત ઉષ્માને પોતાના સમયમાં એક અઝાનનો વધારો કર્યો. પરંતુ કોઈએ પણ એની ગણના ગુમરાહીવાળી બિદઅતમાં નથી કરી અને પૂરી ઉમ્મતે એ નવી વાત (બિદઅત)નો સ્વીકાર કર્યો.



હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે સલાતે દુહા (ચાશ્તની નમાઝ)ના માટે પોતે બિદઅત અને ઈહદાસ (નવી વાત)ના વાકયને વાપર્યું છે અને પછી ફર્માવે છે કે : "આ સારા કામોમાંથી છે જે લોકોએ રિવાજ આપ્યો છે." અને ફર્માવે છે : "આ બિદઅત છે, અને સારી બિદઅત છે." અને ફર્માવ્યું : "લોકોએ કોઈ પણ એવા નવા કામને રિવાજ ન આપ્યો, જે મને આથી વધારે પસંદ હોય." હઝરત ઉમરે તરાવીહના વિશે એ રસ્તો અપનાવ્યો જે હુઝૂર ﷺ અને અબૂબક્રના સમયમાં ન હતો. એ પોતે એને નવુ કાર્ય કહે છે અને પછી ફર્માવે છે : "ઘણું સારું કામ છે."

આથી જાણવા મળ્યું કે કેવળ નવું કાર્ય હોવાથી એને કરવું બુરી બિદઅતમાં ગણવા માટે અમુક પાબંદીઓ છે.

ઈમામ નવવી શરહે મુસ્લિમ કિતાબમાં "સર્વ બિદઅત ગુમરાહી છે"ના ખુલાસામાં લખે છે કે : બિદઅતના શબ્દકોશમાં પાંચ પ્રકાર છે : એક બિદઅત **વાજિબ** છે. બીજી બિદઅત **મનદૂબ** (પસંદ કરવામાં આવેલ), ત્રીજી બિદઅત **હરામ**, ચોથી **મકરૂહ**, પાંચમી **મુબાહ**.

અને સંશોધન એ છે કે જે કામની શરીઅતમાં સારા કામોમાં ગણના થાય છે એ સારું છે, અમે જે કામની શરીઅતમાં બુરા કામોમાં ગણના થાય છે એ બુરુ છે, નહીં તો જાઈઝના પ્રકારોમાંથી છે.

## ★ પ્રસ્તુત કિતાબ વિશે ★

આ કિતાબ "બિદઅતની હકીકત" પણ આ મસ્અલાને સમજાવવા માટે લખવામાં આવી છે. એને લખવાવાળા મૌલાના સૂફી મુહમ્મદ સિદીક સાહબ ડિપ્લોમા એંજિનિયર તરબીલા ડેમ મારા જૂના પ્રિય અને મારી અલીપૂર છઠના રહેવાશના સમયની કિંમતી પુંજી છે. આ તે જગ્યાએ ગર્વમેન્ટ હાઈસ્કૂલના વિદ્યાર્થી હતા અને હું પઢાવવાનું કાર્ય કરી રહ્યો હતો. મેં એમને જવાનીના સમયમાં જે સમયે વધુ પઢતા નવ જવાન આઝાદ ખ્યાલ હોય છે સીધા રસ્તાના તલાશવાળા, ખુલૂસ અને ઈમાની જઝબાથી પૂર્ણ જોયા. મારી રાહ ચિંધવાની આ દરબારે શાહે

લાષાની અલીપૂર સૈયદા શરીફમાં પીર સૈયદ અલી હુસૈન નકશે લાષાનીના હાથ પર મુરીદ થયા. મુર્શિદે કામિલે એમની ઘણી સારી તર્બિયત ફર્માવી. રોજ વધતા જતા પીર સાથેના સંબંધે એમની ક્ષમતામાં વધારો કર્યો. એ ખુલૂસ અને ઈમાની જઝબો જ એમની જિંદગીનું રોશન પ્રકરણ છે, એમાં વધારો થતો ગયો એ હેડ સસૂલમાં ઓવરસીયર પણ થઈ રહ્યા હતા અને સાથે સાથે લાષાની ગૃપના વિદ્યાર્થીઓને મેમ્બર બનાવી તબ્લીગ અને દીનના ફેલાવા માટે તૈયાર પણ કરી રહ્યા હતા. નોકરીની શરૂઆત કરી તો તરબીલા ડેમની કિસ્મત જાગી ગઈ હવે તે જગ્યાએ નોકરી પણ છે અને ઘણા દિલોને ઈમાનનું પાણી પણ આપી રહ્યા છે. નોકરીની જિમ્મેદારીને સચ્ચાઈ સાથે જે હલાલ રોજી માટે ઘણુ જરૂરી છે એમાં કાર્યરત છે અને એના સાથે સાથે ઘરમાં નાનાં બાળકોને કુર્આન પણ પઢાવે છે. સફર હિ.સ. ૧૪૦૮ ઓકટો.૧૯૮૭માં ઉર્સે લાષાનીમાં અમારા આકા નકશે લાષાનીએ ઈસ્લામની તબ્લીગ માટે બઝમે લાષાની પાકિસ્તાન બનાવવાનું એ'લાન કર્યું, તો એમને મરકઝી મજલિસે શૂરાના રુકન જાહેર કર્યા. આજે પણ એ હોદ્દા પર બિરાજમાન છે અને પીરો મુર્શિદની હિદાયત પર દિલો જાનથી કાર્ય કરી રહ્યા છે.

મેં એ માટે કે એમની તક્રીર અને લખાણના અનુભવથી જેમ કે ઉપર જણાવ્યું જૂનો જાણકાર છું એ માટે એમણે વિનંતી કરી કે કોમના સમજદાર વર્ગને ગેરમાર્ગે દોરવાવાળા વિચારોથી મુક્ત કરવા માટે આ કાર્યના મેદાનમાં ઉતરવું જરૂરી છે. એનો રસ્તો એ છે કે જે જે બહાના અને ધોકા હેઠળ ઉમ્મતનો રિશ્તો હુઝૂર ﷺથી તોડવાના પ્રયાસો થઈ રહ્યા છે એ બધા જ બહાનાં (કારણો) પર લખાણ મૂકવામાં આવે, એનાથી ગેરમાર્ગે દોરવાનો માર્ગ બંધ થઈ જશે. ખુદાનું નામ લઈ ઉઠો અને હુઝૂર ﷺની અઝમતની હિફાઝતમાં ઉમ્મતને સર્વ પ્રથમ બિદઅતની હક઼ીક઼ત સમજાવો. ઈન્શાઅલ્લાહ ! મુર્શિદની નઝરે કરમ તમારી હાલત પર રહેશે. એમણે મારી વિનંતીનો સ્વીકાર કર્યો અને એ જ નામથી કિતાબ લખી આપી જે બની શકે છે કે ઉર્દૂમાં એક દસ્તાવેજ



હોય. હક઼ીક઼ત તો એ છે કે લેખકે ઘણી મહેનતથી પોતાની તેહક઼ીક઼ વિશે ઘણી બધી દલીલો રજૂ કરેલ છે. મારી વિનંતિ કરવાના સમયે જે પ્રકારની કિતાબની ઉમ્મીદ હતી એ ઉમ્મીદથી પણ વધારે સારી છે. ઘણી બધી આયતો, લગભગ ૫૦ હદીષો અને એટલી જ ભરોસાપાત્ર કિતાબોના હવાલાએ આ વિષય પર લખવામાં જાન પૈદા કરી દીધી, પોતાના પુરાવામાં પહેલાંના બુઝુર્ગો, ઓલમાએ એહલે સુન્નત જ નહીં બલ્કે વિરોધીઓના પોતાનાં લખાણોથી સાબિત કર્યું છે. લખવાનો અંદાજ ઘણો જ અદબવાળો અને વિરોધીઓને ચૂપ કરવાવાળો છે. મહેણા ટોણાથી દરેક જગ્યાએ દૂર રહ્યા છે. કિતાબનો અભ્યાસ કર્યા પછી એવુ થાય છે કે જે રીતે એક મહેરબાન સર્જન ઘણી ધીરજથી ચિર ફાડ કરી શરીરને ખરાબ લોહીથી સાફ કરે છે. સ્વભાવમાં ઈન્સાફ હોય તો આવી તેહક઼ીક઼નાં વખાણ કરવાં જ પડે. જયાં સુધી વિષયની વાત છે, બિદઅતની વ્યાખ્યા, બિદઅતના પ્રકારો અને એના હુકમો પર વિસ્તારપૂર્વક ચર્ચા સિવાય પણ ઉમ્મતની સર્વ સંમતિ (ઈજમાઅ)નું વર્ણન, હલાલ અને હરામના ક઼ાયદા અને ઘણા બધાં કાર્યો જેને બિદઅત માનવામાં આવે છે એની વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. વર્તમાનકાળમાં આ વિષય પર જે શંકાઓ ઉભી કરવામાં આવે છે એને દૂર કરવાની પૂરી કોશિશ કરવામાં આવી છે. મને ખુશી છે કે મારા એક અઝીઝ અને પીર ભાઈએ ઉમ્મતનો ઈખ્તેલાફ દૂર કરવા કલમ ઉઠાવી અને એનો હક્ક઼ પૂર્ણ કર્યો. કિતાબના ધ્યાનપૂર્વક અભ્યાસ પછી એવું લાગે છે જાણે કે સાચા મુર્શિદ અને તેઓના જિગરના ટુકડા નકશે લાષાનીએ (સરપરસ્તે આ'લા બઝમે લાષાની–પાકિસ્તાન) ખુદાએ અર્પણ કરેલ નઝરે કરમથી લખાણને પૂર્ણ કર્યું. અલ્લાહ ﷻની બારગાહમાં હુઝૂર ﷺના વસીલાથી દુઆ છે કે લખાણ લખવાવાળાની કોશિશને ક઼બૂલ કરે અને ઉમ્મતની અંદરની બેચેનીને દૂર કરવામાં ફાયદામંદ બને.

*–સગે બારગાહે નક઼્શે લાષાની*

**આસી**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# બિદઅતની વ્યાખ્યા

**શાબ્દિક અર્થ** : શબ્દ કોશમાં દરેક નવી વાત અને વસ્તુ એટલે પેહલાંના સમયમાં દાખલો (દ્રષ્ટાંત) ન મળે એવા દરેક નવા કામને કહેવામાં આવે છે★.

કુર્આને કરીમમાં આ શબ્દ આ પ્રમાણે આવેલો છે : بَدِيْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ "કોઈ નમૂના વિના આસ્માનો તથા જમીનને બનાવનાર." –*(સૂ. અન્આમ, આ. ૧૦૧, સૂ. બક઼રહ્, આ. ૧૧૭)*

## ★ બિદઅતની શરીઅતમાં વ્યાખ્યા ★

દીનમાં જે પણ નવું કામ (સવાબના ઈરાદે) કરવામાં આવે એટલે એ અક઼ીદા તથા કાર્યો જે હુઝૂર ﷺના સમયમાં ન હતા ત્યાર પછી થયાં. *(જાઅ્લ હક્ક઼–૭)*

મિશ્કાતમાં મુલ્લા અલી ક઼ારીએ ફર્માવ્યું, "શરીઅતમાં એ કાર્ય જે હુઝૂર ﷺના જાહેરી જમાના પછી કરવામાં આવે એને બિદઅત કહે છે." *(૧/૧૭૯)*

અને શૈખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "જે કાંઈ પણ હુઝૂર ﷺ પછી નીકળ્યું અને જાહેર થયું એને બિદઅત કહેવામાં આવે છે." *(અશિઅતુલ લમ્આત, ૧/૪૨૨)*

*★ મુલ્લા અલી ક઼ારી ફર્માવે છે : જેનું વજૂદ પહેલાંના સમયમાં ન હોય એને બિદઅત કહે છે. મિર્ક઼ાત ૧/૧૭૯. ઈમામ નવવીએ પણ એ જ કહ્યું છે. (જુઓ ક઼ાનૂને શરીઅત, પેજ–૪૪, હાશિયા હસનુલ મક઼સદ ફી અમતિલ્ મવજુદ અને ઝિયાઉન્નબી, ૨/૫૩) શરહે સહીહ મુસ્લિમ.*



બિદઅતથી એવી નવી ચીજનો અક઼ીદો બનાવી લેવો મુરાદ છે જે કોઈ શંકા અને તાવીલના કારણે હુઝૂર ﷺ થી જે કાંઈ મશહૂર રીતે બયાન થયું હોય એના વિઢધ્ધ હોય. *(અશિઅતુલ લમ્આત, ૧/૪૨૨)*

## ★ બિદઅતે એ'તેક઼ાદી ★

હુઝૂર ﷺએ ફર્માવ્યું : "જે આદમી અમારા દીનમાં એવો તરીક઼ો પૈદા કરે જે દીનમાં ન હોય તો એ મરદૂદ છે." *(મિશ્કાત બાબુલ એઅતેશામ, અરબઐને નવવી)*

શારેહે મિશ્કાત સાહિબે મિર્આત મુફ્તી અહમદ યારખાં رحمۃ اللہ علیہ સાહબ ફર્માવે છે કે, અમરથી મુરાદ દીને ઈસ્લામ છે અને 'મા'થી મુરાદ અક઼ીદા, એટલે જે આદમી ઈસ્લામ વિરુધ્ધ અક઼ીદો બનાવી લે એ આદમી પણ મરદૂદ અને અક઼ીદા પણ બાતિલ (ખોટા) છે. *(૧/૧૪૬ મિર્અત)*

બુરી બિદઅત એ ખોટા અક઼ીદાનું નામ છે જે ઈસ્લામમાં રિવાજ આપવામાં આવે. જે બિદઅત અને બિદઅતની સખત બુરાઈ બયાન કરવામાં આવી છે એનાથી એ જ મુરાદ છે. જુઓ ઈબ્ને ઉમરે તક઼દીરને ન માનવાના અક઼ીદાની બિદઅતમાં ગણના કરી. *(મિર્અત, ૧/૧૧૬)*

સૈયદના મુજદ્દિદે અલ્ફેષાની ફર્માવે છે : બધા બિદઅતી ફિર્ક઼ાઓમાં બધાથી બુઢ એ ગૃપ છે જે હુઝૂર અને સહાબાએ કિરામથી દુશ્મની (એટલે બુરો અક઼ીદો) રાખે છે. *(મકતૂબાત, ૧/૫૪)*

પછી ફર્માવે છે : અક઼ીદાનું બુઢ હોવું દરેક ભલાઈથી દૂર થવાનું કારણ છે. નવો અક઼ીદો બનાવવો મરદૂદ છે. *(મુબ્દા વ મઆદ મિન્હા–૩૪, બહવાલા નૂરે ઈસ્લામ મુજદ્દિદ અલ્ફેષાની નંબર, ભાગ–૨)*

મુહદ્દિષે શહીર હઝરત સૈયદ મહમૂદ અહમદ રઝવી (ફુયૂઝુલ બારી ૧/૩૮)માં ફર્માવે છે, અક઼ીદામાં ખરાબી મોઅતઝલા અને રાફઝીઓ જેવાની બિદઅતમાં ગણનામાં આવે છે.

ઈઝાલતુલ ખિફા (૧/૨૪૮)માં શાહ વલીયુલ્લાહ દહેલ્વી ફર્માવે છે કે જે શખ્સ ખુલફાએ રાશિદીનની ફઝીલતોને નકારવાવાળો છે તે

બિદઅતી છે.

વિરોધીઓના ઈમામ મુહમ્મદ બિન અબ્દુલવહાબ બ નજદીએ કિતાબુત્તૌહીદ લખી અને એના પૌત્રા અબ્દુર્રહમાન બિન હસને એની શરહ ફતહુલ મજીદ લખી અને અતાઉલ્લાહ સાહિબે હિદાહતુલ મુસ્તફીદના નામથી એનો તર્જુમો કર્યો, એમાં ઈસ્તવાની હાલતની જાણકારી માટે સવાલ કરવાને બિદઅત અને સવાલ કરવાવાળાની *(ઈમામ બૈહકી અને ઈમામ માલિકના હવાલાથી)* બિદઅતીમાં ગણના કરી. *(હિદાયતુલ મુસ્તફીદ, ૨/૧૬૫૫)*

દેવબંદીઓના પેશવા રશીદ ગંગોહી લખે છે : જે બિદઅતમાં આવી સખત ચેતવણીઓ છે એ નવા અકીદા બનાવવા વિશે છે, જેમ કે રાફઝી અને ખારજીઓની બિદઅતો છે. જુઓ ફતાવા રશીદિયા *(પેજ–૧૨૮)* જાણકારી મળી કે, નવા અકીદા બનાવવા બિદઅત છે.

## ★ બિદઅતે અમલી ★

મિર્આતમાં મુફતી અહમદ યારખાં ફર્માવે છે, ઉપર બયાન કરેલ હદીષમાં અમરથી મુરાદ દીન છે અને ''મા''થી મુરાદ અમલ (કાર્ય) અને لَيْسَ مِنْهُથી મુરાદ કુર્આન અને હદીષથી વિરુધ્ધ. એટલે ''જે કોઈ દીનમાં એવાં કામોને રિવાજ આપે જે દીન એટલે કુર્આન અને હદીષની વિરુધ્ધ હોય જેનાથી સુન્નત ઉઠી જાય છે.'' *(૧/૧૪૬)*

હાજી ઈમદાદુલ્લાહ મુહાજિરે મક્કી પોતાની કિતાબ ''ફૈસલએ હફત મસ્અલા''માં ફર્માવે છે, ''બિદઅત એને કહે છે કે દીન સિવાયની વાતોને દીનમાં જ સામેલ કરી લેવામાં આવે.'' અને આ'લા હઝરત 'એહકામે શરીઅત'માં ફર્માવે છે, ''જે વાત હુઝૂર ﷺ અને ખુલફાએ રાશિદીન અને ફિક્હના હુકમોના વિરુધ્ધ કરવામાં આવે એ નવી વાત બિદઅત છે.'' એનાથી બચવું જોઈએ. *(અહકામે શરીઅત, ભાગ–૨)*

## ★ વિચારવા જેવી બાબત ★

હવે જો કોઈ કાર્ય હુઝૂર ﷺના જાહેરી સમય પછી કરવામાં આવે



તો એના બે પ્રકારો છે :–

**(૧)** ક્યાં તો એ કાર્ય કિતાબ તથા સુન્નત પ્રમાણે હશે અને એનો સબૂત શરીઅતમાં મૌજૂદ હશે.

**(૨)** ક્યાં તો એ કાર્ય કિતાબ તથા સુન્નતના વિરુધ્ધ હશે અને એનું સબૂત શરીઅતમાં મૌજૂદ ન હોય.

## ★ અમલી બિદઅતના પ્રકાર ★

પહેલા પ્રકારમાં બિદઅતે હસના[1] એટલે સારી બિદઅતમાં બિદઅતે સય્યઆ[2] એટલે બુરી બિદઅત.

## ★ ધ્યાન દોરવા લાયક વાત ★

ફુક્હાએ કિરામે એના દરજ્જાઓ પર પણ ચર્ચા કરી છે, એટલે

---

*૧. હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ ફર્માવે છે, ''જે સારા કાર્યો ઉમ્મત થકી નીકળે છે એને બિદઅતે હસના કહેવામાં આવે છે. (ખઝાએનુલ ઈરફાન–૭૦૩)*

*મુફતી અહમદ યારખાં ફર્માવે છે : બિદઅતે હસના સુન્નતને નાબૂદ નથી કરતી, પરંતુ ઘણી વખતે એને ચાલુ કરે છે. જુઓ ઈલ્મે દીનનું જાણવું સુન્નત છે. હવે એના માટે કિતાબો છપાવવી, મદ્રસા બનાવવા, ત્યાં તાલીમનો કોર્સ બનાવવો જો કે બિદઅત છે પરંતુ સુન્નતના મદદગાર કાર્યો છે, ન કે એના વિરુધ્ધ. (મિર્આત, ૧૭૮)*

*હઝરત મૌલાના શમસુદ્દીન અહમદ રઝવી ફર્માવે છે : બિદઅતે હસના એ છે જે કોઈ સુન્નતના વિરુધ્ધ અથવા એનાથી ટકરાવવાળી ન હોય. (કાનૂને શરીઅત)*

*દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે : ''અને એ બિદઅત જેની બુનિયાદ શરીઅતથી સાબિત હોય એ સારી બિદઅત છે. (તકવિયતુલ ઈમાન ૧૧૪, બહવાલા રિસાલા ચહારદા મસાઈલ)*

*અલ્લામા અયની ફર્માવે છે : ''સારી બિદઅત એ છે જેને મુસલમાન સારી જાણે અને એ કાર્ય કુર્આન તથા સુન્નત, આષાર (કથનો) અને ઉમ્મતના ઈજમાઅની વિરુધ્ધ ન હોય. ''ઈમામ ગિઝાલી ફર્માવે છે : એ બિદઅત જેને બુરાઈની લાયક કહેવામાં આવે એ જ કાર્ય હશે જે સુન્નતના વિરુધ્ધ હોય. (કીમીયાએ સઆદત)*

*૨. ફિક્હની મશહૂર કિતાબમાં છે : બુરી બિદઅત એ છે જે કોઈ સુન્નતની વિરુધ્ધ હોય. (કાનૂને શરીઅત બહારે શરીઅત)*

સારી બિદઅતના ત્રણ પ્રકારો છે. મુબાહ, મુસ્તહબ અને વાજિબ. તથા બુરી બિદઅતના બે પ્રકારો છે : મકરૂહ અને હરામ.

### ★ બિદઅતે હસના (સારી બિદઅત) ★

એ નવું કાર્ય જે કિતાબ તથા સુન્નત પ્રમાણે હોય અને ઈસ્લામની મહોબ્બતમાં વધારો કરવાનો સબબ બને.

### ★ બિદઅતે સય્યેઆ (બુરી બિદઅત) ★

એ નવુ કાર્ય જે શરીઅતે ઈસ્લામીના વિરુધ્ધ હોય અને એમાં બદલાવ કરવાવાળુ હોય એટલે કિતાબ તથા સુન્નતના વિરુધ્ધ હોય[૧] અને એને દીનમાં દાખલ કરવામાં આવે.

### ★ વિસ્તારપૂર્વક ચર્ચા ★

અલ્લાહ ﷻના ફઝલથી બિદઅતના પ્રકારો (હસના–સય્યૈઆ)ની જે ઓળખ આપવામાં આવી એ બિદઅતે હસનાની ખૂબીને અને બિદઅતે સય્યેઆની ખરાબીને સારી રીતે જાહેર કરી આપે છે, તો પણ વિસ્તારપૂર્વક ચર્ચા કરીએ છીએ. કિતાબ તથા સુન્નત અમારી દલીલ છે. હવાલા માટે યક઼ીન આપવાવાળી દલીલો એમાંથી જ લેવામાં આવે છે.

તો આવો જુઓ કુર્આન બિદઅતે હસના (સારી બિદઅત)ના સારા હોવા પર દલીલ ક઼ાયમ કરે છે.

وَجَعَلْنَا فِیْ قُلُوْبِ الَّذِیْنَ اتَّبَعُوْهُ رَاْفَةً وَّ رَحْمَةً ؕ وَرَهْبَانِیَّةَ ِۨ ابْتَدَعُوْهَا مَا
كَتَبْنٰهَا عَلَیْهِمْ اِلَّا ابْتِغَآءَ رِضْوَانِ اللّٰهِ فَمَا رَعَوْهَا حَقَّ رِعَایَتِهَا

**આલા હઝરતનો તર્જુમો** : "અને એ (હઝરત ઈસા علیہ السلام)ની પૈરવી કરવાવાળાના દિલોમાં (અમે) નરમાશ અને રહમત મૂકી અને રાહિબે (સન્યાસી) બનવું તો એ વાત એ લોકોએ દીનમાં પોતાના તરફથી કાઢી, અમે એમના પર જરૂરી ન કર્યું હતું. હા ! આ બિદઅત એ લોકોએ

૧. માહિરુલ ક઼ાદરી ફર્માવે છે : આ નવા કાર્યોથી દીનમાં કોઈ બદલાવ આવતો નથી તો પછી આ બુરી બિદઅત કેમ થવા લાગી ? (બિદઅત ક્યા હૈ ? ૪૬)



અલ્લાહને રાજી કરવા માટે પૈદા કરી, પછી એના પર ન રહી શકયા જે રીતે રહેવાનું હતું. તો એના ઈમાનવાળાઓને અમે એનો સવાબ આપ્યો અને એમાં ઘણા ફાસિક઼ો છે. *(કન્ઝુલ ઈમાન)*

**થાનવીનો તર્જુમો** : અને જે લોકો એમની પેરવી કરવાવાળા હતા અમે એમના દિલોમાં મહેરબાની અને રહમ પૈદા કર્યો અને એમણે રહબાનિયતને જાતે પૈદા કરી, અમે એમના પર જરૂરી ન કર્યું હતું પરંતુ એમણે અલ્લાહ ﷻને રાજી કરવા આ માર્ગ અપનાવ્યો હતો તો એ લોકો એ રહબાતિયત પર રહી ન શકયા તો જે ઈમાન લાવ્યા અમે એમને એનો સવાબ આપ્યો અને વધારે એમાં નાફઈમાન છે.

**મવદૂદીનો તર્જુમો** : અને જે લોકોએ એમની પૈરવી કરવાનું પસંદ કર્યું એમના દિલોમાં અમે દયા અને રહમ નાખી દીધી. અને રહબાનિયત એ લોકોએ જાતે પૈદા કરી અમે એમના પર આ કાર્ય ફર્ઝ કર્યું નહોતું પરંતુ અલ્લાહ ﷻની રઝાની તલબમાં એમણે જાતે જ આ બિદઅત પૈદા કરી અને પછી એની પાબંદીનો જે હક઼્ક઼ હતો એ પૂરો ન કર્યો. એમાંથી જે લોકો ઈમાન લાવ્યા હતા એનો બદલો એમને આપ્યો પરંતુ એમાં વધુ પડતા ફાસિકો છે.

વિચાર ! રહબાનિયત (સન્યાસીપણા)નું નવું કાર્ય (બિદઅત) હઝરત ઈસા علیہ السلامના પૈરવી કરવાવાળાઓએ પોતાની જાતે પૈદા કર્યું, અલ્લાહ ﷻ તરફથી ફર્ઝ અને વાજિબ ન હતું. એ લોકોની નિય્યત સારી હતી અને મક઼સદ અલ્લાહની રઝાનો હતો તો અલ્લાહ તઆલાએ એમના આ નવા કાર્ય (બિદઅત)ને પોતાની બારગાહમાં કબૂલ કર્યું અને એનું ઝિક્ર પોતાની અંતિમ કિતાબ એટલે કુર્આન પાકમાં કર્યું. પછી જે લોકો પોતાના પૈદા કરેલ નવા કાર્યો પર ન ચાલી શકયા એટલે એના પર પાબંદીથી અમલ ન કરી શક્યા એમનાથી અલ્લાહ તઆલા નારાજ પણ થયો અને ફર્માવ્યું, એ લોકોએ જાતે જ આ નવુ કાર્ય પૈદા કર્યું અને એની પાબંદી કરવાનો જે હક઼્ક઼ હતો એની કાળજી ન લીધી. (જેથી ક઼ાયમ ન રહી શક્યા જે ક઼ાયમ રહેવાનો હક઼્ક઼ હતો) પરંતુ એમણે અલ્લાહની રઝા માટે જે નવા કાર્યને જારી કર્યું એનો કુર્આને અલ્લાહની

રઝાનો સબબ હોવાથી ઈન્કાર ન કર્યો પણ એના હક્કમાં સર્ટીફિકેટ આપી દીધું. અને જાતે એ લોકોનો મક઼સદ અલ્લાહની રઝાને પામવાનો સબબ પણ બતાવી દીધું અને પસંદ એ કર્યું કે એ આ નવા કાર્યને નિભાવતા અને એના પર પાબંદ રહેતા.

અલ્લાહ ﷻ ની બારગાહથી પસંદગીની સનદથી આ બિદઅત (નવા કાર્ય)નું હસના (સારું હોવું) સાબિત થાય છે અને બિદઅતે હસનાનું કરવું સવાબ મળવાનો સબબ છે એ પણ પુરવાર થાય છે. *(જાઅલ હક્ક઼, ૧/૨૧૫)* એના વિશે જ મુફતી અહમદ યારખાં નઈમી ફર્માવે છે કે, "ખબર પડી કે દીનમાં નવી–નવી વાતો પૈદા કરવી જે દીનના વિરુધ્ધ ન હોય સવાબ મળવાનો ઝરીઓ છે." *(ઈલ્મુલ કુર્આન–૬૦)* એ માટે કેઆ જગ્યાએ નવા કાર્યના પૈદા કરવા પર અલ્લાહ ﷻ એ નારાજગી ન દર્શાવી પરંતુ ક઼ાયમ ન રહેવાથી અલ્લાહ ﷻ ની નારાજગીનો ઉલ્લેખ આપ્યો. *(જાઅલ હક્ક઼, ૧/૨૧૫)*

હઝરત સદરુલ અફાઝિલ ફર્માવે છે : ખઝાઈનુલ ઈર્ફાનમાં કે આ આયતથી ખબર પડી કે બિદઅત એટલે દીનમાં કોઈ નવી વાત કાઢવી, જો એ વાત નેક હોય અને એનાથી રઝાએ ઈલાહીનો હેતુ હોય તો સારી છે, એ કાર્ય પર સવાબ મળે છે અને એના પર ક઼ાયમ રહેવું જોઈએ. આ જ બિદઅતને બિદઅતે હસના (સારી) કહેવામાં આવે છે. હા ! દીનમાં બુરી વાત કાઢવી બિદઅતે સય્યેઆ (બુરુ કાર્ય) કહેવામાં આવે છે, એ મના અને નાજાઈઝ છે. અને બુરી બિદઅત હદીષમાં એને બતાવવામાં આવી છે કે જે સુન્નતના વિરુધ્ધ હોય અને એને પૈદા કરવામાં કોઈ સુન્નત ખતમ થતી હોય. આ વાતથી હજારો મસાઈલનો ફૈંસલો થઈ જાય છે જેમાં આજે લોકો મતભેદ કરે છે અને પોતાની ગંદી ખ્વાહિશોના કારણે સારાં કાર્યોને બિદઅત કહી લોકોને રોકે છે. જે કાર્યોથી દીનને મજબૂતી મળે છે અને જે મુસલમાનોને આખેરતના ફાયદા પહોંચાડે છે અને અલ્લાહની ફર્માબરદારીમાં અને ઈબાદતમાં શોખથી લાગેલા રહે છે. એવાં કામોને બિદઅત કહેવું કુર્આન શરીફની ઉપર જણાવેલ આયતના તદન વિરુધ્ધ છે.



કુર્આન શરીફની ખુલ્લી ગવાહી પછી હદીષ શરીફ જુઓ :–

**પહેલી હદીષ** : જે કોઈ ઈસ્લામમમાં સારો તરીકો પૈદા કરે એને પોતાના કાર્યનો અને એ કાર્યોનો સવાબ છે જે એ કાર્યોની પાબંદી કરશે, એના સવાબમાં ઘટાડો કર્યા વિના. અને જે શખ્શ ઈસ્લામમમાં બુરા તરીક઼ાને પૈદા કરે એના પર પોતાના બુરા કાર્યનો ગુનાહ અને એ બુરા કાર્યોનો ગુનાહ જે એના પછી એના પર પાબંદી કરશે એનો ગુનાહ એને મળશે, બીજાના ગુનાહમાં કમી કર્યા વિના. *(મિર્આત મિશ્કાત શરીફ, રિયાઝુસ્સાલેહીન, આ જ રીતની એક હદીષ તિર્મિઝીમાં અબવાબુલ ઈલ્મ અને ઈબ્ને માજામાં પણ મૌજૂદ છે. મુસ્લિમ શરીફની રિવાયત, મિશ્કાત, કિતાબુલ ઈલ્મ, તફસીરે મઝહરી, ૬/૨૦૩)*

હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ અશિઅતુલ્લમઆતમાં સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ એ ખઝાઈનુલ ઈર્ફાનમાં મોલવી અબ્દુસ્સમીઅ રામપૂરીએ અન્વારે સાતિઆમાં મજમઉલ બિહાર અને શરહે સહીહ મુસ્લિમના હવાલાથી આવો જ તર્જુમો કર્યો છે ?

આ જગ્યાએ હુઝૂર ﷺ એ નવી પૈદા થવાવાળી વસ્તુઓને સુન્નત★ ના શબ્દથી વર્ણન કર્યું છે, એટલે જે સારો તરીક઼ો (બિદઅતે હસના)ને રિવાજ આપશે એ સતત સવાબનો હક઼દાર છે અને જે બુરો તરીક઼ો જારી કરશે એ હમેશાં ગુનાહોના વજન નીચે દબાતો જશે. મિર્આત શરહે મિશ્કાતમાંથી આ હદીષ એ બધી જ હદીષોની શરહ છે જેમાં બિદઅતની બુરાઈઓનું વર્ણન કરવામાં આવ્યું. સ્પષ્ટ જાણવા મળ્યું કે બુરો તરીક઼ો (બિદઅતે સય્યેઆ) બુરો છે, અને એ હદીષોથી આ જ મુરાદ છે. આ હદીષ બિદઅતના બે પ્રકારોનું વર્ણન કરે છે : બિદઅતે

*★ ઈમામ ઈબ્ને હુમામથી મનકૂલ છે. શબ્દકોશમાં સુન્નત એ તરીકાને કહેવામાં આવે છે. જેનો આમ રિવાજ હોય સારો નરીકો હોય કે બુરો (સુન્નતે ખૈરુલ આમ) સૈયદ યૂસુફ હાશમી (કુવૈત) ફર્માવે છેકે અરબી શબ્દકોશ અને શરીઅતના પ્રમાણે સુન્નતની વ્યાખ્યા "તરીકો" છે. આ હદીષમા સુન્નત તરીકાના અર્થ માં છે. (ઈસ્લામી અક઼ાઈદ–૨૨૫)*

હસના અને બિદઅતે સય્યેઆ, એમાં કોઈ પણ પ્રકારની તાવીલ કરવી શક્ય નથી. *(મિર્આત, ભાગ–૧)*

ઈસ્માઈલ દહેલ્વી લખે છે, તર્જુમો : અમુક બિદઅતોના સારા હોવામાં કોઈ શંકા નથી અને એ સાબિતિ માટે ઘણી હદીષો રજૂ કરી શકીએ છીએ જેમ કે રિવાયત છે, જે સારા તરીકાને રિવાજ આપશે એને એનો બદલો મળશે અને એ શખ્સનો પણ બદલો મળશે જે એ કાર્ય પર અમલ કરશે. *(મૌલાના ઈસ્માઈલ ઔર તક઼વિય્યતુલ ઈમાન, પેજ–૧૪)*

ઈબ્ને માજા અને રિયાઝુસ્સાલેહીન વગેરેના અબવાબે મન સન્ન સુન્નતન અવ સય્યેઅતનથી પણ તદ્દન જાહિર છે કે હદીષની કિતાબો પ્રમાણે નવા તરીક઼ા માટે 'હસના' (સારા) અને સય્યેઆ (બુરા)ની વહેંચણી બરાબર છે★.

પછી વિરોધીઓના મુફ્તીએ આ'ઝમ મુહમ્મદ શફીઅ કહે છે કે બિદઅત શબ્દકોશમાં દરેક નવા કાર્યને કહેવામાં આવે છે, ચાહે આદત હોય કે ઈબાદત. જે લોકોએ આ અર્થ લીધેલ છે એ લોકોએ બિદઅતના બે પ્રકારો કર્યા છે, 'સય્યેઆ' અને 'હસના.' *(સુન્નતો બિદઅત, પેજ–૮૧)*

ખુલાસો એ કે એ તો ખબર થઈ ગઈ કે હુઝૂર ﷺએ સુન્નતે હસના એટલે નેક, અને સારા તરીક઼ાને ફેલાવવાની આમ ઈજાઝતનું એલાન ફર્માવ્યું અને સાથે સવાબનો વાયદો પણ કર્યો.

**બીજી હદીષ** : ''જે શખ્સ અમારા દીનમાં એવો તરીકો પેદા કરે જે એમાંથી ન હોય તો એ માન્ય નથી. *(મિશ્કાત બાબુલ એઅ્તિસામ, રિયાઝુસ્સાલેહીન)*

અશિઅતુલ્લમ્આતમાં છે : હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જે શખ્સે પૈદા

*★ પરંતુ ઈદારએ ઈસ્લામિયા લાહોર અને આમિર ઉષ્માની ફાઝિલે દેવબંદનો ઈસ્લામ જુઓ અને એમની દયાનતદારી વિશે વિચારો કે ઘણી જ બેબાકી સાથે કહે છે કે હદીષની એક એક કિતાબ ઉઠાવીને જુઓ, કોઈ જગા પર તમોને મળશે નહીં કે શરીઅતે બિદઅતના બે પ્રકાર કર્યા હોય ! અસ્તગફિરુલ્લાહ ! (બિદઅત કયા હૈ? પેજ ૨૪૩)*



કરી અમારા આ દીનમાં જે રોશન અને જાહેર છે. એવી વસ્તુ જે એમાં ન હોય. એટલે એવી નવી વાત કાઢી જે કુર્આન તથા સુન્નતમાં સાફ જણાવેલ ન હોય અને ન તો કોઈ ક઼ાયદાની મદદથી એને કાઢવામાં આવી હોય અને ન તો કિતાબે એની સહીહ હોવાની સનદ આપી હોય. અમારા આ મતલબ પ્રમાણે ઈજમાઅ અને ક઼યાસ પણ સામેલ થઈ ગયો.

ખુલાસો એ કે એવી વસ્તુ મુરાદ છે જે કિતાબ તથા સુન્નતના વિરૂધ્ધ અને એને બદલવાવાળી હોય. તો એવી વસ્તુ અથવા એવી વાત પૈદા કરવાવાળો જૂઠ્ઠો અને મરદૂદ છે. *(અશિઅતુલ્લમઆત ઉર્દૂ ૧/૪૨)*

મૌલાના અબ્દુસ્સમીઅ રામપૂરી એક ઉસૂલ બયાન કરતાં જણાવે છે, જ્યારે કોઈ હુકમ કોઈ શર્ત સાથે હોય છે તો એ હુકમ શર્તની તરફ પલટે છે. આ હદીષમાં فَهُوَرَدٌّ હુકમ છે. આ દરેક નવી વાતોના તરફ નહીં પલટે બલ્કે એની શર્ત જે مَا لَيْسَ مِنْهُ છે એની તરફ પલટશે એટલે જે નવી વાત દીનના વિરુધ્ધ અને બદલવાવાળી હોય મરદૂદ છે, ન એ કે જે કોઈ વાત સારી, નેક, દીનના ઉસૂલ પ્રમાણે કરવામાં આવે એ પણ મરદૂદ છે. *(અન્વારે સાતિઆ–૩૪)*

પછી ફર્માવે છે, એ વાત બરાબર નથી કે જે સારુ કામ આપે ન કર્યું એ બુરી બિદઅત અને સુન્નતના વિરુધ્ધ હોય છે. સાચી વાત એ છે કે સુન્નતના વિરુધ્ધ તે જ કાર્ય હશે જે કરવામાં અને રોકવામાં શરીઅતના વિરુધ્ધ હશે એ પ્રકારનું કાર્ય જે કોઈ રિવાજ આપશે એ આ હદીષ مَنْ اَحْدَثَ فِىْ اَمْرِنَا مَا لَيْسَ مِنْهُ فَهُوَرَدٌّમાં સામેલ થશે અને એ કાર્ય નાપસંદ બુરી બિદઅત અને ગુમરાહી કહેવામાં આવશે. *(અન્વારે સાતિઆ–૩૬)*

ઈસ્માઈલ દહેલ્વી કહે છે : આ હદીષથી એ નવા કાર્યનું મરદૂદ હોવું સાબિત થાય છે જેનો દીનથી કોઈ સંબંધ ન હોય અને એ બિદઅત જેની અસલ શરીઅતથી સાબિતી હોય એ સારુ છે. *(રિસાલા ચહારદા મસાઈલ બહવાલા ઈસ્માઈલ દહેલ્વી ઔર તક઼વિયતુલ ઈમાન, પેજ–૧૧૪)*

શક્ય છે કે કોઈ ભાઈ વાંધો ઉઠાવે કે આ જગ્યાએ કોઈ શર્ત વગર

બિદઅત મુરાદ છે અને એ જ મરદૂદ છે. તો અમે કહીશું કે જો અહી શર્ત વિના બિદઅત મુરાદ હોત તો **ما ليس منه**ના મુબારક શબ્દોની જરૂરત ન હતી. હવે આ શબ્દો એ બિદઅત (નવા કાર્યો)ને વિના શર્તે તદ્દન ન રહેવા દીધાં અને બિદઅતની હસના અને સય્યેઆ (સારી તથા બુરી) માં વહેંચણી કરી દીધી.

જો પ્રશ્ન કરવામાં આવે કે આવી વહેંચણી કઈ રીતે જાઈઝ થઈ ? તો જવાબમાં કહીએ છીએ **ما ليس منه**નો અર્થ છે. "જે દીનમાં નથી." દરેક નવુ કાર્ય વિના શર્તે બુરી બિદઅત હોત તો અહીં આ શબ્દો ન કહેવામાં આવતા અને હદીષ આ પ્રમાણે હોત : **مَنْ اَحْدَثَ فِیْ اَمْرِنَا مَا لَيْسَ مِنْهُ فَهُوَرَدٌّ** "જે શખ્સ અમારા દીનમાં કોઈ નવી વસ્તુ પૈદા કરે તો એ મરદૂદ છે." પરંતુ એવું નથી એમાં વાકય **ما ليس منه** દલીલ છે. અમારા દાવાની કે એવી નવી વાત જેની અસલ શરીઅતમાં છે એ રદ નથી.

વર્તમાન કાળના મહાન સ્કોલર હઝરત મુહમ્મદ ડોકટર મસઊદ અહમદના શબ્દોમાં હદીષે પાકનું બીજુ પાસુ એ છે કે જેણે અમારા દીનમાં એવી વસ્તુ પૈદા કરી જેની અસલ દીનમાં છે એ મહબૂબ છે. *(જાને જાનાં–૧૩૫)*

## ★ મુજદ્દિદે અલ્ફેષાનીનો મસ્લક ★

અને એ જે ઈમામે રબ્બાની દફતરે અવ્વલ મકતુબ ૧૮૬માં આ જ હદીષ દર્શાવ્યા પછી ફર્માવે છે : "જે મરદૂદ છે, એમાં ખૂબી કયાં !" બિલકુલ સાચુ છે. અમે પણ એ જ કહીએ છીએ, જે મરદૂદ છે એ જ બુરી બિદઅત છે, અને જે મરદૂદ નથી એ સારી બિદઅત છે. હવે હઝરત મુજદિદ સાહેબની નજરમાં મક્બૂલ અને મરદૂદ શું છે તે જાણો : "જે કાંઈ યકીન અને ભરોસાપાત્ર છે એ ફક્ત કિતાબ તથા સુન્નત છે જે વહીથી સાબિત થાય છે, અને ફરિશ્તોના લાવવાથી સાબિત થયેલ છે અને ઓલમાની સર્વ સંમતિ અને મુજતહિદોની કોશિશ પણ એ જ બે ઉસૂલની તરફ પલટે છે. આ ચાર શરીઅતના ઉસૂલ સિવાય જે કાંઈ પણ હોય ચાહે એ સૂફિયાના ઉલૂમ તથા મઆરિફ હોય, ચાહે કશ્ફ



તથા ઈલ્હામ, જો એ ઉસૂલો પ્રમાણે હોય તો અલ્લાહની બારગાહમાં મકબૂલ છે, નહીં તો મરદૂદ. *(મકતૂબાત ઉર્દૂ દફતરે અવ્વલ, મકતૂબ ૨૧૭)*

જાણવા મળ્યું કે મુજદ્દિદે અલ્ફેષાનીની નજરમાં જો કોઈ વસ્તુ કિતાબ તથા સુન્નત, ઓલમાના ઈજમાઅ, મુજતહિદોની કોશિશો પ્રમાણે હોય તો બારગાહે ખુદામાં મક્બૂલ છે, નહીં તો મરદૂદ. તો જો મરદૂદમાં હુસ્ન (ભલાઈ) નથી તો જે મકબૂલ છે એ હુસ્ન (ભલાઈ)થી ખાલી પણ નથી, અને હસના એનું જ નામ છે.

રહી એ વાત કે મુજદ્દિદ અલ્ફેષાનીનું એ કહેવું કે દરેક બિદઅત બુરી છે. તો આ અમારા માટે નુકસાનકર્તા નથી, એટલા માટે કે સુન્નતના ઉઠી જવા સિવાય કોઈ પણ નેક કાર્યને બિદ્અત નથી સમજતા બલ્કે સુન્નત જાણે છે[1]. *(ઈબ્ને માજા બહવાલા મસ્લકે ઈમામ રબ્બાની પેજ–૨૩૮)* અને જયારે સુન્નત ઉઠી જાય તો બીજા આલિમો પણ સય્યેઆ (બુરી) કહી રદ કરી દે છે, અને કોઈ શર્ત વિના બિદઅતનો હુકમ સુન્નતથી વિરુધ્ધ કામો[2] પર જ થાય છે.

સાચુ જોવાવાળી આંખોથી ઈન્સાફની ઉમ્મીદ પર અમે મસ્લકે મુજદ્દિદે અલ્ફેષાની પર થોડી પરંતુ ઠોસ ચર્ચા કરી છે. અલ્લાહ ﷻ સાચો ફેંસલો કરવાની તાકૃત આપે.

**ત્રીજી હદીષ પાક** : "જે શખ્સ ગેર માર્ગે દોરવાવાળો રસ્તો પૈદા કરે જેનાથી અલ્લાહ ﷻ અને રસૂલ ﷺ રાજી ન હોય એના પર એ બધાના બરાબર ગુનોહ થશે જે એ વસ્તુ પર અમલ કરે અને એમના

---

*૧. દા.ત. હઝરત સૈયદના મુજદ્દિદે અલ્ફેષાનીના આ પોંઈટ તરફ ઈશારો કરીને હઝરત શાહ અબ્દુલગની મોહદ્દિષ દહેલ્વી આ હદીષની રોશનીમાં ફર્માવે છે : આ કારણે જ હઝરત મુજદ્દિદે ફર્માવ્યું, એવો ઈલ્મ જે દીનને પ્રાપ્ત કરવાનો ઝરીયો અને વસીલો હોય જેમ કે ઈલ્મે નહવ તથા સરફ સુન્નતમાં સામેલ છે અને મુજદ્દિદ સાહબ એના પર બિદઅતનો હુકમ નથી લગાડતા, એટલા માટે કે આપની નજરમાં બિદઅતમાં કોઈ ભલાઈ નથી. (હવાલો : ઈન્જાલહુલ હાજત હાશિયા)*

*૨. મોલ્વી ખુરર્મ અલી ફર્માવે છે, જે પણ જગાએ વિના શર્તે બિદઅત બોલવામાં આવે છે ત્યાં બુરી બિદઅત મુરાદ હોય છે. (શિફાઉલ અલીલ તર્જુમા : અલ્ કૌલુલ જમીલ, હાશિયા–૪૭)*

ગુનાહોમાં કમી થયા વિના." *(મિશ્કાત બાબુલ એઅ્તિસામ)*

ઈસ્માઈલ દહેલ્વી આ હદીષથી દલીલ કરી લખે છે કે અને જે બિદઅત મરદૂદ છે, એ બિદઅ્ત ગુમરાહીની શર્ત સાથે છે. *(રિસાલા ચહારદહ મસાઈલ બહવાલા મૌલાના ઈસ્માઈલ ઔર તક્વિયતુલ ઈમાન–૧૧૪)*

હઝરત અબ્દુલ હક્ક્ મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે : જે કોઈએ ગેર માર્ગે દોરવાવાળુ નવુ કાર્ય શરૂ કર્યું જેનાથી અલ્લાહ વ રસૂલ રાજી અને ખુશ ન હોય. ઉલ્ટુ બિદઅતે હસનાથી જેમાં દીનની બેહતરી અને એની મજબૂતી તથા દીનને ફેલાવવું હોય કે એ બિદઅતે હસના છે, અલ્લાહ અને એના રસૂલ ને પસંદ છે. *(અશિઅતુલ લમ્આત, ૧/૪૬૪)*

મતલબ આ જગ્યાએ બિદઅતે દ્લાલત (ગુમરાહી)થી મુરાદ ગેરમાર્ગે દોરવાવાળી બિદઅત છે અને દ્લાલતની શર્ત સારી બિદઅતને ગુમરાહીના હુકમથી અલગ કરવા માટે છે.

સાતિઆના લેખક મોલ્વી અબ્દુસ્સમીઅ રામપૂરી ફર્માવે છે : હદીષનો અર્થ આ પ્રમાણે થશે, જેણે કાઢી આવી બિદઅત ગુમરાહી છે...... છેવટ સુધી.

અમો કહીએ છીએ આમાં પણ બિદઅતે હસનાનું સબૂત છે. એટલા માટે કે નકરાને નકરા સાથે (સિફત કરવામાં પાયાનો ઉસૂલ એ છે કે એ ફાયદો આપે છે ખાસ હોવાનો, જેથી દ્લાલત (ગુમરાહી)ની સિફતે પોતાની મોસૂફ બિદઅતને જે સામેલ હતી ગુમરાહ તથા હિદાયતને ખાસ કરી દીધી અને અલગ કરી દીધી. અમુક બિદઅતોને એટલે ગેરમાર્ગે દોરવાવાળી બિદઅતોને બિદઅતે હુદા (હિદાયત આપવાવાળી બિદઅતને) તથા હસનાથી. જેમ કે "આલિમ વ્યકિત"માં આલિમની સિફતે (ગુણે) અલગ ટાળી દીધા એ મર્દોને જેઓ આલિમ નથી. (અન્વારે સાતિઆ) એ જ રીતે મિર્આત શરહે મિશ્કાતમાં છે કે, "અહીં બિદઅત મૌસૂફ છે અને દ્લાલત સિફત, અને જ્યારે નકરા નકરાની સિફત હોય તો શર્ત (ખાસ હોવા)નો ફાયદો હાંસલ થાય છે. અહી દ્લાલત (ગુમરાહી)ની શર્ત બિદઅતે હસનાને અલગ કરવા માટે છે. (મિર્કાત) એટલે બુરી બિદઅતોનો પૈદા કરવાવાળો મુજરિમ (ગુનેગાર)



છે. જેમ કે ઉર્દૂ ભાષામાં અઝાન, નમાઝ અને બીજા સુન્નત વિરૂધ્ધ કાર્યો અને સારી બિદઅતો પૈદા કરવાવાળો સવાબનો હક્દાર (લાયક) છે, જેમ કે રીતે ઈલ્મે સરફ તથા નહવને શોધવાવાળા, *(મિર્આત, ૧/૧૬૮)*

**ચોથી હદીષ** : "મારી ઉમ્મત ગુમરાહી પર ભેગી નહીં થાય *(મિર્અત ૧/૧૬૮)* શેખ અબ્દુલ હક્ક્ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ હદીષની શરહમાં ફર્માવે છે, "આ હુઝૂર ﷺ ની ખૂબી અને ફઝીલત છે જેના વડે અલ્લાહ ﷻ એ આ ઉમ્મતને નવાઝી કે આપની ઉમ્મત જે વસ્તુ પર સંમતિ દર્શાવશે એ સાચુ અને નેકીનું કામ જ હશે." *(અશિઅતુલ્લમ્આત, ૧/૪૬૮)*

મદારિજુન્નબુવ્વતમાં ફર્માવ્યું : "આ ઉમ્મતની ખૂબીઓમાંથી એ છે કે ગુમરાહી પર ઉમ્મત ભેગી નહીં થાય. આ હદીષ ઘણી સનદોથી મશહૂર છે. હદીષે પાકમાં છે કે મેં મારા રબથી સવાલ કર્યો કે મારી ઉમ્મત ગુમરાહી પર ભેગી ન થાય. અલ્લાહ ﷻ એ મારા સવાલને કૂબૂલ કર્યો અને એ ફઝ્લ કર્યો. આ ઈજમાઅ (સર્વ સંમતિ)ની દલીલ છે. *(૧/૨૭૭)*

તકમીલુલ ઈમાનમાં ચારેવ ખલીફાની ફઝીલતના પ્રકરણમાં ફર્માવ્યું, "જે વસ્તુ પર બધા એ ઈજમાઅ કર્યો એ સાચુ છે." *(પેજ–૧૫૭)*

ડૉકટર ખાલિદ મહમૂદ ડાયરેકટર ઈસ્લામિક એકેડમી માન્ચેસ્ટરના કથન પ્રમાણે ઈમામ શાફઈ ફર્માવે છે કે, "અમે પૂરા વિશ્વાસથી જાણીએ છીએ કે બધા જ મુસલમાન કદાપિ સુન્નતને ઓળખનાર નથી રહી શકતા." *(આષારુલ હદીષ, ૧/૫૫)*

હઝરત દાતાગંજબખ્શ લાહોરીએ પોતાની કિતાબ કશ્ફુલ મહજૂબ (પેજ–૮૮)માં ઉમ્મતના ઈજમાઅને શરીઅતનો ત્રીજો રુકન હોવાની દલીલ આ જ હદીષને બનાવી છે.

વિરોધીઓના મશહૂર મોલ્વી રશીદ ગંગોહી પણ કહે છે કે : આ હદીષ ઈજમાઅના યકીની હોવા પર દલીલ છે. *(ફતાવા રશીદિયા–૫૮)*

મિર્આત શરહે મિશ્કાતમાં મુફ્તી અહમદ યારખાં ફર્માવે છે : આ ઉમ્મતની ખૂબી છે. એમાં ફર્માવ્યું કે મુસલમાનોનો ઈજમાઅ (સર્વ સંમતિ) સચ્ચાઈની દલીલ છે.

ઈમામ યુસૂફ નબહાની ઈમામ અઝ્ઝુદ્દીન ઈબ્ને અબ્દુસ્સલામથી નક઼લ કરે છે કે, "અલ્લાહ عَزَّوَجَلَّએ હુઝૂર ﷺની ઉમ્મતને ગુમરાહી પર ભેગી થવાથી હિફ઼ાઝત ફર્માવી છે તો એ ગુમરાહી પર પાયાની કે ઉપર ઉપરની વાત પર ભેગી નથી થઈ શકતી." *(જવાહિરુલ બિહાર, ૧/૫૦૯)*

હઝરત ઈમામ સિયૂતી ફર્માવે છે : "મુસલમાનોની એ વાતથી હિફાઝત કરવામાં આવી છે કે બધી ઉમ્મત ગુમરાહી પર ભેગી થઈ જાય." *(અલ્ ખસાઈસુલ સુગરા–૩૫)*

હઝરત મુજદ્દિદે અલ્ફેષાની પણ હદીષને દલીલ બનાવે છે : *(દફતરે અવ્વલ, મકતૂબ નં. ૮૦)*

અલ્લામા અબુલ હસન ઝૈદ ફારૂક઼ી પણ આ હદીષને ઈજમાઅના હુજ્જત હોવા પર દલીલ બનાવી લાવે છે. *(સવાનેહે બેબહાએ ઈમામ અબૂ હનીફા–૧૧૯)*

હવે વિચારો ! હુઝૂર ﷺ તો ફર્માવે છે, મારી ઉમ્મત ગુમરાહી પર ભેગી નહીં થાય. પરંતુ આ બિદઅતે હસનાને નકારવાવાળા એટલે દરેક બિદઅતને ગુમરાહી કહેવાવાળા હુઝૂર ﷺની આ મશહૂર હદીષ પીઠ પાછળ નાખી હુઝૂર ﷺની ઉમ્મતને ગુમરાહી પર ભેગા થવાવાળી માને છે ! એટલા માટે કે બિદઅતે હસનાને નકારવાવાળાના પ્રમાણે દરેક નવુ કામ ગુમરાહી છે જયારે કે એ અશક્ય છે એટલા માટે કે હુઝૂર ﷺ એ આ વાતનો રદિયો આપ્યો છે.

જુઓ એ જ વિરોધીઓનો મોટા આલિમ અને દેવબંદના ભૂતકાળના મોહતમિમ ક઼ારી તૈયબ પણ આ હદીષથી દલીલ લઈ કહે છે કે : "ઉમ્મતના દરેક સમય માટે આ ખુશખબર છે કે એ ગુમરાહી પર ભેગી નહીં થાય." *(કલ્માએ તૈયેબહ –૭૬)*



"જો કોઈ એક પણ સમયે કોઈ મસ્અલામાં ઉમ્મતને ગુમરાહી પર ભેગી થયેલ માની લેવામાં આવે તો પૂરી ઉમ્મત પર ગુમરાહ હોવાનું કલંક લાગે છે જેનાથી ઉમ્મતને હુઝૂર ﷺ એ પાક સાબિત કરેલ છે." *(કલ્માએ તૈયેબહ–૭૭)*

એટલે દરેક નવુ કાર્ય ગુમરાહી નથી હોતું એ માટે તો ઉમ્મત એ બિદઅતે હસના (સારા નવા કાર્યો)ને રિવાજ આપી નેકી કમાઈ રહેલ છે. જો આ બિદઅતો (નવા કાર્યો) ગુમરાહી હોત તો ઉમ્મત એ કાર્યો પર ચાલવામાં ભેગી ન થઈ શકત. બસ, ઉમ્મતની સર્વ સંમતિ (ઈજમાઅ) આ બિદઅતો (નવા કાર્યો)ના સારા હોવા પર ઘણી મોટી દલીલ છે.

## ★ સારા અને ખરાબ હોવાનો દારો મદાર ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : જે કામનું સારુ હોવુ કુર્આન તથા હદીષથી સાફ જાહેર હોય અથવા ઈશારાની રીતે સાબિત હોય એ યક઼ીની સારુ હશે અને જે કામની બુરાઈ સાફ જાહેર હોય કે ઈશારાની રીતે એ યક઼ીની રીતે બુરુ ગણવામાં આવશે, ચાહે જે પણ સમયે નવુ કાર્ય પૈદા થયું હોય *(ઇક઼ામતુલ ક઼િયામહ–૩૨)*

શૈખ અબ્દુલ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہથી સાંભળો, ફર્માવે છે : "જે બિદઅત (નવુ કાર્ય) સુન્નતના ઉસૂલ અને ક઼ાયદા પ્રમાણે હોય અને એનાથી ક઼યાસ કરવામાં આવ્યું હોય એ સારી બિદઅત છે, અને એનાથી વિઢધ્ધ હોય એ ગુમરાહી એટલે બુરી બિદઅત." *(અશિઅતુલ લમ્આત)*

મિર્કાતમાં મુલ્લા અલી ક઼ારી ઈમામ શાફઈની વાત નકલ કરતાં ફર્માવે છે : જો કોઈ એવી વસ્તુ પૈદા કરવામાં આવી હોય જે કિતાબ તથા સુન્નત, આષારે (કથનો) સહાબા અથવા ઈજમાઅના ખિલાફ હોય, તો એ ગુમરાહી છે, અને એવી સારી વાત પૈદા કરવામાં આવી હોય જે આમાંથી કોઈના વિરુધ્ધ ન હોય તો એ બુરી નથી. *(૧/૧૭૯)*

અને આ જ વાત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ઈક઼ામતુલ ક઼યામહ પેજ–૩૩માં અને ઈમામ જલાલુદ્દીન સિયૂતીએ

હસનુલ મક્સદ ફી અમલિલ મવલુદમાં નક્લ કરી છે. : ''ઈમામ હજર અસ્કલાનીથી મનકૂલ છે, ફતહુલ બારીમાં ફર્માવે છે : બિદઅત જો એવી વસ્તુમાં સામેલ છે જેનું સારું હોવું શરીઅતથી સાબિત છે તો એ સારી છે, અને જો બિદઅત એવી વસ્તુમાં સામેલ હોય જેની બુરાઈ શરીઅતમાં આવી હોય તો એ બુરી છે. અને જે બેમાંથી કોઈમાં ન હોય તો એ મુબાહમાંથી (જાઈઝ) છે.'' *(ઈક઼ામતુલ ક઼િયામહ–૩૩)*

હઝરત ઈમામ માલિકથી મનકૂલ છે. ફર્માવે છે : જે વાત કિતાબ તથા સુન્નત પ્રમાણે છે એને માની લો અને જે વાતો એના વિરૂધ્ધ હોય એનો ત્યાગ કરો. *(અજાઈબુલ ફ઼િક઼્હ–૩૮)*

મોહદ્દિષ તથા ફક઼ીહ અલ્લામા સઈદ મહમૂદ અહમદ રઝવી ફર્માવે છે : ''જો કોઈ વાત શરીઅતના ક઼ાયદા અને ઉસૂલ વિરુધ્ધ હોય એને બિદઅતે સય્યેઆ (બુરી બિદઅત) અને જે એ પ્રમાણે હોય એને સારી બિદઅત કહેવામાં આવે છે.'' *(દીને મુસ્તફ઼ા–૨૦૫)*

અલ્લામા શિબ્લીએ અલ ગઝાલીમાં અહયાઉલ ઉલૂમનો તર્જુમો આ રીતે કર્યો છે : ''નાજાઈઝ બિદઅત કેવળ એ જ છે જે કોઈ સુન્નતની વિઢધ્ધ હોય જેનાથી શરીઅતનો કોઈ હુકમ કારણના બાકી હોવા છતાં ઉઠી જતો હોય, એ સિવાય હાલતના તક઼ાઝા પ્રમાણે અમુક અમુક નવી વસ્તુ સારી અને પસંદીદા હોય છે. *(અલ ગિઝાલી–૪૭)*

હઝરત પીર મહેર અલી શાહ ગોલળવી ફર્માવે છે :–

બિદઅતના બે પ્રકાર છે : **(૧)** સય્યેઆ, જે હુઝૂર ﷺ જે કાંઈ પણ લાવ્યા એના વિઢધ્ધ હોય. **(૨)** હસના, જે ખુદા ﷻ અને હુઝૂર ﷺના ફર્માનમાં સામેલ હોય. *(ફતાવા મહેરિય્યહ–૨૪)*

મૌલાના અબ્દુસ્સમીઅ રામપૂરી ફર્માવે છે : ''ચાહે કોઈ કાર્ય અથવા વાત અથવા અક઼ીદો એનું સારુ અને બુરુ હોવું જમાના પર નિર્ભર નથી પરંતુ એનો દારોમદાર શરીઅતના વિઢધ્ધ અથવા શરીઅત પ્રમાણે હોવા પર છે. *(અન્વારે સાતિઆ–૩૩)*

વિરોધીઓના મુફતીએ આ'ઝમ મોહમ્મદ શફીઅ કરાંચવી લખે છે :



''જે ઈબાદત હુઝૂર ﷺ અથવા સહાબાએ કિરામની ઝબાન મુબારકથી સાબિત હોય અથવા અમલથી, સાફ હુકમથી અથવા ઈશારાથી એ બિદઅત ન હોઈ શકે.'' *(સુન્નતો બિદઅત, ૧૧–૧૨)*

મૌલાના અબ્દુલહક્ક઼ દેવબંદી અકોરાખટક કહે છે : ''જે કાર્ય શરીઅત પ્રમાણે હોય એ હસના (સારુ) છે ચાહે એ દુનિયાનું કાર્ય હોય કે આખેરતનું અને દરેક એ કામ જે શરીઅતની વિરુધ્ધ હોય એ સય્યેઆ (બુરુ છે.)'' *(દઅવતે હક઼્ક઼, ૨/૫૦)*

જનાબ આમિર ઉષ્માની ફાઝિલે દેવબંદ કહે છે :–

''બીજા કાર્યો જે શરીઅતના કોઈ ફૈંસલા વિરુધ્ધ ન હોય એ ઝમાનએ મુબારકના એતબારથી શબ્દકોશની વ્યાખ્યામાં બિદઅત હોય (નવુ કાર્ય) એવાં કાર્યો પર શરીઅતને કોઈ વાંધો નથી. હા ! જો એ કાર્યથી શરીઅતનો કોઈ ફૈંસલો તૂટે છે તો નિઃશંક ! આવાં કાર્યો પર વાંધો છે.'' *(બિદઅત કયા હૈ ? – ૨૩૭)*

હઝરત સૈયદ યૂસુફ સૈયદ હાશિમ રિફાઈ (કુવૈત)નો ફૈંસલો જુઓ, ફર્માવે છે : હુઝૂર ﷺની સુન્નત અને આપનો તરીક઼ો એ છે કે જે ઈબાદત અને સારા કાર્યો શરીઅતના વિઢધ્ધ ન હોય બલ્કે શરીઅત પ્રમાણે હોય એને કબૂલ કરી લેવામાં આવે અને જે વિઢધ્ધ હોય એને રદ કરી દેવામાં આવે. હુઝૂર ﷺ ની આ જ એ સુન્નત અને આ જ એ તરીક઼ો છે જેના પર હુઝૂર ﷺના ખોલફાએ રાશેદીન અને સહાબાએ કિરામે અમલ કર્યો અને ઓલમાએ કિરામે એનાથી આ ઉસૂલ બનાવ્યો. કે દરેક નવી વસ્તુને શરીઅતના કાયદા અને હુકમ સામે રાખવી જરૂરી છે. શરીઅત જેના સારા હોવાની ગવાહી સનદ આપે એ સારુ અને કબૂલ કરવા લાયક છે અને જેના વિઢધ્ધ અને બુરા હોવાની આપે એ અલ્લાહ ﷻની બારગાહમાં મરદૂદ છે અને બુરી બિદઅત છે. ઘણી વખતે પહેલા પ્રકારને નવુ કાર્ય હોવાના કારણે શબ્દકોશ પ્રમાણે બિદઅતે હસના (સારી) કહેવામાં આવે છે, નહીં તો એ હક઼ીક઼તમાં બિદઅત (નવુ કાર્ય) નથી, એ સુન્નતથી સંશોધન કરવામાં આવ્યું છે. એટલા માટે કે શરીઅતની દલીલો અને ગવાહી એના મકબૂલ હોવાની

ગવાહી આપે છે. *(અદલતુ અહલે સુન્નત વ જમાઅત, ઈસ્લામી અક઼ાઈદ)*

એટલે જ મારો દાવો છે કે ચાહે કોઈ પણ કામ હોય એનું સારુ અને બુરુ હોવુ કોઈ સમય પર શરૂ થવા પર નથી બલ્કે એનો આધાર કેવળ શરીઅત પ્રમાણે[૧] હોવા પર કે વિઢધ્ધ હોવા પર છે. હવે આ ક઼ાયદો કે, ''જે કોઈ કામનું નામ અને વર્ણન સાફ રીતે અને ઈશારાની રીતે હુઝૂર ﷺ ના સમયમાં હતુ એ સાઢ છે અને પછીથી રિવાજ પામે એ બુઢ છે.'' આ ક઼ાયદો બરાબર નથી અને ક઼ાયદો કે, ''જે કાર્યનો આધાર શરીઅતમાં મૌજૂદ ન હોય એવું કાર્ય મરદૂદ છે અને એ જ ગેરમાર્ગે લઈ જવાવાળી બિદઅત છે. એટલે કોઈ કામ હુઝૂર ﷺ ના જાહેરી સમયમાં મૌજૂદ હોય કે ન હોય અને મૌજૂદની સ્થિતિમાં ભલે કોઈ મનાઈ પણ ન હોય. અને હુઝૂર ﷺ એને ન કરે અથવા આપે કરવા માટે જણાવ્યું પણ ન હોય, તે એ સમયે જ બુરી બિદઅત થશે જ્યારે એ કાર્ય ઈસ્લામ વિઢધ્ધ હશે, અને એ કાર્ય શરીઅતના કાનૂન પ્રમાણે હોય તો સારી બિદઅત, નેક અને જાઈઝ હશે. આ એક ક઼ાનૂન બરાબર છે[૨]. અમે હદીષો રજૂ કરી એમાં ખાસ કરીને પહેલી હદીષ પર ધ્યાન

*૧. મોલ્વી અશરફ અલીનો કુર્આનનો તર્જુમો અને તફસીરી હાશિયો આ મુજબ છે : وَعَمِلَ صَالِحاً ''અને કાર્યો સારા કરો.'' (સૂ. માઈદા–૬૯) ''શરીઅતના ક઼ાનૂન પ્રમાણે'' બસ ! હવે કોઈ થાનવીના ચાહકે આ ક઼ાયદાને નકારવો ન જોઈએ. (–સંપાદક)*

*૨. (૧) અલ્લામા સૈયદ મહમૂદ રઝવી ફર્માવે છે : જો કોઈ સારુ કાર્ય કરે તો એની સારા કાર્યમાં જ ગણના કરવામાં આવશે રિવાજ આપવાવાળાનું પોતે બુરુ હોવું એ કામને બુરુ નહીં બનાવે. (ફુયૂઝુલ બારી, ૩/૩૪૭)*

*જેમ કે હજ્જાજ બિન યુસૂફે કુર્આન પર એઅરાબ (ઝેર, ઝબર, પેશ વગેરે) લગાવ્યા.*

*મુજદ્દિદે અલ્ફેષાની ફર્માવે છે : કોઈકવાર એવું પણ બને છે કે દીનની મજબૂતી શરીઅત વિરૂધ્ધ કાર્ય કરવાવાળાથી પણ મળે છે. જેમ કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું ''બેશક ! અલ્લાહ ﷻ આ દીનની મદદ ફાજિર લોકોથી પણ લઈ લે છે. (દફતરે અવ્વલ, મક઼તૂબ – ૧૭૧,૩૩)*

*અકોળા ખટકવાળાઓની દઅવતે હક્ક઼* (વધુ ફૂટનોંધ આગળના પેજ ઉપર)



આપો એમાં શબ્દ مَن બે વાર આવ્યો છે આ مَن આમ છે. જે ન તો કોઈ જમાનાની શર્ત સાથે છે ન તો કોઈ ઉમ્મતના ખાસ લોકો માટે છે. મતલબ એ કે જ્યારે એને કોઈ પણ સમયમાં અને ઉમ્મતમાંથી જે પણ સુન્નતે હસના (સારી સુન્નત)ને રિવાજ આપે એને એવું કરવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે, અને તે સવાબનો હક઼દાર છે. અને આ હક઼ ખૂદ હુઝૂરે આપ્યો છે. અથવા જે શખ્સ બુઢ કાર્ય શરૂ કરે એ ઘણો મોટો ગુનેહગાર છે.

બસ, ઉમ્મતમાં જે પણ શખ્સ એવા કાર્યને રિવાજ આપે જે દીનના ઉસૂલ વિઢધ્ધ ન હોય બલ્કે દીનથી લગાવ અને મજબૂતી આપવાવાળ હોય એટલે શરીઅતને મજબૂતી આપવામાં સારો તરીક઼ો શરૂ કરી આપે એનાથી સવાબ મળશે.

જાણ થઈ ગઈ કે હદીષે નવા કાર્યના પૈદા થવામાં સારા કે બુરા હોવા પર ઉમ્મતની કોઈ ખાસ જમાઅત સાથે શર્ત ન કરી અને ન તો કોઈ સમયની શર્ત રાખી પરંતુ શર્ત છે તો સારા અને બુરા હોવાની છે અને આ જ દાવો છે. જાણકારી મળી કે કોઈ કાર્યનું હસના (સારી)[૧] અને સય્યેઆ (બુરા)ની શર્તને છોડી ચાલુ જમાનાની (વર્તમાનકાળમાં કાઢેલી) શર્ત રાખવી દીનમાં દખલગીરી, અલ્લાહ ﷻ ના ખૌફથી બગાવત બલ્કે એ જાતે ગેરમાર્ગે લઈ જવાવાળી બુરી બિદઅત છે.

(પાછળના પેજની ફૂટનોંધ ચાલુ....) *પ્રકરણ–૫ પેજ–૭૬૨ પર પણ આવું જ છે. અશરફઅલી થાનવી કુર્આનના હાશિયામાં લખે છે : ''સારી વાત કાફિરની પણ હોય તો એ સારી છે.'' (આલિ ઈમરાન પેજ ૭૫)*

*બસ ! કોઈ ફુઝૂલ ખર્ચ કરવાવાળા કે ફાસિક઼ માણસના સારા કાર્યને બુરુ કહેવું જાઈઝ ન રહ્યું, નહીં તો કહેવું રહ્યું કે એ લોકોએ નેકી કરવી જાઈઝ નથી અને આવું કહેવું સર્વ સંમતિથી ખોટું છે. –સંપાદક*

*૧. હસના કહી બિદઅતમાં હુસ્ન પૈદા કરવું મકસદ નથી પરંતુ એ કાર્યોના સારા હોવાનું વર્ણન કરવાનો હેતુ છે જે બિદઅતના નામની મશહૂર થઈ ગયેલ છે. સુન્નતને રિવાજ આપવાનો ઝરીયો છે. શબ્દકોશમાં બિદઅતમાં ગણના કરવામાં આવે છે. આ કાર્યોની અસલ સુન્નત હોવાથી જો કોઈ બિદઅતે હસનાની જગાએ 'સુન્નત' કહે એ પણ જાઈઝ છે. –સંપાદક*

## ★ બિદઅતે હસનાના વાજિબ હોવા વિશે ★

ઈમામ ગિઝાલી ફર્માવે છે :–

"એ જરૂરી નથી કે બિદઅતની બુરા કાર્યોમાં જ ગણના કરવામાં આવે, એટલા માટે કે ઘણા નવાં કાર્યો એવાં છે જે નેક અને પસંદગી પામેલ છે. ઈમામ શાફઈ કહે છે, નમાઝે તરાવીહને જમાઅત સાથે પઢવાનું નવું કાર્ય હઝરત ફારૂકે આઝમે શરૂ કર્યું પરંતુ એ સારી બિદઅત (નવુ કાર્ય છે.) વળી એ બિદઅત જેની બુરાઈમાં ગણના કરવામાં આવે એ એ જ છે. જે સુન્નત વિઢધ્ધ હોય." *(કીમીયાએ સઆદત–૪૯૫)*

દરેક નવા કાર્ય (બિદઅત)થી રોકવામાં નથી આવ્યા પરંતુ રોકવામાં એ જ બિદઅત (નવા કાર્યો)થી આવ્યા છે જેના સામે કોઈ સુન્નત હોય, કોઈ શરીઅતનો હુકમ હોય, અને એને દૂર કરે. અમુક હાલતોમાં જ્યારે સબબો બદલાઈ છે ત્યારે બિદઅત પૈદા થાય છે.★ *(અહયાઉલ ઉલૂમ–૯)*

શેખ અબ્દુલ હક્ક઼ મોહદિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"અને એ બિદઅત (નવુ કાર્ય) જે સુન્નતને બદલી નાખે એ મરદૂદ અને બુરી છે અને આ માની લીધેલ ક઼ાયદો છે. પરંતુ જે એવી ન હોય બલ્કે સુન્નતને મજબૂત કરવાવાળી અને રિવાજ આપવાવાળી હોય એને બિદઅતે હસના કહે છે. આ મસ્લેહત અને હિકમતના કારણે જાઈઝ છે. ઓલમા ફર્માવે છે : અમુક બિદઅતો એવી છે જેનું કરવું વાજિબ છે. *(મદારિજુન્નબુવ્વત ૧/૫૧૦)*

અને જે બિદઅતે હસના છે એમાં અમુકનું કરવું જરૂરી છે. જેમ કે સરફ તથા નહવના ઈલ્મનું હાંસલ કરવું, કરાવવું કે એના કારણે જ

---

*★ઈમામ નવવી શરહે સહીહ મુસ્લિમમાં લખે છે કે અહયાઉલ ઉલૂમ કુર્આન મજીદના લગભગ છે. (અલ્ ગિઝાલી–૪૯) ઈમ્દાદુલ મુશ્તાક઼–૯૨, મલ્ફૂઝ નંબર–૧૮૩ વાંચો : લખે છે કે, "એક બુઝુર્ગે ખ્વાબમાં જોયું કે આં હઝરત ﷺ તશરીફ લાવ્યા છે અને એક કિતાબ પઢવામાં આવી રહી છે જેને હુઝૂર ﷺ ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા છે. પૂછયું, આ કઈ કિતાબ છે ? અર્ઝ કરવામાં આવી, 'અહયાઉલ ઉલૂમ' હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલીની છે."*



આયતો અને હદીષોના તર્જુમાની સાચી ઓળખ મળે છે. જેમ કે કુર્આન તથા સુન્નતની ગુંચવણમય જગાઓનું યાદ કરવું અને દિમાગમાં બેસાડવું અને બીજી બધી વસ્તુઓ અને ઈલ્મ જેના પર દીન તથા મિલ્લતની હિફાઝતનો આધાર છે. *(અશિઅતુલ લમ્આત ૧/૪૨૨)*

શામી ભાગ–૧ના લખાણથી લખવામાં આવ્યું છે :–

બિદઅત કોઈક વખત વાજિબ છે, જેમ કે બદઅક઼ીદા લોકોના રદ માટે દલીલો ક઼ાયમ કરવી, અને નહ્વનો ઈલ્મ શીખવો જે કુર્આન તથા હદીષને સમજવામાં મદદગાર છે. *(અજાઈબુલ ફિક઼્હ, પેજ–૬૧, લાહોર)*

હવે જુઓ, ઉમ્મતના મશહૂર બુઝુર્ગો ફર્માવે છે કે નવા કાર્યને રિવાજ આપવું વાજિબ પણ હોઈ શકે છે અથવા અમુક બિદઅતો એવી છે જેનું કરવું જરૂરી છે. તો શું જે બિદઅત વાજિબ છે એ બુરી પણ હોય શકે છે ?! અથવા બિદઅતે સય્યેઆ (બુરી બિદઅત)નું કરવું વાજિબ પણ હોય શકે છે ?! નહીં ! યક઼ીનન નહીં ! આપણા બુઝુર્ગો તો અમુક બિદઅતોને વાજિબ કહે છે, અને જ્યારે વાજિબ કહી દીધું તો તે જરૂરી નેક અને જાઈઝ હશે, નહીં તો બિદઅતને જરૂરી કહેવાની શી જરૂરત ?!

મૌલાના અબ્દુસ્સમીઅ રામપૂરી ફર્માવે છે, ધ્યાનથી વાંચો ! વાજિબ, સારી અને જાઈઝ એ જ વસ્તુ હોય શકે છે જેમાં સારા હોવાનો ગુણ હોય અને એ જ સારા હોવાના કારણે આવી બિદઅતોને સારી હોવાની સનદ નસીબ થઈ. *(અન્વારે સાતિઆ, ૩૧–૩૨)* જેથી વાજિબ બિદઅત માટે સારુ હોવુ જરૂરી છે.

હોવુ તો એ જોઈએ કે હવે બધી જ શંકાઓ દૂર થવી જોઈએ પરંતુ તો પણ હદીષ كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌ ના સહારે કોઈ શંકા બાકી હોય તો બિદઅતે હસનાને નકારનારા અને શંકાઓ કરવાની આદતવાળાથી વિનંતી છે કે એઓ આ હદીષોમાં સમતોલ પણ (એકબીજાથી વિઢધ્ધ ન હોય એવું સમજાવી દે) કરી બતાવે, કેમ કે જાહેરી રીતે વિરોધાભાસ મૌજૂદ છે, અને અમારા પાસે વિરોધાભાસ દૂર કરવાનો આ જ રસ્તો છે કે હુઝૂર ﷺ એ જે જગાએ બિદઅતને આમ રાખી (વિના શર્તે)

ત્યાં બુરી બિદઅત મુરાદ લેવામાં આવે[૧] અને જયાં શર્ત રાખવામાં આવી ત્યાં એ જ શર્તનો લેહાજ કરી બિદઅતે હસના અને બિદઅતે સય્યેઆની વહેંચણીને માની લેવામાં આવે. ન માનવાની સ્થિતિમાં كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌના આમ હોવાના બહાના હેઠળ દરેક નવી વાત અને દરેક નવા કાર્યોને બુરી બિદઅત માની લીધી તો مَا لَيْسَ مِنْهُ અને مَنْ سَنَّ فِي الْاِسْلَامِ سُنَّةً حَسَنَةًનો મતલબ શું થશે ?!

હુઝૂર ﷺએ તો નવી વાતોને 'સુન્નતે હસના' પણ ફર્માવ્યું છે. હવે કોઈ સારી આદત ધરાવનાર ઈમાનવાળો આ 'સુન્નતે હસના'ને ગુમરાહી કહેવાની હિંમત કઈ રીતે કરી શકે છે ?! (અલ્લાહની પનાહ)

હદીષે અરબાઝ઼માં كُلُّ مُحْدَثَةٍ بِدْعَةٌ كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌની[૨] શરૂમાં છે દરેક નવી વાત બિદઅત છે. હવે આ આમ (સામાન્ય) હોવું તો

---

*૧. વિરોધીઓના મોલ્વી ખુર્રમ અલી પણ કહે છે : જે જગ્યાએ બિદઅતને શર્ત વગર છોડે છે ત્યાં બુરી બિદઅત મુરાદ હોય છે. (શિફાઉલ અલીલ તર્જુમા) અલ્‌કવલુલ જમીલ, હાશિયો–૪૭)*

*૨. બિદઅતે હસનાના વિરોધીઓના મુફતીએ આ'ઝમ મોહમ્મદ શફીઅ દેવબંદી કરાચવીએ 'સુન્નતો બિદઅત'ના પેજ–૨૫ પર આ પ્રમાણે લખ્યું અને પેજ–૨૩ પર મુસ્લિમના હવાલા હઝરત જાબિર બિન અબ્દુલ્લાહની રિવાયતમાંથી كُلُّ مُحْدَثَةٍ بِدْعَةٌ નું વાકય પણ લખ્યું, જેનાથી જાહેર છે કે દરેક નવી વસ્તુ બિદઅત છે. પરંતુ આ મશહૂર મુફતીએ જાણી બુઝીને આ હદીષથી મોં ફેરવ્યું અને દીન અને દયાનતદારી છોડી કહી દીધું ! આ બધી વસ્તુઓ આજના મદ્રસાઓ, તાલીમ અને તબલીગ માટેના જલસાઓ અને દીનને ફેલાવવા માટેના ઈદારાઓ, કુર્આન તથા હદીષ સમજવા માટે સરફ તથા નહ્‌વનો ઈલ્મ, અરબી અદબ, ઉચ્ચ કક્ષાના ફન અથવા ઈસ્લામ વિરોધી જમાઅતોને જૂઠી સાબિત કરવા મંતિક તથા ફલસફાની કિતાબો અથવા જેહાદ માટે નવા શસ્ત્રો (મશીનગન વગેરે) યુધ્ધ માટે નવા તરીકાની તાલીમ વિગેરે ન તો પોતે ઈબાદત છે, ન કોઈ એ નિય્યતથી કરે છે કે એ કાર્યમાં વધારે સવાબ મળશે. બલ્કે આ વસ્તુઓ ઈબાદતનો ઝરીઓ હોવાથી ઈબાદત કહેવામાં આવે છે એટલે આ દીનમાં નવુ કાર્ય નથી દીન માટે નવું કાર્ય છે અને હદીષમાં દીનમાં નવા કાર્યોથી રોકવામાં આવ્યા છે. દીન માટે નવા કાર્યોથી રોકવામાં નથી આવ્યા (સુન્નતો બિદઅત, પેજ–૧૨, અને સીરતે રસૂલે અકરમ ﷺ પેજ–૮૧)* (વધુ ફૂટનોંધ આગળના પેજ ઉપર)



મસ્જિદોમાં સ્પીકરનો વપરાશ, તાર, ઘડિયાળ, નવી નવી સવારીઓ, ચારણી વિગેરેને પણ બિદઅત સાબિત કરે છે ! તો શું આ બધાં કાર્યો ગુમરાહીનાં છે ? શબ્દ كُلُّ તો બંનેવ વાકયોમાં મૌજૂદ છે. બીજુ કુર્આન પાકમાં કૌમે આદની બરબાદ કરેલ અમુક વસ્તુઓને પણ આયતે કરીમા تدمر كل شيئ بامر ربهاમાં શબ્દ كل થી જ વર્ણન કરવામાં આવ્યું છે.

---

(પાછળના પેજની ફૂટનોંધ ચાલુ....) *(શેઅર) : **જો ચાહે આપના હુકમે કરિશ્મા સાઝ કરે !***

*મુફતીએ હદીષો પણ લખી અને દરેક નવા કાર્યના બિદઅત (નવા કાર્ય) હોવાનો ઈન્કાર પણ કર્યો, અને મનઘડત ફતવો આપી ઈહદાસના બે પ્રકારો 'ઈહદાષ ફીદીન' અને 'ઈહદાષ લિદ્દીન' પણ ઘડી કાઢયા ! પછી હદીષે પાક كُلُّ مُحْدَثَةٍ بِدْعَةٌ ખુલ્લો ઈન્કાર કર્યો અને કહ્યું હદીષમાં દીનમાં નવા કાર્યોથી રોકવામાં આવ્યા, દીન માટે નવા કાર્યોથી નથી રોકવામાં આવ્યા ! અસ્તગફિરુલ્લાહ ! અહીં كُلُّ માં શું ઈહદાષ લિદ્દીન તથા ઈહદાષ ફીદીન સામેલ નથી ? જો આ'ઝમનું બિઢદ મળે છે તો એને જ મુબારક ! પરંતુ મુફતીએ આ'ઝમનું બિઢદ તો શું છે આ ઢોંગીઓની જમાઅતમાં તો આવાં કારસ્તાનો પર હકીમુલ ઉમ્મતનું બિરુદ પણ મળી જાય છે ! આ ગુમરાહોની જમાઅત જેને ''હકીમુલ ઉમ્મત'' કહે છે એ પણ પોતાની સમજના મોતી વિખેરતાં કહે છે કે દીનના તઅલ્લુકથી કોઈ પણ નવા કાર્યના બે પ્રકાર છે : (૧) ઈહદાષ ફીદીન અને (૨) ઈહદાષ લિદ્દીન પહેલું કાર્ય ગુમરાહી છે અને બીજુ કાર્ય કોઈ જરૂરી વસ્તુ પ્રાપ્ત કરવા અને પૂરી કરવાનો રસ્તો છે, જાતે એને પ્રાપ્ત કરવાનો ઈરાદો નથી માટે બિદઅત નથી (અલ્ ઈફાદાતુલ યવમિયા, ૭/૧૪૧) એક દીન માટે નવુ કાર્ય છે અને બીજું દીનમાં નવું કાર્ય છે. દીન માટે નવુ કાર્ય સુન્નત છે અને દીનમાં નવુ કાર્ય બિદઅત (અલ ઈફાદાતુલ યવમિયા ૧/૨૩૦) વિરોધીઓના મુફતીએ આ'ઝમ '' અને ''હકીમુલ ઉમ્મત''ની ઘટાઈ જુઓ ! હદીષે પાકનો કેવો સખત વિરોધ કરે છે ! અમે ઈન્શાઅલ્લાહ આગામી પૃષ્ઠોમાં એમના લિદ્દીન તથા ફિદ્દીનનું અલગથી પરીક્ષણ કરીશું અહીં ફક્ત એ જાહેર કરવું હતું કે હદીષના વિરોધીઓને લોકો બિદઅતી સમજવાની જગાએ એમને 'મુફતીએ આ'ઝમ' અને ''હકીમુલ ઉમ્મત'' બનાવી બેઠા છે ! હવે ફર્માવો એ લોકોનું અલ્લાહ ﷻ અને હુઝૂર ﷺ પર ઈમાન કેવું છે ? અને આ લોકો શરીઅતના હુકમોનો કેટલો મઝાક કરે છે ! نعوذ بالله આ લોકોથી બચો ! જો એમની વહેંચણી બરાબર છે, તો હસના અને સય્યેઆની કેમ નહીં ? માનવું રહ્યું કે આ વહેંચણી પણ બરાબર છે.*

બીજી જગ્યાએ ફર્માવ્યું: أُوتِيَتْ مِنْ كُلِّ شَيْءٍ બિલ્કીસને દરેક વસ્તુ આપવામાં આવી. બીજી એક જગ્યાએ ફર્માવ્યું : وَلَقَدْ اَرَيْنٰهُ اٰيٰتِنَا كُلَّهَا "અમે દેખાડી ફિરઔનને દરેક નિશાનીઓ." *(તાહા–૫૬, તર્જુમો મહમૂદુલ હસન)* મુફસ્સિરે કુર્આન હઝરત કાઝી ષનાઉલ્લાહ પાનીપતી ફર્માવે છે કે, "વધુ પડતા પર كُلُّ નો હુકમ કરવામાં આવે છે." *(તફસીરે મઝહરી ઉર્દૂ પેજ–૫૪)* ઉપર વર્ણન કરેલ હદીષના વિષે અલ્લામા નવવીથી નકલ થયેલ છે કે આ આમ (સામાન્યપણા)ના હુકમને અમુકથી ખાસ કરવામાં આવ્યો છે, જેમ કે અલ્લાહનું ફર્માન ઉપર વર્ણન કરેલ. "હુકમે આમ"ને અમુકથી ખાસ કરવામાં આવ્યો છે. *(મસ્લકે ઈમામ રબ્બાની પેજ–૩૨૯)*

બલ્કે كُلُّ مُحْدَثَةٍ بِدْعَةٌ ની બહષમાં વિરોધીઓના 'હકીમુલ ઉમ્મત' અને 'મુફતીએ આઝમ' પણ લિદ્દીન અને ફીદ્દીનની વહેંચણી કરી અમુક નવા કાર્યોને બિદઅતથી અલગ કરી ચૂકયા છે. એટલા માટે અમારું અમુક બિદઅતોને ખાસ કરવું કોઈ અનોખુ કાર્ય નથી, અને એ પણ જાણ થઈ કે બિદઅતે હસનાથી રોકવાવાળાઓની દલીલો બરાબર નથી. અલ્લાહ ત્આલા હિદાયત આપે.

## ★ મર્તબાઓનો તફાવત ★

ઈમાનનું વિરૂધ્ધાર્થી કુફ્ર છે અથવા તો તે અકીદામાં બુરી બિદઅત અમલી બિદઅત છે, ઈમાનની વિરોધાભાષી નથી. આ જો સય્યેઆ (બુરી) હોય તો (જેના પર અમલથી સવાબ મળે છે) સુન્નતે હસનાથી વિરૂધ્ધાર્થી છે.★ અથવા પછી સુન્નતે હસનાનું વિરૂધ્ધાર્થી હોવાના કારણે સય્યેઆ થઈ જશે, નહીં તો હસના હશે, એટલે સુન્નતની મદદગાર અને એને રિવાજ આપવાવાળી.

★ *માહિરુલ કાદરી અબૂબક્ર જાબિર જઝાઈરી તથા સૈયદ મુશ્તાક અલી નદવી પણ લખી ચૂક્યા છે કે, "બિદઅત સુન્નતનું વિરૂધ્ધાર્થી છે." (બિદઅત ક્યા હૈ ? ૮૨, મેહફિલે મીલાદ–૧૦, જિદ્દા)*

*મૌલાના અબ્દુલસ્સમીઅ રામપૂરી કહે છે : બિદઅત સુન્નતના વિરૂધ્ધ છે અને કુફ્ર, ઈમાનના વિરૂધ્ધ. (અન્વારે સાતિઆ–૩૧)*



જુઓ ! હદીષ શરીફમાં સુન્નતે હસનાને રિવાજ આપવા પર સવાબની ખુશખબરી અને બુરી બિદઅતને રિવાજ આપવા પર ગુનાહની વોર્નિંગ મૌજૂદ છે. અને સવાબ અને ગુનાહનો રિશ્તો ઈમાનથી છે. ઈમાનની વિરૂધ્ધ (એટલે કુફ્ર)થી નથી.★

હદીષે પાકમાં છે :– من سن فى الا سلام سنة سيئة كان عليه وزرها જો અમલમાં બિદઅતે સૈય્યેઆ ઈમાનનું વિરોધાભાસી હોત તો كان عليه وزرها ની જગાએ فضل او اضل અથવા لادين لمن سن سنة سيئةً આવા શબ્દો જ હોત. જ્યારે કે આવુ નથી એટલે અમલી બિદઅતે સય્યેઆ સુન્નતે હસનાનું વિરોધાભાસી છે ન કે ઈમાનની. એટલે કુફ્ર ઓર છે અને બિદઅતે અમલી કાંઈક ઓર. એટલે જ્યારે કુફ્ર અને બિદઅતે અમલીમાં કોઈ તઅલ્લુક નથી તો શરીઅતમાં એમના હુકમો પણ અલગ અલગ હશે. હવે કુફ્ર એટલે ઈમાનના વિરોધાભાસી વિશે કુર્આનનો ફેંસલો જુઓ :–

وَمَنْ يَّكْفُرْ بِا للّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ وَا لْيَوْمِ الْاٰخِرِفَقَدْ ضَلَّ ضَلٰلًا بَعِيْدًا

"અને જે ન માને અલ્લાહ ﷻ અને એના ફરિશ્તાઓને અને કિતાબોને અને રસૂલોને અને કયામતને, એ જરૂર દૂરની ગુમરાહી છે." *–(સૂ. નિસાઅ, ૧૩૬)*

જાણકારી થઈ કે આવાની હિદાયત અને છૂટકારાની ઝમાનત લેનાર કિતાબ કુર્આને કુફ્ર (જે ઈમાનની ઉલ્ટુ છે) ના માટે શબ્દ ضَلَال નો ઉલ્લેખ કર્યો અને જાણ થઈ કે બિદઅતે અમલી અને કુફ્રના હુકમો

★ *ઈમામુલ અઈમ્મા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ અહલે સુન્નત વ જમાઅતની જે સાત નિશાનીઓ નિશ્ચિત કરી એમાંથી એક આ છે : "કોઈ મુસલમાનને ગુનાહના કારણે કાફિર ન કહે." (સવાનેહે બેબહાએ ઈમામે આ'ઝમ અબૂ હનીફા, પેજ–૧૮૭)*

*શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ કહે છે :"કબીરા ગુનો મોમિનને ઈમાનથી વંચિત નથી કરતો." હુઝૂર ﷺ ના સહાબા ગુનેહગાર ફાસિકોની નમાઝે જનાઝા અદા કરતા રહ્યા છે, તેમના માટે મગફિરતની દુઆ કરતા રહ્યા છે. જેનાથી જાણવા મળે છે કે ગુનેહગાર ઈસ્લામથી ખારિજ નથી થતો. (તકમીલુલ ઈમાન પેજ–૧૦૩, લાહોર)*

અલગ અલગ થશે, બલ્કે આ જ ઈખ્તેલાફની સ્પષ્ટતામાં ઈસાઈની રહબાનિયતની બિદઅત (જે બિદઅતે અમલીનું સારું દ્રષ્ટાંત છે)ના સારા હોવા પર અમારી પહેલાં લખવામાં આવેલી કુર્આની દલીલ જોઈ શકાય છે. જેથી બિદઅતને દલાલત (ગુમરાહી) એટલે આમ બિદઅતના મતલબમાં નથી લઈ શકતા જ્યારે કે كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌમાં બિદઅતને દલાલત (ગુમરાહી)નું નામ આપવામાં આવ્યું છે એટલા માટે અહીં આમથી અમુકને ખાસ કરવાના કાનૂન પ્રમાણે અકીદામાં બુરી બિદઅત મુરાદ થશે, ન કે આમ બિદઅત. અને અકીદામાં બુરી બિદઅત જ ઈમાનનું વિરોધાભાસી હોય અને કોઈ જગાએ આ જ મુરાદ હોય તો પછી બેશક ! એ ગુમરાહી છે. આવી બિદઅતનો મકસદ અલ્લાહની રઝા નહીં બલ્કે સાચા અકીદાની વિરુધ્ધ કરવું થશે જે તદ્દન ગુમરાહી છે. એટલા માટે કે ઈમાન તો સાચા અકીદા★ અને અલ્લાહની રઝા પ્રાપ્ત કરવાનું નામ છે.

હઝરત અલ્લામા સૈયદ યૂસુફ હાશમી રફાઈ (કુવૈત) મોહદ્દિષે જલીલ શેખ અબ્દુલ્લાહ મુહમ્મદ સિદ્દીકની રાય પ્રમાણે ફર્માવે છે :

"કોઈ અપવાદ વિના જે બિદઅત ગુમરાહી છે તે અકીદામાં બિદઅત છે. દા.ત.એ અકીદાઓ જે મોઅતઝલા, કદરિયા, મુર્જિયા વિગેરેએ જે બુઝુર્ગોના અકીદા વિરુધ્ધ અકીદા બનાવ્યા. આ અકીદામાં બુરી બિદઅત છે." *(ઈસ્લામી અકાઈદ–૨૮૧, લાહોર)*

જાણવા મળ્યું કે અમુક બિદઅતો ગુમરાહ કરવાવાળી છે, અમુક ગુનાહ અને અમુક સવાબ, જેથી "દરેક બિદઅતને ગુમરાહી નથી કહી શકતા" બલ્કે એના અલગ અલગ પ્રકારોના તફાવતને પણ સામે રાખવો પડશે.

જુઓ ! ફુયૂઝુલબારી શરહે સહીહ બુખારીમાં છે : શરીઅતનો ફેંસલો અને હિદાયત જે પ્રકારનો અને જે કક્ષાનો હોય એને એ જ પ્રમાણે એ જ જગાએ રાખવો અનિવાર્ય તથા જરૂરી છે. શરીઅતની કોઈ પણ હિદાયતમાં પોતાની તરફથી વધારો તથા સખ્તી બુરી છે. પછી જે ફેંસલો

★ *આનાથી મુરાદ શરીઅતના ઉસૂલ પ્રમાણે અકીદાઓ છે.*



અથવા હિદાયત જે દરજાની હશે એ એ જ પ્રકારની શરીઅતની દલીલ સાબિત થશે.

શરીઅતથી અજાણ અને બનાવટી તકવાવાળા આ બિમારીમાં સપડાયેલ જોવામાં આવે છે. એ અમુક મસાઈલમાં વધુ પડતી સખ્તીઓનો એમાં વધારો કરે છે અને પોતાની વિચાર સરણીથી સમજે છે કે અમે તબ્લીગ કરી રહ્યા છીએ ! જ્યારે કે એ તબ્લીગ નહીં, પરંતુ ફિત્ના તથા ઝઘડાઓ ફેલાવી રહેલ છે ! હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝા આ'લા હઝરતના સાહબઝાદા (ઘણા ઉસૂલ બયાન કર્યા પછી) ફર્માવે છે, "દરેક વાત પોતાના મર્તબા પ્રમાણે સબૂત માંગે છે, જે મર્તબામાં ફરક ન કરે અને નાની કક્ષાની વાત માટે ઉચ્ચ કક્ષાની દલીલ માંગે એ અનપઢ અને બેવકૂફ છે અથવા ઢોંગી ફિલોસોફર. દરેક વાતનો એક સમય હોય છે અને દરેક પોઈંટનું એક સ્થાન હોય છે. *(ફુયૂઝુલ બારી, પારા–૩, પેજ–૨૨૦ બહવાલા અસ્સારિમે રબ્બાની)*

**આ'લા હઝરત ફર્માવે છે** : "રુત્બાઓ (મર્તબા–કક્ષાઓ) વચ્ચે તફાવત ન કરવો ગાંડપણ નથી તો ગુમરાહી છે અને ગુમરાહી નથી તો ગાંડપણ છે." *(અંગૂઠે ચૂમીએ–૧૩૯)*

**૧.** મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની સૂરએ હુજુરાતની બીજી આયતના બારામાં ફર્માવે છે : "રુત્બાઓ (મર્તબા) વચ્ચે ફરક ન કરવાથી ઘણી ખરાબી અને ફિત્નાઓનો દરવાજો ખુલે છે." *(તફસીરે શબ્બીર અહમદ ઉષ્માની–તાજ કંપની)*

મૌલાના અબ્દુસ્સમીઅ રામપૂરી રુત્બાઓના તફાવતને નજરો સામે રાખી ફર્માવે છે : "એક બિદઅત એવી નીકળશે જે ગુમરાહી નથી, પછી એવી બિદઅત જાઈઝ હોવાના ઉસૂલ પ્રમાણે હશે તો મુબાહ (જાઈઝ) હશે, અને મુસ્તહબ હોવાના ઉસૂલ પ્રમાણે હશે તો મુસ્તહબ ગણવામાં આવશે, અને વાજિબના ઉસૂલ પ્રમાણે હશે તો વાજિબ ગણવામાં આવશે. આ જ ત્રણ પ્રકારની બિદઅતને બિદઅતે હસના (સારી બિદઅત) કહે છે. એટલા માટે કે વાજિબ કે મુસ્તહબ કે મુબાહ (જાઈઝ) એ જ વસ્તુ હોય શકે છે જેમાં સારા હોવાનો ગુણ મૌજૂદ

હોય, એ જ સારા ગુણના કારણે આવી બિદઅતોને સારી સિફત પ્રાપ્ત થયેલ છે. *(અન્વારે સાતિઆ, પેજ–૩૧–૩૨)*

અને એવું જ અમે છટ્ઠી શંકાના હલ કરવામાં શેખ ઈઝ્ઝુદ્દીન બિન અબ્દુસ્સલામથી ઈમામ જલાલુદ્દીન સિયૂતીના હવાલાથી નક્લ કરેલ છે.

હઝરત મૌલાના સઈદ નકશબંદી શાહ અહમદ સઈદ દહેલ્વીની કિતાબ મક્રામાતે સઈદિયા (પેજ–૧૨૫) અને હઝરત અલ્લામા મુરાદ મક્કીના મકતૂબાતના હવાલાથી હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીના મસ્લક વિષે લખેલ છે કે, "સારી બિદઅત ઈમામ રબ્બાની પાસે સુન્નતમાં સામેલ છે, અને كُلُّ بِدعَةٍ ضَلَالَةٌના પ્રમાણે એના પર બિદઅતનો હુકમ નથી લગાડતા (એટલે જેને બીજા આલિમો બુરી બિદઅત કહે છે એને હઝરત મુજદ્દિદ બિદઅત કહે છે, અને જેને બીજા આલિમો સારી બિદઅત કહે છે હઝરત મુજદ્દિદ એની સુન્નતમાં ગણના કરે છે અને આ કેવળ શબ્દોનો વિરોધાભાસ છે. *(મસ્લકે ઈમામ રબ્બાની–૩૩૪,૩૩૭)*

એટલે હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીની બારગાહમાં પણ كُلُّ بِدعَةٍ ضَلَالَةٌ માં બિદઅત અને ગુમરાહી એ જ છે જેને બીજા આલિમો બુરી બિદઅત અને ગુમરાહી કહે છે. દરેક વાત આપની નજરમાં પણ ગુમરાહી નથી. અને જે નવા કાર્યો ગુમરાહી નથી એને સારી બિદઅતની જગાએ સુન્નત જાણે છે. એટલા માટે રુત્બા (મર્તબા)નો તફાવત ઘણો જરૂરી છે. મૌલાના રૂમ ફર્માવે છે : "રુત્બાઓનો તફાવત ન કરનાર દોઝખી થઈ જાય છે."

## ★ સુન્નતે ખોલફાએ રાશેદીન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ★

હુઝૂર ﷺ ફર્માવે છે : કેમ કે **મારા પછી તમારામાંથી જે પણ જીવંત રહેશે એ ઘણા ફિત્નાઓ જોશે. એટલા માટે તમે મારી અને હિદાયત પામેલ ખોલફાએ રાશેદીનની સુન્નત (તરીકા) પર ચાલતા રહો.** *(મિશ્કાત શરીફ બાબુલ એઅ્તિસામ)*

અને હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ પણ પોતાના મકતૂબાતમાં اَلَّذِيْنَ هُمْ عَلٰى مَا اَنَا عَلَيْهِ وَاَصْحَابِىْ "એ રસ્તા પર જેની ઉપર હું અને



મારા સહાબા છે" નકલ કરી ફર્માવે છે : આ જગાએ હુઝૂર ﷺનું ઝિક્ર પૂરતુ હોવા છતાં પણ સહાબાનું ઝિક્ર શક્ય છે, એ જાહેર કરવા માટે કે મારો તરીક્રો એ જ છે જે મારા સહાબાનો છે અને નજાતનો રસ્તો ફકત એમની ઈત્તેબાઅ (પૈરવી)ના રસ્તાથી જ જોડાયેલ છે. *(દફતરે અવ્વલ, મકતૂબાત–૮૦)*

જેથી હવે અમે ઉપર લખેલ મસ્અલાના નિરાકરણ માટે ખુલફાએ રાશેદીનની સુન્નતથી નિરાકરણ શોધી એ ઘણા મોટા મર્તબાહવાળા બીજા ખલીફા હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہની વાત તથા અમલને પેશ કરીએ છીએ એટલે દરેક પ્રકારનો ઝઘડો ખતમ થઈ જાય. સાંભળો ! આ એમની પાકીઝા વાત છે જેમના તરીકાથી સહાબાએ કિરામના અમલની પણ સારી રીતે જાણકારી મળે છે. આ હુઝૂર ﷺની મુરાદ પણ છે અને તર્જુમાન અને હમઝબાને નબુવ્વત પણ છે (આપના મશ્વેરા હુઝૂર ﷺની વાત પ્રમાણે હતા) અને અશ્રએ મુબશશરામાં સામેલ પણ છે (મિશ્કાત શરીફ) અને યક્રીનના ઈલ્મમાં કામિલ પણ. અલ્લાહ આ હિદાયત પામેલ ખલીફાનુ સમર્થન કરે છે અને શૈતાન એમના પડછાયાથી નાસે છે.

અલ્લાહ ત્આલાએ ઉમરની ઝબાન અને દિલ પર સાચી વાત વહેતી કરી દીધી.

અલ્લાહ ﷻ એ હઝરત ઉમરની ઝબાન પર સચ્ચાઈ રાખી દીધી જેનાથી એ બોલે છે.

શૈતાન તમને (ઉમરને) નથી મળતો કોઈ માર્ગમાં ચાલતો પણ એ તમારા માર્ગ સિવાય બીજા માર્ગે ચાલે છે. *(મિશ્કાત શરીફ–બુખારી શરીફ)*

એટલું જ નહીં, પરંતુ પૂરી ઉમ્મત એમને સૈયદના ફારૂકે આ'ઝમ જેવા લકબથી યાદ કરે છે. અને એમનું કહેવું અને કરવું પણ એવુ છે કે ઉમ્મતમાં કોઈએ પણ એમની વાત કે કાર્યને ઠુકરાવ્યું નથી, કોઈ વખતે પણ એનો રદિયો આપ્યો નથી. અને એના પર એવી ઉમ્મતની સર્વસંમતિ છે કે કોઈ જગાએ આવી સર્વ સંમતિ મુશ્કેલીથી મળે છે. પછી બિદઅતે હસનાના વિરોધીઓ પણ આ તાક્તને નકારી નથી શકતા.

એ વાત પણ સારી રીતે દિમાગમાં રાખવામાં આવે કે હઝરત ફારૂકે આ'ઝમે કોઈ વસીલા વિના સીધો ફૈઝ હુઝૂર ﷺ ની બારગાહથી હાંસલ કરેલ છે અને હુઝૂર ﷺના મહાન શાગિર્દોમાં છે. એટલા માટે એ હદીષોને સારી રીતે સમજે છે અને આપણાથી અનેક ઘણી સમજ એ વિચારશક્તિના ધણીને છે. ફક્ત સહાબાએ કિરામની કુર્આનની સમજ શક્તિને હક઼ માનવાવાળા સારી રીતે વિચારી લે કે હઝરત ફારૂકે આ'ઝમે ઉપર વર્ણન કરેલ હદીષો પણ જરૂર સાંભળી હશે અને આપ બિદઅત અને બિદઅતીના મતલબને પણ સારી રીતે જાણતા હશે.

અરે ! આપની શાનમાં હુઝૂર ﷺ ફર્માવે છે : તમારામાંથી પાછલી ઉમ્મતોમાં મોહદ્દિષ થયા કરતા હતા, જો મારી ઉમ્મતમાં (આ સમયે) કોઈ મોહદ્દિષ છે તો એ ઉમર છે. *(સહીહ બુખારી, મનાકિ઼બે ઉમર)*

આ થોડાક ફઝીલતના વર્ણન પછી ફારૂકે આ'ઝમનો ક઼ૌલ જુઓ : ''આ ઘણી સારી બિદઅત છે.''

વિચારો ! આપે આ શબ્દો કયારે અને કેમ કહ્યા તેને જણાવીએ છીએ તેના માટે ધ્યાન આપો. 'ગુન્યતુત્તાલિબીન' જે કિતાબને ગૌષે આ'ઝમની લખેલ કહેવામાં આવે છે. એમાં છે : ''તરાવીહની નમાઝ હુઝૂર ﷺ ની સુન્નત છે. આપે એક, બે કે ત્રણ રાતો (રિવાયતોના ઈખ્તેલાફના આધારે) તરાવીહની નમાઝ પઢી. ત્યાર પછી સહાબાએ કિરામ મુક઼દ્દસ હુજરામાંથી બહાર આવવાની વાત જોવા લાગ્યા, પરંતુ હુઝૂર ﷺ હુજરએ મુકદસમાંથી બહાર તશરીફ ન લાવ્યા. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જો હું (તરાવીહ) માટે બહાર આવી જતો તો તમારા ઉપર તરાવીહ ફર્ઝ થઈ જાત. *(ગુન્યતુત્તાલિબીન પેજ–૩૨૬)* પરંતુ મને તમારા ઉપર ફર્ઝ ન થઈ જાય અને તમને એને પઢવાની તાકત ન ધરાવો. *(સહીહ બુખારી રમઝાન)*

ત્યાં સુધી કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના સમયમાં અને થોડો સમય ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ખિલાફતમાં લોકો આ નમાઝ અલગ અલગ પઢતા, જમાઅતથી જ પઢતા, પરંતુ ફારૂકે આ'ઝમે પોતાના



ખિલાફત કાળમાં સુન્નત તરાવીહને જમાઅત સાથે પઢવાનો રિવાજ આપ્યો અને હઝરત ઉબય બિન કઅબ જે ઘણા સારા કારી હતા એમને ઈમામ તરીકે નિમી લીધા. *(બુખારી, મિશ્કાત–રમઝાન)* પછી લોકોને જમાઅત સાથે નમાઝ પઢતા જોઈ ફર્માવ્યું, ''આ ઘણી સારી બિદઅત છે.''[1] અને એ જ પ્રમાણે આ તરાવીહની નમાઝ ત્યારથી અત્યાર સુધી બાજમાઅત અદા કરવામાં આવે છે એ એક નવુ કામ હતું[2]. એટલા માટે એને 'બિદઅત' નામ આપવામાં આવ્યું, પરંતુ દીનથી મહોબ્બતમાં વધારો થવાનું કારણ હતું, દીનથી વિરુધ્ધ ન હતું. એટલા માટે (સારી

---

*૧. ફાઝિલે દેવબંદ એડિટર ''તજલ્લી'' માસિક આમિર ઉષ્માની કહે છે : હઝરત ઉમરે આ શબ્દ 'બિદઅત' શરઈ અર્થમાં નહીં, પણ શાબ્દિક અર્થમાં લીધેલ છે. (બિદઅત ક્યા હૈ, પેજ–૨૪૪ )*

*આ હઝરત ઉમરના ક઼ૌલને શરઈ અર્થમાં લેવામાં આવે તો હુઝૂર ﷺના ફર્માનો નું જૂઠુ હોવું સાબિત થાય છે ! કારણ કે હુઝૂર ﷺ બિદઅતને વિના શર્તે બધી જ બિદઅત મરદૂદ કહેલ છે. (બિદઅત ક્યા હૈ–૨૪૫)*

*અમે કહીએ છીએ કે હુઝૂર ﷺ ની હદીષો જૂઠી સાબિત થાય એ વાત બરાબર નથી, જો આપની નિગાહમાં આ બરાબર છે કે વિના શર્તે બધી જ બિદઅતોને મરદૂદ કહેવામાં આવી છે, તો તો શાબ્દિક બિદઅત પણ આ હુકમમાં સામેલ છે. એટલા માટે એ પણ મરદૂદ ! એ પણ કે આપની વાત પ્રમાણે બીજી હદીષો ખોટી સાબિત થઈ ગઈ ! મઆઝલ્લાહ ! જ્યારે કે એવું નથી ! અને બધી જ બિદઅતને મરદૂદ નથી કહેવામાં આવી. અમે ઉપરના લખાણમાં એ વાત પર ઘણો પ્રકાશ નાખ્યો છે, ફરી જોઈ લો, તમારો એ ક઼ૌલ (વાત) કે હુઝૂર ﷺએ બધી જ બિદઅતને વિના શર્તે મરદૂદ કહ્યું, એ ખુલ્લો ધોકો અને ઈલ્ઝામ છે. અલ્લાહ ﷻ ઈદારએ ઈસ્લામિયાત–લાહોરને આવી ધોકાવાળી વાતો છાપવાથી તૌબાની તૌફીક આપે. અને આ રીતે આ તરાવીહની નમાઝ ત્યારથી આજ સુધી જમાઅત સાથે પઢવામાં આવે છે. આ એક નવુ કાર્ય હતું.*

*૨. ઈદારએ ઈસ્લામિયાત લાહોરના મોહક્કિ઼ક઼ માહિરુલ ક઼ાદરી કહે છે. હુઝૂર ﷺએ તરાવીહની નમાઝ જમાઅત સાથે હમેશાં અદા નથી ફર્માવી. (બિદઅત ક્યા હૈ–૬૫)*

*ગિઝાલીએ ઝમાં અલ્લામા સૈયદ સઈદ અહમદ કાઝમીએ કંઝુલ ઉમ્માલ (૨/૨૮૪)થી એક હદીષ નંબર ૫૭૫૭ લખી છે, એનો તર્જુમો સાંભળો ! : સૈયદુલ કુર્રાઅ હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہથી* (વધુ ફૂટનોંધ આગળના પેજ ઉપર)

બિદઅત)નું બિરુદ આપવામાં આવ્યું. મોટા મોટા સહાબાએ કિરામ જીવંત હતા, કોઈએ પણ વાંધો ન ઉઠાવ્યો બલ્કે એને સારી બિદઅત સમજી એના પર અમલ કર્યો. ન ફક્ત સહાબાએ કિરામે જ એ સારી બિદઅત પર અમલ કરી એને ઉચ્ચ કક્ષાનું બિઢદ આપ્યું, બલ્કે તાબેઈન, તબ્એ તાબઈન, અઈમ્માએ મુજતહેદીન, મોહદ્દિષીન, મુફસ્સેરીન, શારેહીન, મુતકલ્લેમીન, અવલિયાએ કામેલીન, ઓલમાએ દીન અને બધા જ મુસલમાનોએ એના પર અમલ કર્યો, ત્યાં સુધી કે આ કાર્યના સારી બિદઅત હોવાનો ઉમ્મતની કોઈ પણ જમાઅતે ઈન્કાર ન કર્યો અને ન તો કોઈએ એવું કહ્યું કે આ કાર્ય હુઝૂર ﷺ થી હમેશગી સાથે સાબિત નથી, એટલા માટે અમે કેમ કરી જમાઅત સાથે તરાવીહ પઢીએ ?!

અમારી આ થોડી ચર્ચાથી નીચે જણાવેલ વાતો ખૂબ સારી રીતે સાફ થઈ જાય છે :–

૧. જે કાર્ય હુઝૂર એ ન કર્યું, સિદ્દીકે અકબરની ખિલાફતના સમયમાં ન થયું, એવા કાર્યને ફારૂકે આઝમે રિવાજ આપ્યો.

૨. હઝરત ઉમરે પોતાના પાકીઝા કામને બિદઅત ફર્માવ્યું.

૩. એમણે પોતાના કામને (સારી બિદઅત)નું બિરૂદ આપ્યું.★

---

*(પાછળના પેજની ફૂટનોંધ ચાલુ....) રિવાયત છે કે હઝરત ફારૂકે આઝમે એમને હુકમ આપ્યો, હે ઉબય ઈબ્ને કઅબ ! લોકો દિવસે રોઝા રાખે છે અને કુર્આનને સારી રીતે પઢી નથી શકતા, એટલા માટે શું સારું થાત કે તમે એમના પર (નમાઝમાં ઈમામ બની) તિલાવત કરી આપતા ?! હઝરત ઉબય ઈબ્ને કઅબે અર્ઝ કરી, હે અમીરૂલ મોમિનીન ! આ એવી વસ્તુ છે જે પહેલાં ન હતી ! (એટલે ખાસ તૈયારી સાથે તરાવીહની જમાઅત આનાથી પહેલા ન હતી) હઝરત ઉમરે ફર્માવ્યું, હું આ કામ સારી રીતે જાણું છું ! પરંતુ આ કાર્ય સાઢ છે. બસ, પછી હઝરત ઉબય ઈબ્ને કઅબે લોકોને વીસ રકાત તરાવીહ પઢાવી. (કિતાબુત્તરાવીહ–૨૧)*

*★ ગિઝાલીએ દૌરાં અલ્લામા સૈયદ સઈદ અહમદ કાઝમી ફર્માવે છે : ''હઝરત ઉમરની ખિલાફતના બીજા વર્ષે હિ.સ. ૧૨ માં તરાવીહને હુકમ મળ્યો એટલે ઈમામની વાત પર સર્વસંમતિ થઈ અને હમેશગી સાથે હઝરત ઉમરે તરાવીહનો હુકમ ફર્માવ્યો. (કિતાબુત્તરાવીહ પેજ–૪)*



એટલે બિદઅત હમેશાં બુરી નથી હોતી બલ્કે કોઈકવાર સારી પણ હોય છે. આ આપથી સાબિત છે. બિદઅતને સારુ હોવાનું નામ આપવું જાઈઝ અને આપની સુન્નત પણ છે.

૪. સારી બિદઅતને રિવાજ આપવું ફારૂકે આ'ઝમની સુન્નતથી સાબિત થઈ ગયું.

૫. બધી બિદઅતને બુરી સમજવું કોઈ પણ બિદઅતને જાઈઝ અને હસના ન માનવું અથવા સારી બિદઅતને રિવાજ આપવું સુન્નતના વિઢધ્ધ જાણવું, એના પર અમલ કરવાને એબવાળુ કાર્ય સમજવું બરાબર નથી.★

૬. દરેક સારી બિદઅતને રિવાજ આપવું સવાબ પ્રાપ્ત થવાનો ઝરીઓ છે. જો ગુનો હોત તો કદાપિ આપ આવું કાર્ય ન કરતા અને ન તો ઉમ્મત સર્વ સંમતિ દર્શાવતી.

---

*★ અશરફઅલી થાનવી કહે છે : ''શાહ અબુલ મઆલી رحمۃ اللہ علیہ ના એક મુરીદ હજ કરવા ગયા. એમણે ફર્માવ્યું, મદીના જાવ તો મારા સલામ હુઝૂર ﷺ ના રોઝા પર પેશ કરજો એ જ રીતે એમણે સલામ પહોંચાડી ત્યાંથી ફર્માવ્યું, ''તમારા બિદઅતી પીરને અમારા સલામ કહેશો.'' બિદઅતી એટલા માટે ફરમાવ્યું કે એમનાથી અમુક વાતો બિદઅતની થતી હતી જો કે હકીકતમાં બુરી બિદઅત ન હતી.'' (અશરફુલ મવાઈઝ–૧૫૫) એટલે હકીકતમાં એ સુન્નત હતી અને એની અસલ સુન્નતથી સાબિત હતી, ફક્ત જાહેરી રીતે બિદઅત હતી એટલા માટે દરેક બિદઅત એબવાળી નથી. ઝિયા સાહબ ફુયૂઝુલ બારી અલ્લામા સૈયદ મહમૂદ અહમદ રઝવી ફર્માવે છે કે હઝરત ફારૂકે આ'ઝમે તરાવીહને સારી બિદઅતનું બિઢદ આપ્યું. જાણવા મળ્યું કે દરેક બિદઅતને બુરી બિદઅતમાં ગણના કરવી બરાબર નથી. દરેક નવુ કાર્ય જો શરીઅતના વિઢધ્ધ નથી તો ઓછામાં ઓછું જાઈઝના હુકમમાં આવશે. દરેક નવા કાર્યને હરામ અને નાજાઈઝનું બિઢદ આપવું શરીઅતના હુકમમાં વધારો છે. (ફુયૂઝુલ બારી–૮૯)*

*હઝરત સૈયદ મુહમ્મદ બિન અલ્વી માલિકી ઉસ્તાઝુલ હદીષ મક્કા મુકર્રમા ફર્માવે છે : ''દરેક નવુ કાર્ય હરામ નથી, જો આવુ હોત તો તરાવીહની નમાઝમાં એક ઈમામ પાછળ લોકોને ભેગા કરવા પણ હરામ હોત. જેને હઝરત ફારૂકે આ'ઝમે રિવાજ આપ્યુ અને આ સારી બિદઅત છે'' ફર્માવ્યું. (જશ્ને મિલાદુન્નબી ﷺ આ.૧૯)*

૭. હદીષમાં જે બિદઅતીની ઈજ્જત કરવાની બુરાઈ[1] વર્ણન કરવામાં આવી છે, ત્યાં અક઼ીદા અને અમલમાં બુરી બિદઅત કરવાવાળાની ઈજ્જત મુરાદ હશે[2]. નહીં તો આપ આ તરીક઼ાને રિવાજ ન આપતા, ન તો "આ સારી બિદઅત છે"નું બિરૂદ આપતા. પછી ઉમ્મત માટે આપના એ તરીક઼ા પર અમલ કરવું જરૂરી ન હોતું બલ્કે આપની ઈજ્જત કરવી પણ જાઈઝ ન હોત ! (મઆઝલ્લાહ) જ્યારે કે હુઝૂર صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે, "સહાબાએ કિરામની ઈજ્જત કરવી દરેક મુસલમાન માટે આખરેતનો સામાન છે." વળી હુઝૂર صلى الله عليه وسلم એ આપના તરીક઼ા પર અમલ કરવાનો હુકમ પણ આપ્યો છે. ફર્માવ્યું, "તમારા પર મારી અને હિદાયત પામેલ ખુલફાએ રાશેદીનની સુન્નત જરૂરી છે." એ સુન્નત (તરીક઼ા) પર અમલનો ફાયદો શું છે એ પણ ફર્માવ્યું, મારા સહાબા ચમકતા તારલાઓ છે એમાંથી જેના પણ તરીક઼ા પર ચાલશો હિદાયત પામેલ થઈ જશો." *(મિશ્કાત)*

***સહાબા આસ્માને રુશ્દકે રોશન સિતારે હૈં***
***રહે હક્ક઼કે દિખાનેકો યહ નૂરાની મીનારે હૈં***

આપે ખુલફાએ રાશેદીનની સુન્નત અને સહાબાએ કિરામના તરીક઼ા પર ચાલવાનો ફાયદો જાણી લીધો. વર્ણન કરેલ દલીલો પર નજર કરો તો સાબિત થાય છે કે સારી બિદઅતને રિવાજ આપવો ફારૂક઼ે આ'ઝમની સુન્નત છે, જેની પાબંદી જરૂરી છે અને એમાં હિદાયત મળવાની ખુશ

---

*૧. મિશ્કાત બાબુલ ઈઅતેસામમાં છે : "જેણે બિદઅતીની ઈજ્જત કરી તેણે બેશક ! ઈસ્લામને બર્બાદ કરવામાં મદદ કરી." મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે, કેમ કે બિદઅતીની તાઝીમ સુન્નતની તૌહીન અને એના હક઼ને ઘટાડવું છે અને સુન્નતને તૌહીન અને કમીથી જોવું ઈસ્લામને બર્બાદ કરવાનું કારણ છે. જેથી આ ક઼યાસ પ્રમાણે સુન્નતનાં પાબંદની ઈજ્જત કરવી એ ઈસ્લામને આબાદ કરવુ છે, અને ઈસ્લામ ફેલવાનું કારણ છે, અને એના કારણે સુન્નતની અઝમત વધશે, અને એને રિવાજ મળશે. (અશિઅતુલ્લમ્આત)*

*૨.જલીલ અહસન નદવી લખે છે : બિદઅતીથી મુરાદ એ આદમી છે જેણે ઈસ્લામમાં કોઈ એવો અક઼ીદો અથવા અમલ દાખલ કર્યો જે ઈસ્લામથી ટકરાય છે અથવા એની સાથે મેળ નથી ખાતો. (રાહે અમલ, ૨૫૭)*



ખબરી અને ગેરંટી પણ, અને એ પણ જેને કોઈ રદ ન કરી શકે.

જેથી ઉમ્મતમાં જો કોઈ શખ્સ સહાબાની પૈરવી અને ખુલફાએ રાશેદીનની સુન્નતની પેરવીમાં બિદઅતે હસના એટલે નેક અને સારા તરીક઼ાને રિવાજ આપે તો આ બિદઅતને બુરી નહીં ગણવામાં આવે. હવે જો સારી બિદઅતને શરૂ કરવું ગુનોહ ગણવામાં આવે તો ખુલફાએ રાશેદીનની સુન્નત અને સહાબાએ કિરામના તરીક઼ા પર અમલ કેવી રીતે શકય છે ? જ્યારે સારી બિદઅતને રિવાજ આપવું ફારૂક઼ે આ'ઝમ رضي الله عنه ની સુન્નતથી સાબિત થઈ ગયું અને હુઝૂર صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે સુન્નતે ફારૂક઼ી પર અમલ કરવો જરૂરી છે. તો આ કાર્યની ગુનાહમાં કેવી રીતે ગણના કરવામાં આવે ?[1] જો હુઝૂર صلى الله عليه وسلم ના હુકમ પ્રમાણે સુન્નતે ખુલ્ફાએ રાશેદીનમાં અને સહાબાએ કિરામના તરીક઼ામાં પણ સવાબ નથી તો બીજો સવાબ પ્રાપ્ત કરવાનો રસ્તો શું છે ? ! શું એ સવાબને નકારવું હુઝૂર صلى الله عليه وسلم પર ભરોસો ન હોવો જાહેર નથી કરતું ?[2]

---

*૧. વિરોધીઓના મોલ્વી અશરફઅલી થાનવી પોતાની નવી વાત (બિદઅત)ને જાઈઝ સાબિત કરવા માટે હઝરત ઉમરના એક અમલને દલીલ બનાવી કહે છે, મેં લોકોના ગુમાનમાં જે નવી વાત (બિદઅત)ને રિવાજ આપ્યો છે જે આપણા બુઝુર્ગોમાં આ રીતે ન હતી અને એ મારી પકડ છે. એનું કારણ એ છે આ સમયે એના વિના કામ ચાલવું મુશ્કીલ હતું એનું દ્રષ્ટ્રાંત એ છે કે શરાબ પીવાવાળા માટે હદદે ખમર (શરાબ પીવાવાળાઓની સજાની હદ) હઝરત ફારૂક઼ે આ'ઝમે જારી કરેલ જે ન હુઝૂર صلى الله عليه وسلم ના સમયમાં હતી ન તો સિદ્દીક઼ે અકબરના સમયમાં, કોઈ ફારૂક઼ે આ'ઝમ પર વાંધો ઉઠાવે (મઆઝલ્લાહ !) જે મારા ઉપર કરવામાં આવે છે કે એ કામ કરે છે જે બુઝુર્ગોએ નથી કર્યું તો જે જવાબ હઝરત ઉમર رضي الله عنه ની તરફથી હશે એ જ જવાબ મારા તરફથી માની લેવામાં આવે. (અલઈફાઝતુલ યૌમિયા, ૧/૧૮૭) પરંતુ શું કહેવામાં આવે એમના જ આમિર ઉષ્માની કહે છે, સવાબ પ્રાપ્ત કરવા નવા તરીક઼ા પૈદા કરવા બર્બાદી અને નુકસાનનું કારણ છે. (પેજ–૨૧૯)*

*૨. શેખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે : જો હુઝૂર صلى الله عليه وسلم થી સાંભળ્યા પછી પણ શક અને દિલમાં યક઼ીનની કમી છે તો એનાથી સારું છે કે બીજા કોઈ દીનને ઢુંઢવા લાગી જાય ! (નઊઝુબિલ્લાહિ મિન્ઝાલિક !) ઈમાનની હક઼ીક઼ત ફકત એમાં જ છે જ્યારે હુઝૂર صلى الله عليه وسلم થી સાંભળી લો તો એને માનવામાં શક પૈદા ન થાય, પરંતુ જો તમે પોતાની અક્ક઼લને ઈમાનથી વધુ માની તો તમારો ભરોસો અક્ક઼લ પર તો પૂરો હોય શકે છે હુઝૂર صلى الله عليه وسلم પર નહીં ! (તકમીલલુ ઈમાન ઉર્દૂ –૬૪)*

અમારી નજદીક તો ગુમરાહીની જડ ભરોસો ન હોવું છે.

***અય ચશ્મે અશ્કબાર દેખ તો સહી***
***યહ ઘર જો બહ રહા હૈ કહીં તેરા ઘર ન હો !***

## ★ મુસલમાનોનો માર્ગ અને એક ચેતવણી ★

***ફર્દ કાઈમ રબ્તે મિલ્લતસે હૈ તન્હા કુછ નહીં,***
***મૌજ હૈ દરયામેં બૈરૂને દરયા કુછ નહીં***

પૂરી ઉમ્મતે આ સારી બિદઅતના વજૂદને માન્યું, એને સારી જાણી એના પર અમલ કર્યો અને ઈન્શાઅલ્લાહ ! કયામત સુધી અમલ કરશે. બસ, તો સારી બિદઅતને જાઈઝ જાણવું અને એના પર અમલ કરવો જ મુસલમાનોનો રસ્તો છે. અલ્લાહના ફઝ્લથી અમે મુસલમાનોના રસ્તાનું ખૂબ સારુ વર્ણન કર્યું એમાં તો શંકા જ નથી કે એ વાત જરૂર બરાબર હોય છે જેને મુસલમાન બરાબર માને. સાંભળો ! હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જેને મુસલમાન સારું જાણે એ અલ્લાહની નજદીક પણ સારુ છે.★

*★ એના હેઠળ મુહમ્મદ શફીઅ ઓકાળવી લખે છે : ''સારું એ હોય છે જેને મુસલમાન સારુ જાણે.'' (બરકાતે મીલાદ પેજ–૨૩) અને અલ્લામા સૈય્યદ મહમૂદ અહમદ રઝવી અલ્લામા અયનીથી નકલ કરે છે : ''સારી બિદઅત એ છે જેને મુસલમાન સારી જાણે અને એ કામ કુર્આન હદીષ અથવા સુન્નત અથવા ઉમ્મતના ઈજમાઅ (સંમત્તિ) વિરુધ્ધ ન હોય. (ફયઝુલબારી પા.૩, પેજ–૩૬૪)*

*સૈયદના ઈમામ આ'ઝમની ઈમામત પર ભરોસો હોય તો એમનો રસ્તો જુઓ સવાનેહે બે બહાએ ઈમામે આ'ઝમ અબૂ હનીફાના લખવાવાળા હઝરત શાહ અબ્દુલ હસન ઝૈદ ફારૂકી નકશબંદી લખે છે કે, ''મસાઈલના સંશોધન તથા કાઢવામાં આપના સાત ઉસૂલ છે (એમાંથી એક) એ રિવાજ પામેલ તરીકો છે. જેના પર ખુદાના બંદા અમલ કરતા હોય. (સવાનેહે બેબહા એ ઈમામે આ'ઝમ–૧૧૭) પછી સ્પષ્ટતા કરતાં ફર્માવે છે : ઈમામ મવફિકે સહલ બિન મઝાહીમથી રિવાયત કરી ફર્માવે છે, તર્જુમો : ઈમામે આઝમ અબૂ હનીફામાં એ વાત હતી કે આપ સહીહ વાતોને લેતા અને બુરાથી દૂર રહેતા. એ લોકોની હાલત પર નજર રાખતા હતા અને જોતા હતા એમને સાચો રુખ શું હતો અને* *(વધુ ફૂટનોંધ આગળના પેજ ઉપર)*



બીજી જગ્યાએ ફર્માન છે : اَنْتُمْ شُهَدَآءُ اللّٰهُ فِىْ الْاَرْضِ ''તમે પૃથ્વી પર અલ્લાહ ﷻના ગવાહ છે.'' *(બુખારી, મિશ્કાત)* આ હદીષથી અશરફ અલી થાનવીએ પણ દલીલ કરી છે. *(અશરફુલ મવાઈઝ પેજ–૪૩)*

કુર્આનમાં છે :– لِتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ ''તમે લોકો પર ગવાહ છો.'' *(સૂરએ બકરહ્)*

હવે મુસલમાન જે પૃથ્વી પર અલ્લાહના ગવાહ છે એ સારુ સમજે અને બરાબર કહે, જેમનું સારુ સમજવું અને બરાબર કહેવું અલ્લાહની બારગાહમાં સારા હોવાની દલીલ પણ છે તો પછી આપણને શો વાંધો ?! આપણે અલગ કેમ રહીએ છીએ ? શું આપણે મુસલમાન નથી ?!

આપણે તો મુસલમાન છીએ, આપણા ઉપર મુસલમાનોના રસ્તા પર ચાલવું જરૂરી છે. એમનાથી અલગ રસ્તા પર ચાલવામાં બર્બાદી અને દીનથી દૂરી છે અને આ વાત અમે પોતાના તરફથી નથી કહેતા બલ્કે કુર્આન અને હદીષનું એ જ એલાન છે. જુઓ ! અલ્લાહ ﷻ ફર્માવે છે : ''જે રસૂલના વિરુધ્ધ કરે ત્યાર પછી કે એના પર હકનો

*(પાછળના પેજની ફૂટનોંધ ચાલુ....)*

*એ કાર્યો કઈ રીતે સારા હતાં હઝરત કયાસ કરી મસાઈલ હલ કરતા હતા, અને જ્યારે કયાસમાં બુરાઈ પૈદા થતી, સારી વાતથી હલ કરતા જ્યાં પસંદીદગીમાં સાથ આપતી અને જ્યારે વાતમાં રુકાવટ આવતી હતી તો આપ મુસલમાનોના તરીકા તરફ નજર કરતા.*

*આ બયાનથી બે વાત સાબિત થઈ કે પહેલાં આપ કયાસ અને પસંદીદગીથી મસ્અલોનો નિકાલ લાવવાની કોશિશ કરતા, જો કયાસ અને પસંદીદગીમાં આસાનીનો રસ્તો ન નીકળતો તો આપ લોકોનાં કાર્યો પર વિચારણાથી મસ્અલો હલ ફર્માવતા. આ બયાનથી જાહેર થયું કે ઉસૂલે સિત્તહ (છ ઉસૂલ) પછી લોકોમાં રિવાજ પામેલ અમલથી દલીલ પકડતા હતા અને હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદના ઈર્શાદ : ''જેને મુસલમાન સારુ સમજે એ અલ્લાહના નજદીક સારુ છે''ના કૌલથી દલીલ બનાવી સાબિત કરતા હતા. (સવાનેહે બેબહાએ ઈમામે આ'ઝમ, ૧૨૨–૧૨૩) અને એ જ રીતે અબૂ ઝહરાએ પણ મશ્હૂર અમલને સહલ બિન મઝાહીમથી આ જ રીતે નકલ કરેલ છે. જુઓ હયાતે હઝરત ઈમામ અબૂ હનીફા, ઉર્દૂ–૪૪*

માર્ગ જાહેર થઈ ગયો અને મુસલમાનોની રાહથી બીજી રાહ ચાલે★ "અમે એને એની હાલત પર છોડી મૂકીશું અને દોઝખમાં દાખલ કરીશું. શું ખરાબ જગા છે પલટવાની." (સૂ. નિસાઅ, આ. ૧૫)

મોલ્વી શબ્બીર અહમદ ઉષ્માની આ આયતની તફસીરમાં લખે છે : મોટા આલિમોએ આ આયતથી મસ્અલો કાઢેલ છે કે ઈજમાએ ઉમ્મત (ઉમ્મતની સંમતિ)નો વિરોધી તથા મુન્કિર દોઝખી છે. *(તફસીરે શબ્બીર અહમદ ઉષ્માની–તાજ કંપની)*

આજ જગાએ તફસીરે મઝહરીમાં છે : ઈજમાઅ (સર્વ સંમતિ)ની પેરવી વાજિબ (જરૂરી) છે. *(તફસીરે મઝહરી)*

તફસીરે નઈમીમાં છે : ઈજમાએ ઉમ્મત (સર્વ સંમતિ) દલીલે કતઈ (યકીની દલીલ) છે એનો ઈન્કાર કરવો એવું જ કુફ્ર છે જે રીતે હુઝૂર ﷺનો વિરોધ કુફ્ર છે. આ કાનૂન **ويتبع غير سبيل المؤمنين**થી પ્રાપ્ત થયો. જુઓ ! અલ્લાહ ﷻ એ હુઝૂર ﷺ ના વિરોધી અને ઈજમાઅ (સર્વસંમતિ)ના વિરોધી બંનેવની સજા દોઝખ ફર્માવી, એટલા માટે સિદ્દીકે અકબર અને ફારૂકે આ'ઝમની ખિલાફતનો ઈન્કાર કરવાવાળો કાફિર છે કે એ સહાબાએ કિરામની સર્વ સંમતિ (ઈજમાઅ) ને નકારવાવાળો છે *(તફસીરે નઈમી, પારા–૫)*

હવે હુઝૂર ﷺનું ફર્માન જુઓ, "જમાઅત પર અલ્લાહ ﷻનો દસ્તે કરમ છે, જે શખ્સ જમાઅતથી અલગ થઈ ગયો તે અલગથી

★ *"અમે એને એની હાલત પર છોડી મૂકીશું અને દોઝખમાં દાખલ કરીશું. શું ખરાબ જગા છે પલટવાની." (કન્ઝુલ ઈમાન) પરંતુ ઈદારાએ ઈસ્લામિયાત લાહોર અને એનો મકાલો લખનારા કુર્આનનાં આ ફર્માનને નથી માનતા. એ કહે છે કે ફક્ત આ વાત કે અમુક તરીકાઓ જે ફક્ત અવામમાં નહીં બલ્કે ખાસ લોકોમાં પણ રિવાજ પાસેથી અને મકબૂલ થઈ ગયેલ છે. અને એને શરૂ કરવામાં મોટા મોટા નેક લોકો સામેલ છે. એ વાત માટે પૂરતુ નથી કે એને દીન સમજી લેવામાં આવે. (બિદઅત ક્યા–૨૧૯)*

*એટલે એને દોઝખનું બળતણ બનવું તો પસંદ છે પણ મુસલમાનોની રાહને અલ્લાહની પસંદીદા રાહ અને દીન સમજવું મંજૂર નથી અફસોસ ! જીદ અને પૂર્વગ્રહા અંધાપા એ લોકોને ક્યાં પહોંચાડી દીધા.*



દોઝખમાં જશે." *(મિશ્કાત બાબુલ એઅ્તિસામ)* મોટી જમાઅતની પેરવી કરો બેશક ! જે શખ્સ અલગ થયો એ અલગથી આગમાં જશે[1]. *(મિશ્કાત, બાબુલ એઅ્તિસામ)*

**(૩)** જે શખ્સ જમાઅતથી એક વેંત પણ દૂર થયો એણે ઈસ્લામની દોરી પોતાની ગરદનમાંથી ઉતારી દીધી[2]. *(મિશ્કાત)*

**(૪)** તમારા પર જમાઅતની પેરવી કરવી જરૂરી છે. વરૂ દૂરવાળા જાનવરને જ ખાય છે. (મિશ્કાત બાબુલ જમાઅત) વરૂથી મુરાદ શેતાન છે.

**(૫)** અને જમાઅત અને વધારે ગિરોહના પાબંદ રહો. *(મિશ્કાત બાબુલ એઅ્તિશામ)*

કુર્આને મુસલમાનોના રસ્તાથી અલગ રસ્તો ચાલવા પર દોઝખીનું બિરુદ આપ્યું, તો હદીષોએ એનું સમર્થન કર્યું. એટલે ખુદા ﷻ અને હુઝૂર ﷺ એ કિતાબ તથા સુન્નતના હુકમો જે નસ(દલીલ) નથી બિલ્કુલ સાફ નથી એની સ્પષ્ટતા તથા ગલત અને દુરુસ્ત હોવાનો ફેંસલા માટે ઈજ્માએ ઉમ્મત (ઉમ્મતની સર્વ સંમતિ)ને માપદંડ ઠરાવીને એના વિરોધીઓને ગુમરાહ ઠરાવ્યા.

*૧. હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : મોટી જમાઅતની પેરવી કરો અને સાચુ એ છે કે સાચો મઝહબ આ ચાર સિવાય ખતમ થઈ ગયો તો આ મઝહબો (હન્ફી, શાફઈ, માલિકી, હમ્બલી)ની પેરવી સવાદે આ'ઝમની પેરવી છે અને એમનાથી અલગ થવું સવાદે આઝમથી અલગ થવું છે. હઝરત શાહ વલીયુલ્લાહ પર ભરોસો કરવાવાળા ગૈર મુકલ્લિદો વિચારે ! (ઝિયાઅ)*

*ઉકદુલ ઝૈદ, બાબ–૩, અનુવાદ, પેજ–૫૬, કુર્આન મહલ–કરાચી, એને પ્રોફેસર મુહમ્મદ સરવરે પણ 'અર્મુગાને શાહ વલીયુલ્લાહમાં' નકલ કર્યું છે. જુઓ પેજ ૧૮૯,૧૮૫.*

*૨. ડોક્ટર ખાલિદ મહમૂદ ડાયરેકટર ઈસ્લામિક એકડમી માંચેસ્ટર–ઈંગ્લેન્ડ લખે છે : રસ્સીં એ છે કે મુસલમાન મુસલમાનોની સર્વસંમતિના વિઢધ્ધ ન કરે, પોતાનો અલગ રસ્તો ન બનાવે, એટલા માટે કે મુસલમાનોની જમાઅતથી નીકળ વાવાળો ઈસ્લામથી નીકળી જાય છે. (આષારુલ હદીષ ૧, જિલ્દ)*

મૌદૂદી કહે છે : એ કાર્યો જેના માટે હુઝૂર ﷺ એ કોઈ યક઼ીની હુકમ ન આપ્યા, ન હદો અને ઉસૂલને નિશ્ચિત કર્યા છે તેમાં ઈસ્લામની સ્પ્રિટ અને તેના સામાન્ય ઉસૂલોને ધ્યાનમાં રાખી જરૂરત પ્રમાણે કાનૂન બનાવી શકીએ છીએ, કેમ કે એ વિષે કોઈ હુકમ ન હોવો જ એ વાતની દલીલ છે કે હુઝૂર ﷺ એ ઈમાનવાળાની સારી સમજ પર ફેંસલો છોડેલ છે. *(ખિલાફ઼તો મુલૂકિયત, પેજ–૪૩)*

લો ! અમે દલીલો પૂરી કરી. ફેંસલો વાંચકોએ કરવાનો છે કે એમને કયો રસ્તો પસંદ છે ? દોઝખની આગથી બચવા માટે તરીક઼ા પર ચાલવું પડશે, અને ત્યારે જ શકય છે કે સહાબાએ કિરામ અને બીજી બધી જ ઉમ્મતની જેમ આપણે પણ બિદઅતે હસનાની જરૂરત અને એને સારી હોવાનું માનવા લાગીએ. દરેક નવી વાતને ગુમરાહી ન સમજીએ અને આવુ સમજી આખેરત બરબાદ ન કરીએ.

હૂઝૂર ﷺ પછી સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ ઘણા સારાં કામો કર્યા દા.ત. કુર્આન ભેગું કરવું, જમાઅત સાથે તરાવીહને રિવાજ આપવું વિગેરે, એ જ તરીક઼ા પર ચાલી ત્યાર પછી બીજા સારા કાર્યોને રિવાજ મળ્યો. કુર્આન પર એઅરાબ (ઝબર–ઝેર–પેશ વિગેરે), તક઼લીદે શખ્સી, સરફ તથા નહવ અને છ કલમા વિગેરે જો આ બધાં કાર્યોને પાછળથી પૈદા થયેલને **مَن احدث فى امرنا هذا ماليس منه فهوردٌ** આ હુકમથી રદ ન કરવામાં આવ્યાં, કેમ ? એ માટે કે આ કાર્યોને મુસલમાનોએ સારાં સમજ્યાં છે અને એમની સાચી સમજમાં જ દીન છે. આ કિતાબ તથા સુન્નતને ફેલાવવાનો સબબ છે. અને આ કાર્યો શરીઅત પ્રમાણે છે અને ઉમ્મતનો આ કાર્યો પર અમલ છે. આ જ મુસલમાનોનો રસ્તો છે.★ હવે કયો

★ *વિરોધીઓના મુફ્તીએ આ'ઝમની ભરોસાપાત્ર તફસીર મઆરેફુલ કુર્આન ભાગ–૧ પેજ ૩૭૨–૩૭૩ આયત નં–૧૪૩ સૂરએ બક઼રહ* **وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ** *માં ઈમામ હસાસથી આપે ફર્માવ્યું, આ આયતમાં એ વસ્તુની દલીલ છે કે દરેક સમયના મુસલમાનોનો ઈજમાઅ ભરોસાપાત્ર છે. ઈજમાઅનું હુજ્જત (દલીલ) હોવું ફક્ત સહાબાએ કિરામ અથવા કોઈ એક જમાના સાથે ખાસ નથી, કેમ કે આયતમાં બધી જ ઉમ્મતને સંબોધન છે.*



હુકમ રોકવાવાળો છે જે તમે લોકો આ રીતે શંકામાં છો ? સારી રીતે યાદ રાખો ! હક઼ીક઼તથી આંખો ફેરવવી અને સચ્ચાઈથી ફરી જવું મુસલમાનોનો માર્ગ નથી, જ્યારે ભલાઈની પ્રાપ્તિ માટે મુસલમાનોના રસ્તા પર ચાલવું ખૂબ જ જરૂરી છે અને એ રસ્તા પર ચાલવું અક઼ીદા અને અમલ બધામાં જ ભરોસાપાત્ર છે.

## ★ અમુક વાંધાઓનું પરીક્ષણ ★

બિદઅત વિષે અમુક દોસ્તોના દિમાગમાં અમુક સવાલો આવ્યા કરે છે, એને વિસ્તારપૂર્વક રજૂ કરીએ છીએ. અમે સવાલને "શંકા"નું નામ આપ્યું છે. અને જવાબ માટે "નિવારણ" શબ્દનો ઉપયોગ કર્યો છે.

**શંકા નં. ૧ :** શું એ બરાબર છે કે બિદઅત તો દરેક હાલમાં બિદઅત છે, ચાહે એના શરૂ થવાનો સમય ખબર હોય કે ન હોય ?[૧]

**નિવારણ :** જો મુરાદ એ છે કે બિદઅતે હસના અને સય્યેઆનો તાલ્લુક કોઈ સમયના શરૂ થવા સાથે નથી, એનો આધાર તો શરીઅત પ્રમાણે અથવા શરીઅતની વિરૂધ્ધ હોવા સાથે છે, તો આ અમારા દાવાના સાચા હોવાની દલીલ છે જેનું સારું હોવું અમે સારા અને ખરાબ હોવાના આધાર પર સાબિત કરી ચૂક્યા છીએ.

અને જો સવાલ પૈદા કરવાવાળા (નિલ્વી)ની નજરમાં બિદઅતે હસના અને સય્યેઆ ચાહે શરીઅત પ્રમાણે હોય કે શરીઅત વિરૂધ્ધ, કોઈ પણ સમયમાં શરૂ કરવામાં આવે એ બુરી બિદઅત જ છે. તો એના પર દલીલ આપવી એમની જિમ્મેદારી છે. આ લેહાજથી ફુઝૂલખર્ચી તરફ શરૂ કરવાની નિસ્બત અને શર્ત ખોટી સાબિત થઈ[૨]. એટલા માટે કે દરેક હાલતમાં કોઈ અપવાદ નથી. જેથી કોઈ નેક આદમીના રિવાજ આપેલ કાર્યને બરાબર (દુરુસ્ત) કહેવામાં આવે.

**૧.** *કિતાબ ઈદે મીલાદુન્નબી ﷺ ઓર ઉસ્કી શરઈ હૈસિયત, લેખક ! મોલવી મુહમ્મદ હુસૈન નિલવી. (કુલ ૧૨ પાનાં છે.)*

**૨.** *ઉપર જણાવેલ કિતાબમાં નિલવી સાહબની આ શર્ત પણ મનઘડત છે.*

જયારે એને શરૂ થવાનો સમય એમની નજરમાં સારા અને બુરા હોવાની દલીલ નથી તો પછી એનો શું મતલબ કે શાહે અરબલે ફલાણા સમયમાં એને રિવાજ આપ્યો અને આ રીતે આ શર્ત પણ ખોટી સાબિત થાય છે. બીજુ કે શરૂ થવાના સમયથી અસંબંધિત હોવું અલગ વાત છે અને શરૂ થવાના સમયથી અજાણ હોવું અલગ વાત છે : આટલુ ખબર ન હોવું એ ઈલ્મથી અજાણ[1] હોવું છે અને અજાણ હોવું જહાલતની દલીલ છે. વિના ઈલ્મે કોઈ પણ શરૂ કરવામાં આવેલ હુકમ કિતાબ તથા સુન્નતથી વિઢધ્ધતા અને હુઝૂર صلی اللہ علیہ وسلم થી ભરોસો ન હોવું જાહેર કરી ગુમરાહી ઠરશે. કેમ કે હદીષે પાકમાં છે : ''વિના ઈલ્મે ફતવો આપશે ગુમરાહ થશે ગુમરાહ કરશે. *(મિશ્કાત, કિતાબુલ ઈલ્મ)*

અને કુર્આનમાં છે : فَسۡـَٔلُوۡۤا اَهۡلَ الذِّكۡرِ اِنۡ كُنۡتُمۡ لَا تَعۡلَمُوۡنَ એટલે હુકમ એ છે કે જે આદમી નથી જાણતો એ જાણકારથી સવાલ કરે.

હવે ઈલ્મ ધરાવનાર તો જણાવી દેશે પરંતુ જે શખ્સ અજાણ અને જાહિલ હોય એ શું બતાવશે ? એટલે આ સવાલ તદ્દન અમાન્ય છે.

**શંકા નં. ૨** : શું 'જંગ' પેપરના મુફતીની આ વાત બરાબર છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمના જમાનામાં અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના જમાનામાં જે અમલ દીનના રૂપે ન હતો એને દીન સમજી કરવું બિદઅત છે ?[2]

---

*૧. કારી તય્યબ મોહતમિમે દેવબંદ કહે છે : કોઈ વસ્તુનુ ઝિક્ર ન હોવું અથવા આપણી અજાણતા એના સાબિત ન હોવાની દલીલ નથી બની શકતી, ખાસ કરીને આપણી અજાણતા ન તો શરીઅતની નજરમાં દલીલ છે, ન તો અક્લની નજરમાં. (કલ્માએ તૈયેબહ, ૧૦૭)*

*૨. જંગ મેગેઝીન રાવલપિંડી ૧૫, નવેમ્બરથી ૨૫ નવેમ્બર*

*આમ તો ચૌદવી સદીની પૈદાવાર આ ચિલ્લા કરવાવાળી 'તબ્લીગી જમાઅત' પણ બિદઅત જ થઈ અને જમાઅતના સરદાર મોલ્વી ઈલ્યાસનો તબ્લીગનો તરીકો પણ. મોલ્વી ઈલ્યાસે જાતે જ કહ્યું કે તાલીમ તો (અશરફઅલી થાનવી)ની હોય અને તબ્લીગનો તરીકો મારો હોય. (મલ્ફૂઝાતે ઈલ્યાસ) તા'લીમ અને તાલીમના તરીક઼ાથી તો કોઈ એક પણ તો હુઝૂર صلی اللہ علیہ وسلم અથવા સહાબાએ કિરામથી મનસૂબ નથી અને સહાબાએ કિરામથી ત્રણ દિવસના ચિલ્લાવાળી તબ્લીગ કોઈ જગાએ સાબિત પણ નથી.*

*અને મોહક્કિક઼ે દૌરા ડોકટર મુહમ્મદ મસઊદ અહમદ સાહબના પ્રમાણે તબ્લીગીઓનું રાઈવન્ડમાં અરફ઼ાતમાં ભેગા થતા (ઈજતેમા)ની નક઼લ કરવું અને શરઈ તકલ્લુફ વિના લોકોને દરેક વર્ષે ભેગું કરવું પણ બિદઅત છે. (જાને–જાનાં, પેજ–૧૩૭)*



**જવાબ** : બિદઅતની ઉપર જણાવેલ વ્યાખ્યા (ઓળખ) અમુક કારણોથી ખોટી છે.

**(૧)** જો આ વ્યાખ્યા દીની કાર્ય છે. (ગૈર દીન નથી) તો એનું ઝિક્ર કરેલ સમયમાં હદીષથી સાબિત કરવું જરૂરી છે, જયારે કે એવી કોઈ રિવાયત નથી. તો આ વ્યાખ્યા જાતે જ બિદઅત સાબિત થઈ.

**(૨)** એમની જમાઅતના મુફતીએ આ'ઝમ મુહમ્મદ શફીઅ કરાચવી કહે છે : નવુ કામ એક રીતે ઈબાદત પણ હોય શકે છે અને એ સમયમાં ન હોવા છતાં બિદઅત પણ નથી. જયારે મુફતીએ જંગ દરેક કામને બિદઅત કહેવા પર અડી ગયેલા છે અને આવુ કહેવું એમના મુફતીએ આ'ઝમની નઝદીક ખોટુ છે જુઓ એમના મુફતીએ આ'ઝમ કહે છે : રિવાજ પામેલ ઈસ્લામી મદ્રસાઓ અને તાલીમ માટે તબ્લીગી કમિટીઓ અને દીન ફેલાવવાવાળા ઈદારાઓ (પ્રચારક ઈદારાઓને દીની કહી દીધા) અને કુર્આનને તથા હદીષ સમજવા માટે સર્ફ તથા નહ્વ અરબી અદબ અને ઉચ્ચ કક્ષાની અરબી ભાષા શીખવાની કલા, અથવા ઈસ્લામ વિરોધી ફ઼િર્ક઼ાઓના રદ કરવા માટે મંતિક તથા ફિલોસોફીની કિતાબો, અથવા યુધ્ધ માટે નવા હથિયારો, નવા યુધ્ધના તરીકાની તાલીમ વિગેરે આ હુઝૂર صلی اللہ علیہ وسلم અને સહાબાએ કિરામના સમયમાં મૌજૂદ ન હતા★, છતાં એને બિદઅત નથી કહી શકતા. એટલા માટે કે એનો સબબ તથા દાવત આપવાનો તરીકો તથા જરૂરત હુઝૂર صلی اللہ علیہ وسلمના સમયમાં ન હતી. *(સુન્નતો બિદઅત, પેજ–૧૨)*

જેથી સવાલમાં જણાવેલ બિદઅતની વ્યાખ્યા ખોટી સાબિત થઈ

---

*★ આમિર ઉષ્માની ફ઼ાઝિલે દેવબંદ કહે છે : પોતાનો કોઈક નવો ઈબાદતનો તરીકો શરૂ કરી એ સાબિત કરવું કે અલ્લાહની બતાવેલ ઈદબાત પૂરતી નથી, અલ્લાહના ગઝબને ભડકાવવાનું કારણ છે. (બિદઅત ક્યા હૈ –૧૧૮)*

*પરંતુ શું કરીએ એમના મુફતી તો એમના કહેવા પ્રમાણે અલ્લાહ جل جلالہ ના કેહરો ગઝબને ભડકાવી દુનિયાથી ચાલ્યા ગયા ! જીવીત હોત તો જાતે તૌબા કરતા અથવા આમિર ઉષ્માનીની ખોટા ફ઼ત્વા માટે બુરાઈ કરતા, સારાંશ કે બેમાંથી એક યક઼ીની રીતે હક્ક઼થી વિઢધ્ધ કરી જરૂર જાન આપી ચૂકયો છે.*

અને એમના જ મુફતીએ આ'ઝમે ઉપર વર્ણન કરેલ અમુક કાર્યોને હુઝૂર ﷺના સમયમાં ન હોવા છતાં ઈબાદત અને દીની પણ બતાવ્યું અને એના બિદઅત હોવાનો ઈન્કાર પણ કર્યો.

**(૩)** આ વ્યાખ્યા પ્રમાણે સહાબાએ કિરામના સમયમાં જે અમલ દીનમાં ન હોતો એને દીન સમજી કરવું બિદઅત છે. જ્યારે કે **نعمت البدعة هذا**ના પ્રમાણે એ સમયે જે અમલ દીનની રીતે હતા એની ગણત્રી પણ બિદઅતમાં કરવામાં આવી. એ રીતે પણ આ વ્યાખ્યા ખોટી સાબિત થઈ.

હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે :–

''જે નવી નવી વાતો ખોલફાએ રાશેદીને પોતાના સમયમાં ચાલુ કરી એ ભલે હુઝૂર ﷺના સમયમાં ન હતી બિદઅત કહેવાશે, પરંતુ એ બિદઅતે દલાલા (ગુમરાહ કરવાવાળી) નથી, બલ્કે બિદઅતે હસના★ હશે.'' *(અશિઅતુલ લમ્આત,, ૧/૪૨૨)* સૈયદના ફારૂક઼ે આ'ઝમ તો પોતાના સમયના નવા કામને બિદઅત (**نعمت البدعة**) ફર્માવે છે, પરંતુ મુફતીએ જંગ (''જંગ'' અખ્બારના મુફતી)એ સાબિતીને સામાન્ય ગણે છે.

સહાબાએ કિરામના વિરોધી મુફતી સાહબ **مَا اَنَا عَلَیۡهِ وَاَصۡحَابِیۡ**ની પેરવી કરવાવાળા ન રહ્યા એટલા માટે આવી નાજાઈઝ વાત કહેવાવાળાએ જરૂર તૌબા કરી લેવી જોઈએ. હઝરત સદરૂલ અફાઝિલ عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان 'ખઝાઈનુલ ઈર્ફાન'માં આયત નં. ૫૮ના હેઠળ ફર્માવે છે : ''ખુલ્લમ ખુલ્લા ગુનાહની તૌબા ખુલ્લે આમ થવી જોઈએ.''

**ફાયદો** : **اِنَّ اللّٰهَ یُحِبُّ التَّوَّابِیۡنَ** ''બેશક ! અલ્લાહ તૌબા કરવાવાળાઓને દોસ્ત રાખે છે.'' *(સૂ. બકરહ–૨૨૨)*

આશ્ચર્ય છે કે જે લોકો ચારેવ મઝહબને બરાબર માને અને તકલીદે

★ *દેવબંદી આલિમોની ભરોસાપાત્ર કિતાબમાં લખેલ છે : આ સમયમાં ઘણું જરૂરી છે કે ચારેવ ઈમામોમાંથી કોઈ એકની તકલીદ કરવામાં આવે, બલ્કે વાજિબ છે. (અલુમહન્નદ–૩૨)*



શખ્સીને વાજિબ માને★ એ જ એવો બનાવટી કાયદો બનાવી લે જેને ન તો અક઼લ બરાબર માને છે ન તો નકલ (રિવાયત) બરાબર જાણે છે. જ્યારે કે એમને સારી રીતે જાણકારી છે કે ચારેવ મઝહબ અને તક઼લીદે શખ્સી વિગેરે ઉપર જણાવેલ કામો એ સમયમાં ન હતાં. હવે તો એ લોકોએ જ બતાવવું રહ્યું કે આ કામો દીની છે કે નહીં ?

**ખુલાસો** : દારુલ ઉલૂમ દેવબંદના ભૂતકાળના મોહતમિમ જનાબ ક઼ારી મુહમ્મદ તૈયબ ફર્માવે છે : ઘણા બધા પાયાની રીતે જાઈઝ કાર્યો જેનો સહાબાએ કિરામના સમયમાં અમલ કરવામાં ન આવ્યો, પરંતુ બુનિયાદી રીતે જાઈઝ હોવાના લઈને જાઈઝ છે, અને ઘણા બધા ઈજતેહાદી મસાઈલ જે સહાબાએ કિરામના સમયમાં અમલમાં તો શું જાણકારીમાં પણ ન હતા છતાં કોઈ શરઈ ઉસૂલના ઝરીઆ સંશોધન થયું તો એને નાજાઈઝ નહીં કહેવામાં આવે કે સહાબાએ કિરામનો એના વિશે અમલ ન હતો કે અમલ તો શું જાણકારીમાં પણ ન હતી. ખુલાસો એ કે એવાં જાઈઝ મસાઈલ પર જયારે પણ ઉમ્મત અમલ કરવા લાગે એને એ અમલ કરવાનો હક્ક઼ છે અને એ અમલ શરઈ (દીની) થઈને જ અદા થશે. *(કલ્માએ તૈયેબહ, પેજ–૧૧૦)*

**શંકા નં. ૩** : શું એ વાત બરાબર છે કે ખુલફાએ રાશેદીનના કોઈ અમલને ન તો બિદઅત કહેવાશે ન સમજવામાં આવશે ? બલ્કે ખુલફાએ રાશેદીનનો તરીક઼ો પણ અમલ અને તક઼લીદ કરવા લાયક છે. જો કોઈ શખ્સ ખુલફાએ રાશેદીનના કોઈ અમલને બિદઅત (નવુ કાર્ય) કહે છે અથવા સમજે છે તો એ સિવાય શું કહેવામાં આવે કે એ શખ્સ હુઝૂર ﷺની હદીષથી અજાણ છે, અથવા પોતાની જાતને ખુલફાએ રાશેદીનથી વધીને નહીં તો બરાબર સમજે છે. *(ઈઝહારે હકીકત, પેજ–૪)*

**નિવારણ** : ઈઝહારે હક઼ીક઼ત લખવાવાળાએ ખુલ્ફાએ રાશેદીનના કોઈ અમલને બિદઅત કહેવા અથવા સમજવાવાળાને હુઝૂર ﷺ ના ફરમાનથી અજાણ બતાવ્યો છે અને એવું હુઝૂર ﷺ નું ફર્માન બયાન

★ *સહાબા અને તાબઈનના સમયમાં કોઈ એક ઈમામની તક઼લીદે શખ્સી વાજિબ (જરૂરી) ન હતી. (તક઼લીદકી શરઈ હૈસિયત, પેજ–૭૮)*

પણ ન કર્યું. જ્યારે કે એવું હુઝૂર ﷺ નું ફર્માન સાબિત હોય તો એને છુપાવવું બરાબર નથી, જણાવવું જરૂરી છે, એટલા માટે કે હક઼ીક઼તને જાહેર કરી રહ્યા છે. હવે અજાણ કોણ છે એ અમે જણાવીએ છીએ, ફેંસલો પઢવાવાળા પર છોડયો.

બીજા સવાલના જવાબ સિવાય પણ સુન્નતે ખોલફાએ રાશેદીનની ચર્ચામાં અમે ઘણા વિસ્તારપૂર્વક એ વાત સાબિત કરી ચૂક્યા છીએ કે نِعْمَتِ الْبِدْعَةُ هٰذِهٖમાં હઝરત ફારૂકે આ'ઝમ પોતાના ચાલુ કરેલ અમલને બિદઅત (હસના) કહી ચૂકયા છે. બસ, પોતાના અમલને બિદઅત (હસના) કહેવું ખલીફએ (બીજા ખલીફા)ની સુન્નત છે.

હવે એ સુન્નતને માનવી અને એના પર અમલ કરવો જોઈએ કે નહી એ વિષે હુઝૂર ﷺ નું ફર્માન જુઓ : "તમારા પર મારી અને ખુલફાએ રાશિદીનની સુન્નત (તરીક઼ા) જરૂરી છે." *(મિશ્કાત)*

જેથી, ખુલફાએ રાશેદીનમાંથી બીજા ખલીફાના આ અમલને બિદઅત (હસના) કહીએ અથવા સમજીએ તો એ એમની સુન્નત પર જ અમલ થશે અને અમલ કરવાવાળાઓનું હુઝૂર ﷺ ના ફર્માનથી જાણકાર હોવું પણ અને વિરોધ કરવાવાળાઓની જહાલત તરફ પણ નિર્દેશ થશે.

એ સિવાય ખુલફાએ રાશેદીનના કોઈ અમલને બિદઅત (હસના) સમજવાવાળા વિશે આવુ કહેવું કે આવો માણસ પોતાને ખુલફાએ રાશેદીનથી વધીને નહીં તો બરાબર સમજે છે, અક઼લી રીતે બરાબર નથી. દરેક અક્ક઼લવાળો જાણે છે કે બરાબરીનો ઈરાદો રાખવાવાળો શખ્સ સામેવાળાની વાત માન્ય નથી રાખતો અને ન તો એણે રિવાજ આપેલ વાત અને અમલને જાઈઝ માને છે, એ ભલે દેખાડવા માટે તક઼લીદને પાત્ર હોવાનો ઢંઢેરો પીટતો રહે, અમલ કરવામાં ઈન્કાર કરી દે છે. અને અહીં નકારવું કોનાથી જાહેર થયું ? વર્ણન કરવાની જરૂરી નથી.

અને સાચી વાત એ જ છે જે બીજા ખલીફાએ જાતે બયાન કરી છે. હવે આ હક઼ીક઼તને નકારવાને પણ કોઈ "ઈઝહારે હક઼ીક઼ત" કહી દે તો



શું આંખોમાં ધૂળ નાખવાની વાત નથી ?

**શંકા નં. ૪** : મુફતીએ જંગનું એ કહેવું ક્યાં સુધી બરાબર છે કે બિદઅતી★ પર્દામાં રહી નબુવ્વતનો દાવો કરે છે અને એવું પણ કહે છે, કે હુઝૂર પૂરો દીન લઈ નથી આવ્યા ! *(જંગ મેગેઝિન, ૧૯ થી ૨૫ નવેમ્બર, ૧૯૮૨)*

**નિવારણ** : આ સવાલ પણ એક ધોકો છે. કિતાબ તથા સુન્નતથી કોઈ પણ દલીલ એની સાબિતીમાં ન જણાવવામાં આવી, બલ્કે સાબિત જ નથી. જ્યારે કિતાબ તથા સુન્નતમાં આ વાત મૌજૂદ જ નથી તો એને ચાલુ કરવાનો મક઼સદ શું છે ? જાણે કે એ લોકો દીનમાં આ વિષયના ફત્વાની કમી સમજી અને પોતાની વાત પ્રમાણે અધુરા દીનને પૂરો કરવાનાં કાર્યમાં લાગેલ છે ! મઆઝલ્લાહ !

**(૨)** نِعْمَتِ الْبِدْعَةُ هٰذِهٖ એટલે જમાઅત સાથે તરાવીહને રિવાજ આપવાવાળા જાતે બીજા ખલીફા છે, તો શું એમણે આ અમલ શરૂ કરી

---

★ *આ મુફતી સાહેબે પર્દામાં રહીને કેવી રીતે જોઈ લીધું ? શબ્દ "દર પર્દા" ઈલ્મે ગૈબના દાવાની તરફ ઈશારો છે, જો એવુ નથી તો જૂઠ હોવાથી ખાલી નથી. એ જ મુફતી સાહબના હક઼ીમુલ ઉમ્મત મૌલાના અશરફ અલી થાનવી અલ એઅરાફ ૧૨ ની તફસીરમાં લખે છે : એટલે "લોકોના અમલ અને અખ્લાકમાં છુપાએલી વાતો ન તલાશ કરો, બલ્કે જાહેરી રીતે ઉપરી રીતે જે કાર્ય કોઈથી સારું થયું હોય, એના સારા હોવા પર યક઼ીન કરો, છુપાયેલી હાલત અલ્લાહના હવાલે કરો" ખબર નહીં મુફતી સાહબ સુધી આ શબ્દો પહોંચેલ છે કે નહીં !*

***જિન્કો અપની ખબર નહીં અબ તક – વો મેરે દિલકા રાઝ જાને***

*હવે જોઈએ છીએ આ મુફતી ઉલઝન અને અજાણતાથી બચવા માટે આ શબ્દોથી તૌબાની જાહેરાત કયારે કરે છે ?! એટલા માટે કે થાનવીની નજરમાં આવી જીદ સારી વાત નથી.*

*અને હુઝૂર ﷺ પણ દિલની છુપી વાતો પર હુકમ લગાડવાથી ન ફક્ત રોકયા છે બલ્કે એની હિંમતને તોડવાવાળુ ફરમાન બયાન કર્યું છે. હઝરત ગિઝાલીએ દૌરાંએ લખેલ હદીષેપાક સાંભળો ! "તેં એનું દિલ ફાડી કેમ ન જોઈ લીધું કે તને જાણકારી મળી જાત કે એણે દિલથી કલમો કહ્યો છે કે નહીં ?!" મુસ્લિમ શરીફ (તસ્રીહુલ મક઼ાલ પેજ–૬)*

કોઈ નબુવ્વતનો દાવો કર્યો છે ? અથવા દીનને અધૂરો સમજ્યો છે ?! (મઆઝલ્લાહ) નહીં ! બલ્કે એમણે مَنۡ سَنَّ فِی الۡاِسۡلَامِ سُنَّةً حَسَنَةَના પ્યારા ફર્માનની રોશનીને પોતાનો અમલ બનાવ્યો છે. પછી આ હદીષ પણ સારા તરીકાને પૈદા કરવાવાળાને નબી હોવાનો મર્તબો નથી આપતી બલ્કે ફક્ત સવાબનો વાયદો કરે છે. બસ, જો કહી દેવામાં આવે કે બિદઅતી (કોઈ પણ બિદઅત કરવાવાળો) પર્દામાં રહી નબી હોવાનો દાવો કરે છે, તો આપણા નઝદીક એ જનાબ ફારૂકે આ'ઝમ અને બીજા સહાબાએ કિરામ પર ફક્ત ઈલ્ઝામ અને તોહમત છે અને એવામાં આયતે કરીમા اَلۡیَوۡمَ اَکۡمَلۡتُ لَکُمۡ دِیۡنَکُمۡ પર એમનું ઈમાન સાબિત કરવું શકય નહીં રહે. તો આ પ્રકારની હિમ્મત એ જ મુફતી કરી શકે છે. કેમ કે એનાથી પહેલા સવાલમાં પણ એ સહાબાએ કિરામનો વિરોધ કરી ચૂકયા છે. (અને એ તૌબા કરવાથી બે ફિકર થઈ બેઠેલ છે) હવે સહાબાના વિરોધથી વધારે બદનસીબી શું હોઈ શકે છે ?! હુઝૂર صلی الله علیه وسلم એ ફર્માવ્યું, عَلَیۡکُمۡ بِسُنَّتِیۡ وَسُنَّةِ الۡخُلَفَآءِ الرَّاشِدِیۡنَ الۡمَهۡدِیِّیۡنَ જેથી આ સુન્નત પર વાંધો ઉઠાવવું અને એનાથી પીઠ ફેરવવી હુઝૂર صلی الله علیه وسلم ની શરીઅતમાં તો જાઈઝ નથી, બીજી કોઈ જગાએ હોય તો અમારી જાણકારીમાં નથી ! અલ્હમ્દુલિલ્લાહ ! અમારી આ થોડી દલીલોથી જંગ અખ્બારના લખાણની ધોકાબાજી બપોરના સૂરજની જેમ જાહેર થઈ ગઈ.

**વાંધો** : બિદઅતે હસનાના નામ પર જે તરીક઼ા દીન તથા ઈસ્લામી નિશાનીઓમાં કાઢવામાં આવ્યા એ તરીક઼ા ઈસ્લામના શરૂના અન્સાર તથા મુહાજિરના રસ્તાથી હટાવે છે કે નહીં ? અને બિદઅતે હસના પર અમલ કરવાથી શું ઈસ્લામના શરૂના અન્સાર અને મુહાજિરની પેરવી થઈ શકે છે ? *(ઈઝહારે હક઼ીક઼ત, પેજ–૬)*

**પરીક્ષણ** : એ તો તમે જાણી લીધુ હશે કે ફારૂક઼ે આ'ઝમે જમાઅત સાથે તરાવીહને શરૂ કરી અને એને બિદઅતે હસના نعمت البدعة પણ જાતે જ ફર્માવ્યું જેના પર તે સમયના બધા જ અન્સારી અને મુહાજિર સહાબાએ કિરામે અમલ કર્યો. સહાબાએ કિરામના આ ખૂબસૂરત



તરીક઼ા અને અમલથી એ વાત બિલ્કુલ સાબિત થઈ ગઈ કે બિદઅતે હસનાના નામથી સારા તરીક઼ા અન્સાર તથા મુહાજિરના રસ્તાથી હટાવતા નથી પરંતુ એ લોકોના રસ્તા પર ચલાવે છે. જેથી, એમના રસ્તા પર ચાલવા એટલે એમની પૂરી પેરવી કરવા માટે બિદઅતે હસના ''જમાઅત સાથે તરાવીહની નમાઝ'' વિગેરે પર અમલ કરવો જરૂરી થયો. બીજી રીતે પેરવી શક્ય નહીં બને, પરંતુ એ જ હક઼ીક઼ત થશે જેનો ઈઝહાર 'ઈઝહારે હક઼ીક઼ત' લખવાવાળા કરી રહ્યા છે.

**શંકા નં. ૫** : શું અમુક લોકોનું આવુ કહેવું બરાબર છે કે, ''ઈસ્લામમાં નવા તરીકાને પૈદા કરવાને બિદઅત કહેવામાં આવે છે ? આલમે અસ્બાબની વસ્તુઓને બિદઅત કહીશું નહીં .*(ઈઝહારે હક઼ીક઼ત પેજ–૭)*

**નિવારણ** : અલ્લાહ جل جلاله એ આલમે અસ્બાબ (ઝરીયાઓ) બનાવ્યા અને પોતાનું નામ 'બદીઅ' ફર્માવ્યું.

જુઓ કુર્આનમાં છે : بَدِیۡعُ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ ''વિના નમૂને આસમાનો અને જમીનને બનાવવાવાળો.''

તો જ્યારે અલ્લાહ ત્આલાએ આલમે અસ્બાબને બનાવ્યું અને ખૂદને બદીઅ ફર્માવ્યું, એ તો એ લોકોનો આલમે અસ્બાબ ન રહ્યો બલ્કે એ લોકોથી કુર્આનની મુખાલેફત (વિરુધ્ધ) પણ થઈ. હદીષમાં છે : ''દરેક નવી વસ્તુ બિદઅત છે ?'' આ દરેક નવી વસ્તુમાં આલમે અસ્બાબની નવી વસ્તુઓ અને બીજા કાર્યો તમામ સામેલ છે. સાંભળો ! મુફતી અહમદ યારખાં નઈમી رحمة الله علیه ફર્માવે છે : દીની કાર્યની શર્ત રાખવી ફક્ત પોતાના તરફથી છે. સહીહ હદીષો, ઓલમા, ફુક઼હા અને મોહદ્દિષોની વિરુધ્ધ છે. *(મિશ્કાત)* '' દરેક નવુ કાર્ય બિદઅત છે.'' એમાં દીની અને દુનિયાવીની કોઈ શર્ત નથી. *(જાઅલ હક઼્ક઼–૧/૨૨૩)*

ઈમામ ગિઝાલીએ પણ અહયાઉલ ઉલૂમમાં પૂર્વજ બુઝુર્ગોનો આ કૌ઼લ દર્શાવેલ છે : ચાર વસ્તુઓ બિદઅત છે જેનુ વજૂદ હુઝૂર صلی الله علیه وسلم ના સમય પછી થયું, ખાવાની મેજ અને ખુરશીઓ, ગરણી, સ્નાન,

પેટ ભરી ખાવું આ વર્ણન કર્યા પછી લખે છે કે ભલે દસ્તરખાન પર ખાવું સારુ છે, પરંતુ એનો એ મતલબ નથી કે ખુરશી પર ખાવું મકરુહ અને હરામ છે, કેમ કે આ પ્રકારનો કોઈ હુકમ શરીઅતમાં નથી.

જે ચાર વસ્તુઓને બિદઅત કહેવામાં આવી છે તે બધી જ સરખી નથી. *(અલ્ ગિઝાલી, પેજ–૬૭, અલ્લામા શિબ્લી)*

કહો કિતાબ તથા સુન્નત અને ઓલમાના ખુલાસાઓની સામે તેમનું આલમે અસ્બાબની નવી વસ્તુઓને બિદઅત માનવાથી ઈન્કાર કરવું શું મતલબ રાખે છે ? મતલબ કે સવાલ તદ્દન પાયા વિહોણો છે. સવાલ કરવાવાળા કયાં તો એક આંખે જોવાવાળા છે અથવા તદ્દન જાહિલ અને ઈલ્મ તથા અકલથી ખાલી છે, નહીં તો કિતાબ તથા સુન્નતનો વિરોધ ન કરતા.

**શંકા નં. ૬** : ઈદારાએ ઈસ્લામિયાત–લાહોરના એક મોહક્કિક઼ કહે છે, બિદઅતથી મુરાદ એ જ કામો હોય શકે છે જે જોવામાં દીની કામ જણાતાં હોય પરંતુ દીનમાં એનો હુકમ ન આપવામાં આવ્યો હોય. *(બિદઅત ક્યા હૈ ?, પેજ ૨૨૦–૨૨૧)*

**નિવારણ** : આ સવાલમાં બે ઉસૂલને બનાવવામાં આવ્યા છે :–

**૧.** બિદઅતથી મુરાદ એ જ ઉસૂલ છે જે દીની લાગતા હોય.

**૨.** જેને કરવાનો હુકમ ન આપવામાં આવ્યો હોય.

જ્યાં સુધી પહેલા ઉસૂલની વાત છે, તો એનો રદિયો એનાથી ઉપરના સવાલમાં જ છે, જોઈ લો. હવે રહ્યો એમનો બીજો ઉસૂલ, તો એનું બનાવટી હોવું હમણા જ ખુલી જશે. તમે અમારી વાતોને ધ્યાનપૂર્વક સાંભળો. كُلُّ مُحْدَثَةٍ بِدْعَةٌ હદીષમાં છે. અને સવાલ કરવાવાળા ઉષ્માની સાહેબના લખાણમાં પણ પેજ–૨૧૮માં લખવામાં આવી છે તમે કહો, આ હદીષમાં કોઈ જગ્યાએ કોઈ ઈહદાસ એટલે નવા કાર્યના માટે હુકમ હોવા અથવા ન હોવાનું વર્ણન છે ? كُلُّ مُحْدَثَةٍ بِدْعَةٌનો તો એ મતલબ છે કે "દરેક નવું કામ બિદઅત છે." એટલે એમાં કોઈ હુકમનું કોઈ જગ્યાએ વર્ણન નથી એટલા માટે ઉષ્માનીનું એ કહેવું કે



જે કામને કરવાનો હુકમને આપવામાં આવ્યો હોય તે બિદઅત છે એ એક બનાવટી વાત અને હદીષે પાકમાં બદલાવ કરવું છે.

એ સિવાય તમે શરૂમાં એક હદીષ જોઈ : **"જે કોઈ ઈસ્લામમાં સારો તરીકો પૈદા કરે એને એનો સવાબ છે."** અહીં પણ કોઈ કામ અને નવા તરીક઼ા માટે હુકમની શર્તનું વજૂદ નથી, બલ્કે દરેકને ઈજાઝત છે. ફર્માવ્યું, "જે કોઈ સારો તરીકો પૈદા કરશે સવાબ મળશે."

જ્યારે આમિર ઉષ્માની પ્રમાણે તો કોઈ પણ સારા તરીકાના પૈદા કરવાવાળાને ગુનોહ મળવો જોઈએ ! અને આ તો હુઝૂર ﷺ ની ખુલ્લી મુખાલેફ઼ત (વિરોધ) કરવું છે જે ઉષ્માની જેવા કોઈ દેવબંદી ફ઼ાઝિલને જ શોભા આપે છે ! આ બે ખૌફ઼ (ડર વિનાના) લોકો છે, અલ્લાહ ﷻ એમનાથી બચાવે.

અમે આવવાવાળા પેજોમાં એક પાયાવિહોણી શંકા અને જૂઠી શંકાને ખોટી ઠરાવવા પાંચ આયતો ચાર હદીષો સિવાય ઘણા બધા કૌલોને વર્ણન કરેલ છે તે જરૂરથી જોશો, આ સાહેબની બધી જ ધોકાબાજી ખુલ્લી થઈ જશે. ઈન્શાઅલ્લાહ ! અહીં ફક્ત હઝરત સૈયદના ગૌષે આ'ઝમની વજાહતી તસરીહ (સ્પષ્ટતા) રજૂ કરીએ છીએ. તમે વિચારો કે ગૌષેપાક رضی اللہ عنہ ફર્માવે છે "જે કાર્યનો શરીઅતમાં કોઈ હુકમ નથી એ અર્થમાં કે સખ્તાઈથી મના કે વજૂબ (જરૂરી)ના હુકમમાં નથી. બલ્કે બેકાર છે. એમાં બંદાને અધિકાર આપવામાં આવેલ છે, ચાહે એ કરે કે ન કરે બસ, એનું નામ જ મુબાહ (કરવા ન કરવા પર સવાબ કે ગુનો નહીં) જાઈઝ છે. *(ફ઼ુતૂહુલ ગયબ–૩૩)*

કહો જે લોકો મુબાહ અને મુસ્તહબને સમજી ન શકે એમાં દીની સમજબુઝ શું હશે ! અને એટલા માટે જ દીની સમજથી કોરા આ લોકો મુબાહ કામોને પણ બિદઅત કહે છે.

હુઝૂર ﷺ એ ફર્માવ્યું : "વિના ઈલ્મે ફત્વો આપશે, જાતે ગુમરાહ થશે, ગુમરાહ કરશે." એટલે જે જાતે જ ખોટા માર્ગે ચાલી રહેલ છે એમનાથી સાચો રસ્તો મળવાની ઉમ્મીદ રાખવી બેકાર છે.

અમે સારા અને બુરા હોવાના બયાનમાં કોઈ કામના સારા અને બુરાનો આધાર બયાન કર્યો છે. ત્યાં જુવો. અહીં ઉષ્માનીની બેહોશી (પાગલપણા)નો દાખલો જુઓ, જાતે જ પોતાના સવાલનો રદિયો અને અમારી સચ્ચાઈને માન્યતા આપી કહે છે કે, ''કોઈ પણ એવો તરીક઼ો જેમાં દીનના કોઈ હુકમ વિરુધ્ધ ન થતું હોય, એ (કરવાવાળા) માટે જાઈઝ થશે. બિદઅત નહીં કહેવામાં આવે.'' *(બિદઅત ક્યા હૈ ? –૨૧૭)*

એ જ રીતે બીજાં કાર્યો જે શરીઅતના હુકમ વિઢધ્ધ ન હોય અને હુઝૂર ﷺ ના સમયને જોતાં શબ્દકોશમાં બિદઅત (નવુ કાર્ય) હોય એના પર શરીઅતને કોઈ વાંધો નથી. *(બિદઅત ક્યા હૈ ? – ૨૩૭)*

હવે તો ઉષ્માની દેવબંદીના પોતાના લખાણથી ખુલી ગયું કે એમનો સવાલ તદન પાયા વિહોણો, ખુલ્લમ ખુલ્લા શરીઅત વિઢધ્ધ અને તદન મરદૂદ છે.

**શંકા નં. ૭** : મુફતીએ જંગ મૌલાના અબ્દુર્રહમાન (જામેઆ અશરફિયા– લાહોર) કહે છે કે, ''દરેક નવી વસ્તુ જેને દીન સમજી કરવામાં આવે એનાથી બચવુ જરૂરી છે.'' *(જંગ, ૧૯ નવે. થી ૨૫ નવે. ૧૯૮૨)*

**નિવારણ** : મુફતી સાહેબે આ જગ્યાએ પણ ઠોકર ખાધી અને દીન સમજી કરવામાં આવેલ દરેક નવી વસ્તુથી બચવું જરૂરી (ફર્ઝ) લખીને જાતે દીનમાં એક નવા ફર્ઝને સામેલ કરી આપ્યો. જો આ વાત બરાબર હોત તો એના માટે કુર્આન તથા હદીષમાં દલીલ મૌજૂદ હોત, જ્યારે કે કિતાબ તથા સુન્નત આ બનાવટી હુકમથી અલગ છે. જુઓ, જંગ મેગેઝીન ૩ જૂનથી ૯ જૂને ૧૯૮૩ એક સવાલના જવાબમાં આ જ મુફતી જાતે કહે છે : જો ફર્ઝ કહેવું કુર્આન અથવા હદીષમાં ન હોય તો એને ફર્ઝ કહેવું અલ્લાહ ﷻ રસૂલ ﷺ પર ઈલ્ઝામ થશે, જેનો બદલો દોઝખ છે. બંનેવ ફતવાને ફરીથી ધ્યાનપૂર્વક પઢી જાવ. જાતે જ એક કોલમમાં એક ફતવો આપ્યો અને જાતે જ બીજી જગ્યાએ પોતાના ફતવાને રદિયો પણ આપ્યો અને દોઝખની સજા પણ સંભળાવી દીધી ! જો ફતવો શરૂ કરવાના સમયમાં કિતાબ તથા સુન્નતને ફતવાનો પાયો



બનાવ્યો હોત તો આ હાલત ન બનતી. (કે જાતે જ દોઝખી હોવાની કબૂલાત કરવી પડી !)

આ છે ઘરે બનાવેલ શરીઅત ! એક બીજામાં વિરોધાભાસ કરતા ફતાવાઓ મુફતી સાહેબની જાણકારીની અને ફનની ખૂબીઓ વર્ણન કરી રહેલ છે. સવાલમાં રજૂ કરેલ ફતવો કેમ કે કુર્આનમાં કે હદીષે મુતવાતિરમાં નથી, બસ ! એમના જ બનાવેલ ક઼ાયદા પ્રમાણે આ ફતવાથી બચવું ફર્ઝ (જરૂરી) થઈ ગયું. (એટલા માટે કે એક તો આ દીનમાં નવી વસ્તુ થઈ ગઈ અને બીજુ અલ્લાહ ﷻ અને હુઝૂર ﷺ પર ઈલ્ઝામ !) અને મુફતી સાહેબની વાત પ્રમાણે ફર્ઝને છોડવાવાળો એ કારણથી કે એને પણ દીન સમજીને જ શરૂ કરવામાં આવેલ છે.

બીજુ હદીષે પાક مَنْ سَنَّ فِی الْاِسْلَامِ سُنَّةً حَسَنَةً માં શું જે સારી સુન્નત શરૂ થશે એ નવી ચીજ નહી હોય ? બેશક ! થશે, એ માટે કે બદલાયેલ અને જૂની વસ્તુ નવી બનાવવામાં આવે છે. પૈદા (જારી) નથી થતી, તો માનવુ રહ્યું કે એ સારી સુન્નત નવી વસ્તુ છે અને શું ગૈરેદીન (દીન સિવાય બીજી કોઈ વસ્તુ)ને સારી સુન્નત કહી શકીએ છીએ ? નથી કહી શકતા. હવે હદીષ કહે છે, જે સારો તરીકો શરૂ કરી આપે એ સવાબનો હક઼દાર છે. પરંતુ આ મુફતી સાહેબ માનતા જ નથી ! બલ્કે કહે છે કે એનાથી બચવું જરૂરી છે. હુઝૂર આવાં કાર્યો પર ઉભારે છે, અને આ રોકે છે ! એમણે ફર્માબરદારી કરવાની જગ્યાએ વિરોધ કરવાનો જ ભાર ઉઠાવી લીધેલ છે. (નઊઝુબિલ્લાહ !) ભરોસો કરીએ છીએ કે પોતાની ભલાઈ માટે આ ગંદી આદતોથી તૌબા કરી હુઝૂર ﷺ ની ફર્માબરદારીને જિંદગીનો મક઼સદ બનાવી લેશે.

કુર્આન ફર્માવે છે : اَطِيْعُو اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَلَا تُبْطِلُوْآ اَعْمَا لَكُمْ

''અલ્લાહનો હુકમ માનો અને રસૂલની ફર્માબરદારી કરો અને પોતાના અમલને બાતિલ (બેકાર) ન કરો.'' *(પા. ૨૬)*

ફારસી શેઅરનો અનુવાદ : ''મારી તારા સુધી વાત પહોંચાડવાની જિમ્મેદારી છે, ચાહે તું મારી વાતથી નસીહત પ્રાપ્ત કરે ચાહે રંજિદગી.''

**શંકા નં. ૮** : શું બિદઅતી (નવુ કાર્ય કરવાવાળો) અલ્લાહ ﷻ ની લા'નત (અલ્લાહ ﷻ ની રહમતથી દૂરી)નો હક઼દાર હોય છે ? એના પર લા'નત કરવું કેવું છે ?

**નિવારણ** : લઅનતનો મતલબ થાય છે અલ્લાહ ﷻ નું પોતાની રહમતથી દૂર કરી દેવું. *(અશિઅતુલ લમ્આત, ૧/૨૩૭)*

મોલવી રશીદ અહમદ ગંગોહી પોતાના ફતવામાં લખે છે : જે બિદઅતમાં એવી સખત બુરાઈઓ છે એ અક઼ીદામાં બિદઅત છે *(ફતાવા રશીદિયા કામિલ–૧૨૭)* જો બિદઅતથી મતલબ અક઼ીદામાં બુરી બિદઅત હોય તો પછી બિદઅતી પોતાના ખરાબ અક઼ીદાની સાથે ન કે નામ સાથે કોઈ શંકા વિના એવો જ છે. પરંતુ અહીં બિદઅતને વિના શર્તે બિદઅતે હસનાનો રિવાજ આપવાવાળાને (જે સવાબનો હકદાર છે) લઅનતનો હક઼દાર સમજવો એ જાતે એક લઅનત છે ! શયખ અબ્દુલ હક઼ મોહદ્દિષ દહેલ્વી رحمة الله عليه ફર્માવે છે : "ખુલાસો એ કે લઅનત કરવી એક બુરી આદત છે અને એ શખ્સ જો લઅનતનો હક઼દાર ન હોય તો એ લઅનત લઅનત કરવાવાળા પર પાછી આવે છે." *(અશિઅતુલ લમ્આત ૧/૨૩૭)*

હદીષમાં ફર્માવવામાં આવ્યું, "ઓરતો વધુ પડતી દોઝખમાં છે, એટલા માટે કે એ લઅનત વધુ પડતી કરે છે." *(મિશ્કાત, કિતાબુલ ઈમાન)*

બીજી હદીષમાં છે "મોમિન પર લઅનત મોકલવી એના ક઼ત્લ (મારી નાખવા) જેવું છે." *(ફ઼યૂઝુલબારી પા. ૧, પેજ–૧૭૫)* જેથી, આ જગાએ વિના શર્તે (દરેક બિદઅત) મુરાદ લેવી ગુનાહથી ખાલી નથી અને લઅનત કરવાથી દૂર રહેવું સારુ છે. એટલા માટે કે આ ઈબાદત નથી અને ન તો એ સુન્નિતયતની નિશાનીમાંથી છે, આ તો રાફજીયોની આદત છે.

**શંકા નં. ૯** : كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌ એ હદીષે પાક છે. શું એ બરાબર નથી કે બિદઅત હમેશાં બુરી જ હોય છે અને બિદઅતે હસનાનું માનવું ખોટું છે ? જુઓ, મુફતી મુહમ્મદ શફીઅ કરાચવી આ હદીષથી દલીલ



પકડી લખે છે કે એનાથી જાણકારી મળી કે શરીઅતના ક઼ાનૂન પ્રમાણે દરેક બિદઅત બુરી અને ગેરમાર્ગે લઈ જવાવાળી છે. કોઈ પણ બિદઅત (નવા કાર્ય)ને હસના નથી કહી શકતા. *(સુન્નતો બિદઅત ૧૯, સીરતે રસૂલ ﷺ –૩૮૬)*

**નિવારણ** : સારુ ભાઈ ! તો તમે પણ મુફતી સાહબના ધોકામાં આવી ગયા ?! અહીં "ઈસ્તેલાહી બિદઅત" એમની શબ્દોની માયાજાળ છે, નહીં તો એ પોતાની આ જ કિતાબમાં احداث فى الدين (દીનમાં બિદઅત) અને احداث للدين (દીન માટે બિદઅત)ની વહેંચણી કર્યા પછી احداث للدينના મના હોવાથી ઈન્કાર કરી ચૂક્યા છે. *(જુઓ સુન્નતો બિદઅત, પેજ–૧૨)* એમણે આ જગાએ પણ ધોકો આપ્યો છે. અમે બિદઅતે હસનાના વાજિબ હોવાની ચર્ચાના શરૂમાં જ એમની વધુ પડતી તાવીલો અને શૈતાની ચાલોને તદ્દન ખુલ્લી કરી દીધેલ છે, તમે અમારી ચર્ચાને ફરી ધ્યાનથી વાંચી લો ઈન્શાઅલ્લાહ ! સાચી વાત સામે આવી જશે. અમે અહીં ઓલમાએ હક઼ની તસરીહાત (આ બારામાં ખુલાસાઓ) વર્ણન કરીએ છીએ. તમોને ખ્યાલ આવી જશે કે આ મુફતી સાહબ કેટલા દૂરથી શૈતાની વરૂનો લુક઼મો બની ચૂકેલા છે. ભલે આ અમારી ચર્ચામાં સામેલ નથી, તો પણ અમુક વાતો રજૂ કરીએ છીએ. સાંભળો ! ઓલમાએ બિદઅતની અમુક પ્રકારે વહેંચણી કરેલ છે. મૌલાના અબ્દુસ્સમીઅ રામપૂરી, અલ્લામા બરકાતી મુનાદી, મુલ્લા અલી ક઼ારી, શેખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી, સૈયદ જમાલુદ્દીન મોહદ્દિષ, અલ્લામા ઈબ્ને હજર અને અલ્લામા ઈબ્ને આબિદ લખે છે કે :–

"અમુક બિદઅતો વાજિબ (જરૂરી) છે અને અમુક હરામ અને અમુક મુસ્તહબ, એટલે સવાબના લાયક. અને અમુક બિદઅતો મકરૂહ (નાપસંદ) છે અને અમુક મુબાહ (જાઈઝ) એટલે એને કરવામાં ન તો સવાબ કે ન તો અઝાબ. *(અન્વારે સાતિઆ–૪૭)*

ઈમામ સિયૂતીએ ઈમામ નવવીની તહઝીબુલ અસ્મા વલ્લુગાતથી નકલ કર્યું છે : "બિદઅતે શરઈ શરીઅતમાં એ બિદઅતને કહે છે જે

હુઝૂર ﷺના સમયમાં ન હતી, એના બે પ્રકાર છે : બિદઅતે હસના તથા બિદઅતે સૈય્યેઆ અને શેખ ઈઝઝુદ્દીન બિન અબ્દુસ્સલામની અલ કવાઈદના હવાલાથી બિદઅતના બે પ્રકારો આ રીતે વર્ણન કરેલ છે કે :

જો આ કાર્યો દીનની સમજ માટે જરૂરી હોય તો વાજિબ છે, અને દીન વિરુધ્ધ હોય તો હરામ છે. જો સારુ હોવુ સાબિત છે તો સારુ છે, જો શરીઅતમાં નાપસંદ (મકરૂહ) હોય તો મકરૂહ છે. અને કરવા ન કરવાનો અધિકાર આપેલ (મુબાહ) હોય તો જાઈઝ છે. *(હુસ્નુલ મકસદ ફી અમલિલ મૌલુદ-૩૨, ૩૩ તથા ઝિયાઉન્નબી ૨/૫૨,૫૩)*

આગળ બૈહકીની મનાક઼િબે શાફઈથી ઈમામ શાફઈના હવાલાથી નક઼લ કરેલ છે કે બિદઅતના બે પ્રકાર છે. એક તો એ જ કિતાબ તથા સુન્નત અને અષર (ઉલમાના કથનો) તથા ઉમ્મતના ઈજમાઅ વિરુધ્ધ હોય, આ ગુમરાહ કરવાવાળી બિદઅત છે. બીજી એ જેને કોઈ નેક મક઼સદ માટે શરૂ કરવામાં આવેલ હોય અને કિતાબ તથા સુન્નત અને અષર તથા ઈજમાઅ (સર્વસંમતિ) વિઢધ્ધ ન હોય. આવી બિદઅત બુરી નથી (એટલે શરીઅતે એની કોઈ બુરાઈ વર્ણન કરેલ નથી) જે રીતે હઝરત ઉમરે રમઝાનની તરાવીહ વિશે ફર્માવ્યું, ''કેટલી સારી બિદઅત છે.''★ *(હસનુલ મક઼સદ ફી અમલિલ્લા મોલુદ-૩૪)*

તમે દેવબંદી મુફતી સાહબની સ્પષ્ટતા તથા તાવીલનો રદીયો જોઈ લીધો. આ તો બુઝુર્ગ ઓલમા અને અઈમ્મા હતા. શક્ય છે તમને તેમ છતાં સુકૂન ન થયું હોય, એટલા માટે અમે તમારુ ધ્યાન દેવબંદી મુફતી સાહબના બીજા એક બયાન તરફ દોરીએ છીએ. જુઓ ! એમણે આ જગાએ કેવી ઠોકર ખાધી અને જાતે જ બિદઅતના કેટલાય પ્રકારો વર્ણન કરી દીધા :-

''ખુલાસો એ કે બિદઅતમાં પણ અમુક પ્રકારો છે : અમુક સખત હરામ, શિર્કથી નજીક, અમુક હરામની નજીક, અમુક (મકરૂહ)

★ *આને ઈસ્માઈલ દહેલ્વીએ પોતાના રિસાલા ચહારદા મસાઈલમાં વર્ણન કરેલ છે. (મૌલાના ઈસ્માઈલ અને તકવિયતુલ ઈમાન-૧૧૪)*



તનઝીહી★ (નાપસંદ). *-(સુન્નતો બિદઅત)*

હવે મુફતી સાહબની ઔલાદ (માનવાવાળા)ને પૂછો શું આ ત્રણેય ગુમરાહી છે ?

શયખ અબ્દુલ હક઼ મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે : ''જાણકારી હોવી જોઈએ કે જે કાંઈ પણ કાર્ય હુઝૂર ﷺના સમય પછી નીકળ્યું અને જાહેર થયું એને બિદઅત કહેવામાં આવે છે. પછી જે કાંઈ પણ ઉસૂલ પ્રમાણે સુન્નતના ક઼ાયદા પ્રમાણે હોય અને કિતાબ તથા સુન્નત પર કયાસ કરવામાં આવેલ હોય એને બિદઅતે હસના કહેવામાં આવે છે. અને જે આ ઉસૂલ અને ક઼ાયદા વિરુધ્ધ હોય એને બિદઅતે દલાલત (ગુમરાહ કરવાવાળી બિદઅત) કહે છે. كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌનો હુકમ બીજી બિદઅત સાથે ખાસ છે. (એટલે ગુમરાહ કરવાવાળી બિદઅત સાથે ) *(અશિઅતુલ્લમઆત ૧/૪૨૨)*

જોઈ લીધું ! તમે શયખ મોહક્કિ઼કે શું ફર્માવ્યું છે ? જો શંકા બરાબર

★ *પરંતુ મુફતી શફીઅ સાહબને ઈમામ શાફઈ તથા અન્ય ઈમામો અને ફુકહાથી સખત દુશ્મની છે અને સખત મતભેદ છે. જેથી એ લોકોને બુઝુર્ગોથી દૂર કરવા માટે ઘણી બે બાકીથી કહે છે. ફારૂકે આ'ઝમના ફરમાન યા અમૂક બુઝુર્ગોના એવા કલેમાતને આધાર બનાવી. ભાત-ભાતની બિદઅતો બિદઅતે હસનાના નામ પર જારી કરવા માટે કોઈપણ જાઈઝ હોવાનું કારણ નથી. (સુન્નતો બિદઅત-૨૧) એ જ રીતે માહિરુલ ક઼ાદરી પણ (نعمت البدعة) થી બિદઅતે હસનાથી દલીલ લેવાને દલીલ લેવાનું બધાથી બૂરુ દ્દષ્ટ્રાંત ગણે છે. (બિદઅત ક્યા હૈ ? પે. ૬૫) અસ્તગફિરુલ્લાહ !*

**નોટ** : *ખબર નહીં ઈમામો તથા ફક઼ીહો બલ્કે પૂરી ઉમ્મતથી વિરુધ્ધ જઈ એમની જોલીમાં બાકી શું રહે છે ? બુનિયાદી રીતે એમના દિમાગને કોઈ પણ જગાએ સુકૂન નથી મળતું. જુઓ પોતાની વાતની કેવી રીતે મઝાક ઉડાવે છે, કહે છે : એ વસ્તુઓને બિદઅતે હસના કહી દે છે, જે વસ્તુ બિલકુલ હુઝૂર ﷺના સમયમાં ન હતી બાદમાં કોઈ જરૂરતના લઈ એને જારી કરવામાં આવી, જે રીતે આજે ઈસ્લામી મદ્રસાઓ, અને એમાં પઢાવવામાં આવતા ઈલ્મો તથા વિદ્યાઓ. (સુન્નતો બિદઅત, પે-૨૦)*

*એમનાં લખાણને ધ્યાનથી જુઓ. એમના હોદ્દાની લાપરવાહીને નિહાળો. શું આવા લોકોથી સાચા રસ્તાથી ઉમ્મીદ રાખી શકાય છે ?*

હોત તો એની સ્પષ્ટતા અલગ ન હોત આપે બિદઅતના પ્રકારો પણ બતાવી દીધા અને كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌ નો જે બિદઅત સાથે રિશ્તો છે એનું પણ વર્ણન કરી દીધું. આગળ ફર્માવ્યું : ''અને જે જે નવી વાતો ખુલફાએ રાશેદીને પોતાના સમયમાં પસંદ કરી એ ભલે હુઝૂર ﷺ ના સમયમાં ન હોવાના કારણે બિદઅત કહેવામાં આવશે, તો પણ બિદઅતે દ્લાલહ (ગુમરાહ કરવાવાળી બિદઅત) નહીં, બલ્કે બિદઅતે હસના હશે. બિદઅત પણ નહીં, હકીકતમાં સુન્નતમાં સામેલ છે. *(અશિઅતુલ્લમઆત ૧/૪૨૨)*

હવે છે કોઈ સખ્ત દિલવાળો જે સહાબાએ કિરામે રિવાજ આપેલ કામોને 'ગુમરાહી' કહી શકે ?! હા ! રાફઝી અને ખારજીના ગ્રુપમાં સામેલ થવાની ઉમ્મીદ રાખવાવાળો આવું કહી દે તો કોણ રોકી શકે છે ?!

બીજી વાત, જનાબ હઝરત ફારૂકે આ'ઝમે જાતે બિદઅતને (બિદઅતે હસના) કહેલ છે. જેમ કે અમે પેહલાં વર્ણન કરી ચૂકયા. બસ, બિદઅત હમેશાં બુરી નથી હોતી પરંતુ ઘણીવાર સારી હોય છે. તમને ખોટી સમજ મળી છે. બિદઅતે હસનાનો તસવ્વુર (ખયાલ) ખોટો નથી પરંતુ સુન્નતથી સાબિત છે.

મૌલાના ઈસ્માઈલ દહેલ્વી કહે છે :–

''અમુક બિદઅતોના સારા હોવામાં કોઈ શંકા નથી'' *(રિસાલા ચહારદા મસાઈલ, ઈસ્માઈલ દહેલ્વી ઔર તકવિયતુલ ઈમાન–૧૧૫)*

સવાલ કરવાવાળા મુફતી જાતે પણ કહે છે કે :–

''શાબ્દિક અર્થમાં દરેક નવી વસ્તુને બિદઅત કહે છે. એ આધારે આવી વસ્તુઓને બિદઅતે હસના (સારી બિદઅત) કહી દેવામાં આવે છે.''

પછી કહે છે : ''બિદઅત શબ્દકોશમાં દરેક નવા કામને કહેવામાં આવે છે, ચાહે આદત હોય કે ઈબાદત. જે લોકોએ આ અર્થ લીધેલ છે એમણે બિદઅતની વહેચણી બે પ્રકારો પર કરેલ છે. 'સેય્યેઆ' અને



'હસના' *(સુન્નતો બિદમત–૮૧)*

હવે જુઓ મુફતી બહાદુરની દયાનતદારી કે પહેલાં કહ્યું કે દરેક બિદઅત ગુમરાહી છે, પરંતુ જાતે હદીષની વિઢધ્ધમાં શાબ્દિક અને ઈસ્તેલાહીની વહેંચણી સાથે શાબ્દિક બિદઅતને ગુમરાહી માનવાથી ઈન્કાર કરી દીધો. જાતે શાબ્દિક બિદઅતને દરેક બિદઅતથી અલગ સમજે છે. હવે ખબર નહીં એમને અહીં હદીષની વિઢધ્ધ હોવું કેમ ન દેખાયું ?!

મોલવી રશીદ અહમદ ગંગોહી કહે છે : ''જેને બિદઅતે હસના કહે છે એ સુન્નત જ છે પરંતુ આ વ્યાખ્યાનો તફાવત છે, મતલબ દરેકનો એક છે.'' *(ફતાવા રશીદિયા–૧૨૭)*

એટલે બિદઅતે હસનાને સુન્નત કહી ઈસ્તેલાહી તફાવત કરવા છતાં મતલબ એક હોવાનું માની લીધું છે. બતાવો ! બિદઅતે હસનાનો ખયાલ ખોટો છે તો એ સુન્નત કઈ રીતે થઈ ? અને જો દરેક બિદઅત ગુમરાહી છે તો અહીં કઈ બિદઅતને બિદઅતે હસના જ નહીં પરંતુ સુન્નત કહેવામાં આવ્યું ? એટલે ન તો બિદઅતને સારુ ધારવું ખોટુ છે અને ન તો દરેક બિદઅત ગેર માર્ગે લઈ જવાવાળી છે.

**શંકા નં. ૧૦** : મોલવી મુહમ્મદ હુસૈન સાહબ નેલવી લખે છે :

અમે એ નથી કહેતા કે એ (શાહે અરબલે) કોઈ ખોટી નિય્યતથી આવું કર્યુ હતું★. શક્ય છે કે એની નિય્યત સારી હોય પરંતુ એ જરૂરી નથી કે જે કામની નિય્યત સારી હોય તે કામ પણ સાઢ જ હોય. *(ઈદે મીલાદુન્નબી ઔર ઉસ્કી શરઈ હૈસિયત)*

શું આ વાત સાચે જ બરાબર છે ? અને શું સાચે જ સારી નિય્યતની કાર્ય પર કોઈ અસર નથી હોતી ?

**નિવારણ** : હુઝૂર ﷺ એ ફર્માવ્યું :–

''اِنَّمَا الْاَعْمَالُ بِالنِّيَّاتِ وَاِنَّمَا لِاِمْرِئٍ مَّا نَوٰی'' અમલ ફક્ત નિય્યતોથી

★ *મેહફિલે મીલાદકા આગાઝ – વધુ જાણકારી માટે અલ્લામા ડોકટર મસઊદ અહમદની જાને જાનાંનું વાંચન, ઘણુ ફાયદો આપનાર રહેશે.*

છે અને ઈન્સાન માટે એ જ છે જેની એ નિય્યત કરે." *(બુખારી શરીફ, ભાગ–૧, મિશ્કાત, મદારિજુન્નબુવ્વત, અર્બઐને નવવી, રિયાઝુસ્સાલિહીન, ઈબ્ને માજહ બાબુસ્સુન્નહ)*

પરંતુ જાણવા મળે છે કે સવાલ કરવાવાળા શૈખુલ હદીસને ક્યાં તો આ હદીષ યાદ નથી ક્યાં તો આ હદીષ પર વિશ્વાસ નથી ! એટલા માટે કે એમની નજરમાં નિય્યત ભરોસાપાત્ર નથી, એટલે સારી નિય્યત કરવી બેકાર છે. જ્યારે કે હદીષમાં સારા અમલનો સવાબ સારી નિય્યતના આધાર પર રાખેલ છે પરંતુ શૈખુલ હદીષ સાહબ જરૂરી નથી જાણતા. બતાવો ! જેને હદીષમાં જરૂરી કહેવામાં આવ્યું હોય એને જરૂરી ન સમજે આ ઢોંગી જમાઅતમાં એ પણ શૈખુલ હદીષ હોય છે ?!

અમુક મોહદ્દિષો★ આ હદીષની એહમિયત અને અઝમતના લઈને હદીષની કિતાબની શરૂઆત આ જ હદીષથી કરે છે. શયખ મોહદ્દિષ દહેલ્વી લખે છે : આ હદીષ દીનના સ્તંભમાંથી મોટો સ્તંભ છે. *(મદારિજુન્નબુવ્વત, ૧/૨૪, 'અશિઅતુલ–લમ્આત, ૧/૧૮૫)* અમુક આલિમો તો એને અડધો ઈલ્મ ગણે છે. આગળ ફર્માવે છે :

"જો એને આધાર બનાવી લેવામાં આવે કે બધા જ અમલો, ઈબાદતો, આદતોનું સહીહ હોવું, અને એ વસ્તુનો પૂરો સવાબ નિય્યતના ખુલૂસ પર આધારિત છે અને એ રીતે આ હદીષને પૂરો ઈલ્મ, પૂરો દીન કહી દેવામાં આવે, તો એમાં પણ ગુંજાઈશ છે. *(અશિઅતુલ લમ્આત, ૧/૧૮૫)*

હવે તો આ ઈલ્મ અને કાનૂન બની ગયો કે અમલનો આધાર નિય્યતો પર છે. જણાવો ! જે કાનૂનથી જ અજાણ હોય, શું એ કાનૂનનો જાણકાર

---

*★ જુઓ બુખારી, મિશ્કાત, અરબઈને નવવી, મુસ્નદે ઈમામે આ'ઝમ, રિયાઝુસ્સાલેહીન, બલ્કે આ હદીષને તમામ મોહદ્દિષો એ સિવાય ઈમામ માલિકે રિવાયત કરેલ છે. પરંતુ ઈમામ માલિકથી પણ ઈમામ બુખારીએ રિવાયત કરેલ છે. આ હદીષ મઆનીના આધારે મુતવાતિર છે અને પૂરી ઉમ્મતે મુહમ્મદી ﷺ એ સ્વીકારેલ છે. (તફસીરે મઝહરી પા.ર, પેજ–૩૫ર, હુજજતુલ્લાહિલ બાલિગા, મુતરજિમ, ૧/૩૩)*



હોય શકે છે ? અને પહેલા પાના પર એમના નામની સાથે તો શૈખુલ હદીષ વત્તફસીરનું બિઢદ આપેલ છે !

હા ! જો શરીઅતે નકારેલ હોય એવી સાબિતી હોય એટલે શરીઅત રોકી દે, તો પછી સારી નિય્યત ન રહી ! શરીઅત વિઢધ્ધ થઈ ગયું. જે કોઈ પણ પ્રકારે બરાબર નથી. એટલા માટે કે શરીઅત વિઢધ્ધ કરવામાં સારી નિય્યત હોવી શક્ય જ નથી, સારી નિય્યત તો અલ્લાહ ﷻની રઝા પ્રાપ્ત કરવાનું નામ છે. અને શરીઅતની વિઢધ્ધ કાર્યમાં અલ્લાહ ﷻની રઝા હોતી જ નથી. એટલે અહીં એ કાર્યોનો નિય્યત પર આધાર રાખવામાં આવેલ છે જે કાર્યથી શરીઅતે રોકેલ ન હોય.

તો જ્યારે એ માની લેવામાં આવ્યું કે "શક્ય છે શાહે અરબલની નિય્યત બરાબર હોય," તો પછી કામને સારા હોવાને ન માનવાનું કારણ ?★

શું હદીષ પર તમને સાચે જ ભરોસો નથી ! સવાલમાં નિય્યતનુ બરાબર હોવુ માનવાનું ફક્ત એટલા માટે જ છે કે એના પર તમને શરીઅતે રોક લગાવી હોય એવો કોઈ હુકમ નજર સમક્ષ ન આવ્યો, નહીં તો જરૂર દલીલ આપવામાં આવતી. જાણી જોઈને હદીષની વિઢધ્ધ કર્યું અને આવા વિઢધ્ધ કરવાને બિદઅતે સય્યેઆ (બુરી બિદઅત) હોવામાં કોણ શંકા કરી શકે છે. તો એ સાહેબે સુન્નતે સય્યેઆ (બુરા તરીકા)ને રિવાજ આપ્યો એ રીતે પોતાનો અને આ વાત માન્ય રાખવાવાળાઓનો ગુનોહ પોતાના માટે ઉઠાવી લીધો. અમે તો તૌબા કરવાની જ વિનંતી કરીશું.

જનાબ ! એ કાર્ય મુબાહ (જાઈઝ) હોય છે જેના માટે શરીઅતમાં મના (રોકવાનો) અને નાપસંદ (મકરૂહ) હોવાનો હુકમ ન આવ્યો

---

*★ મૌલાના અશરફઅલી થાનવી સૂરએ માઈદા આયત–૩ وَمَاذُ بِحَ عَلَى النُّصُبِ ની હેઠળ લખે છે કે હરામનો આધાર ખરાબ નિય્યત પર છે.*

*ફતાવા અઝીઝી ભાગ–૧, પેજ–૨૧ પરથી ગિઝાલીએ ઝમાં સૈયદ અહમદ સઈદ કાઝમીએ નકલ કર્યું કે "ઝબહના હલાલ અને હરામનો આધાર ઝબહ કરવાવાળાની નિય્યત અને ઈરાદા પર છે." (તસ્રીહુલ મકાલ, પેજ–૨૧)*

હોય. જેનું કરવું ન કરવું બરાબર હોય, જે મુબાહ (જાઈઝ) હોય. એ સારી નિય્યતના આધારે સવાબવાળુ થઈ જશે. એટલા માટે કે અમલનો આધાર નિય્યત પર છે અને આદમી માટે એ જ છે જેની એ નિય્યત કરે. હદીષ اَلْاَعْمَالُ بِا النِّيَّةِ وَلِكُلِّ امْرِءٍ مَانَوٰى ના હેઠળ અલ્લામા અયનીથી નકલ કરે છે. આ હદીષમાં સારી નિય્યત કરવા પર ઉભારવામાં આવ્યા છે વિના શર્તે અને એ કે આદમીને એના અમલનો સવાબ નિય્યતના આધારે મળી જશે. *(ફયુઝૂલ બારી ૧/૨૩૪, અયની, ૧/૨૬૮)*

જનાબ મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ શામી, ભાગ–૫ કુર્બાનીની ચર્ચામાંથી નકલ કરતાં મિર્કાતથી સમર્થન લાવે છે : ''સારી નિય્યતો આદતને ઈબાદત બનાવી દે છે. એ જ રીતે મિર્કાત નિય્યતની બહષમાં પણ છે. *(જાઅલ હક્ક, ૧/૨૨૦)*

ફિક્હે હનફીની મશહૂર કિતાબ અલ ઈશબાહુ વન્નઝાઈરથી નકલ કરે છે : ''કામો પોતાના મક્સદોને અનુસરનારાં હોય છે.'' *(અજાઈબુલ ફિક્હ–૪૯)*

મૌલાના મુહમ્મદ મતીન હાશમી કહે છે : અમલમાં નિય્યત એ રીતે ફાયદો આપે છે કે અમલનો હુકમ પણ બદલી નાખે છે. *(રોશની, ૨/૨૭૧)*

એ જ રીતે અલ્લામાના સિદ્વદીન ઈબ્નુલ ખૈરથી પણ નકલ કરેલ છે : ''ઈરાદાઓ કાર્યના હુકમને બદલી નાખે છે.'' *(ઈસ્લામી અક઼ાઈદ–૨૪૭)* એને નકલ કર્યા પછી ડૉકટર મસઊદ અહમદ એક દિલચસ્પ દ્રષ્ટ્રાંતથી સમજાવે છે, તમો પણ વાંચો ! કહે છે : દા.ત. એક માણસ પોતાના છોકારાઓના વિવાહમાં રોશની કરે છે. હજારો રૂપિયા ખર્ચ કરે છે. બીજો માણસ હુઝૂર ﷺના તશરીફ લાવવાની ખુશીમાં રોશની કરે છે, હજારો રૂપિયા બંનેવે રોશની કરી બંનેવે ખર્ચ કર્યા. પરંતુ એકનો ઈરાદો દેખાવ કરવા સિવાય કાંઈ જ નથી. પહેલાની નિય્યત મરદૂદ (રદ કરેલ) બીજાનો ઈરાદો તા'ઝીમ અને હુઝૂર ﷺ ની ઈજ્જતનો છે. બીજાની નિય્યત મક્બૂલ અને ઈરાદો પ્રશંસા લાયક



છે, એટલા માટે જ મુત્તહિદા અરબ ઈમારાતના ચીફ જસ્ટીશ શેખ અહમદ અબ્દુલ અઝીઝ મેહફિલે મીલાદ ﷺ પર પોતાના વિચારો રજૂ કરતાં ફર્માવે છે : (બિદઅતનો આધાર એના કરવાવાળાના સારા અને બુરા કામો પર રહેલ છે. જો એ સારુ છે તો એ પ્રશંસાપાત્ર છે અને બુઢ છે તો બુરાઈ કરવા લાયક છે.★

ઈમામ મુહમ્મદ બિન યુસૂફ સાલેહી શામી ઈમામ જઝરીથી નક઼લ ફર્માવે છે કે મીલાદ શરીફ મનાવવું બિદઅતે હસના (સારી બિદઅત) છે, અને બિદઅતો ફક્ત એ વખતે નાપસંદ હોય છે જ્યારે એ સુન્નત વિરૂધ્ધ હોય અને જ્યારે કોઈ કામમાં સુન્નત વિરૂધ્ધ ન હોય એ નાપસંદ નથી, અને મીલાદ શરીફના દિવસે ખુશી જાહેર કરવા પર નિય્યતના આધારે આદમીને સવાબ મળી જાય છે. *(મિન્હાજુલ કુર્આન, સપ્ટે. ૧૯૯૧, પેજ–૨૩, સબલુલ હુદા વર્રિશાદ–૫)*

શારેહે બુખારી સાહિબે ફયૂઝુલ બારી દીને મુસ્તફામાં ફર્માવે છે : આ હદીષમાં અમલથી કોઈ ખાસ અમલ મુરાદ નથી એટલા માટે એમાં એ અમલ પણ સામેલ છે જેના વિશે શરીઅતમાં ન તો કરવાનો હુકમ આપવામાં આવ્યો છે ન તો રોકવાનો હુકમ આપવામાં આવ્યો છે. (એટલે કરવા ન કરવાનો હુકમ આપવામાં આવ્યો નથી) તો આ ઉસૂલની રોશનીમાં એ વાત ખુલીને સામે આવી કે દરેક એવું કામ જે મુબાહ (જાઈઝ) હોય, અને જેને કરવા પર સવાબ પણ નિશ્ચિત વર્ણન કરેલ નથી, જો એવું કામ કોઈ શખ્સ સારી નિય્યતથી કરે તો એ ઈબાદત થઈ જાય છે અને એવા કાર્ય પર સવાબ મળે છે. *(દીને મુસ્તફા, પેજ–૩૮૦, ૩૮૧)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે બુનિયાદી રીતે કામ જોવામાં આવશે. જો શરીઅતના કાનૂન રોકી દે તો મના હશે, નહીં તો બુનિયાદી રીતે જાઈઝનો હુકમ બાકી રહેશે, નહીં તો સારી

★ *(જાને જાનાં, પેજ ૧૩૭, ૧૩૮) ઈમામ ગિઝાલી ફર્માવે છે : ''જાઈઝ પર સવાબ ફક્ત ત્યારે મળે છે જ્યારે નિય્યત સારી હોય.'' (કિમીયાએ સઆદત ઉર્દૂ–૧૧૦) (અનવારે કુતુબે મદીના, લાહોર–૪૬૬)*

નિય્યતના આધારે સારુ થઈ જશે. *(અંગૂઠે ચુમિયે–૧૧૪)*

ખુલાસો એ કે અમારી અપીલ એ છે કે લોકોને નેક (સારા) કામો માટે ઉભારવામાં આવે અને કુર્આનનું ફર્માન : وَنَكْتُبُ مَا قَدَّمُوْا وَاٰثَارَهُمْ ''અને અમે લખી રહ્યા છીએ, જે એમણે આગળ મોકલ્યું અને જે નિશાનીઓ પાછળ છોડી ગયા.'' *(યાસીન–૧૨)*ના પ્રમાણે આવુ નેક કામ મૌલાના શબ્બીર ઉષ્માનીના શબ્દોમાં ''નેક રસમ'' સદક઼ાએ જારીયાના રૂપે છોડવી જોઈએ, જે આપણા પછી આપણને ફાયદો આપે, ન એ કે નેકીથી રોકી બુરા રિવાજ પૈદા કરી દઈએ જે નુકશાનનું કારણ છે. મૌલાના શબ્બીર ઉષ્માની આ જ આયતની તફસીરમાં લખે છે : ''એટલે નેક અને બુરા અમલ (કાર્યો) જે આગળ મોકલી ચૂકયા દા.ત. કોઈ કિતાબ લખી અથવા ઈલ્મ શિખ્યો અથવા ઈમારત (મકાન) બનાવ્યું અથવા કોઈ રિવાજ (રસમ) નાખ્યો★, નેક અને બુઢ બધું જ એમાં સામેલ છે.''

બીજી વાત મુફતીનો ફતવો તો હરહંમેશ કિતાબ તથા સુન્નત પ્રમાણે હોય છે એટલા માટે જેણે કુર્આન તથા હદીષ વિઢધ્ધ ફતવો આપ્યો તે ફિત્ના કરવાવાળો તો હોય શકે છે, મુફતી નહીં ! એ રીતે મનઘડત (ઉપજાવી કાઢેલ) ફતવો આપવાથી બચવું ઘણુ જરૂરી છે.

**ફારસીનો તર્જુમો** : થોડીવાત હું તારા સામે કહેવાથી ડરુ છું કે દિલ ગમઝદા થઈ જશે–તાઢ દિલ પરેશાન થઈ જશે નહીં તો વાતો ઘણી છે.

## ★ એક દમ વિનાની શંકા ★

વર્તમાનકાળમાં જે કામ એહલે સુન્નત વ જમાઅત કરે છે, હુઝૂર ﷺ થી આવો અમલ આ ખાસ સ્વરૂપમાં વર્ણન કરવામાં નથી આવેલ, એટલા માટે એ બુરી બિદઅત છે અને હરામ છે. દા.ત. મીલાદની મેહફિલ, મીલાદનું જુલૂસ, ઈસાલે સવાબનો રિવાજ, ઉર્સ, અને અઝાન

★ *અથવા કોઈ રિવાજ નાખ્યો. ''નેક'' થી સાબિત થયું કે નવો શરૂ કરેલ રિવાજ (રસમ) સારો પણ હોય શકે છે અને કોઈ એવા નેક રિવાજને શરૂ કરવું પણ જાઈઝ થયું.*



પહેલાં સલાતો સલામ વિગેરે.

## ★ શંકાનું નિવારણ ★

પાછલાં પૃષ્ઠોમાં અમે જો કે આ શંકાનો રદિયો વિસ્તારપૂર્વક આપી ચૂકયા છીએ, તો પણ શંકા કુશંકાને દૂર કરવા નીચે હરામ, હલાલ, જાઈઝના વિશે થોડા ક઼ાયદા વર્ણન કરીએ છીએ. એટલા માટે કે જહાલત (અજાણતા)માં[૧] ફતવા આપવાવાળાઓનું ગાંડપણ દૂર થઈ જાય અને એ શરીઅત વિઢધ્ધ ફતવા આપવાથી બચી શકે, ફતવા આપવાની એહમિયતને સમજે અને પોતાના ઉચ્ચ કક્ષાના હોદ્દાની જાતે હિફાઝત કરે[૨].

કુર્આન ફર્માવે છે :–

## ★ પ્રથમ આયત ★

وَلَا تَقُوْلُوْا لِمَا تَصِفُ اَلْسِنَتُكُمُ الْكَذِبَ هٰذَا حَلٰلٌ وَّهٰذَا حَرَامٌ لِّتَفْتَرُوْا عَلَى اللّٰهِ الْكَذِبَ ط اِنَّ الَّذِيْنَ يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ لَا يُفْلِحُوْنَ

**આ'લા હઝરતનો તર્જુમો** : ''અને ન કહો એને જે તમારી ઝબાનો જૂઠ વર્ણન કરે છે, આ હલાલ છે, આ હરામ છે, કે અલ્લાહ ﷻ પર જૂઠ બાંધો. બેશક ! જે અલ્લાહ પર જૂઠ બાંધે છે એમનું ભલુ નહીં થાય.''

**અશરફ અલી થાનવીનો તર્જુમો** :– ''અને જે વસ્તુઓના વિશે તમારો કેવળ જૂઠો ઝબાની દાવો છે એના વિશે એમ ન કહો કે ફલાણી વસ્તુ હલાલ છે અને ફલાણી વસ્તુ હરામ છે. જેનો સાર એ થશે કે અલ્લાહ ﷻ પર જૂઠી તોહમત લગાડશો, વિના શંકાએ જે લોકો અલ્લાહ તરફ જૂઠ બાંધે છે એ કામયાબી હાંસલ નહીં કરી શકે.''

**તફસીર** : મૌલાના શબ્બીર ઉષ્માની દેવબંદી લખે છે, એટલે શરઈ દલીલ વિના કોઈ વસ્તુના વિશે મોઢું ફાડી કહી દેવું કે આ હલાલ છે

**૧.** *વિના ઈલ્મે ફતવો આપવાવાળો ગુમરાહ થાય છે, ગુમરાહ કરે છે. –હદીષ*

**૨.** *તર્જુમો : જે સાફ હોય એ પોતાની ભલાઈ માટે જ સાફ હોય.*

અથવા હરામ, ઘણી સખત હિંમત અને જૂઠ અને તોહમત છે. *(તફસીરે શબ્બીર અહમદ ઉષ્માની, તાજ કંપની)*

**તફસીર** : હઝરત સદરુલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : જમાનાએ જાહિલિયત (ઈસ્લામ પહેલાં)ના લોકો પોતાના તરફથી અમુક વસ્તુઓને હલાલ અને અમુક વસ્તુઓને હરામ ઠરાવી લેતા હતા અને એની નિસ્બત અલ્લાહ ﷻ તરફ કરી દેતા હતા, એનાથી રોકવામાં આવ્યા અને એને અલ્લાહ ﷻ પર તોહમત બાંધવું કહેવામાં આવ્યું. આજે પણ જે લોકો પોતાના તરફથી હલાલ વસ્તુને હરામ જણાવે છે, જેમ કે મીલાદ શરીફની મીઠાઈ, ગ્યારવી, ફાતેહા, ઉર્સ વિગેરે ઈસાલે સવાબની વસ્તુઓ જેના હરામ હોવા વિશે એવું કહી દેવું કે આ હરામ છે એ શરીઅતમાં અલ્લાહ ﷻ પર તોહમત બાંધવુ છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ બીજી આયત ★

وَمَا لَكُمْ اَلَّا تَاْكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ وَقَدْ فَصَّلَ لَكُمْ مَا حَرَّمَ عَلَيْكُمْ اِلَّا مَا اضْطُرِرْتُمْ اِلَيْهِ

"અને તમને શું થયું કે એમાંથી ન ખાવ જેના પર અલ્લાહનું નામ લેવામાં આવ્યું, અને એ તમને વિસ્તારથી બયાન કરી ચૂક્યો જે કાંઈ તમારા પર હરામ થયું પરંતુ જ્યારે તમને એનાથી મજબૂરી હોય." *(કન્ઝુલ ઈમાન, સૂ.અન્આમ–૧૧૯)*

**તફસીર** : સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ ફર્માવે છે : એનાથી સાબિત થયું કે, હરામ વસ્તુઓ માટે વિસ્તારપૂર્વક બયાન હોય છે. અને હરામ સાબિત કરવા માટે હરામનો હુકમ હોવો જરૂરી છે, અને જે વસ્તુ પર હરામનો હુકમ ન હોય એ મુબાહ (જાઈઝ) છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની લખે છે : એટલે પરેશાની અને મજબૂરીની હાલતને છોડીને જે વસ્તુઓ હરામ છે એનું વિસ્તારપૂર્વક બયાન આવી ચૂક્યું એમાં એ હલાલ જાનવર સામેલ નથી જેને અલ્લાહના નામ પર ઝબહ કરવામાં આવે. પછી એને ન ખાવાનું



કારણ ? *(તફસીરે શબ્બીર અહમદ ઉષ્માની)*

તફસીરે બયાનુસ્સુબહાનમાં છે : છેવટે શંકાની જગા પણ ક્યાં છે જ્યારે ખુદાએ વિસ્તારપૂર્વક વર્ણન કરી આપેલ છે. ફલાણી ફલાણી વસ્તુઓને મજબૂરી વિના ન ખાવ. તો હવે એના સિવાય બીજી વસ્તુઓને ન ખાવાનું કારણ ? *(મતબૂઆ દેવબંદ)*

વિરોધીઓની ભરોસાપાત્ર કિતાબ 'હિદાયતુલ મુસ્તફીદ'માં છે : હઝરત અબૂઝર ગફ્ફારીથી રિવાયત છે, એ કહે છે કે હુઝૂર ﷺએ અમોને એ હાલતમાં છોડયા કે દીનની એક એક વાતને વિસ્તારપૂર્વક બતાવી દીધી. *(તિબરાની હિદાયતુલ મુસ્તફીદ, ૧/૮૦૧, તર્જુમો : ફત્હુલ મજીદ શર્હે કિતાબુ ત્તૌહીદ)*

## ★ અમારી અપીલ ! ★

જે કાર્યોને શંકાના આધારે બુરી બિદઅત અને હરામ કહેવામાં આવ્યાં, શું એના હરામ હોવા વિશે કોઈ સાફ દલીલ રજૂ કરવામાં આવી શકે છે ? એટલા માટે કે હરામ વસ્તુઓનું તો વિસ્તારપૂર્વક વર્ણન થઈ ચૂકયું. જો કોઈ સાફ દલીલ નથી તો બતાવો કે શું આ અલ્લાહ ﷻ તથા રસૂલ ﷺ પર તોહમત (ઈલ્ઝામ નથી) નથી ?! તૌબા કરો ! તૌબા ! અને ડરો એ આગથી જે કામયાબ ન થવાવાળા માટે તૈયાર થયેલ છે.

## ★ ત્રીજી આયત ★

يَسْـَٔلُوْنَكَ مَاذَآ اُحِلَّ لَهُمْ ؕ قُلْ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ

"હે મેહબૂબ ! તમારાથી સવાલ કરે છે કે એમના માટે શું હલાલ થયું, તમે ફર્માવી દો, હલાલ કરવામાં આવી તમારા માટે પાક વસ્તુઓ" *(કન્ઝુલ ઈમાન, સૂરએ માઈદા–૪)*

હઝરત સદરુલ અફાઝિલ رحمۃ اللہ علیہ ફર્માવે છે : એનાથી જાણકારી મળી કે કોઈ વસ્તુના હરામ હોવાની દલીલ ન હોવી પણ એના હલાલ હોવા માટે પૂરતુ છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની દેવબંદી કહે છે : પાછલી આયતોમાં ઘણી બધી હરામ વસ્તુઓનું લિસ્ટ આપવામાં આવ્યું તો કુદરતી રીતે સવાલ ઉત્પન્ન થાય છે કે હલાલ વસ્તુઓ શું શું છે ? એનો જવાબ આપી દીધો કે હલાલનું લીસ્ટ તો ઘણુ મોટુ છે, અમુક વસ્તુઓને છોડી જેમાં દીનનું અથવા શરીરનું નુકસાન હતું, બધી જ દુનિયાની સાફ અને પાક વસ્તુઓ હલાલ જ છે. *(તફસીરે શબ્બીર અહમદ ઉષ્માની)*

## ★ ચોથી આયત ★

يٰاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَسۡـئَلُوۡا عَنۡ اَشۡيَآءَ اِنۡ تُبۡدَ لَـكُمۡ تَسُؤۡكُمۡ‌ ۚ وَاِنۡ تَسۡـئَلُوۡا عَنۡهَا حِيۡنَ يُنَزَّلُ الۡقُرۡاٰنُ تُبۡدَ لَـكُمۡ ؕ عَفَا اللّٰهُ عَنۡهَا ؕ وَاللّٰهُ غَفُوۡرٌ حَلِيۡمٌ

"હે એવા લોકો ! જે ઈમાન લાવી ચૂકયા, ન સવાલ કરો તમે એવી વસ્તુઓના વિશે જો બયાન કરી દેવામાં આવે તો તમને બુરી લાગે અને એને એ સમયે પૂછશો જ્યારે કુર્આન ઉતરી રહ્યું છે. તો તમારા પર જાહેર (બયાન) કરી દેવામાં આવશે, તમારા માટે અલ્લાહ એને માફ કરી ચૂકેલ છે, અલ્લાહ બખ્શવાવાળો હિલ્મ (સંયમ)વાળો છે." *(કન્ઝુલ ઈમાન, સૂ. માઈદા– ૧૦૧)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ આ આયત લખી ફર્માવે છે : ખુલ્લુ ફર્માન છે કે શરીઅતે જે વાતનું બયાન કર્યું એ માફ છે, જ્યાં સુધી કુર્આન ઉતરી રહ્યું હતું ગુંજાઈશ હતી કે માફી પર શુક્ર ન કરી કોઈ પૂછતું એના સવાલની શામતને લઈને રોકી દેવામાં આવતા. હવે કુર્આન નાઝિલ થઈ ચૂક્યું, દીન પૂરો થઈ ચૂક્યો, હવે કોઈ હુકમ આપવાનો ન રહ્યો. જે પણ વાતોનો શરીઅતે ન તો હુકમ આપ્યો ન તો રોક્યા એની માફી મળી ગઈ. જેમાં હવે બદલાવ અશકય છે. *(ફતાવા આફ્રિકા ૯૯–૧૦૦)*

એનાથી સાબિત થયું કે જે કાર્યથી શરીઅતે રોકેલ ન હોય એ મુબાહ (જાઈઝ) છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

શબ્બીર અહમદ ઉષ્માની કહે છે : ક્યાં તો મુરાદ એ છે કે આ



વસ્તુઓથી દર ગુઝર કરવામાં આવે, એટલે અલ્લાહ ﷻ એ એ વસ્તુઓ વિશે કોઈ હુકમ ન આપ્યો, તો ઈન્સાન એ કાર્ય કરવા વિશે આઝાદ છે. અલ્લાહ ﷻ આવી વસ્તુઓ પર પકડ નહીં કરે. એટલા માટે એનાથી અમુક ઓલમાએ ઉસૂલે આ મસ્અલો કાઢયો કે વસ્તુઓમાં મૂળભૂત હુકમ જાઈઝનો છે. *(તફસીરે શબ્બીર અહમદ ઉષ્માની)*

અબૂ બક્ર જાબિર જઝાઈરી અને મુશ્તાક અલી નદવી આવા કામોને મુસ્તહબ કહે છે : જુઓ !

"જો એ કામ એવું છે જેને કરવાનો અને એના પર પર કાયમ (હંમેશગી)નો હુકમ આપવામાં આવ્યો છે, તો એ વાજિબ છે, એને છોડવું મુસલમાન માટે જાઈઝ નથી. એના સિવાય મુસ્તહબ છે, જેના કરવાવાળાને સવાબ અને છોડવાવાળાની કોઈ પકડ નથી. *(મેહફિલે મિલાદ પેજ–૯, તર્જુમો : મુશ્તાક અહમદ નદવી)*

હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં નઈમી આ જ આયતના ફાયદાઓમાં લખે છે : બુનિયાદી રીતે વસ્તુઓમાં જાઈઝ હોવું છે. એટલે જે વસ્તુને હરામ ન કરવામાં આવી એ મુબાહ (જાઈઝ) છે. *(તફસીરે નઈમી)*

## ★ પાંચમી આયત ★

وَمَآ اٰتٰىكُمُ الرَّسُوۡلُ فَخُذُوۡهُ وَمَا نَهٰىكُمۡ عَنۡهُ فَانۡتَهُوۡا

"અને રસૂલ તમને જે કાંઈ આપી દે એને લઈ લો અને જે વસ્તુથી તમને રોકી દે એમાં (અને સામાન્યતઃ આ જ હુકમ કામોનો અને હુકમોનો પણ) રોકાઈ જાવ અને અલ્લાહ ﷻ થી ડરો." *(તર્જુમો અશરફઅલી થાનવી દેવબંદી)*

હઝરત શયખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે : ઈમાનની હકીકત ફકત એમાં છે કે જ્યારે હુઝૂર ﷺ થી સાંભળી લો તો એને સ્વીકારવામાં બે ચેનીનો એહસાસ ન કરો, જો તમે પોતાની અક્કલને ઈમાનથી મહાન સમજી તો તમારું ઈમાન અકલ પર તો પૂઢ હોય શકે છે પણ હુઝૂર ﷺ પર નહીં. *(તકમીલુલ ઈમાન, ઉર્દૂ–૬૪)*

એટલા માટે કુર્આનના હુકમ પ્રમાણે અહીં પણ આપણે હદીષ તરફ રજૂ કરીએ છીએ :

**પ્રથમ હદીષ** : "યક઼ીનન ! અલ્લાહ ﷻ એ અમુક ફર્ઝો રાખેલ છે તો બસ એને જતા ન કરો અને કેટલીક સીમાઓ બાંધેલ છે એનાથી આગળ ન વધો અને અમુક વસ્તુઓ હરામ કરેલ છે, તો તમો હરામ હોવાને ન તોડો (જાઈઝ સમજી અથવા શંકા કરીને), અમુક વસ્તુ વિશે ખામોશી ફર્માવી તમારા પર રહમ કરતાં ભૂલથી નહી ! જેથી એમાં બહષ (ચર્ચા) ન કરો." *(અર્બઈને નવવી)*

**બીજી હદીષ** : "અને જેનાથી ખામોશ રહ્યો તો એ એમાંથી છે જેને માફ કરવામાં આવી." *(મિશ્કાત)*

શારેહે બુખારી સાહેબે ફુયુઝૂલ બારી અલ્લામા સૈયદ મહમૂદ અહમદ રઝવી આ હદીષની શરહમાં શયખ અબ્દુલ હક્ક દહેલ્વી અને બીજા ફોક઼હાએ કિરામથી નકલ કરે છે કે, "આ હદીષ દલીલ છે એ હુકમની કે બુનિયાદી રીતે વસ્તુઓમાં જાઈઝ હોવાનો હુકમ છે. *(અશિઅતુલ્લમ્આત, ૩/૫૦૬)*

બધા જ હનફીઓ અને શાફઈઓના નજીક પસંદીદા એ છે કે બુનિયાદી રીતે વસ્તુઓમાં જાઈઝનો હુકમ છે. *(જમવી ૮૬, દુર્રે મુહતાર ૧/૭૪, રદ્દુલ મુહ્તાર ૧/૮૭, મિઝાનુશ્શરીઅતિલ કુબરા ૧/૬૮)*

આ સચોટ હવાલાઓથી સાબિત થયું કે કોઈ કામને જાઈઝ અને મુબાહ કહેવા માટે દલીલ જરૂરી નથી. *(ઈસ્લામી તક઼રીબાત, ૯૯–૧૦૦)*

**ત્રીજી હદીષ** : "જેનાથી ખામોશ રહ્યા માફ છે. મિરઆત શરહે મિશ્કાતમાં છે : આ હદીષથી જાણકારી મળી કે **બધી જ વસ્તુમાં બુનિયાદી હુકમ જાઈઝનો છે. જેનાથી સુકૂત એટલે ખામોશી છે એ મુબાહ છે. ઈસ્લામનો આ મૂળ કાનૂન છે જેનાથી લાખો વસ્તુની હાલતની જાણકારી મળી શકે છે.** કેરી માલટા વગેરે કેમ હલાલ છે ? એટલા માટે કે શરીઅતે એનાથી રોક્યા નથી." *(મિર્આત, ૫/૬૮૧)*



મૌલાના અબ્દુસ્સમીઅ રામપૂરી કહે છે : બસ, જાણકારી મળી જે વસ્તુમાં અલ્લાહ વ રસૂલ ﷺ તરફથી ખામોશી હોય એને મુબાહ સમજવું જોઈએ, ન કે બિદઅત, નાપસંદ, અને હરામ. *(અન્વારે સાતિઆ–૩૬)*

**ચોથી હદીષ** : "અને ભૂલ્યા વિના અમુક વસ્તુનાં બયાન કરવામાં ખામોશ (ચૂપ) રહ્યા એનાથી બહષ ન કરો."

અશિઅતુલ્લમ્આતમાં છે : ભૂલવાથી એ જાત પાક છે, એણે તો તમારા ઉપર રહમ કરી તમારા માટે દીનનાં કામોમાં સહૂલત (આસાની) માટે આવું કર્યું છે, તો એ વિશે કોશિશ અને ચર્ચા ન કરો. *(૧/૪૮૧)*

મિરઆત શરહે મિશ્કાતમાં છે : એટલે અમુક વસ્તુના હરામ કે હલાલ વિશે સાફ રીતે કુર્આન તથા હદીષમાં વર્ણન નથી એમાં બહષ (ચર્ચા) ન કરો એ જાઈઝ (મુબાહ) છે. *(મિર્આત ૧/૮૫)*

વિચારો ! અમારી વર્ણન કરેલ હદીષોના અર્થો તથા ભાવાર્થો સમજવા માટે બિલ્કુલ મુશ્કેલ નથી, અને બધી જ બુનિયાદી રીતે જાઈઝ હોવાની સાબિતી આપે છે. ખાસ કરીને પહેલી હદીષના વાક્ય رحمة لكم થી સાફ જાહેર થાય છે કે જે વસ્તુના હરામ કે હલાલ વિશે કોઈ હુકમ આપવામાં ન આવ્યો હોય. એ જાઈઝ અને મુબાહ છે. નહીં તો એ હુકમથી ખામોશી (ચૂપ રહેવાને) રેહમતમાં ગણના ન થતી. ગૈર મુક઼લ્લિદોના ઉચ્ચ કક્ષાના આલિમ **ષનાઉલ્લાહ અમૃત્સરીથી કોઈએ સવાલ કર્યો કે, લોકો કહે છે કે, "હુઝૂર ﷺ શેરવાની પહેરતા ન હતા અને પંપ જોડા પણ ન પહેરતા હતા અને કોટ પહેરતા ન હતા અને બંદૂક ચલાવતા ન હતા અને પાન ખાતા ન હતા અને આજે આ બધી વસ્તુનો વપરાશ છે, એટલા માટે આ બધુ બિદઅત છે !** તો એના માટે શુ હુકમ છે ? તો મૌલાનાએ કહ્યું :–

હદીષમાં છે : **"જ્યાં સુધી કે તમને કોઈ વસ્તુથી ન રોકુ ત્યાં સુધી એને મના ન સમજો." પરંતુ જાઈઝ સમજો. વર્ણન કરેલ**

**વસ્તુઓ આ હદીષની રોશનીમાં જાઈઝ છે, કેમ કે એને ન કરવાનો હુકમ આપવામાં આવ્યો નથી.** *(અખ્બારે એહલે હદીષ અમૃતસર, ૧૦ શવ્વાલ હિ. ૧૩૬૩, બહવાલા વાઈઝ ૩/૨૧૨)*

ડૉકટર મુહમ્મદ મસ્ઊદ અહમદ ફર્માવે છે :–

"જાણકારી મળી કે જે વસ્તુઓને અલ્લાહ ﷻ અને એના રસૂલ ﷺએ સાફ શબ્દોમાં હલાલ ફર્માવી એ હલાલ થઈ ગઈ અને જેને હરામ ફર્માવી એ હરામ થઈ ગઈ, અને જે કામો વિશે કાંઈ પણ ન ફર્માવ્યું એ મુબાહ (જાઈઝ) છે. આ એક આસાન ક઼ાયદો છે. *(જાને જાનાં–૧૩)*

**વાંચકો વિચારે કે !** : જે અલ્લાહ ﷻની માફીનો વિરોધ કરે અને અલ્લાહ ﷻએ માફ કરેલ વસ્તુઓમાં પાબંદી (રોકે) લગાડે તો શું એ શરીઅતનો મુફ્તી હોય શકે છે કે પછી અલ્લાહ ﷻના ખૌફથી બેપરવા. ગંદી ખ્વાહિશો (ઈચ્છાઓ)નો ગુલામ ?! અલ્લાહ ﷻની માફીને માફી ન સમજવું અને અલ્લાહ ﷻ એ આપેલ આસાનીઓમાં પોતાની તે પાબંદી અથવા ન કરવાનો હુકમ લગાડવો અલ્લાહ ﷻની ફર્માંબરદારીથી બગાવત (વિદ્રોહ) અને મુફ્તીની જગાએ ફિત્તીન છે. અને આ હિંમત એ માફ કરવાવાળાને તદ્દન પસંદ નથી કે કોઈ બીજો એની મખ્લૂકને પરેશાનીમાં નાખે.

અલ્લાહ ﷻ ફર્માવે છે : يُرِيْدُ اللّٰهُ بِكُمُ الْيُسْرَ وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ "અલ્લાહ ﷻ તમારી સાથે આસાની ચાહે છે, મુશ્કેલી નથી ચાહતો."

હુઝૂર ﷺ જ્યારે અબૂ મૂસા અશ્અરી અને મઆઝ બિન જબલને યમન તરફ વિદાય કર્યા તો આપે એમને ફર્માવ્યું : "સહૂલતો પૈદા કરજો, મુશ્કેલીઓ પૈદા ન કરશો. લોકોને ખુશીની ખબર આપજો, એમને નફરત કરવાવાળા ન કરતા. એકબીજાનો ખ્યાલ રાખજો, મતભેદ ન કરશો." *(અર્મુગાને શાહ વલીયુલ્લાહ, પેજ–૨૪, બહવાલા હુજ્જતુલ્લાહિલ બાલિગહ)*

હઝરત શાહ વલીયુલ્લાહ નક઼લ કરે છે : હુઝૂર ﷺ એ લોકોને



ભાત ભાતના ફિત્નાઓથી હોશિયાર કર્યા. *(ઈઝાલતુલ ખિફા ઉર્દૂ, ૧/૩૦૫)*

એમાંથી ઘણા ફિત્નાઓનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યા પછી ફિત્નાનો એક પ્રકાર એ રીતે લખે છે : "ઈબાદતમાં સખ્તી અપનાવવી અને શરીઅતે આપેલ છૂટથી રાજી ન થવું." (૧/૩૨૦)

મસાબીહમાં છે કે, હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "બેશક ! દીન માથાથી પગ સુધી આસાની છે." એટલે શાહ સાહબે લખેલ તસ્રીહ (બયાન) પ્રમાણે શરીઅતે માફ કરેલ વસ્તુ પર રાજી ન થવું દીનમાં ફિત્નો નાખવા બરાબર છે અને ફિત્ના વિશે કુર્આન ફર્માવે છે : اَلْفِتْنَةُ اَشَدُّ مِنَ الْقَتْلِ "ફિત્નો કતલ કરવાથી વધારે સખ્ત છે."

આમિર ઉષ્માની ફાઝિલે દેવબંદ બિદઅતની કસોટી (જાંચ પડતાલ અધિકાર)ને વિષય બનાવી લખે છે : "(આઝાદી અને આસાનીનો અધિકાર) જે અલ્લાહ ﷻ અને રસૂલ ﷺએ લોકોને આપ્યો છે એ હક્ક઼ને છીનવી લેવાનો કોઈને શું હક્ક઼ (અધિકાર) છે ? આશા છેકે હવે પઢવાવાળાને એ ફૈંસલો કરવામાં મુશ્કેલી નહીં રહે કે ખુદા અને રસૂલની ફર્માંબરદારી (હુકમ માનવામાં) કોણ લાગેલ છે, અલ્લાહ ﷻએ આપેલ માફીથી ફાયદો ઉઠાવવાવાળા કે એનો વિરોધ કરવાવાળા ?

કુર્આન તો આ રીતે ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَلَا تُبْطِلُوْۤا اَعْمَالَكُمْ

"હે ઈમાનવાળાઓ ! હુકમ માનો અલ્લાહ અને રસૂલનો, અને પોતાના અમલને બાતિલ ન કરો."

જોઈ લો ! આવા બાગીઓના અમલની પોઝિશન, જે અલ્લાહ ﷻ અને રસૂલ ﷺની માફીને માફી ન સમજી હુકમ માનવાથી બગાતવ (વિદ્રોહ) કરે છે. અલ્હમ્દુલિલ્લાહ ! અમે એહલે સુન્નત વ જમાઅત પોતાના તરફથી કોઈ પણ વખત રોકવાનો હુકમ નથી કરતા અને એવા માફ કરેલાં કામોને મુબાહ (જાઈઝ) સમજીએ છીએ.

અમારો દાવો સારી પેઠે સાબિત થઈ ગયો અને કિતાબ તથા સુન્નતના આધારે ઘણી ખૂબસૂરતી પણ આવી ગઈ, છતાં અમે અમુક મશહૂર

ઓલમાએ કિરામની સ્પષ્ટતાઓ બયાન કરીએ છીએ એટલા માટે કે એને સમજવામાં અને ફેંસલો કરવામાં વધુ સહુલત મળે. જુઓ !

### ૧. વસ્તુઓમાં મૂળ મુબાહ હોવું છે

હુઝુર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે :–

"જે કાર્યનો શરીઅતે કોઈ હુકમ નથી આપ્યો એ અર્થમાં કે ન તે સખ્ત મના છે, ન વાજિબ હોવાના હુકમમાં, બલ્કે એ કાર્ય અધ્યાહન (છુપુ) છે, એ કાર્યમાં બંદાને હક઼ આપવામાં આવ્યો છે કે ચાહે તો એ કરે અથવા ન કરે. બસ ! એનું નામ જ 'મુબાહ (જાઈઝ) છે. *(ફુતુહુલ ગૈબ, ઉર્ફ–૩૨)*

મૌલાના અબ્દુસ્સમીઅ રામપૂરી ફર્માવે છે :

"જે વસ્તુમાં અલ્લાહ અને હુઝૂર તરફથી ખામોશી હોય એને મુબાહ (જાઈઝ) સમજવું જોઈએ, બિદઅત, મકરૂહ કે હરામ નહીં. *(અન્વારે સાતિઆ–૩૬)*

હઝરત સૈયદ મહમૂદ અહમદ રઝવી લખે છે :–

"ઈબાહત (મુબાહ હોવા)નો મતલબ છે જાઈઝ હોવું કે જો હદીષ ઝઈફ પણ હોય તો જે કાંઈ પણ એમાં વર્ણન કરેલ છે એનું જાઈઝ હોવું સાબિત રહેશે. અને જાઈઝનો મતલબ એ છે કે એ વસ્તુઓ ફર્ઝ, વાજિબ કે હરામ કે મકરૂહે તેહરીમી બિલ્કુલ નહીં ગણવામાં આવે. વસ્તુઓમાં બુનિયાદી રીતે જાઈઝનો હુકમ છે અને જાઈઝને હરામમાં બદલવાનો અધિકાર હુઝૂર ﷺ ને જ છે. *(ફયૂઝુલબારી, ૩/૨૧૮)*

"જાઈઝ હોવા માટે ફક્ત એટલું પૂરતુ છે કે ખુદા અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَએ રોકયા ન હોય, કોઈ વસ્તુથી મનાનો કુર્આન તથા હદીષમાં હુકમ ન હોય તો એને રોકવાવાળા જાતે હાકિમ (હુકમો આપનાર) અને શારેઅ (શરીઅતના હુકમો બદલવાનો અધિકાર રાખનાર) બનવાની ઈચ્છા ધરાવે છે ! શરીઅતમાં પાકીઝગી અને હલાલ હોવું અસલ છે, અને એનું સુબૂત ખૂદ હાંસલ છે. પોતાની સાબિતીમાં કોઈ દલીલના મોહતાજ નથી, *(ફયૂઝુલ બારી, ૩/૨૧૯)*



આ'લા હઝરત ફર્માવે છે : બુનિયાદી રીતે કામને જોવામાં આવશે, જો શરીઅતનો ક઼ાનૂન મના કરતો હશે, નહીં તો બુનિયાદી રીતે જાઈઝ હોવું બાકી રહેશે અને સારી નિય્યતના આધારે એ સાઢ થઈ જશે.

તફસીરે નઈમીમાં છે : બુનિયાદી રીતે વસ્તુઓમાં જાઈઝનો હુકમ છે. જે વસ્તુ હરામ કરવામાં ન આવી એ જાઈઝ છે. *(તફસીરે નઈમી, સૂ. માઈદા–૧૦૧)*

ક઼ારી તૈયબ માજી મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ લખે છે :–

"ઘણી બધી જાઈઝ વસ્તુઓ જે સહાબાએ કિરામના સમયમાં ન હતી પરંતુ બુનિયાદી રીતે જાઈઝ હોવાના આધારે જાઈઝ છે." *(કલ્માએ તૈયેબા–૧૧૦)*

શૈખ અબ્દુલહક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી અશિતુલ્લમ્આતમાં લખે છે : "વસ્તુઓમાં બુનિયાદી હુકમ જાઈઝ હોવાનો છે." *(અશિઅતુલ લમ્આત)*

હઝરત મુલ્લા અલી ક઼ારી ફર્માવે છે :–

"એ યક઼ીની વાત છે કે દરેક મસ્અલામાં બુનિયાદ જવાઝ (જાઈઝ હોવા)ની છે. અને નાજાઈઝ અથવા નાપસંદ (મકરૂહ) હોવા માટે જરૂરત એની છે કે કુર્આન અથવા હદીષ અથવા ઈજમાએ ઉમ્મત (ઉમ્મતની સર્વ સંમતિ)થી એના ઉપર દલીલ લાવવામાં આવે." *(ઈક઼ામતુલ ક઼યામહ–૨૯)*

કહેવાતી જમાઅતે ઈસ્લામીવાળા મૌલવી મૌદૂદીનું સાંભળી લો ! એ પોતાની તફસીરમાં લખે છે, "જૂનો ખયાલ (ક઼ાનૂન) એ છે કે બધુ જ હરામ છે, એ સિવાય જેને હલાલ કહેવામાં આવ્યું. કુર્આને એનાથી ઉલ્ટો એ ક઼ાયદો બનાવ્યો કે દરેક વસ્તુ હલાલ છે, એ સિવાય જેના હરામ હોવાનું બયાન (વર્ણન) આવી ગયું." *(તફસીરે મૌદૂદી, ૧/૪૪૫)*

### ૨. વર્ણન ન હોવાથી વજૂદ ન હોવું પુરવાર થશે નહીં

અલ્લામા ઈબ્ને હજર ફર્માવે છે : "હુકમ ન આપવો નાજાઈઝ હોવાની દલીલ નથી જો એ માની પણ લેવામાં આવે તો એનાથી

નાજાઈઝ હોવું સાબિત થતુ નથી.'' *(ફત્હુલ્બારી શરહે સહીહ બુખારી, ૩/૩૮૨, ફત્હુલ કદીર,૧/૭)*

મવાહિબે લદુનિયામાં છે : ''કરવું જાઈઝ હોવા માટે દલીલ પૂરી પાડે છે અને ન કરવું મનાઈની દલીલ નથી.'' *(ઈક઼ામતુલ ક઼િયામહ્–૪૯, બહવાલા મવાહિબેલ દુન્નિયા)*

હઝરત સૈયદના મુજદ્દિદે અલ્ફેષાની ફર્માવે છે : (વિરોધીઓની હદીષની કિતાબોમાં ત્રણેવ ખલીફાની જન્નતી હોવાની) ખુશ ખબરીની રિવાયત ન હોવું એ ખુશખબરી ન હોવાની દલીલ નથી.'' *(મક્તૂબાત, ૭/૯૬)*

હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه ફર્માવે છે : ''પહેલાં શીઆનો વાંધો ઉઠાવવાનું વર્ણન કરે છે. શીઆનો પાંચમો વાંધો એ છે કે, ''હઝરત સિદ્દીકે અકબર رضي الله عنهએ ફારૂકે આ'ઝમને મુસલમાનોના કામના સરદાર બનાવ્યા અને પૂરી ઉમ્મતના ખલીફા (અમીર) બનાવી દીધા, જ્યારે કે હુઝૂર ﷺના સમયમાં તે કેવળ એક વરસ માટે સદક઼ા વસૂલાત માટે નિયુક્ત હતા અને હુઝૂર ﷺ ના હટાવેલાને ફરીથી હોદ્દો આપવો, ખિદમત સોંપવી હુઝૂર ﷺનો ખુલ્લો વિરોધ કરવું છે.'' અને પછી શાહ સાહબ વાંધાના રદિયામાં પોતાના ત્રીજા જવાબમાં ફર્માવે છે કે, હુઝૂર ﷺ નો વિરોધ કરવું તો એ સમયે લાઝિમ થતુ કે આપ ﷺ એની મનાઈ કરી દેતા. છતાં અબૂબક્ર رضي الله عنه તેને જાણી જોઈને કરતા. અને મામલો એવો નથી, એટલા માટે વિરોધ લાઝિમ જ નથી આવતો.

અહીં તો સ્થિતિ એ છે કે એક કામની હુઝૂર ﷺએ જે ફારૂકે આ'ઝમ رضي الله عنهને સોંપણી કરી જ નથી, હઝરત અબૂબક્ર رضي الله عنهએ એમના હવાલે કર્યું. *(તોહફાએ ઈષ્ના અશરિયા ઉર્દૂ, ૫૨૬ કરાંચી)*

આ જ શાહ અબ્દુલ અઝીઝ આગળ ફર્માવે છે :–

ત્રીજી વાત એ કે ખલીફા ન બનાવવું એ અલગ વાત છે અને હુઝૂર ﷺ નું બનવાથી રોકી દેવું અલગ વાત. વિરુધ્ધતા એ સમયે શક્ય



બનતી કે જ્યારે હુઝૂર ﷺએ ખલીફા બનાવવાથી રોક લગાડી હોત અને સિદ્દીકે અકબર رضي الله عنه તે છતાં પણ ખલીફા બનાવતા.

આ વિરુધ્ધ કરવું નથી કે જે કામ હુઝૂર ﷺ એ ન ફર્માવ્યું, એ કામ સિદ્દીકે અકબરે કર્યું. *(પેજ–૫૨૮)*

અલ્લામા ઈબ્ને હુમામ ફતહુલ ક઼દીર ભાગ–૧ લખે છે :–

''કોઈ વસ્તુથી ચૂપ રહેવું એ એને છોડી દેવાની માંગણી નથી કરતું.'' *(લમ્આતુલ અસલિયત–૨૩)*

ફિક઼્હે હનફીની મશહૂર કિતાબ અલ ઈશ્બાહુ વન્નઝાઈરમાં લખેલ, ''ન હોવું પણ બુનિયાદ છે. અને હોવું પણ બુનિયાદ છે.'' *(અજાઈબુલ ફિક઼્હ, ૪૯–૫૦)*

ગિઝાલીએ દૌરાં અલ્લામા સૈયદ સઈદ અહમદ કાઝમી ફર્માવે છે : ''હુકમ ન હોવાથી કોઈ વસ્તુનું નાજાઈઝ થવું જરૂરી નથી. એટલા માટે કે કેવળ એનો હુકમ ન હોવાથી એનું એટલું જ પૂરતું છે કે એનું હરામ હોવું કોઈ શરીઅતની દલીલથી સાબિત નથી. *(મેઅરાજુન્નબી ﷺ–૧૪૪)*

હઝરત ડૉક્ટર મસઊદ અહમદ ફર્માવે છે : કોઈ કાર્યનું હુઝૂર ﷺ ના સમયમાં હોવું ખિલાફતે રાશેદા અથવા તાબેઈન, તબએ તાબેઈનના સમયમાં હોવું એની ફઝીલતની દલીલ છે પણ એ સમયમાં ન હોવું હરામ હોવાની દલીલ નથી.'' *(જાને જાનાં–૧૩૦)*

ઈસ્માઈલ દહેલ્વી લખે છે : ''હુઝૂર અને સહાબાના ક઼ૌલ (ફર્માન) અથવા અમલનું ન હોવું એ કોઈની વાત અથવા અમલ માટે નાજાઈઝ હોવાની દલીલ નથી. કોઈ કામથી રોકવા માટે દલીલ હોવી જરૂરી છે, ઈલ્મ ન હોવું પૂરતુ નથી. *(મૌલાના ઈસ્માઈલ દહેલ્વી ઔર તક઼વિયતુલ ઈમાન પેજ–૧૦૮, ૧૧૫ બહવાલા ચહારદા મસાઈલ)*

રશીદ અહમદ ગંગોહી કહે છે :–

નાજાઈઝ હોવા માટે એ દલીલ માન્ય નથી કે એને કોઈએ હુઝૂરના

સમયમાં ન કર્યું. અને જાઈઝ અને નાજાઈઝમાં જાઈઝ તરફ જવું જોઈએ. *(ફતાવા રશીદિયા–૨૨૮,૯૯)*

કારી મોહમ્મદ તૈયબ દેવબંદ દા.ઉ.ના મોહતમિમની સાંભળો ! એ કહે છે : "હુકમ ન આપવાનો મતલબ નાજાઈઝ હોવું નથી. ઝિક્ર ન હોવું નાજાઈઝ હોવાની દલીલ નથી. વર્ણન ન હોવાનો મતલબ દુનિયામાં કોઈ પણ જગ્યાએ. નાજાઈઝ હોવું નથી *(કલ્મા તૈયેબહ–૯૧)*

એટલે કોઈ અમલની સાબિતી ન મળવાથી સુન્નત ન હોવું તો સાબિત થાય છે પરંતુ જાઈઝ ન હોવું સાબિત થતુ નથી.

**(૩)** નાજાઈઝનો ફતવો આપવાવાળા માટે સચોટ દલીલનું હોવું જરૂરી છે. એને આપવાની જિમ્મેદારી નાજાઈઝ કહેવાવાળા મુફતી પર છે

સાહિબે ફુયૂઝૂલ બારી લખે છે : જ્યારે કોઈ શખ્સ કોઈ વસ્તુથી રોકે અને એ વસ્તુને હરામ, મકરૂહ અથવા નાજાઈઝ કહે તો સાંભળો ! જાણી લો ! સાબિત કરવાની જિમ્મેદારી એની છે. જ્યાં સુધી સાફ શરીઅતની દલીલથી સાબિતી ન આપે, એ દાવો એના પર મરદૂદ (રદિયો આપે છે) અને જાઈઝ કહેવાવાળા પર કોઈ જિમ્મેદારી નથી. એટલા માટે કે અસલ હુકમ જાઈઝનો છે. આ કાયદો હદીષને આધાર બનાવી હનફી, શાફઈ તમામ આલિમો અને અઈમ્માથી સાબિત છે, ત્યાં સુધી કે કોઈ પણ આલિમ આ વસ્તુના વિઢધ્ધમાં જોવા નથી મળ તા. *(ફુયૂઝુલબારી–૨૧૯)*

મિયાં નઝીર હુસૈન દહેલ્વીનો એક કૌલ જુઓ, કહે છે :–

"હે બેહોશ ! અક્કલ વિનાના ! અલ્લાહ ﷻ અને હુઝૂર ﷺનું જાઈઝ ન કહેવું અલગ વાત છે અને નાજાઈઝ કહેવું અલગ વાત ! એ તો જણાવો કે તમે જે વસ્તુને નાજાઈઝ કહો છો અલ્લાહ ﷻ અને રસૂલ ﷺએ નાજાઈઝ ક્યાં કહેલ છે ?! *(ઈકામતુલ ઈકામહ–૨૭)*

ફુયૂઝુલ બારી (પેજ–૨૨૦)માં છે : જે શખ્સ કોઈ વાતનો દાવો કરવાવાળો હોય, તો સાબિતી આપવી એની જિમ્મેદારી છે. તમે પોતાના



દાવાની સાબિતી ન આપો અને ઉપરથી બીજાથી સબૂતની માંગણી કરો, એને ગાંડો (પાગલ), ઢોંગી અને ફિત્તીન કહેવામાં આવે છે.

**૪. મુફતીએ શરીઅત માટે સાવધાની કયા કથનમાં છે ?**

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા, ઈમામ અબ્દુલ ગની નાબેલ્સીથી નકલ કરે છે : એટલે એમાં કોઈ સાવધાની નથી કે કોઈ વસ્તુને હરામ અથવા મકરૂહ કહી ખુદા પર જૂઠ બાંધો, કેમ કે હરામ અને મકરૂહ માટે તો દલીલની જરૂરત છે. બલ્કે સાવધાની એમાં છે કે જાઈઝ માની લેવામાં આવે, બુનિયાદી હુકમ એ જ છે. *(ઈકામતુલ કિયામહ–૨૯)*

હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી ફર્માવે છે :–

"જાઈઝ અમલ (કાર્ય)ને હરામ અને ગુમરાહી સમજવું પણ બુરુ છે." (ફૈસલા હફત મસ્અલા) સૈયદના મુજદ્દિદ અલ્ફેષાની (દફતર–૧,મકતબ નં.૧૬૩)માં ફર્માવે છે : "જાઈઝ કાર્યોમાં અલ્લાહની રઝા છે એને હરામ ચીજોમાં ખુદા તઆલાની રઝા નથી હોતી."

હવે જેમાં અલ્લાહની રઝા છે એને હરામ અને મના કહેવું બરાબર ન રહ્યું. જેથી આવી નિષ્કાળજીથી બચવું જરૂરી થઈ ગયું.

**ખુલાસો :** ઉપર વર્ણન કરેલ ખુલાસાએ જો કે એ શંકાને પાયાવિહોણી બનાવી દીધી અને બેકાર સાબિત કરી આપી છે, તો પણ અમે બુખારી શરીફથી એક મહાન અને રદિયો ન આપી શકાય એવો બનાવ વર્ણન કરીએ છીએ. ધ્યાનમાં રહે કે આ કોઈ કિસ્સા કહાની નથી, બલ્કે હકીકત છે જેને નકારવું શક્ય નથી. અને ફક્ત બુખારી શરીફ પર વિશ્વાસ હોવાની બાંગો પોકારનાર માટે ઘણી મોટી સાબિતી છે ! જુઓ !

"જંગે યમામામાં જ્યારે ઘણા બધા હાફિઝ અને કારી સહાબાએ કિરામ શહીદ થઈ ગયા અને હઝરત ફારૂકે આ'ઝમે હઝરત સિદીકે અકબરને કુર્આન એક જગાએ ભેગું કરવાનો મશ્વેરો આપ્યો તો સિદીકે અકબરે જવાબમાં ફર્માવ્યું : તમે એવું કામ કેવી રીતે કરશો

જે હુઝૂર ﷺ એ નથી કર્યું ?★ તો હઝરત ફારૂકે આ'ઝમે વિનંતી કરી, પરંતુ ખુદા ﷻની કસમ ! કામ તો સારુ છે ! ભલે હુઝૂરે ﷺ ન કર્યું. પછી થોડી ચર્ચા પછી સિદ્દીકે અકબર તૈયારી દર્શાવે છે. પછી હઝરત સિદ્દીકે અકબર હઝરત ઝૈદ બિન ષાબિતને કુર્આન ભેગુ કરવાનું કહે છે. એમણે પણ એ જ રીતે સવાલ કર્યો, એના પર સિદ્દીકે અકબરે એ જ ફર્માવ્યું. એટલે ખુદાની કસમ ! કામ તો ભલાઈનું છે ! પછી અહીં ચર્ચા થઈ, ત્યાં સુધી કે હઝરત ઝૈદ બિન ષાબિત પણ આ કાર્ય માટે રાજી થઈ ગયા. *(બુખારી શરીફ, બાબુ જમઉલ કુર્આન)*

હવે વિચારો ! જ્યારે સિદ્દીકે અકબરે કહ્યું કે આ કાર્ય હુઝૂરે ન કર્યું તો એના પર ફારૂકે આ'ઝમનું કહેવું, "ભલે નથી કર્યું ! તો પણ ખુદા ની કસમ ! આ સારૂ કાર્ય છે." અને એવું જ હઝરત સિદ્દીકે અકબર ઝૈદ બિન ષાબિતને ફર્માવે છે. એટલું જ નહીં, પરંતુ કુર્આન ભેગુ કરવાના કામને અમલમાં પણ લાવ્યા.

લો ! હવે તો યકીની રીતે એ શંકાનું જૂઠુ હોવું સાબિત થઈ ગયું. શબ્દ "ખૈર"ને બે વાર લાવવામાં આવ્યો જ્યારે કે એકવાર પૂરતુ હતું. ઉપરથી વલ્લાહ ખુદાની કસમ ! નો વધારો પણ છે. એટલા માટે સહાબાએ કિરામના અમલથી સાબિતી મળી કે જે કાર્ય હુઝૂર ﷺએ ન કર્યું એને સહાબાએ સારુ કહ્યું અને કર્યું પણ. સુન્નીઓ માટે આ એક ભરોસાપાત્ર દલીલ છે. જે માણસ સહાબાએ કિરામની વાત અને અમલને પૈરવીના લાયક નથી માનતો એ "મારા સહાબા તારાઓ જેમ

---

*★ જનાબ સઈદ અહમદ અકબરાબાદી પ્રોફેસર મુસ્લિમ યુનિવર્સિટી ઈન્ડિયા કહે છે એટલે ક્યાંક આ રીતે આ કામ બિદઅત અને હુઝૂર ﷺના તરીકાથી આગળ ન નીકળી જાય. બસ આ વિચાર હતો જેના લઈને હઝરતે સિદ્દીકે અકબર અવઘવમાં હતા, પરંતુ પછી હઝરતે ઉમરના વારે ઘડીએ કહેવાથી સુકૂન થઈ ગયું. (સિદ્દીકે અકબર رضي الله عنه પેજ ૩૮૬ મકતબા રશીદિયા કરાંચી)*

*મિશ્કાતમાં પણ છે, વિરોધીઓના મુફ્તી મુહમ્મદ શફીઅ દેવબંદી પણ મઆરિફુલ કુર્આન, જિલ્દ-૧, પેજ ૩૮માં લખે છે અને ઈમામ જલાલુદ્દીન સિયૂતીએ પણ લખેલ છે. જુઓ અલ ઈત્કાન ફિઉલૂમિલ કુર્આન, ઉર્દૂ પેજ ૧૫૪*



છે, જેની પયરવી કરશો ભલાઈ પામશો"ના સાચા રસ્તા પર નથી, એ સાચા માર્ગ માટે આવી શંકાઓને ખોટી કહેવી પડશે.

બીજી વાત જ્યારે આવી શંકા ઉભી કરવામાં આવે તો આ શંકા કરવા માટે પણ એ જ પ્રકારની દલીલ હોવી જરૂરી છે (કુર્આન તથા હદીષથી). જ્યારે આવી શંકા હુઝૂર ﷺની બારગાહથી સાબિત નથી, તો કેમ ન એ પોતાના કાયદા પ્રમાણે બુરી બિદઅત અને હરામ થઈ ગઈ ?! રહી વાત મીલાદની મેહફિલ, મીલાદનો જુલૂસ, ઈસાલે સવાબ, ઉર્સ, અઝાન પહેલાં સલાતો સલામ અને એનું જાઈઝ હોવાની સાબિતી, તો આવનાર પેજોમાં એની ફાયદો આપનાર ચર્ચા આવી રહી છે.

## ★ બીજી શંકા ★

જે કાર્યો ત્રણ જમાનામાં હતાં એ સારાં છે, અને પછી જાહેર થયાં એ બુરાં છે. જુઓ હદીષમાં છે : "સારો જમાનો મારો છે, પછી એની સાથેવાળો પછી એની સાથેવાળો. (છેવટ સુધી)

**શંકાનું નિવારણ** : હઝરત શૈખ અબ્દુલ હક્ક આ ઉમ્મતની ફઝીલતમાં અને ખાસિયતોમાં ફર્માવે છે કે પહેલો આ ઉમ્મતમાં પાછળ વાળાથી અફઝલ છે. એની એક તરતીબ (ક્રમ) પણ આ વિશે હુઝૂર ﷺથી બયાન કરવામાં આવેલ છે. ફર્માવ્યું : "બધાથી સારો મારો તે સમય છે કે જેમાં હું છું, પછી એ જે એનાથી મળેલ છે, પછી એ જે એનાથી મળેલ છે." મશહૂર ત્રણ રુત્બા છે :–

(૧) સહાબા (૨) તાબઈન (૩) તબ્એ તાબઈન. સહીહ બુખારીની એક હદીષથી ચોથાની પણ જાણકારી મળે છે જેને ઈત્તેબાએ તબઅ (તબએ તાબઈનની પૈરવી) કહે છે. પછી હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "પછી જૂઠ ફેલાઈ જશે." મતલબ એ કે આ ત્રણ અથવા ચાર જમાના પછી જે રીતે હુઝૂર ﷺના સમયમાં દીન, સચ્ચાઈ, તક્વો અને યકીનમાં જે હાલત હતી એના પછી જૂઠ અને ફિત્નાઓ ફેલાય જશે. *(મદારિજુન્નબુવ્વત, ૧/૨૬૭)*

અન્વારે સાતિઆના લેખક શાનદાર તેહકીક પછી ફર્માવે છે :

હદીષનો મતલબ એ થયો કે બધા માણસોમાં સારા મારા સમયના★ માણસ છે. પછી એના સાથેવાળા પછી એના સાથેવાળા, અને પછી જૂઠ ફેલાઈ જશે (વધી જશે). એટલે જે રીતે કુરુને ષલાષા (ત્રણ જમાનામાં) ભલાઈ વધુ પ્રમાણમાં હતી, એ જ રીતે આ ત્રણ જમાના) પછી જૂઠ વધી જશે (એટલે જૂઠ અને બુરાઈઓ વધી જશે). વધારે ભલાઈ (સારાં કામો)નો કોઈએ મતલબ ન સમજે કે કુરૂને અવલા (સહાબાએ કિરામના) સમયમાં જે કાંઈ પણ થશે એ સારું જ હશે, એટલા માટે કે બધી બુરી બિદઅતો કદરિયા, ખારજી, રાફઝી, વિગેરે બધા ફિર્કાઓ આ ત્રણ જમાનામાં જ પૈદા થયા, એને એ ત્રણ જમાનામાં પૈદા થવાના કારણે કોઈ પણ એહલે સુન્નત વ જમાઅત એમને સારા નથી કહેતો. પછી એ જ રીતે ત્રણ જમાના પછી જૂઠની હાલતને એના મુકાબલામાં સમજવું જોઈએ. પછી જૂઠમાં વધારો થવાનો એ મતલબ નથી કે જે કાંઈ પણ બનશે એ બધું જૂઠ પર આધારિત હશે ! જે રીતે એવું ન બન્યું કે જે વસ્તુઓ ત્રણ જમાનામાં પૈદા થઈ એ બધી જ સારી હોય. આ બયાનથી જાહેર થઈ ગયું કે અમુક વસ્તુઓ ત્રણ જમાના પછી જેને નેક બંદા પૈદા કરે એ બરાબર અને સારી હશે અને અમુક વાતો જે શરીઅત વિરૂધ્ધ પૈદા થશે એ ગુમરાહીનું કારણ અને બુરી થશે, જેમ કે ખૂદ ત્રણ જમાનાની અમુક પૈદા થયેલ બિદઅતો, ખરાબ અને ગુમરાહ કરવાવાળી છે. જમહૂર ઓલમાનો કૌલ આ જ છે, અને મઝહબે મનશુર પણ. *(અન્વારે સાતિઆ–૨૯)*

હવે જો એ શંકાને જાઈઝ માની લેવામાં આવે કે ત્રણ જમાનામાં જે

---

★ *આ હદીષો પણ જોઈ શકાય છે. બુખારીમાં છે : ''મારા સમયના લોકો સારા છે, પછી એની સાથેવાળા.'' અને બીજી જગાએ છે : ''સારી ઉમ્મત મારા સમયની છે, પછી એની સાથેવાળો.'' મિશ્કાત શરીફમાં છે : ''મારા સહાબાની તાઝીમ કરો કેમ કે તમારામાં એ સારા છે, પછી એની સાથેવાળા.''*

*મિર્આત ૮/૩૩૮માં લખેલ છે કરન શબ્દનો મતલબ ''મળવુ'' છે. એનાથી જ* **اقتران** *અને* **قرين** *છે. જમાનાને પણ શરીઅતની બોલીમાં કરન* **قرن** *કહે છે. અને જમાનાના લોકોને પણ જે એક સાથે મૌજૂદ હોય. અહીં જમાનાનો મતલબ જમાનાવાળા છે એટલે સાથી. એટલા માટે જ આગળ છે :* **ثم الذين يلونهم --- الخ**



કામો પણ પૈદા થયાં હતાં તો એને બરાબર અને સારુ માનવું પડશે દા.ત. રાફઝી, ખારજી વિગેરે, અને જે પછીના જમાનામાં પૈદા થયું એ તદન ખોટુ (દા.ત. કુર્આન પર એઅરાબ, (ઝબર, ઝેર, પેશ) તકલીદ, સરફો નહવ, અને ખોટા ફિર્કાઓને રદિયો આપવા નવી નવી દલીલો) પરંતુ એ રિવાયત તેમજ અક્કલની વિરૂધ્ધ છે. જેથી એ કાયદો અને શંકા જ બેકાર સાબિત થઈ કે સારા અને બુરાનો આધાર જમાના સાથે છે.

રહ્યું એવું કહેવું કે હદીષ **خير القرون قرنى**માં ભલાઈનો મતલબ એ છે કે ત્રણ જમાનામાં જે કામો પણ પૈદા થઈ ગયા એ સારાં છે અને ત્યાર પછી પૈદા થવાવાળાં ખરાબ, તો આવો ! આપણે લફઝે **خير** (ખૈર)ની કસોટી કરીએ. હુઝૂર ﷺએ ફર્માવ્યું, **مَثَلُ اُمَّتِى مِثْلُ الْمَطَرِ لَا يُدْرٰى اَوَّلَهٗ خَيْرًا اَمْ اٰخِرُهٗ** ''મારી ઉમ્મતનું દષ્ટ્રાંત એ વરસાદ જેવું છે, જાણકારી નથી કે પહેલો સારો છે કે પછીનો.'' *(મિશ્કાત, બાબે ષવાબ)* એટલે પૂરી ઉમ્મત સારી છે. સાફ થઈ ગયું કે હુઝૂર ﷺ એ **خير** (ખૈર)નો શબ્દ પૂરી ઉમ્મત માટે પણ ફર્માવેલ છે. ભલે સહાબાએ કિરામના અફઝલ હોવામાં શંકા નથી. હુઝૂર ﷺ નું ફર્માન : **اَكْرِمُوْا اَصْحَابِىْ فَاِنَّهُمْ خِيَارُكُمْ** ''મારા સહાબાની તાઝીમ કરો એટલા માટે કે એ તમારામાં શ્રેષ્ઠ છે.'' હવે જુઓ, બધા જ સહાબા શ્રેષ્ઠ છે, એટલે ઉમ્મતમાં સહાબા અફઝલ છે અને સહાબામાં સિદીકે અકબર અફઝલ.★ *(અફઝલુલ બશર બઅદલ અંબિયા–૨)*

પરંતુ સિદીકે અકબરના અફઝલ હોવાનો એ મતલબ નથી કે બીજા સહાબા સારા નથી. એટલે કોઈનું અફઝલ હોવું બીજાના સારા હોવાનો ઈન્કાર કરનાર નથી.

જો હજી પણ કોઈ ઉલઝન રહી જાય છે તો એક મશહૂર અને ફૈસલો

---

★ *આ'લા હઝરતે ઈબ્ને અસાકિરના હવાલાથી અફઝલુન્નાસ અને ખૈરૂન્નાસ બાદર્રસુલના શબ્દો લખેલ છે. (ખત્મે નબુવ્વત, પેજ–પર)*

કરવાવાળી હદીષ જુઓ, ઈન્શાઅલ્લાહ ! બધી શંકાઓ દૂર થઈ જશે. خَيۡرُكُمۡ مَنۡ تَعَلَّمَ الۡقُرۡآنَ وَ عَلَّمَهٗ "તમારામાં બેહતરીન એ છે જે કુર્આન શીખે અને શીખવાડે." *(મિશ્કાત કિતાબુલ ફઝાઈલુલ કુર્આન)* અહી પણ શબ્દ **خير** (ખૈર) ત્રણેવ જમાના સાથે જ ખાસ નથી બલ્કે આ શબ્દ **خير** (ખૈર) દરેક કુર્આન પઢવા તથા પઢાવવાવાળાને માટે છે અને શબ્દનું આમ હોવું આ વાતની દલીલ છે.

બીજી વાત કે અમારી રજૂ કરેલ હદીષમાં એ નથી કહેવામાં આવ્યું કે ત્રણ જમાનામાં જે માણસ સારા તરીકાને રિવાજ આપશે તો એને સવાબ મળશે અને જે પછી રિવાજ આપશે એને સવાબ નહીં મળે. એટલે જે જમાનામાં પણ જ્યારે કોઈ સારો તરીકો શરૂ કરશે તે સવાબનો હક઼દાર થશે. તો અહીં તો સવાબની સાબિતી ખૈર માટે જ છે બુરાઈ માટે તદ્દન નથી.

તમોએ હદીષોમાં શબ્દ "ખૈર" અને એના હુકમો જાણી લીધા છે, પરંતુ અમોને પોતાના દાવાને કુર્આનથી સાબિત કરવાની આદત છે એટલા માટે આયતે કરીમા રજૂ કરીએ છીએ :–

## ★ પ્રથમ આયત ★

**كُنۡتُمۡ خَيۡرَ اُمَّةٍ اُخۡرِجَتۡ لِلنَّاسِ تَاۡمُرُوۡنَ بِا لۡمَعۡرُوۡفِ وَتَنۡهَوۡنَ عَنِ الۡمُنۡكَرِ**

"તમે સર્વ શ્રેષ્ઠ ઉમ્મત છો એ બધી જ ઉમ્મતોમાં જે લોકો વચ્ચે જાહેર થઈ. ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી રોકો છો." *(આલિ ઈમરાન, ૪/૧૧૦)*

અશરફ અલી થાનવી કહે છે :–

આ સંબોધન બધી જ ઉમ્મતે મુહમ્મદીને સામેલ છે, એમાં પ્રથમ સહાબા છે. (તફસીરી હાશિયો, તાજ કંપની) મિરઆત શરહે મિશ્કાતમાં છે : "એમાં સંબોધન પૂરી ઉમ્મતે રસૂલથી છે." *(મિર્આત, ૮/૫૯૭)*

શબ્બીર અહમદ ઉષ્માની દેવબંદી લખે છે :

"હે મુસલમાનો ! ખુદાએ તમને સર્વ શ્રેષ્ઠ ઉમ્મતનું બિઢદ આપ્યું છે." *(તફસીરે શબ્બીર અહમદ ઉષ્માની)*



હઝરત સદરુલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી લખે છે : "તમે સર્વ શ્રેષ્ઠ છો હે ઉમ્મતે મુહમ્મદ !" (ﷺ) *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

શેખ અબ્દુલ હક઼્ક઼ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : આ સંબોધન વિના વાસ્તે (સીધો) હુઝૂર ﷺના સહાબાથી છે. (અહીં શબ્દ "બે વાસ્તા" બતાવે છે કે ઝરીઆ સાથે પૂરી ઉમ્મતથી ખિતાબ (સંબોધન) છે, નહીં તો શબ્દ "બે વાસ્તા"ની શર્ત જરૂરત વિના થઈ જાય છે. સાંભળો !

કાઝી મુહમ્મદ ષનાઉલ્લાહ પાનીપતી ફર્માવે છે :–

"આયત એ વાતની ગવાહી આપે છે કે આ ભૂતકાળમાં પણ સર્વ શ્રેષ્ઠ ઉમ્મત હતી અને ખિતાબના સમયમાં પણ સર્વ શ્રેષ્ઠ ઉમ્મત છે અને આવનાર સમયમાં પણ સર્વ શ્રેષ્ઠ હશે.

## ★ બીજી આયત ★

**اِنَّ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ اُولٰٓئِكَ هُمۡ خَيۡرُ الۡبَرِيَّةِ**

"તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને કર્યાં નેક કામો તે લોકો મખ્લૂકમાં શ્રેષ્ઠ છે. *(અલ્ બૈયિનહ પારા–૩૦, તર્જુમો : મહમૂદ હસન દેવબંદી)*

અહીં પણ શબ્દ "ખયર" બધા જ ઈમાનવાળા નેક લોકો માટે વાપરવામાં આવ્યો.

મૌલાના જલાલુદ્દીન સિયૂતી ફર્માવે છે :–

હવે કહો ! કેવી રહી અમારી દલીલો ?! અમે બધી જ ઉમ્મત માટે કિતાબો સુન્નતથી શબ્દો "ખયર"ના ઈસ્તેમાલની સાબિતી આપી દીધી. કહો, જ્યારે પૂરી ઉમ્મત જ સારી છે તો પછી બુઢ ક્યારે થશે અને ઈજમાએ ઉમ્મત (ઉમ્મતની સર્વ સંમતિ)ની હેસિયત શું રહેશે ?

મૌલાના અબ્દુસ્સમીઅ રામપૂરી ફર્માવે છે : "કેમ કે કોઈ એહલે ઉસૂલે વર્ણન ન કર્યું કે ત્રણ જમાના પછીની સર્વ સંમતિ (ઈજમાઅ) જૂઠ તથા આક્ષેપ હશે. *(અન્વારે સાતિઆ–૪૩)* મુસલમાનોને ઈજમાઅ

(સર્વ સંમતિ) હુજ્જત (દલીલ) છે. *(ખસાઈસે સુગરા ઉર્દૂ–૩૩)* અને હુજ્જત ખૈરની માંગ કરે છે ન કે બુરાઈની.

**ખુલાસો** : અહીં વધારે ખુલાસા માટે બિદઅતે હસનાનો વિરોધ કરવાવાળાના પેશ્વા રશીદ અહમદ ગંગોહીને પસંદ કર્યા છે. જોઈએ એ ત્રણ જમાના સાથે ખૈરને ક્યાં સુધી જરૂરી માને છે. એમણે પોતાની અવલાદ (માનવાવાળાઓ માટે) શું સંદેશ આપ્યો છે ? તો વાંચો ! સવાલ અને રશીદ ગંગોહીનો જવાબ.

**સવાલ** : કોઈ મુસીબતના સમયે બુખારી શરીફને ખતમ કરાવવી ત્રણ જમાનાથી સાબિત છે કે નહીં ? અને બિદઅત છે કે નહીં ?

**જવાબ** : ત્રણેવ જમાનામાં બુખારી લખવામાં ન આવી હતી પરંતુ એનો ખતમ દુરુસ્ત છે, કેમ કે ઝિક્રે ખૈર પછી દુઆ કબૂલ થાય છે, એની અસલ શરીઅતથી સાબિત છે, બિદઅત નથી.★ ફક્ત *(ફતાવા રશીદિયા, પેજ–૧૪૭)*

વિચારો ! ગંગોહી સાહબે શું કહ્યું છે ? કહે છે, ''એટલે આ અમલ

---

★ *હા ! તો નેલવી સાહબ કહો ! જો આ બિદઅત નથી તો સુન્નત છે ? શું છે તમારો ખુલાસો ?!*

*ગંગોહી મહાશય બીજી જગ્યાએ જણાવે ''અને નાજાઈઝ હોવા માટે એ દલીલ નથી કે એને ''ખયરે કુરૂન'' (ત્રણેવ જમાના)માં કરવામાં ન આવી હોય.'' (ફતાવા રશીદીયા પેજ–૨૨૮) અને અશરફ અલી થાનવી કહે છે : ''ખૈરુલ કુરુન (ત્રણેવ જમાના)માં ન હોવું અને હવે હોવું બિદઅત હોવાની સાબિતી નથી. (ઈફાઝાતુલ યવમિયહ–૨/૧૦૮)*

*એ સિવાય મૌલાના અબ્દુલ હક્ક માજી મોહતમિમ દા.ઉ. હક્કાનિયા – અકોરા–ખટકના ''ખુતબાતે દઅવાતે હક્ક''(૧/૩૨૧) સંપાદક મૌલાના સમીઉલ હક્કથી એક ખુત્બાનો હિસ્સો જુઓ, ''બુખારી શરીફને મુસીબત દૂર કરવાવાળી બતાવી કહે છે બુખારીનો ખત્મ કરાવવામાં ઘણા ફાયદા અને બરકતોને ઓલમાએ અનુભવી લખ્યું છે કે કોઈ મોટી મુસીબત આવે તો એને દૂર કરવાની નિય્યતથી બુખારીનું ખતમ કરવામાં આવે, અલ્લાહ ﷻ એ મુશ્કેલી હોય કે દુકાળ હોય, અને કોઈના મકાનમાં બુખારી શરીફનો ખત્મ કરવામાં આવે તો એ વરસાદ ન તો અલ્લાહ દુકાળ દૂર કરી આપશે. આં હુઝૂરનાં ફર્માનો પણ જાણે મુસીબત દૂર કરવાવાળાં છે.*



''મુસીબતના સમયે બુખારી પૂરી કરવાનો કુરૂને ષલાષા એટલે ત્રણેવ જમાનામાં રિવાજ ન હતો, તો પણ બરાબર છે, અને બિદઅત નથી. પરંતુ બીજા નંબરની શંકા કરવાવાળાની નજીક એ પણ બિદઅત છે. અથવા એ અમલને દીની અમલ (કાર્ય) નહીં બલ્કે ગૈર દીની કાર્ય સમજતા હશે ? ! હવે ઈમામ શું કહી રહ્યો છે ? અને મુક્તદી શું કહી રહ્યો છે ? ! ગંગોહી કહે છે, આ બિદઅત નથી ભલે આ દીની કામ ત્રણેવ જમાનામાં ન હતું. પરંતુ શંકા નં. ૨ કરવાવાળો મોલવી કહે છે કે, હુઝૂર ﷺ અને સહાબાના સમયમાં જે અમલ (કાર્ય) દીનમાં ન હોતું એને દીન સમજી કરવું બિદઅત છે. તો શું બુખારીનું ખતમ ગૈર દીની (દીન વિરુધ્ધ) છે ? હવે જુઓ બીજા દેવબંદી કોની તરફેણ કરવામાં ભલાઈ સમજે છે ? અમારી નજરમાં તો બીજી શંકા કરવાવાળા મોલવી પોતાના ઈમામે બનાવેલ રસ્ત પરથી ખસી ગયેલ છે અને એમના ઈમામે તો અમારી દલીલોને બરાબર હોવાનો સિક્કો મારી દીધો કે કોઈ કામ બરાબર ન હોવા માટે ત્રણેવ જમાનામાં હોવા સાથે ખાસ નથી એટલે સારા હોવાનો આધાર જમાના પર નથી બલ્કે ઉસૂલે શરીઅત પ્રમાણે હોવા પર છે. અલ્હમ્દુ લિલ્લાહ ! આ શંકા પણ દૂર થઈ ગઈ !

**બહુરૂપીપણુ** : અમુક વિરોધી તથા વાંધો ઉઠાવવાવાળા બિદઅતે હસનાનો રદિયો ન આપી શકવાના કારણે પોતાની શરમ છુપાવવા માટે દિલને ધોકો આપવાનું શરૂ કરી આપે છે કે જુઓ ! સહાબાએ કિરામે આવો અમલ કર્યો હતો જે આપણે કરીએ છીએ ? એમણે જો આવુ ન કર્યું તો શું દીન પર અમલ ન કર્યો ? આપણને દીનથી વધારે મહોબ્બત છે જે એમને ન હતી ?! શું એ આ સારાં કામ નહોતા જાણતા જે આપણે જાણી લીધાં ? શું આપણે એમનાથી વધારે કુર્આન જાણી લીધાં ? શું આપણે એમનાથી વધારે કુર્આન હદીષને સમજવાની તાકત ધરાવીએ છીએ ? જ્યારે એમણે આ કામ ન કર્યું અને આયતો અને હદીષોથી આ મતલબ ન કાઢી શક્યા તો આપણે શાથી કાઢીએ ? વિગેર વિગેરે *(ઈદે મીલાદુન્નબી ﷺ કી શરઈ હૈસિયત, મોલ્વી મુહમ્મદ હુસેન નેલવી)*

## ★ આ બહુરૂપિયાના ધોકાનો જવાબ ★

આપણે કહી દઈએ છીએ કે આ એમની એ જ ધોકાબાજી છે જે સૂરએ બક્રહના બીજા રુકૂઅની પહેલી બે આયતોમાં વર્ણન કરવામાં આવેલ છે. એમનાથી જરૂર હોશિયાર રહેશો.

પહેલાં તો ખોટી શંકા દૂર કરવા માટે હલાલ, હરામ, મુબાહ વિશે ક્રાયદા ફરીથી જોઈ લો. એમનાથી પૂછો, આ સાફ ક્રાયદાઓ હોવા છતાં આવી આવી વાતો છેવટે કેમ? જ્યારે એમાં જાઈઝનો હુકમ મૌજૂદ છે તો આવી વાતો કે આપણે કેમ કરીએ જ્યારે સહાબાએ કિરામે ન કર્યું? જ્યારે કે આ વાત કોઈ કામના હરામ અને નાજાઈઝ હોવાનો ક્રાયદો નથી★. અને એ કે એમણે શું દીન પર અમલ જ નથી કર્યો. આ વાત તો ત્યારે બને કે આપણે કહીએ કે આ દીનનો જરૂરી હિસ્સો (ભાગ) છે જે સહાબાએ કિરામ ભૂલી ગયા. મઆઝલ્લાહ!

આપણા વધુ પડતા મઅમૂલો એવા છે જેને બધા એહલે સુન્નત વ જમાઅત, અમલ નથી કરી શકતા, તો શું આપણે એમને બુરા અથવા ફર્ઝ તથા વાજિબ છોડવાવાળા કહ્યા? ના! આપણે તો ફક્ત એમને બુરા માનીએ છીએ જેઓ એ નેક અમલને વિના દલીલે નાજાઈઝ અને હરામ બતાવે છે.

પછી નેલવી સાહબના નં. ૩૫ મોલવી રશીદ અહમદ ગંગોહીએ તો બિલ્કુલ નથી કહ્યું કે, "ખત્મે બુખારી કરવું સહાબાથી સાબિત નથી એટલા માટે હવે જાઈઝ નથી." બલ્કે એ કહે છે કે સહાબાથી સાબિત હોય કે ન હોય મુસીબત જરૂર દૂર થાય છે અને હવે "ખત્મે બુખારી" કરવું બરાબર છે!

બીજું કે કુર્આન ભેગુ કરવા વિશે તમે ઘણી જ ભરોસાપાત્ર હદીષ

---

★ *બિદઅતે હસનાના વિરોધીઓના કેન્દ્ર દા.ઉ. દેવબંદના માજી મોહતમિમ કારી તૈયબ લખે છે, જાઈઝ હોવાનો આધાર કિતાબ તથા સુન્નત અને ઈજમાઅ પર છે, ન કે સહાબાના અમલ કરવા પર, કે આ દલીલ જ નથી કે સહાબાએ કિરામથી હમેશાં અમલની દલીલ માંગવી એ શરીઅતની દલીલ કરવાની પધ્ધતિને ચેલેંજ કરવું છે. (કલમા તય્યબા, પેજ–૧૧૩)*



જોઈ લીધી છે. વિચારો! ફારૂકે આ'ઝમના કુર્આન ભેગુ કરવાના મશ્વરા પર જ્યારે હઝરત સિદ્દીકે અકબરે કહ્યું કે આ કામ તો હુઝૂર ﷺ એ કર્યું નથી! તમે કેવી રીતે કરશો? તો જવાબમાં હઝરત ફારૂકે આ'ઝમે કહ્યું કે હુઝૂર ﷺ એ ભલે ન કર્યું પરંતુ અલ્લાહની કસમ! આ કામ સારૂ છે.

હવે બતાવો! જ્યારે હુઝૂર ﷺએ આ કામ કર્યું જ નથી તો પછી ફારૂકે આ'ઝમે કયા આધારે કહી દીધું કે અલ્લાહ ﷻની કસમ! આ કામ સારુ છે. એ જ આધારે કે જનાબ સરવરે આલમ ﷺએ એને મના નથી ફર્માવ્યું. હવે જ્યારે રસૂલે પાક ﷺએ આ કામ કર્યું જ નથી અને ફારૂકે આ'ઝમ કહે છે કે અલ્લાહ ﷻની કસમ! આ કામ સારુ છે. અને એટલું જ નહીં હઝરત સિદ્દીકે અકબર પણ એમના મશ્વરાને સ્વીકારી લે છે. એટલું જ નહીં બલ્કે, કુર્આનને ભેગુ કરવાનું કામ પણ થાય છે. તો શું કોઈ સારા દિમાગવાળો મુસલમાન એવું કહી શકે છે કે શું સહાબાએ કિરામને કુર્આનથી વધારે મહોબ્બત હતી જે હુઝૂર ﷺ ને ન હતી! અથવા સહાબાએ કિરામને જ આ કામના સારા હોવા વિશે જાણકારી હતી?! (નઊઝુબિલ્લાહિ મિન્ઝાલિક) નેલવી મહાશય! અહીં કયો ફતવો આપશે?!

નેલવી મહાશયે એહલે સુન્નત વ જમાઅતને સામાન્યતઃ બિદઅતીના બિરુદથી જ યાદ કર્યા છે અને બનાવટી વાતોનો ઈલ્ઝામ પણ નાખવામાં પોતે મક્કારીની કલામાં હોશિયાર હોવાનું મનાવી ચૂક્યા છે. કહે છે કે "આ બિદઅતીઓ (એટલે આપણે સુન્ની)ની વિચારસરણી એ છે કે હુઝૂર અને સહાબાએ કિરામ પર આ આયતોનો મતબલ સાફ જાહેર ન થઈ શક્યો!" મઆઝલ્લાહ! જ્યારે કે આવી ખોટી આક્ષેપવાળી વાતો લખવામાં સાબિતીરૂપે કોઈ એક પણ હવાલો આપવાની તકલીફ ઉઠાવી નથી કે ફલાણી કિતાબમાં ફલાણાએ આવું લખ્યું છે.

હવે કોણ સમજે કે નેલવી મહાશય કુર્આન ભેગુ કરવા વિશે શું સમજ ધરાવે છે? અથવા نعمت البدعة هذه ના બારામાં એમનો ખ્યાલ શું છે? ખત્મે બુખારી વિશે શું કહે છે? જો આ ઝિક્રે ખેર (સારુ ઝિક્ર) છે અને

ઝિક્રે ખૈર પછી દુઆ કૃબૂલ થાય છે (ફતાવા રશીદિયહ) એટલે એમનાં નંબર ૩૫ મોલવી સાહબ (ગંગોહી)ની નજરમાં બરાબર છે. તો હુઝૂર ﷺની પૈદાઈશના ઝિક્રનું સાઢ હોવાને કોણ નકારી શકે છે★. દેવબંદીઓની કિતાબ અલ મુહમ્મદ અલલ્ મુફન્નદમાં હુઝૂર ﷺ ની પૈદાઈશના ઝિક્રને "ઉચ્ચ કક્ષાનું મુસ્તહબ અને પસંદગી પામેલ કામ કહેવામાં આવ્યું છે" ખત્મે બુખારી કરવું પણ સારુ કામ અને મીલાદ શરીફનું ઝિક્ર પણ સારુ ! તો કહો જ્યારે ખત્મે 'બુખારી' બિદઅત નથી અને બરાબર છે તો મીલાદનું ઝિક્ર કેવી રીતે નાજાઈઝ અને બિદઅત થઈ ગયું ?! સારુ લો ! એટલું જ જણાવી દો કે દર્સગાહમાં સર્ફ તથા નહ્વને પઢાવવું ક્યારની પૈદાવાર છે ? બલ્કે જાતે જવાબ આ જ કિતાબ "ઈદે મીલાદુન્નબી ઔર ઉસ્કી શરઈ હૈસિયત" હઝરાતે સહાબાએ કિરામની કઈ સુન્નત (તરીકા) પ્રમાણે છે ?

યાદ રાખશો કે નેલવી સાહબની ૧૨ પેજની કિતાબનો જવાબ અમારી ચર્ચામાં સામેલ નથી, એના માટે સુન્ની આલિમોની કિતાબો તેહકીકથી ભરેલ છે એને પઢો, અમારે તો ફક્ત એ શંકાઓની કસોટી કરવી છે જે નાજાઈઝ રીતે રજૂ કરવામાં આવે છે અને પછી એ મનઘડત વાતોને શરીઅતનું નામ આપી દેવામાં આવે છે. શું આ શંકાઓ સહાબાએ કિરામથી સાબિત છે ? તો શું એમને જાણકારી ન હતી જે આ લોકોને પ્રાપ્ત થઈ ગઈ ! મઆઝલ્લાહ ! જો એ કહે કે જરૂરતો પછી પૈદા થઈ માટે આ શંકાઓ પણ પછી પૈદા થઈ. તો કહો, કે એમનો કૃાયદો એ છે કે પછી પૈદા થવાવાળુ દરેક કાર્ય મરદૂદ (રદ) છે. તો યકીની રીતે આ શંકાઓ પણ રદ (અમાન્ય) થઈ. (એટલા માટે કે શંકાઓ પણ તો પછીની પૈદાવાર છે) અમારે કાંઈ પણ કહેવાની જરૂરત જ ન રહી.

આવો ! હવે જોઈએ પોતાની સમજમાં સહાબાએ કિરામના અમલને બરાબર અને એના પર ચાલવાને જરૂરી હોવાની બૂમો પાડનાર ક્યાં

★ *મોહદ્દિષ ઈબ્ને જવઝીની બયાનુલ મિલાદુન્નબવી અને ઈમામ જલાલુદ્દીન સયુતીની હસ્નુલ કૃસ્દ ફી અમલિલ મૌલુદ જુઓ, આંખો ખુલી જશે.*



સુધી સહાબાએ કિરામ પર ભરોસો રાખે છે, અને સહાબાએ કિરામની સુન્નતને કેટલી જરૂરી માને છે. આ તો બિદઅતે હસનાના વિરોધીઓએ સ્વીકારેલ જ છે કે સહાબાએ કિરામ (ખુલફાએ રાશેદીન)નો અમલ સુન્નત અને હુજ્જત (દલીલ) છે, જેની પેરવી જરૂરી છે. અમે પણ એવું જ કહીએ છીએ અને બરાબર માનીએ છીએ.

હવે વિચારો કે જ્યારે શ્રેષ્ઠ સહાબાએ કિરામ એટલે ખુલફાએ રાશેદીનના અમલને સુન્નત માનવામાં આવ્યું કે જે કામ પહેલાં ન થઈ શક્યું એને સારૂ કહ્યું પણ અને સવાબ સમજી કર્યું પણ. તો હવે ભલાઈનું કામ સવાબની નિય્યતથી શરૂ કરવામાં આવે તો આ એમની જ સુન્નત અને પેરવી કરવું ગણાશે તમે જોઈ લો પેરવી કોણ કરી રહ્યા છે, અને વિરુધ્ધ કરવાને કોણે પોતાનો મકૃસદ બનાવી લીધો છે અને કોણે પોતાના હાથો વડે પોતાનો નશેમન જલાવ્યો છે.

બીજી એ પણ જાણકારી મળી કે ન કરવું અલગ વાત છે અને કરવાથી રોકવું અલગ વાત છે. આ જ જુઓ ! કુર્આનને ભેગુ ભલે હુઝૂર ﷺએ ન કર્યું પરંતુ રોક્યા ન હતા, એટલા માટે સારુ કહેવામાં આવ્યું અને સવાબ પ્રાપ્ત થવાનું કારણ પણ દર્શાવ્યું. સહાબાએ કિરામના આ સારા અમલ સામે વિરોધીઓનો બનાવટી ધોકો દેનાર ચેહરો સારી રીતે ખુલીને સામે આવી ગયો.

## ★ ખુલાસો : કલામુલ ઈમામ ઈમામુલ કલામ ★

હઝરાતે સહાબાએ કિરામની તરફ આયતોના મતલબથી અજાણતાની નિસ્બતનો એહલે સુન્નત વ જમાઅત પર જે વિના આધારે આક્ષેપ રાખવામાં આવે છે, એનો જવાબ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા" ઈકામતુલ કૃયામહ"માં ફર્માવે છે, તેને ધ્યાનથી વાંચો તો ઈમાન તાજુ થઈ જશે. ઈન્શાઅલ્લાહ !

હકીકતમાં વાત એવી છે કે સહાબા અને તાબેઈન અલ્લાહના દીનને બુલંદ કરવા અને ઈસ્લામની હિફાઝત માટે અને દીનને ફેલાવવા અને કાફિરોને કૃત્લ કરવામાં બંદાઓ અને શહરોને સુધારવામાં અને

ફિત્નાઓની આગ બુઝાવવામાં અને ફર્ઝોને પહોંચાડવામાં અને અલ્લાહની બનાવેલ સીમાઓની હિફાઝતમાં અને એક બીજાની ઈસ્લાહમાં, અને ઈમાનની હિફાઝતથી અને હદીષો યાદ કરવાથી વિગેરે કામોમાં રચ્યા રહેવાના કારણે એમના પાસે સમય જ ન હોતો એટલા માટે આ ફુઢઈ (શાખાકિય) સારા કામો તો શું પરંતુ ક઼ાયદા બનાવવાના ઉસૂલ તથા એને માટે જુઝઈય્યાત, કિતાબ લેખન તથા ઈલ્મોનું સંપાદન, હક્ક઼ દલીલોની ગોઠવણી, ગુમરાહોની શંકાઓનો રદિયો વિગેરે મહાન કાર્યો તરફ પણ પૂરતુ ધ્યાન ન આપી શકયા, જ્યારે અલ્લાહﷻના ફઝલથી એમના હાથોની તાક઼તે અલ્લાહ ﷻના દીનની બુનિયાદો મજબૂત બનાવી દીધી. એ પછી આવનાર ઓલમા તથા અઈમ્મએ કિરામે તખ્તી અને બખ્ત શણગારેલ જોઈને બુનિયાદો મજબૂત કરવાવાળાઓની પૈરવી કરવામાં લાગ્યા અને અલ્લાહની જાત પર ભરોસો કરી જરૂરી કામોમાં લાગી ગયા. હવે ઝહેર ફેલાવવાવાળા તોફાનોથી બેફિકર થઈ એની સિંચાઈ થવા લાગી. સારી વિચારધારાવાળાઓએ સંશોધનની બુનિયાદો રાખી. ઉચ્ચ કક્ષાનાં દિમાગોએ સંશોધનના શુધ્ધા પાણીની નદીઓ વહેતી કરી દીધી. ઉલમા અને અવલિયાની આંખોએ આ મુબારક સંશોધન કરવાવાળાઓને પોતાની નજરોનું કેન્દ્ર બનાવ્યા. દીનો મિલ્લતને ચાહવાવાળાની પાકીઝા હવાઓએ આ લોકો પર ખુશ્બુનો વરસાદ કર્યો, ત્યાં સુધી કે હુઝૂર ﷺનો બાગ ચારેવ તરફ હરીયાળો બની ઝુમવા લાગ્યો. એનાં તાજાં ફૂલો અને સુહાની પત્તીઓએ આંખો તથા દિમાગ પર આશ્ચર્યજનક રીતે એહસાન કર્યું, (વલહમ્દુલિલ્લાહ) હવે કોઈ જાહિલ વાંધો ઉઠાવે કે આ બાગનાં ફૂલો અને હરીયાળી જે હવે જોવામાં આવી પહેલાં કયાં હતી ? આ પત્તાં (પાંદડાં) જે હવે જાહેર થયાં પહેલાં કેમ છુપાયેલાં હતાં ? આ પાતળી પાતળી ડાળી જે અત્યારે ઝુમે છે, આ નાની નાની કલીઓ જે હમણા ખુશ્બૂ આપે છે. અગર એમાં કોઈ ખૂબી સારી વસ્તુ હોત તો પેહલાંના લોકોએ કેમ છોડી દીધી ? તો તે બેવકૂફની બેવકૂફી પર બાગનું દરેક ફૂલ એનો મજાક બનાવશે કે હે બેવકૂફ ! પહેલાંના લોકોને બુનિયાદ મજબૂત કરવાની



ફિકર હતી, એમને સમય મળ્યો હોત તો આ બધુ કરી બતાવતા. છેલ્લે એ બેવકૂફીનું ફળ એ મળશે કે એ બેવકૂફ આ બાગનાં ફળ અને ફૂલથી ફાયદો પ્રાપ્ત નહીં કરી શકે.

વિચારવાની વાત છે એક હકીમના ઘરે આગ લાગી. એના નાનાં નાનાં બાળકો મકાનમાં ફસાઈ ગયાં અને લાખો રૂપિયાનો સામાન પણ હતો. એ હોશિયાર આદમીએ માલ તરફ તદ્દન ધ્યાન ન આપ્યું અને પોતાની જાન હથેળી પર રાખી બાળકોને સહી સલામત આગમાંથી કાઢી લાવ્યો. આ બનાવ અમુક બેવકૂફ પણ જોઈ રહ્યા હતા. બન્યું એવું કે એમના ત્યાં પણ આગ લાગી. અહીં ફક્ત માલ જ હતો ઉભા ઉભા જોતા રહ્યા અને બધો જ માલ બળી ગયો. કોઈએ વાંધો ઉઠાવ્યો, તો કહ્યું, તમે બેવકૂફ છો ! અમે એ અકલમંદ આદમીને જોયો છે, એના ઘરમાં આગ લાગી હતી, તો એણે માલ કયો કાઢયો હતો કે અમે કાઢતા ?! પરંતુ બેવકૂફો એટલું ન સમજ્યા કે એ હિમ્મતવાળા અક઼લમંદ પાસે બાળકોને બચાવવાથી સમય જ ક્યાં હતો કે માલ કાઢતો ?! એવું ન હતું કે એણે માલને બુરો સમજી છોડી દીધો હતો. *(ઈક઼ામતુલ ક઼િયામહ–૪૧)*

**ફાયદો** : અમે એહલે સુન્નત વ જમાઅત સહાબા અને તાબઈનની જમાઅત માટે એવું બિલ્કુલ નથી કહેતા કે એ અજાણ હતા★ અને આપણે એહલે સુન્નત જાણકાર છીએ, આ ફક્ત આપણા ઉપર ઈલ્ઝામ છે જેને સચ્ચાઈ સાથે દૂરનો પણ તઅલ્લુક નથી. ઈમામે એહલે સુન્નતનું ફર્માન તમારા સામે છે. અમે સમજીએ છીએ કે વાંધો ઉઠાવનારના વાધાંને દૂર કરવા આ બયાન ખૂબ મદદગાર સાબિત થશે. જરૂરત પૂર્વગ્રહથી દૂર રહેવાની છે.

## ★ રિવાજ પામેલ બિદઅતો ★

હવે અમુક રિવાજ બની ગયેલ બિદઅતો (હસના)ની લિસ્ટ જોઈ

*★ દા. ઉ. દેવબંદના ક઼ારી તૈયબ કહે છે : ઘણાં બધા ઈજતેહાદી મસાઈલ જે સહાબાએ કિરામના સમયમાં અમલ તો શું જાણકારીમાં પણ નથી આવ્યા. (કલમએ તૈય્યબા પેજ–૧૧૦)*

લો. મજાની વાત એ છે કે એમાંથી વધુ પડતી બિદઅતો વાંધો ઉઠાવનાર અને બિદઅતે હસનાના વિરોધીઓને ત્યાં પણ રિવાજ પામેલ છે !

**૦૧.** કુર્આનની છપાઈ, કુર્આનના એઅરાબ (ઝબર, ઝેર, પેશ) તર્જુમો, કુર્આનનો હાશિયો, તીસ સિપારામાં વહેંચણી, કુર્આન વેચવું.★

**૦૨.** હદીષની કિતાબો, હદીષના પ્રકારો અને એના હુકમો.

**૦૩.** ઈમાને મુજમલ, ઈમાને મુફસ્સલ, નામ સાથે કલમાની ગણત્રી.

**૦૪.** ફિક્હની કિતાબો અને ઉસૂલ, દર્સી કિતાબો, ઈલ્મે કલામ, અને સરફ, નહ્‌વ વિગેરે

**૦૫.** ગુમરાહ ફિર્કાઓને રદિયો આપવા નવી નવી દલીલો.

**૦૬.** દીની રિસાલા (માસિકો, પખવાડિકો વગેરે)ને નક્કી કરેલ તારીખમાં કિંમત પ્રાપ્ત કરી દર મહીને પહોંચાડવું.

**૦૭.** રહેવા, ખાવાના સામાનમાં વધારો.

**૦૮.** ગાડીઓના સહારે અરકાને હજ્જને પૂરા કરવા.

**૦૯.** દીની મદ્રસાઓ અને એમાં પગાર આપી ઉસ્તાદોને રાખવા, જમાઅતોનો ક્રમ, તાલીમનો કોર્સ, તાલીમનો તરીકો, કામ

---

*★ તફસીરે અઝીઝી, પારા અલિફ–લામ–મીમ, પ્રેસ વલી મુહમ્મદ લખનવી, પેજ–૨૧૨માં કુર્આન વેચવાને બિદઅતે હસના ગણેલ છે. (અન્વારે સાતિઆ–૫૦)*

*આ'લા હઝરત ફર્માવે છે : ઈમામ જલાલૂદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ એ કિતાબુલ ઈત્કાનમાં જે પણ હદીષો અને રિવાયતો અને કુર્આનની આયતો જે પણ આવા કાર્યો બારામાં છે, તેને ભેગી કરી દીધી છે. એમાં સિપારાનું કોઈ જગાએ વર્ણન નથી જેનાથી જાહેર થાય છે કે એમના સમય સુધી સિપારાની વહેંચણી ન હતી (મલ્ફૂઝાતે આ'લા હઝરત, ૧/૯૦)*

*ઈસ્માઈલ દહેલ્વી ચહારદા મસાઈલમાં લખે છે : "કુર્આનમાં હરકતો લગાડવી સારી બિદઅત છે. એટલા માટે કે અજમીઓનું કુર્આન બરાબર પઢવું બલ્કે આ સમયના અરબી લોકોના સહીહ કુર્આન પઢવાનો આધાર આ જ હરકતો પર છે. (રિસાલા ચહારદા મસાઈલ બ હવાલા અન્વારે સાતિઆ–૧૪૨ અને બહવાલા મૌલાના ઈસ્માઈલ અને તક્વિયતુલ ઈમાન–પેજ–૧૦૭)*



કરવાનો સમય, લેખિત અને ઝબાની પરીક્ષાઓ, ઈમ્તેહાન લેવાવાળાઓને નક્કી કરવા, વર્ષે જલ્સો રાખવો અને એના માટે પોસ્ટરો, જલ્સાની જગાઓને સજાવવું, દસ્તારબંદી અને સનદોની વહેંચણી વિગેરે.

**૧૦.** મસ્જિદોને સજાવવું, પગાર આપી ખતીબ, ઈમામ, અઝાન આપનારને નક્કી કરવા, માઈકને વાપરવું. જમાઅત સાથે નમાઝ માટે સમય નક્કી કરવો, ઝબાનથી નમાઝની નિય્યત કરવી[1].

**૧૧.** ચારેવ મઝહબ, તક્લીદે શખ્સી, તરીકતના સિલસિલાઓ અને એમના ખાસ ઝિક્રનો તરીકો[2].

**૧૨.** મીલાદની મેહફિલો ઈદે મીલાદનું જુલૂસ, ઉર્સ, સીરત કોન્ફ્રન્સ, પ્રેસ કોન્ફ્રન્સ, ઈસ્તેક્બાલ, અઝમત જાહેર કરવા જુલૂસ, મુસીબતના સમયે બુખારી શરીફનું ખતમ.

---

*૧. નિય્યત દિલના પાકા ઈરાદાનું નામ છે અને નમાઝમાં નિય્યત ફર્ઝ છે જ્યારે કે આપણે નમાઝમાં ઝબાનથી નિય્યત કરવાને 'બિદઅતે હસના'માં ગણના કરી છે. એનાથી મતલબ એ નથી કે દિલની નિય્યત જે ફર્ઝ છે એનાથી ગફલત કરવા છતાં બિદઅતે હસના રહેશે. નહીં ! બલ્કે આ સારી બિદઅત એ જ સમયે ગણવામાં આવશે જ્યારે દિલના ઈરાદા પ્રમાણે હોય. એટલે ઝબાનથી જરૂરી નથી, દિલથી જરૂર છે. તો જો દિલની સાથે ઝબાનથી પણ કરી લેવામાં આવે તો સારુ (મુસ્તહસન) છે. અલ્લાહ ન કરે જો દિલી નિય્યતથી ગફલતનો સબબ બની જે ફર્ઝ છે તો ફર્ઝના ઉઠી જવાના કારણે બુરી બિદઅત થઈ જશે એટલા માટે કે જ્યારે સુન્નત ઉઠી જવાથી બુરી બિદઅત થઈ જાય છે, તો ફર્ઝ ઉઠી જવાથી તો વધારે બુરી બિદઅત ગણાશે, જે યકીની રીતે નમાઝને બર્બાદ કરવાનું કારણ બનશે. જેથી નમાઝની નિય્યતનું સારી બિદઅત હોવા માટે દિલથી સામ્યતા હોવું જરૂરી છે.*

*જનાબ હાજી ઈમદાદુલ્લાહ મુહાજિરે મક્કી ફર્માવે છે : નમાઝમાં નિય્યતનું દિલથી હોવું પૂરતુ છે, પરંતુ દિલ અને ઝબાનના એક હોવા માટે લોકો એ ઝબાનથી પણ કહેવું સારું (મુસ્તહસન) છે. (ફૈસલા હફ્ત મસ્અલા, પેજ–૭) અને શૈખ અબ્દુલ હક્ પણ ફોક્હાથી આવુ જ લખે છે. (અશિઅતુલ્લમ્આત, ઉર્દૂ ૧/૧૮૬)*

*૨. વધુ જાણકારી માટે ઈન્તેબાહ ફિ સલાસિલે અવલિયા અલ્લાહ અને હાજી ઈમદાદુલ્લાહની કુલ્લિયાતે ઈમદાદિયા જુઓ..*

**ચિંતનની પળ** : તમે રિવાજ બની ગયેલ બિદઅતો (સારી)ની નાની યાદી વાંચી લીધી. બિદઅતે હસનાના વિરોધીઓ મીલાદ અને ઉર્સ વિગેરેને છોડી બધી જ બિદઅતો પર જાતે અમલ કરે છે. અને આ વાત તો સાબિત છે કે આ બધી જ બિદઅતો સહાબાએ કિરામ પછી ઉદ્ભવ પામી અને સહાબાએ કિરામે એના ઉપર અમલ ન કર્યો, જેથી એના બિદઅત (નવા કામ) હોવા વિશે તો શંકા જ ન રહી. ભલે આપણા એહલે સુન્નત વ જમાઅતની નજીક દીનથી મહોબ્બતમાં વધારાનું કારણ હોવાના લીધે સારી બિદઅત (બિદઅતે હસના)★ છે, પરંતુ વાંધો ઉઠાવનારના નજીક તો બિદઅતે હસના (સારી બિદઅત)નો તસવ્વુર (ખયાલ) જ ખોટો છે અને દરેક નવુ કાર્ય ગુમરાહ કરવાવાળુ છે. **શું કારણ છે કે દરેક નવા કામને ગુમરાહી કહેવાવાળા પોતે કેટલીયે ગુમરાહીઓ પર અમલ કરીને સુન્ની રહે અને બિદઅતી, બિદઅતીનો ફતવો ફક્ત આપણા એહલે સુન્નત વ જમાઅત માટે ખાસ કરી દેવામાં આવે ?!**

જ્યારે આ બિદઅતે હસનાના વિરોધીઓથી આ આશ્ચર્યજનક મન્તિકના વિષે પૂછવામાં આવે છે તો જવાબમાં ઘણા ભોળા બની **للدين** "દીન માટે" **فی الدين** અને "દીનમાં" વાળો તફાવત બયાન કરવા લાગે છે કે **للدين** એટલે "દીન માટે" બિદઅત જાઈઝ છે, અને **فی الدين** નું એટલે "દીનમાં" બિદઅત જાઈઝ નથી. અમારા ઉપર વાંધો ઉઠાવનારનો અમલ **للدّين** એટલે "દીન માટે" છે અને એહલે સુન્નત વ જમાઅતનો અમલ એટલે "દીનમાં" છે.

વિરોધીઓના આ તફાવતને અમે કસોટી પર રાખીએ છીએ.

યાદ કરો ! એ લોકોએ દરેક જગાએ પોતાનો નવો ક઼ાયદો રજૂ કર્યો, અને આપણે એમના બનાવેલ મનઘડત ક઼ાયદાનો મજબૂત દલીલોથી રદિયો આપ્યો. એમણે પોતાની આદત પ્રમાણે પોતાના રજૂ કરેલ બનાવટી ક઼ાયદાઓના ઓપરેશનથી બચવા માટે અને એક બીજો ધોકો

★ *મૌલવી હસન અલી પણ કહે છે અહી બુરી બિદઅતનું વિચારવું તદ્દન ખોટું છે. (શિફાઉલ અલીલ – તર્જુમા, અલ કવલુલ જમીલ, ૧૦૮)*



આપવાવાળો કાયદો બનાવી લીધો★. એમની આ બેચૈની હુઝૂર ﷺ પર ભરોસો ન હોવાનું જાહેર કરે છે.

ખુદારા ઈન્સાફ કરો ! રજૂ કરેલ બિદઅતોમાંથી ફક્ત મીલાદ અને ઉર્સ વિગેરે જ એવી બિદઅતો છે જે **فی الدّین** દીનમાં છે અને બીજી બધી **للدّین** "દીન માટે." **للدّین** અને **فی الدّین**નો આધાર કોઈ શરીઅતના કાનૂન પ્રમાણે નથી. જો એવું હોતુ તો એ શરીઅતનો ઉસૂલ રજૂ કરવામાં આવતો કેવળ **للدّین** તથા **فی الدّین**ની લફ્ફાઝીનું ચક્કર ન ચલાવવામાં આવતું.

અને જુઓ આપણા દીનનું નામ ઈસ્લામ છે. **فی الاسلام** તથા **فی الدّین** જેથી **اِنَّ الدِّیُنَ عِنُدَ اللّٰهِ الاِسُلَام** એક જ વાત છે. અને હદીષ **مَنُ سَنَّ فِیُ الُاِسُلَامِ سُنَّةً حَسَنَةً**માં હુઝૂર ﷺ એ **فی الاسلام** એટલે **فی الدين** ઈસ્લામમાં (નવુ કાર્ય)ને સારુ હોવાની સનદ આપી એટલે બુરાઈને **فی الدين**ની શર્ત સાથે વર્ણન કરવું અને કેવળ **فی الدين**ને બુરુ કહેવું હુઝૂર ﷺ ના ફર્માન વિરુધ્ધ કરવું છે. એટલા માટે કોઈ કામના સારા અને ખરાબ હોવાનો હુકમ આ વિના આધારના ક઼ાયદાથી અલગ છે અને એ અમે શરૂમાં જ રજૂ કરી ચૂક્યા છીએ. અહીં તો હુઝૂર ﷺએ **فی الدين** દીનમાં સારા કામને સારુ કહ્યું જેથી **فی الدين** ના સારા હોવામાં શંકાને કોઈ સ્થાન નથી અને આપણા કાર્યો તો **فی الدين** હોવાના કારણે પણ સારાં અને જાઈઝ છે અને સારા કામથી નફરત કરવી તો જાતે નફરતના લાયક છે.

વળી, હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે દીનમાંથી ન હોય, એટલે એનું

★ **للدّين** *"દીનમાં નવુ કામ"* **فی الدين** *અને "દીન માટે નવુ કામ"નો ધોકો આપવાવાળો ક઼ાયદો મૌલવી અશરફ અલી થાનવીએ અલ ઈફાદતુલ યૌમિયહ, પેજ–૨૩ અને હિસ્સો–૭ પેજ–૧૪૧માં રજૂ કરેલ છે અને એમના મુફતી મુહમ્મદ શફીએ 'સુન્નતો બિદઅત' પેજ–૧૨,૧૩માં રજૂ કરેલ છે. અમે બિદઅતે હસના જરૂરી હોવાની રજૂઆતમાં પણ એમની આ દલીલનો જવાબ આપેલ છે, ત્યાં પણ જરૂર જુઓ. અને કુર્આનમાં ફર્માવ્યું,* **وَمَنُ يَّبُتَغِ غَيُرَا الُاِسُلَامِ دِيُنًا فَلَنُ يُّقُبَلَ مِنُهُ** *"જે ઈસ્લામ સિવાય દીન ચાહશે એને બિલ્કુલ ક઼બૂલ નહીં કરવામાં આવે."*

કરવું દીનના કોઈ કાનૂનથી સાબિત ન હોય એ મરદૂદ છે, બલ્કે જાતે મૌલવી રશીદ અહમદ ગંગોહીએ ખત્મે બુખારી શરીફનું સારા હોવાની બુનિયાદ શરીઅતથી સાબિત હોવાનું વર્ણન કર્યું. શબ્દ **للدین** થી ફાયદો ન ઉઠાવ્યો. જેથી આ **فی الدین** (દીનમાં નવા સારા કામોના) વિરોધીઓને જે **مالیس منه** દીનમાં ન હોય એના પર વિચારણા કરવી જોઈએ આ લોકો (**فی الدین**) ને બુરુ કહે છે અને હદીષ જે દીનમાં ન હોય એને બુરુ કહે છે.

હવે એમની **للدین** એટલે દીન માટે બિદઅતની હાલત જુઓ અને વિચારો, એમના ત્યાં તો દરેક બિદઅત ગુમરાહી છે, તો જે દીન માટે ગુમરાહી પર અમલ કરવો જરૂરી હોય એ દીન કેવો છે ? ગુમરાહી તો દરેક રીતે ગુમરાહી જ છે. અને હદીષમાં એવું નથી કે દીન માટે ગુમરાહી જરૂરી અને એના પર અમલ કરવો બરાબર છે. જેથી ક્યાં તો આ કાયદામાં ખરાબી છે, ક્યાં તો એમના દીનમાં. અને ફાયદો એમાં જ છે કે એ કાયદાને ખોટો માની લેવામાં આવે. એટલે ઉપર બનાવેલ બનાવટી કાયદાએ એના જ ઘડવાવાળાને શરમમાં ધકેલી દીધા !

હુઝૂર ﷺ પર વિશ્વાસ ન રાખવાની બિમારીમાં સપડાયેલ, આ ઘરની બનાવેલ શરીઅતમાં મીલાદ, ઉર્સ (હુઝૂર ﷺની અઝમત અને વલીઓની શાન)થી તઅલ્લુક રાખવાવાળા કામો બિદઅત★ અને હરામ છે, પરંતુ એના સિવાયની મોટાભાગની બિદઅતો જાઈઝ અને સવાબ પ્રાપ્ત થવાના લાયક ! શું કિતાબ તથા સુન્નતથી કોઈ એવી દલીલ રજૂ કરી શકે છે જે મીલાદ અને ઉર્સને બિદઅત અને હરામ ઠરાવીને

---

★ *અશરફઅલી થાનવી કહે છે :–*

*હું ચાહું છું કે દીન પોતાની અસલ હાલતમાં આવી જાય, પરંતુ કેવળ મારા વિચારવાથી શું થાય છે. જે લોકો સુન્નતની પેરવી કરવાનો દાવો કરે છે અને પોતાની (દેવબંદી) જમાઅતના છે એમના ત્યાં પણ બસ આ જ બે ચાર વસ્તુઓનો બિદઅત છે, જેમ કે મીલાદમાં ઉભા રહેવું, ઉર્સ, તીજા, દસવુ, એના સિવાય બીજી વસ્તુઓ જે બિદઅત જ છે એને એ બિદઅત જ નથી સમજતા ચાહે એ બિદઅત હોવામાં બીજી બિદઅતોથી પણ વધીને હોય. (અલ્ ઈફાઝતુલ યૌમિયહ્, ૧૦/૧૨૦)*



બીજા ઉપર જણાવેલ કામોને સુન્નત અને જાઈઝ સાબિત કરી આપે ? દલીલ રજૂ કરો જો તમે સાચા છો !

**લતીફો** : જો ''ફેસલએ હફ્ત મસઅલા'' લખનાર હાજી ઈમદાદુલ્લાહ સાહબ મજા અને લિજ્જત[1] મેહસૂસ કરતા રહી આ જ કાર્યો હમેશાં કરતા રહે તો આ વાંધો ઉઠાવનાર જમાઅતના પીર[2] બની જાય ! અને આ જ કામો અમો એહલે સુન્નત વ જમાઅત કરીએ તો 'બિદઅતી' કહેવાઈએ ! આવુ કેમ ? યા અલ્લાહ ! આ કેવા મૌલવી છે ?! શું ઈન્સાફ છે ! અને કેવી એમની શરીઅત છે ?!

## ★ વાંધો ઉઠાવનારનો અકીદો ★

''ઈદે મીલાદુન્નબી ﷺ ઔર ઉસકી શરઈ હૈસિયત'' નામી કિતાબના લેખક મૌલાના મોહમ્મદ હુસેન નેલવી પોતાનો અકીદો આ રીતે જણાવે છે : ''અમારો અકીદો છે કે સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَની કુર્આનની સમજ બરહક્ક છે, એના વિઢધ્ધમાં જે કુર્આન સમજવાનો દાવો કરે છે એ જૂઠો અને કુર્આનમાં બદલાવ કરનાર છે.''

અને જાતે જ એ કિતાબના પેજ–૧૨ પર લખે છે કે, **وَذَكِّرْهُمْ بِاَيّٰمِ اللّٰهِ** ''અને અલ્લાહના દિવસોની ચર્ચા કરો.'' *(સૂ. ઈબ્રાહીમ, પારા ન.૧૩)* કૌલ લાગુ ના વિશે પોતાની વાત શરૂ કરી લખે છે કે એનો એ મતલબ નથી કે એમને ખુદાના દિવસોની યાદ અપાવો[3]

---

*૧. હાજી સાહબ ફર્માવે છે : અને ફકીરનો તરીકો એ છે કે મીલાદની મેહફિલમાં સામેલ થાઉં છું, બલ્કે બરકતો પ્રાપ્ત થવાનું કારણ સમજી મેહફિલ સજાવું પણ છું. અને ઉભા રહેવામાં લિજ્જત સુકૂન પ્રાપ્ત કરું છું.*

*૨. આ બંનેવ દેવબંદી આલિમો (મૌલવી રશીદ અહમદ ગંગોહી અને કાસિમ નાનોત્વી)એ હઝરત હાજી ઈમદાદુલ્લાહ સાહબ ચિશ્તીથી રૂહાની ફૈઝ પ્રાપ્ત કર્યો છે. (અલ્ મુહન્નદ અલલ્ મુફન્નદ, પેજ–૪)*

*૩. જુઓ, ઓલમાએ હક્કની લિસ્ટમાં પે.૩૬ મૌલાના મહમૂદુલ હસન આ જ મતલબ બયાન કરે છે ''અને યાદ અપાવ અમને અલ્લાહની.'' હવે એમની કક્ષા જુઓ, જે તર્જુમો કરવાવાળાને એ જાતે ઓછી* (વધુ ફૂટનોંધ આગળના પેજ ઉપર)

કેમ કે આ તર્જુમો તો ذکرھم ایام اللہનો છે, ન કે ذکرھم بایام اللہનો, અને બંનેવમાં જે તફાવત છે એ એક મામૂલી લાયકાતવાળા તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) પર પણ છુપાયેલ નથી. અને જો આ જ મતલબ હોય તો એમાં નાના મોટાની શર્ત નથી. તો પછી દરરોજ અને દરેક કાર્ય માટે જશ્ન (ખુશી) મનાવવી જોઈએ.'' *(પેજ–૧૨)*

હવે વિચારવાવાળી વાત એ છે કે આ મતલબને લાગુ કરવું એ કુર્આન ફેહમી (કુર્આનની સમજ)નો દાવો છે કે નહીં ? જો કહે કે 'ના' તો એ કુર્આન સમજવાથી જાહિલ (અજ્ઞાન) હોવું સાબિત થયું અને જ્યારે જાહિલ (અજ્ઞાન) થયું તો બેકાર ઠરશે. અને જો કુર્આની સમજ ધરાવતા હોવાનો દાવો કરે તો એ જ હોવું જોઈએ જે હઝરાતે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી સાબિત હોય. આ સ્થિતિમાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી સાબિત હોવું જરૂરી છે. તો શું એ મહાશય જણાવવાની તકલીફ ઉઠાવશે કે આ મતલબ કયા સહાબી તરફ નિસ્બત ધરાવે છે અને કયાં સાબિત છે ?

*(પાછળના પેજની ફૂટનોંધ ચાલુ....) સલાહિયત (ક્ષમતા) ધરાવનાર તાલિબે ઈલ્મથી પણ ઓછી કક્ષાનો સમજે છે, એમને પણ ઓલમાએ હક્કની યાદીમાં ગણે છે ! આ ઊંચાઈ વધારવાનું બહાનું છે કે જાણી જોઈને (જાહિલ) અજાણ બનવું છે ? ખૈર, આ અલગ વાત છે. મૌલાના શબ્બીર અહમદ ઉસ્માની પણ આ જ તર્જુમો કરે છે. હવે બતાવો કે જનાબના અક઼ીદા પ્રમાણે આપની કુર્આની સમજ સહાબાએ કિરામના વિરુધ્ધ છે કે આ બે તમારા મોટા આલિમોની ? શું સહાબાએ કિરામના વિરુધ્ધ કરવાવાળા પણ ઓલમાએ હક (સાચા આલિમો) હોય છે ? જોતા રહો કે જૂઠ અને કુર્આન બદલવાનું બિરૂદ કોણ પ્રાપ્ત કરે છે ?! પછી તમારા ઓલમાએ હક઼માંથી એક મૌલવીએ મતલબ એ જ બયાન કર્યો, જેથી હવે તમે દરેક કામ માટે દરરોજ જશ્ન (ખુશી) મનાવવાનું શરૂ કરી દો, જો તમે પોતાના સાચા આલિમો પર પણ ભરોસો ન કરો તો અમે શું કહી શકીએ છીએ ?! બીજુ તમારા ઉપર અદમે કેદ (શર્ત ન હોવાનો)નો ભેદ કેવી રીતે જાણી લીધો ? શું આ પણ સહાબાએ કિરામનું ફરમાન છે કે અલ્લાહે ﷻ તો મોમિનો પર એહસાન જતાવવા શર્ત રાખી, તો કહો શર્ત ન રાખવું અલ્લાહ ﷻના ફેસલા વિઢધ્ધ જવુ નથી ? જો તે ایام اللہમાં અલ્લાહના દિવસોની શર્ત મૌજૂદ છે ''દરરોજ''ના શબ્દમાં જે વિઢધ્ધ જોવા મળે છે એના પર જીદ અને ઉભારવું કોઈ સારી વાત નથી.*



આ તો એક નમૂનો છે, નહીં તો નેલવી મહાશયે પોતાની આ કિતાબમાં કુર્આની આયતો બયાન કરવા માટે, પોતાના સમર્થનમાં સહાબાએ કિરામનાં ફર્માનને દલીલમાં નથી રજૂ કર્યું. હા તો વાત થઈ રહી હતી એમના અક઼ીદાની એટલા માટે ધ્યાન આપી જુઓ !

નેલવી મહાશયે અમુક આયતોને લખીને એનાથી ઈદ મીલાદુન્નબી ﷺનો ઈન્કાર જ કર્યો છે. તો જો સહાબાએ કિરામથી આ ઈન્કાર કરવું સાબિત થઈ જાય તો, તો બરાબર, નહીં તો એમના અક઼ીદામાં ભલાઈ નથી. એટલા માટે કે જ્યારે સહાબાએ કિરામથી ઈન્કાર સાબિત નથી તો નેલવી મહાશયનું ઈન્કાર કરવું એ એમની પોતાની સમજ★ થઈ, જે કોઈ પણ રીતે સહાબાની સમજ નહીં ગણાય. હવે અક઼ીદા અને અમલનો ફર્ક઼ જોઈ લો કે સહાબાના અમલની માંગ કરવાવાળા જાતે સહાબાના અમલથી કેટલા દૂર છે ?!

ફતાવા રશીદિયામાં આયતે કરીમા :–

فَسْئَلُوْا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَને તક઼લીદ કરવું વાજિબની દલીલ બનાવવામાં આવી છે. અહીં સવાલ કરવાની વાત એ છે કે હઝરાતે સહાબાએ કિરામે પણ આ આયતથી તક઼લીદ વાજિબ હોવાને દલીલ બનાવી છે ? જો જવાબ'ના'માં છે તો તો આ આયતે કરીમાથી તક઼લીદ વાજિબ હોવાનો મસ્અલો કાઢવો એ સહાબાએ કિરામની કુર્આની સમજના વિઢધ્ધ કરવું નથી ? અને શું તમારી નજરમાં ફતાવા રશીદિયા (તમારા ઓલમાએ હક્ક઼–૩૫) મૌલવી રશીદ અહમદ ગંગોહી પણ જૂઠા અને કુર્આન બદલવાવાળા છે ? અહીં શું ખુલાસો કરશો ? શું તમારા રશીદ અહમદ ગંગોહીને કુર્આન બદલનારનું બિઢદ અને જૂઠા હોવાનું સર્ટીફિકેટ આપશો ? અથવા પોતાના અક઼ીદાને પાકો સાબિત કરવા એમને ઓલમાએ હક઼ની લિસ્ટમાંથી બહાર ફેંકીને પરિસ્થિતિ સ્પષ્ટ કરી આપશો કે તમને અલ્લાહની રઝા જોઈએ છે,

*★ મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની પોતાની તફસીરમાં કહે છે : ઘણા બધા આલિમોએ એને અઈમ્મએ કિરામની તક઼લીદને સાબિત કરવા માટે રજૂ કરી છે તો આ બધાની સમજ સહાબાએ કિરામની સમજ વિરુધ્ધ છે. મઆઝલ્લાહ !*

અને અન્ય કોઈ મતલબ નથી. આ ઓલમાએ હકની લિસ્ટ જલ્દીમાં તો નથી બનાવવામાં આવીને ?! વળી ગંગોહી સાહબ તક્લીદને વાજિબ હોવાનો હુકમ આપવામાં એકલા નથી, બીજા સાથીઓ પણ આ જ એલાન કરે છે. જુઓ !

આ જમાનામાં ઘણુ જરૂરી છે કે ચારેવ ઈમામમાંથી કોઈ એકની તક્લીદ કરવામાં આવે બલ્કે વાજિબ છે.★ *(અલ મુહન્નદ અલલ્ મુફન્નદ, મુતર્જિમ, પેજ–૩૨)*

જોઈ લો ! અહીં હક્કને ચાર ઈમામોથી કોઈ એકની સાથે ખાસ કરી દેવામાં આવ્યું શું આ પણ સહાબાએ કિરામનો અમલ છે કે પછી જૂઠ અને કુર્આનને બદલવું ?! અહીં શું ખુલાસો બનશે ? જોઈએ આ ફતવા પર જૂઠનો હુકમ લગાવે છે કે કુર્આન બદલવાનો ? અહીં તો કસોટી છે, નેલવી મહાશયના અક્દાની સચ્ચાઈ !

આ ઓલમા તક્લીદે શખ્સને વાજિબ કહી રહ્યા છે, અને મીલાદને જો કોઈ શખ્સ સારુ અને સવાબનું કામ કહી દે તો શું ખોટું છે. પછી કોઈ ''શૈખુલ હદીષ વત્તફસીર' પર આ વાત છુપી નથી કે વાજિબના હુકમ લગાડવા માટે કેવી દલીલનું હોવું જરૂરી છે અને મુસ્તહબમાં કેવી દલીલ જોઈએ. પરંતુ બૂરુ થાય આંધળાપણાનું કે જ્યારે આ વસ્તુ દોસ્તોની સમજમાં વધી જાય છે (સહાબાની સમજથી) તો હક્ક એમની

---

*★ જ્યારે જનાબ મૌલાના તકી ઉષ્માની દેવબંદી કહે છે, ''સહાબા અને તાબેઈનના સમયમાં કોઈ એક ઈમામની તક્લીદ જરૂરી ન હતી. (તક્લીદકી શરઈ હૈસિયત, પેજ–૭૫)*

*''સહાબાએ કિરામના સમયમાં તક્લીદે શખ્સીને જરૂરી વાજિબ ન હોતું સમજવામાં આવતું.'' (દર્સે તિર્મિઝી, તકરીરે જામેઅ તિર્મિઝી, ૧/૧૧૨ મતબૂઆ–દેવબંદ)*

*અને હાજી ઈમદાદુલ્લાહ મુહાજિરે મક્કી કહે છે કે, ''જે કોઈ પણ ફકીરથી ખુલૂસ ધરાવે એના ઉપર મશ્રબમાં સૂફી અને મસ્લકમાં હનફી હોવું જરૂરી છે ?'' (ઈમદાદુલ મુશ્તાક પેજ–૩૬, મલફૂઝ, પેજ–૧, ફિક્હે હનફીની ઘણી ભરોસાપાત્ર કિતાબ બહારે શરીઅતમાં છે : ''વિના શર્તે તક્લીદ જરૂરી છે અને શખ્સી તક્લીદ વાજિબ છે.'' (બહારે શરીઅત ભાગ–૧)*



નજરોમાંથી છુપાવવા લાગે છે.

હવે અમે પોતાની ચર્ચા તરફ આવીએ છીએ અને કરેલ વાયદા પ્રમાણે મેહફિલે મીલાદ, ઉર્સ, ઈસાલે સવાબ અને અઝાન પહેલા સલાતો સલામ વિશે ભેગી ચર્ચા કરીએ છીએ.

## ★ મેહફિલે મીલાદ ★

માહે રબીઉલ અવ્વલ શરીફ એ મહીનો છે. જેમાં નૂરેમુબીન (પુરનૂર)ની ચમકના જલ્વાઓ નજર આવે છે. આ મહીનામાં હુઝૂર ﷺની મુબારક પેદાઈશ થઈ. જેમની પૈદાઈશ મુબારક ઈમાનવાળાઓ માટે ઘણી ખુશીનું કારણ છે[૧].

કુર્આનમાં અલ્લાહે પોતાના જે દિવસોની યાદ કરવાનું ઝિક્ર કર્યું છે એમાં મુહક્કિક઼ોની નજરમાં હુઝૂર ﷺ ની પૈદાઈશ[૨] ના દિવસને ખાસ મર્તબો પ્રાપ્ત થયો છે, એટલા માટે કે એને એમનાથી નિસ્બત છે જે પૂરી કાઈનાતની પૈદાઈશનું કારણ છે.

---

*૧. **فليفرحوا**ના હેઠળ અલ્લામા સઈદ અહમદ કાઝમી લખે છે કે હુઝૂર ﷺની પૈદાઈશ પર જેટલી પણ ખુશી મનાવવામાં આવે ઓછી છે, એને નાજાઈઝ કહેવું એ જ લોકોનું કામ છે જે હુઝૂર ﷺની પૈદાઈશથી ખુશ નથી. (મીલાદુન્નબી ﷺ પેજ–૬૭)નવાબ સિદ્દીક હસન ભોપાલી કહે છે કે જે હુઝૂર ﷺની પૈદાઈશની હાલત સાંભળી ખુશી ન અનુભવે અને આ નેઅમત પ્રાપ્ત થવા પર અલ્લાહનો શુક્ર ન માને એ મુસલમાન નથી. (અશ્શમામતુલ્ અંબરિયા, પેજ–૧૨)*

*૨. હઝરત સઈદ અહમદ કાઝમી ફર્માવે છે :–*

*ખુદાનું ફર્માન : **وَذَكِّرْهُمْ بِاَيَّامِ اللّٰهِ**ના પ્રમાણે આજે આપણે એ દિવસની યાદ તાજા કરવાની છે જે સૈયદુલ ઐયામિલ્લાહ (અલ્લાહના દિવસોનો સરદાર એટલે હુઝૂર ﷺની પૈદાઈશનો દિવસ. (મીલાદુન્નબી ﷺ પેજ–૩)*

*શેખ જમાલુદ્દીન મુખ્લિસ કતાની કહે છે : ''હુઝૂર ﷺની પૈદાઈશનો દિવસ ઘણી અઝમત અને ખૂબીઓવાળો છે. આ દિવસને મુક઼દસ, અઝીમ અને મુકર્રમ બતાવવામાં આવ્યો છે.'' (મિન્હાજુલ કુર્આન, સપ્ટે. ૧૯૯૧, સબ્લુલ હુદાના હવાલાથી)*

*ઈબ્ને અષીર ફર્માવે છે, ''રસૂલુલ્લાહ ﷺના આગમનવાળી રાત ઘણી મુક઼દસ, ઘણી મુબારક, ઘણી મહાન અને પુરનૂર રાત હતી. (મીલાદે મુસ્તફા ﷺ, પેજ–૧૬)*

અલ્લાહ ﷻ ની બધાથી મોટી નેઅમત હુઝૂર ﷺ નું તશરીફ લાવવું છે અને બધાથી વધારે મુબારક અને મહાન દિવસ એ છે જે દિવસે હુઝૂર ﷺ ની પૈદાઈશ થઈ, પછી એમના સદકામાં હુઝૂર ﷺની ઉમ્મતને બીજી નેઅમતો પ્રાપ્ત થઈ.

કુર્આને કરીમ સાફ શબ્દોમાં જણાવે છે કે મુસલમાનોને એ દિવસો યાદ અપાવવામાં આવે જેમાં એમને અલ્લાહ ﷻ તરફથી ઈનામો પ્રાપ્ત થયાં. અને મીલાદની મેહફિલ કરવાનું એક કારણ આ પણ છે; કુર્આનમાં ફર્માન છે : **وَذَكِّرْهُمْ بِاَيَّامِ اللّٰهِ** "અને યાદ અપાવો એમને અલ્લાહના દિવસોની." *(સૂ. ઈબ્રાહીમ, પારા–૧૩, તર્જુમો : મૌલાના મહમૂદહસન દેવબંદી)* મુફસ્સિરીને કિરામે **ايام الله**થી અલ્લાહની નેઅમતો મુરાદ હોવું ફર્માવ્યું છે. *(અશ્મામતુલ અંબરિયા, પેજ ૯૯, બયાનુસ્સુબ્હાન, મતબૂઆ દેવબંદ, અલફૌઝુલ કબીર–૨૩૪)*

અમુકે એ દિવસો મુરાદ લીધા જેમાં અલ્લાહે પોતાના બંદાઓ પર ઈનામ ફર્માવ્યું. *(જલાલૈન, ખઝાઈનુલ ઈર્ફાન, ઝિયાઉલ કુર્આન)* જાણકારી પ્રાપ્ત થઈ કે અલ્લાહ એ વાતને પસંદ કરે છે કે એની નેઅમતોને યાદ કરવામાં આવે. બીજાઓને અલ્લાહની નેઅમતો અને એ દિવસો જેમાં અલ્લાહ ﷻની નેઅમતો મળી યાદ અપાવવામાં આવે એ માટે કે બંદાઓ જ્યારે અલ્લાહ ﷯ની નેઅમતોનું વર્ણન કરે છે કે સાંભળે છે. તો એ નેઅમતોની ક઼દર (શુક્ર) કરે છે અને નેઅમતો આપવાવાળાથી સંબંધ જોડાય જાય છે.

વિચારો ! મીલાદની મેહફિલમાં અલ્લાહ ﷻ નું ઝિક્ર અને હુઝૂર ﷺ નું ઝિક્ર જ થાય છે. હુઝૂર ﷺ ની પૈદાઈશ મુબારકનું ઝિક્ર અને આપના તશરીફ લાવવાનું એલાન અને વર્ણન થાય છે કે કેવી શાન સાથે હુઝૂર ﷺ દુનિયામાં તશરીફ લાવ્યા અને અલ્લાહ ﷻએ આપની પૈદાઈશ મુબારક પર કેવા ખૂબસૂરત ઈન્તેજામ અને શું શું આશ્ચર્યમાં નાખનાર હાલાત અને વાક઼ેઆ જાહેર કર્યા★. પછી ખૂબીઓ,

*★ તફસીલ માટે મદારિજુન્નબુવ્વત, ભા–૨, ૨/૨૪/૨૫ અને શવાહિદુન્નબુવ્વત ઉર્દૂ પેજ–૫૫, જવાહિરુલ બિહાર ઉર્દૂ ૧/૧૭૮, ૨/૧૨૯ અને મીલાદુર્રસૂલ ﷺ તર્જુમો મૌલુદુલ ઉરૂસ, અલ્લામા ઈબ્ને જવઝી, પેજ ૩૮–૪૩ વિગેરે જુઓ)*



તારીફ, અને મુબારક જીવનની સાથે મોઅજિઝા અને ફઝીલતો કમાલોનું વર્ણન થાય છે અને આ બધું હુઝૂર ﷺ થી★ મોહબ્બતના જઝબાને બયાન કરે છે જે મુકમ્મલ પેરવી કરવાનો સબબ બને છે અને દીનથી મહોબ્બત વધવાનો સબબ છે.

મોટાભાગે જોવામાં આવ્યું છે કે જ્યારે પણ અલ્લાહ ﷻના મહબૂબની યાદની મેહફિલને રાખવામાં આવે છે તો દીનથી મહોબ્બતનો જઝબો જાહેર થાય છે. મુસ્તફાબાદ, (રાયવંડ)માં માર્ચ ઈ.સ. ૧૯૭૯માં મીલાદે મુસ્તફા ﷺ નો જલ્સો ઈસ્લામી ઈતિહાસનું ચમકતુ પ્રકરણ છે.

આ હુઝૂર ﷺ નું ઝિક્ર છે ખૂદ કુર્આનમાં એમના ઝિક્રની ચર્ચા મૌજૂદ છે. હુઝૂર ﷺના ઝિક્ર પર આધારિત ખુલ્લી આયતોનું વર્ણન અને તફસીલ એક અલગ પ્રકરણ છે, પરંતુ એ આયતોનો ફેલાવો કરવો હુઝૂર ﷺનું ઝિક્ર જ છે. એનું ઘરોમાં પઢવું, સાંભળવું પણ સારુ અને મસ્જિદોમાં જુમ્આના ખુત્બામાં સારુ, તો જલ્સાઓમાં પણ સારુ, અને ખાસ કુર્આનનું બયાન એટલે હુઝૂર ﷺ ના ઝિક્રની મેહફિલ સજાવવામાં આવે તો પણ સારું.

કુર્આનમાં તો અલ્લાહની નેઅમતોનું ઝિક્ર અને એની યાદને આપણી ભલાઈનો સબબ બતાવવામાં આવ્યું છે :–

ઈર્શાદ થયો : **فَاذْكُرُوْا اٰلَاءَ اللّٰهِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ** "તો અલ્લાહ ﷻની નેઅમતોને યાદ કરો કે તમારુ ભલુ થાય." *(સૂ. અઅરાફ–૬૯, પા. ૮)* જાણકારી મળી કે મીલાદ શરીફ કાયમ કરવી ઘણા કાયદાઓ પર આધારિત છે અને આપણી ભલાઈની ગેરંટી પણ છે.

કુર્આનમાં હુઝૂર ﷺ ની પૈદાઈશનું વર્ણન આ રીતે આપેલ છે :–

**لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ**

*★ મદારિજુન્નબુવ્વત ઉર્દૂ ૧/૫૨૮માં છે : વધુ ઝિક્ર કરવું મહોબ્બતનાં કારણોમાંથી છે : જેનાથી વધારે મોહબ્બત હોય છે એનું ઝિક્ર વધારે કરતો હોય છે.*

''બેશક ! તમારી પાસે તશરીફ લાવ્યા એ રસૂલ જેમના ઉપર તમારુ તકલીફમાં પડવું ભારે છે, તમારા માટે ભલાઈને ઘણી પસંદ કરવાવાળા મુસલમાનો પર ઘણા મહેરબાન.''[૧] *(સૂ. તૌબા–૧૨૮, કન્ઝુલ ઈમાન)*

એના પર ઉષ્માની સાહબ લખે છે : ''જેના હસબ, નસબ, અખ્લાક઼ તથા તોર તરીક઼ા તેમજ અમાનતદારી, પ્રમાણિકતાથી તમે સારી રીતે જાણકાર છો. *(તફસીર મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની)*

સદઢલ અફાઝિલ ફર્માવે છે, હુઝૂર صلى الله عليه وسلم અરબી કુરૈશી જેમના હસબ નસબને તમે સારી રીતે જાણો છો[૨]. *(ખઝાઈનુ ઈર્ફાન)*

અમે કહીએ છીએ આ હસલ નબસ (વંશવેલા)નું ઝિક્ર પૈદાઈશના ઝિક્ર પર દલીલ છે. એટલે પૈદાઈશ ક્યારે થઈ, કેવી અઝમત સાથે, કેવા ઉચ્ચ ઘરાનામાં થઈ. તો બતાવો ! આવા કુર્આનના બયાનને ફેલાવવું કેમ ભલાઈની વાત નહી ગણાય ? જરૂર ગણાશે !

કુર્આનમાં હઝરત યહ્યા عليه السلام અને ઝકરિયા عليه السلامની પૈદાઈશનું બયાન (વર્ણન) થયું છે એટલે **'મીલાદ' બયાન કરવું હિન્દુઓનો તરીકો નથી બલ્કે કુર્આનનું કામ છે.** એટલા માટે જે લોકો

---

*૧. હઝરત અલી کرم الله وجهه الكريم થી રિવાયત છે : હુઝૂર صلى الله عليه وسلمએ* **من انفسكم** *ની તફસીરમાં હસબ, નસબ અને સસૂરાલનું ઝિક્ર કર્યુ. (જવાહિરુલ બિહાર ઉર્દૂ ૧/૩૫)*

*૨. વધુ માટે જુઓ, વિરોધીઓની ભરોસાપાત્ર કિતાબ ''હિદાયતુલ મુસ્તફીદ''માં પણ આ આયતે કરીમાના હેઠળ લખે છે : હઝરત જઅફર બિન અબી તાલિબે શાહે નજ્જાશી અને હઝરત મુગીરા બિન શઅબાએ કિસ્રાના ક઼ાસિદથી કહ્યું હતું, ''અને અલ્લાહ તઆલાએ અમારી તરફ એવા રસૂલને મોકલ્યા જેના હસબ નસબને અમે જાણીએ છીએ, જેમની સારી આદતો અમારી નજરો સમક્ષ છે.'' (હિદાયતુલ મુસ્તફીદ ૧/૮૦૦)*

*અબૂબક્ર જાબિરુલ જઝાએરી અને મુશ્તાક અલી નદવીએ પણ લખી દીધુ કે, ''દરેક મુસલમાન મર્દ અને ઔરત પર જરૂરી છે કે હુઝૂર صلى الله عليه وسلمના નસબનામાને આપના અખ્લાક઼ને અને ખૂબીઓને એ રીતે ઓળખે જે રીતે અલ્લાહ جل جلاله ના નામો અને સિફતોને શીખે છે. (મેહફિલે મીલાદ ઉર્દૂ–૨૩)*



મીલાદના બયાનને ફક્ત હિન્દુ અને ઈસાઈયોની રસમ બતાવે છે એ સૂ. બક઼રહની આયત ૧૭૪ની★ વર્ણન કરેલ હક઼ વાત છુપાવવાની સજાથી બેફિકર થઈ કુર્આને પાકના બયાનને છુપાવી સચ્ચાઈને છુપાવવાના ગુનાહમાં સપડાયેલ છે. આ ઘણી બેખૌફી અને કુર્આન સાથે ઝયાદતી (જુલ્મ) છે.

વિચારો ! પૈદાઈશનું ઝિક્ર કુર્આનથી વિના તાવીલ કર્યે જાઈઝ ઠર્યુ અને કોઈનું એ કહેવું કે અહીં મીલાદ તો વિના તાવીલે સાબિત નથી, આવુ કહેવું એ દબાયેલા અવાજમાં મીલાદ જાઈઝ હોવું માનવું છે. કોઈનું પણ હોય એનુ સારા હોવાને તો નકારવું શક્ય નથી. અને આ દલીલ કે હઝરત ઈસા عليه السلامની પૈદાઈશનું ઝિક્ર (દુરુસ્ત) બરાબર છે ન કે હુઝૂર صلى الله عليه وسلم ની પૈદાઈશના ઝિક્ર માટે એહતેમામ કરવો. એમની દલીલો જો એમના ત્યાં જ બરાબર હોતી તો જરૂર એ હઝરત ઈસા عليه السلامની મીલાદ મનાવી પોતાની ઓળખ અને હક઼ીકત જાહેર કરી દેતા, અને એ રીતે અમોને ઓળખવામાં સહૂલત પણ મળતી. કહેવા અને કરવામાં વિરોધાભાસ ધોકો આપવાને જાહેર કરે છે ન કે સાચી દલીલોને જાહેર કરે છે. આપણા માટે તો કુર્આનનું આ બયાન હુઝૂર صلى الله عليه وسلمની પૈદાઈશના ઝિક્ર માટે ઘણી સારી દલીલ છે. એટલા માટે અમે મીલાદનું

---

★ **اِنَّ الَّذِيْنَ يَكْتُمُوْنَ مَآ اَنْزَلَ اللّٰهُ مِنَ الْكِتٰبِ وَيَشْتَرُوْنَ بِهٖ ثَمَنًا قَلِيْلًا ۙ اُولٰٓئِكَ مَا يَاْكُلُوْنَ فِىْ بُطُوْنِهِمْ اِلَّا النَّارَ وَلَا يُكَلِّمُهُمُ اللّٰهُ يَوْمَ الْقِيٰمَةِ وَلَا يُزَكِّيْهِمْ ۖ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ**

*તર્જુમો : ''એ જે છુપાવે છે અલ્લાહે ઉતારેલ કિતાબ અને એના બદલે ઝલીલ કિંમત વસૂલે છે એ પોતાના પેટમાં આગ જ ભરે છે અને અલ્લાહ કયામતના દિવસે એમની સાથે વાત નહીં કરે, ન તો એમને સાફ કરશે અને એમના માટે તકલીફ આપવાવાળો અઝાબ છે.''*

*હદીષમાં છે : જે આદમીથી કોઈ ઈલ્મની વાત પૂછવામાં આવી અને એણે જાણકારી હોવા છતાં છુપાવી લીધું તો કયામતના દિવસે એને આગની લગામ પહેરાવવામાં આવશે. (તિર્મિઝી)* **وَاِنْ تَعُدُّوْا نِعْمَةَ اللّٰهِ لَا تُحْصُوْهَا** *''અલ્લાહ લોકો માટે દષ્ટાંત બયાન કરે છે. ''*

ઝિક્ર પણ કરીએ છીએ અને મેહફિલે મીલાદ સજાવી પોતાની નિસ્બત અને ઓળખ જાહેર પણ કરીએ છીએ.

પછી દિમાગમાં જો આ શર્તનો વિચાર આવે કે મીલાદના ઝિક્ર માટે મીલાદે મુસ્તફા ﷺને જ કેમ ખાસ કરી લેવામાં આવે છે, તો અમે કહી શું કે આવો વિચાર હુઝૂર ﷺની મહોબ્બતથી ખાલી દિમાગની ઉપજ★ છે, બલ્કે દીનની સમજ રાખવાથી ખાલી છે. વિચારો! અલ્લાહ ﷻએ આપણને અગણિત નેઅમતોથી નવાઝયા وَاِنْ تَعُدُّوْا نِعْمَةَ اللّٰهِ لَا تُحْصُوْهَا આટલા પ્રમાણમાં અગણિત નેઅમતો અતા ફર્માવી પણ એહેસાન ન જતાવ્યું અને જ્યારે એહસાન જતાવ્યું તો પોતાની નેઅમતોમાંથી એ મોટી નેઅમત હુઝૂર ﷺના તશરીફ લાવવાને એહસાન જતાવવા માટે ખાસ કરી લીધું જેથી આપણુ પણ ખાસ કરવું કોઈ નવી વાત નથી બલ્કે અલ્લાહની સુન્નત થઈ, જેથી આ ખાસ કરવાથી કોઈ હુકમ આપણને રોકનાર નથી.

એટલે અલ્લાહે અસંખ્ય એહસાન ફર્માવ્યાં પરંતુ કોઈ વસ્તુ પર એહસાન ન જતાવ્યું અને જ્યારે અલ્લાહ ﷻએ પોતાના બેમિષાલ મેહબૂબને પૈદા કર્યા તો ફર્માવ્યું કે એહસાન કર્યુ. એહસાન એ જ નેઅમત પર જતાવવામાં આવે છે જે બધી નેઅમતોથી, અનોખી, અનુપમ, બધાથી સારી હોય છે. જેનું દૃષ્ટાંત ન પેહલા મળતુ હોય ન આવવાવાળા સમયમાં મળવાનું હોય. અને જેના ઉપર જાતે નેઅમત આપવાવાળાને પણ નાઝ હોય. એટલે એહસાન જતાવવાથી જાતે એ નેઅમતનું અનુપમ હોવું સાબિત થાય છે કે આ જરૂર એવી ખૂબીઓ અને જેનો કોઈ જવાબ ન હોય એવી નેઅમત છે જેના માટે એહસાન જતાવવાની શર્ત જરૂરી જાણવામાં આવી છે. અલ્લાહ ફર્માવે છે : "બેશક! અલ્લાહનું મોટુ એહસાન થયું મુસલમાનો પર કે એમનામાંથી જ એક રસૂલ મોકલ્યા." *(આલિ ઈમરાન–૧૬૪, કન્ઝુલ ઈમાન)*

---

★ *મૌલાના અશરફ અલી થાનવી કહે છે : અમે જાતે જોયું છે કે, જેનાથી મહોબ્બત હોય છે. દરેક વાતમાં એનું ઝિક્ર લાવી દે છે. અને દરેક વાત એના ઝિક્ર અને યાદથી જ પૂરી કરે છે. (અશરફુલ મવાઈઝ, ૧૫૦)*



સદરુલ અફાઝિલ ફર્માવે છે : એહસાન મોટી નેઅમતને કહે છે. અને બેશક ! હુઝૂર ﷺ ની પૈદાઈશ મહાન નેઅમત[૧] *(ખઝાઈનુલ ઈર્ફાન)*

મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની કહે છે : ખુલાસો એ કે મુસલમાનોએ ખુદાનો એહસાન માનવો જોઈએ કે એણે આવો રસૂલ મોકલ્યો જેનાથી વિના તકલીફે ફૈઝ હાંસલ કરી શકીએ છીએ. *(તફસીરે મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની પેજ –૯૫)*

હવે જો આ સવાલ ઉઠાવવામાં આવે કે અહીં તો નેઅમત અને એહસાનનો ઝિક્ર છે. એ અમે સ્વીકારી લીધું, અને ચર્ચા કરવાનો તો કોઈ હુકમ નથી[૨] પછી જલ્સા, જુલૂસ, મહોલ્લા, બજાર અને મેદાનોમાં ચર્ચા કરવું ક્યાંથી સાબિત છે ? તો સાંભળો ! કુર્આન ફર્માવે છે : "પોતાના રબની નેઅમતને ખૂબ ખૂબ ચર્ચા કરો." *(વદ્દુહા, પારા : ૩૦)* જો નેઅમત અને એહસાન હોવું સ્વીકારી લેવામાં આવે તો એની ચર્ચાનો અલ્લાહનો હુકમ પણ સ્વીકારી લો અને અલ્લાહ ﷻની ઘણી મોટી નેઅમતની ખૂબ ખૂબ ચર્ચા કરો. એટલા માટે કે નેઅમતને જાહેર કરવું પણ શુક્ર માનવાનો તરીકો છે અને આ હુકમ હુઝૂર ﷺના માટે ખાસ છે અને આપની ઉમ્મત માટે આમ. *(જવાહિરુલ્બિહાર, ૧/૪૭)*

**ફાયદો** : અલ્લાહ ﷻએ એહસાન ફર્માવ્યું મોમિનો પર અને એમનાથી જ એને જાહેર કરવાની માંગણી પણ છે. એટલે એહસાન માનવું ઈમાન છે તો નેઅમતનો ચર્ચા કરવો ઈમાનને જાહિર કરવું છે.

---

**૧.** *અને તફસીરે કબીરમાં લખેલ છે : "અલ્લાહે એમના પર ઈનામ અને એહસાન ફર્માવ્યું છે." (જવાહિરુલ બિહાર, ૧/૪૭૦) દેવબંદના માજી મોહતમિમ જનાબ કારી તૈય્યબ ફર્માવે છે : એટલા માટે વિલાદતે શરીફાનું બુનિયાદી કારણ પણ જાહેર કરવું હતું અને આપની નબુવ્વત અને રિસાલતને આલમમાં ફેલાવવું હતું એટલા માટે કુર્આનમાં સાફ અને વારંવાર એહસાન સાથે તેનું વર્ણન છે. અલ્લાહ ﷻ ફર્માવે છે (અને પછી ઉપરની આયત લખેલ છે.) (આફતાબે નબુવ્વત, પેજ–૯૫)*

**૨.** *જો કોઈ હુકમ નથી. તો પછી 'નશ્રુત્તય્યબ ફી ઝિક્રીન્નબીય્યીલ હબીબ' આવી કિતાબ લખવાથી મતલબ ?*

એટલે આ નેઅમત મળી છે ઈમાનવાળાઓને. તો સાબિત થયું કે જેના પર એહસાન થયું અને નેઅમતનો ચર્ચો કરવો જેમની ઓળખ છે એ જ લોકો નેઅમતનો ચર્ચા કરશે. હવે કોઈ રામચંદ્ર પર કે ગાંધી પર તો એહસાન થયું નથી એટલે એમને તો મેહબૂબ પ્રાપ્ત થયો નથી ! એ શું કામ એને સ્વીકારે અને એ કેમ આવા એલાનમાં ભાગીદાર બને ?! એ તો કહી દેશે કે અમો તો મુસલમાન જ નથી ! અને આ મુસલમાનો પર જરૂરી છે★ કે એ આ એહસાન અને નેઅમત પર અલ્લાહનો શુક્ર માને. એમણે બરાબર કહ્યું, નેઅમતનો ચર્ચો કરવો તો અમારા મુસલમાનો માટે જરૂરી છે, અને એમાં જ અમારી ભલાઈ છે. અલ્લાહ ફર્માવે છે : "તો અલ્લાહની નેઅમતો યાદ કરો એટલા માટે કે તમારુ ભલુ થાય." જાણવા મળ્યું કે નેઅમતોનો ચર્ચો કરવો કેટલું સારુ અને જરૂરી છે. એટલે અલ્લાહ جل جلاله ના એહસાનોને યાદ રાખવું, વર્ણન કરવું અને શુક્ર માનવો સારી જ વાત છે બલ્કે وَاشْكُرُوا نِعْمَةَ اللّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ના પ્રમાણે નેઅમતનો શુક્ર તથા બંદા હોવાને સ્વીકારવું છે. *(સૂરએ નહલ, ૧૪/૧૧૪)*

## ★ એક વાંધાનું વિશ્લેષણ ★

એ કહેવું કે આ મેહફિલોમાં ફાસિક઼ તથા ફાજિર લોકો સામેલ થઈ નઅત વિગેરે પઢે છે. તો અમે એના પર કહીશું કે શું ફાસિકોને નેક કામ કરવું મના છે ? આ રીતે તો એમના માટે કુર્આનની તિલાવત જ નહીં કુર્આનને પકડવું પણ જુર્મ બની જશે ! ચેહરા અને અખ્લાક વર્ણન કરવાનું એક કારણ એ પણ તો છે કે ફાસિક઼ પોતાના બુરા કામોથી તૌબા કરી લે અને જાલિમ જુલ્મ કરવાથી, દરેક ગુનેહગાર ગુનાહોથી તૌબા કરી પોતાના ચેહરાને અને અખ્લાકને હુઝૂર صلى الله عليه وسلم ના અખ્લાકનો નમૂનો બનાવી લે. જો એમને સામેલ થવાથી રોકી લેવામાં આવે તો

★ *ગેર મુક઼લ્લિદોના ભરોસાપાત્ર મશહૂર મુસન્નિફ નવાબ સિદ્દીક હસન કહે છે : જેમને હુઝૂર صلى الله عليه وسلم ની પૈદાઈશ મુબારકનું બયાન સાંભળી ખુશી પ્રાપ્ત ન થાય અને આ નેઅમતને પ્રાપ્ત થવા પર અલ્લાહ جل جلاله નો શુક્ર ન માને એ મુસલમાન નથી. (અશ્શમામતુલ અંબરિયા—પેજ—૧૪)*



પછી નસીહતો કોના માટે હશે. એટલા માટે એમનું સામેલ થવું નુકસાનકારક નથી પણ ફાયદો કરનારું છે. અને કોઈ શું જાણે કે એમની મહોબ્બત ક્યારે એમને નેક કાર્યો માટે પ્રોત્સાહિત કરી આપે ?! ઘણા દૃષ્ટાંતો મળે છે કે લોકોને ગુનાહોથી તૌબાની તૌફીક઼ મળી ગઈ.

**સવાલ** : સારું એ જણાવો કે શું હુઝૂર صلى الله عليه وسلم એ પોતાનું મીલાદ બયાન કર્યું છે ?

**જવાબ** : જરૂર બયાન (વર્ણન) કરેલ છે. અહીં ફક્ત એક જ રિવાયત બયાન કરવામાં આવે છે. "હું તમને પોતાની પહેલી હાલત જણાવું છું કે હું હઝરત ઈબ્રાહીમની દુઆ છું, હઝરત ઈસાની બશારત છું, હું પોતાની માનો એ જોયેલ નઝારો છું જે એમણે મારી પૈદાઈશના સમયે જોયો, એમના સામે એક નૂર જાહેર થયું જેનાથી એમના માટે શામના મહેલો ચમકી ઉઠયા★. *(મિશ્કાત શરીફ બાબે ફઝાઈલે સૈયદુલ મુરસલીન)*

અહીં પણ હુઝૂર صلى الله عليه وسلم એ પોતાની પૈદાશઈનું જાતે વર્ણન કરેલ છે. અને મિશ્કાત શરીફ બાબે ફઝાઈલે સય્યેદુલ મુરસલીન صلى الله عليه وسلمની બીજી કેટલી રિવાયતોમાં પણ હુઝૂર صلى الله عليه وسلم એ પોતાની ઝબાન મુબારકથી પોતાની મીલાદ (પૈદાઈશ) અને હસબ નસબનું વર્ણન કરવું સાબિત છે.

**બીજો સવાલ** : એની જાણકારી મળી ગઈ કે હુઝૂર صلى الله عليه وسلم એ પોતાની પૈદાઈશ (મીલાદ)નું વર્ણન કરેલ છે. હવે કોઈ એવું દૃષ્ટાંત રજૂ કરી આપે કે સહાબાએ કિરામથી મીલાદ પઢવુ, સાંભળવું અને સંભળાવવું સાબિત થઈ જાય.

**જવાબ** : મશહૂર રિવાયત છે કે હુઝૂર صلى الله عليه وسلم હઝરત હસ્સાન માટે મસ્જિદમાં મિમ્બર મૂકાવતા હતા. આવા જ એક પ્રસંગે હુઝૂર صلى الله عليه وسلمની બારગાહના શાઈર હઝરત હસ્સાનને મિમ્બર પર બેસાડવામાં આવ્યા

★ *આ હદીષને અલ્લામા ઈબ્ને કષીરે પોતાની કિતાબ મીલાદુર્રસૂલ صلى الله عليه وسلمમાં અલગ અલગ તરીક઼ાથી વર્ણન કરી છે. આ કિતાબ મીલાદે મુસ્તફા صلى الله عليه وسلمના નામથી રઝા એકદમી લાહોરે છાપી છે.*

અને એમણે હુઝૂર ﷺ સામે આ રીતે એમનો મીલાદ પઢયો :–

وَاَحسَنَ مِنكَ لَم تُرَقَطُّ عَين    وَاَجمَلَ مِنكَ لَم تَلِدِ النِّسَاء

خُلِقتَ مُبَرَّاءً مِّن كُلِّ عَيب    كَاَنَّكَ قَد خُلِقتَ كَمَا تَشَاءَ

"હે અલ્લાહ ﷻના મેહબૂબ ! ﷺ આજ સુધી આપથી વધારે ખૂબસૂરત કોઈ આંખે જોયો ન હતો ન જોશે અને ન કોઈ ઔરતે આપથી વધારે ખૂબસૂરત બાળકને જન્મ આપ્યો."

તમને દરેક ઉણપથી પાક પૈદા કરવામાં આવ્યા, જાણે આપને આપની ઈચ્છા પ્રમાણે પૈદા કરવામાં આવ્યા."

હજી પણ એવું કહી દેવામાં આવે કે હુઝૂર ﷺ એ પોતાના મીલાદ ન તો પઢયો ન તો પઢાવ્યો, ન સાંભળ્યું ન સંભળાવ્યું અને ન તો એના માટે કોઈ તૈયારી કરી અને ન તો સહાબાએ કિરામના અમલથી સાબિત, તો આપણે શું કહી શકીએ છીએ? જો લોકો અજાણતામાં કહે છે તો જહાલતને ફેલાવવાવાળાઓના સરદાર છે, નહીં તો તોહમત બાંધવાવાળા છે.

## ★ હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીનો અમલ અને મંતવ્ય ★

હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીએ પોતાના મકતૂબાત દફતર અવ્વલ, મકતૂબ નં. ૪૪માં હસબ તથા નસબની હદીષને ઘણી વિસ્તારથી વર્ણન કરેલ છે જે એમના તરફથી ઝિક્રે વિલાદતની દલીલ છે. દફતર–૮, મકતૂબ નં. ૭૨માં જવાબમાં ફર્માવ્યું, "અને પછી આપે મીલાદ પઢ વાના વિશે લખ્યું હતું, સારા અવાજમાં ફક્ત કુર્આન અને નઅત તથા મન્કબત પઢવામાં શું વાંધો છે ?★

★ *પરંતુ નઅતના વિરોધીઓ અબૂબક્ર જાબિરુલ જઝાએરી અને મુશ્તાક અલી નદવી સઉદી રિયાલોની તાકતથી કહે છે : "નઅત અને કસીદાઓ જે સારા અને ગમગીન અવાજમાં પઢવામાં આવે છે, આ તો વધુ બુરી બિદઅત છે. (મેહફિલે મીલાદ પેજ–૨૩ છપાઈ જિદ્દા) કહો ! જેની પાસે હુઝૂર ﷺની તારીફ પણ બુરી હોય એ પણ મુસલમાન હોય શકે છે ? શું એમણે નબી ﷺને મોહમ્મદ સ્વીકારી લીધા જે બેશુમાર તારીફોના લાયક છે ? એમને એમની જ તારીફ બિદઅત લાગે છે ! અસ્તગફિરુલ્લાહ !*



આટલા સાફ ખુલાસા અને આપના અમલ પછી પણ અમુક લોકો કેટલો મોટો ધોકો આપે છે. જુઓ ! આપે મકતૂબ નં૪૪માં પોતે મીલાદનું વર્ણન ફર્માવ્યું. "તો શું એનાથી એ વાત સાબિત થાય છે કે મીલાદનું લખવું તો બરાબર છે બયાન કરવું બરાબર નથી ? ધ્યાન આપો ! બુરાઈ તો દરેક હાલતમાં બુરાઈ જ છે. જાણકારી મળી કે મીલાદનું બયાન (વર્ણન) કરવું બુરુ નથી એટલા માટે કે આપે જાતે જ મીલાદનું બયાન કર્યું છે. હવે જો કોઈ જગાએ આપનાથી ઈન્કાર સાબિત છે, તો એ બુરી વાતો પર છે. (જો મીલાદમાં કરવામાં આવે તો) મીલાદ ખ્વાનીનો ઈન્કાર નથી, નહીં તો આપ જાતે જ એનું વર્ણન ન કરતા. મકતૂબાત શરીફમાં આ પ્રમાણે આ શેઅર લખેલ છે :

**તર્જુમો** : "હુઝૂર ﷺ બંનેવ જહાંનની આબઢ (ઈજ્જત) છે, જે માણસ આપના દરવાજાની માટી નથી બનતો એના માથા પર માટી પડે."

અહીં જુઓ, હઝરત મુજદ્દિદે હુઝૂર ﷺની ખૂબસૂરત તારીફ અને કસીદો પણ લખી આપ્યો. આ પણ આપણા માટે ખૂબસૂરત દલીલ છે.

## ★ વિરોધીઓના પીર અને બીજા બુઝુર્ગોનો અમલ ★

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી ફર્માવે છે :–

"અને મશરબ ફકીરનો એ છે કે મીલાદની મેહફિલમાં સામેલ થાય છે, બલ્કે બરકતોનું કારણ સમજી સજાવે પણ છે અને ઉભા રહેવામાં લિજ્જત મેહસૂસ કરે છે." *(ફૈસલા હફત મસ્અલા)*

દેવબંદી પેશવા **મૌલવી રશીદ ગંગોહીના ઉસ્તાદ હઝરત શાહ અબ્દુલ ગની મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે : સાચુ એ છે** કે હુઝૂર ﷺ ની પૈદાઈશ (વિલાદત)નું વર્ણન કરવામાં અને ફાતેહા પઢી આપની રૂહે મુબારકને સવાબ પહોંચાડવામાં અને મીલાદની ખુશી કરવામાં જ ઈન્સાનની પૂરી નેક બખ્તી છે. *(શિફાઉસ્સાઈલ બહવાલા જાને–જાનાં પેજ–૮૧, દીને મુસ્તફા–૩૫૩, ઈસ્લામી તક્રીબાત–૨૫, બરકાતે મીલાદ શરીફ)*

**હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہએ તો 'અદ્દુરુષમીન'માં પોતાના પિતા હઝરત શાહ અબ્દુર્રહીમનું દર વર્ષે ખૂબ તૈયારી સાથે મીલાદ શરીફના દિવસોમાં ખાવા બનાવી લોકોને ખવડાવવાનું વર્ણન કરેલ છે. *(દુર્રુષ્ષમીન, ૨૨મી હદીષ)*

**વળી દેવબંદી મૌલવી અશરફઅલી થાનવી** એ પોતાની કિતાબ 'નશ્રુત્તય્યબ ફી ઝિક્રિન્નબિય્યિલ હબીબ'માં ત્રીજી ફસલમાં હુઝૂર ﷺના અશરફ હોવાનું અને સુથરા નસબનું વર્ણન કરેલ છે, બલ્કે સાતમી ફસ્લ સુધી વિલાદત શરીફનું જ બયાન છે. આ જ થાનવી સાહેબ એક જગાએ કહે છે : આ મેહફિલનું બુન્યાદી કામ તો હુઝૂર ﷺ નું ઝિક્ર છે, જે દરેકની નજરમાં સારુ નેક અને મુસ્તહબ જ છે *(મજાલિસે હકીમુલ ઉમ્મત, પેજ–૧૪૦, હવાલો : દેવબંદી ઉલમાકી હિકાયત)*

**અને શયખ અબ્દુલ હક્ મોહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ પણ મીલાદની મજલિસમાં ઉભા રહેતા અને દુરૂદો સલામ પઢતા. *(અખ્બારુલ અખ્યાર ઉર્દૂ–૬૨૪)*

**હઝરત મુલ્લા અલી કારી, ઈબ્ને જવઝી**નો આ કૌલ લખે છે કે, "જ્યારે નસરાની પોતાના નબીની પૈદાઈશ પર મોટી ઈદ મનાવે છે તો મુસલમાનોએ એમનાથી વધુ પોતાના નબીની ઈજ્જત અને તાઝીમ કરવી જોઈએ." *(અલ્મવરદુર્રવી બહવાલા જાને જાનાં, પેજ–૯૨)*

ઈ.સ. ૧૦૫૩માં ડૉ. ઈકબાલે ઈદે મીલાદુન્નબી ﷺના જલ્સામાં જાલંદરમાં જલસા જુલૂસમાં સામેલ થઈ ફર્માવ્યું : થોડા વર્ષો થયાં મેં સપનામાં જોયું હતું કે અલ્લાહ ﷻ મૌલુદના કારણે આ ઉમ્મતને એક કરી દેશે. મને ઘણા સમય સુધી આશ્ચર્ય રહ્યું કે આ વાત કેવી રીતે બનશે ?! હવે તેહરીકે યૌમુન્નબી ﷺએ આ ખ્વાબની વાતને હકીકતના લિબાસમાં જાહેર કરી દીધી છે. *(અખબાર ઈમાન ૪ મેથી ૧૧ મે ઈ.સ. ૧૯૨૫ બહવાલા ઝિયાએ હરમ –૨૬૮)*

## ★ બુરાં કામોથી બચો ! ★

મેહફિલે મીલાદના તકદુસને સામે રાખી એનું બુરા કામોથી ખાલી



હોવું ઘણુ જરૂરી છે. ઓલમાએ હક્ક એહલે સુન્નત વ જમાઅત આ જ નસીહત કરે છે એટલે સુન્ની અવામ અને ખાસ લોકોથી વિનંતી એ જ છે કે મુન્કિરાત એટલે શરીઅત વિરુધ્ધ કામોથી દરેક રીતે દૂર રહે. જ્યારે બીજા કામોમાં આ બુરાઈઓ જાઈઝ નથી તો આ મુકદ્દસ મેહફિલોને આવાં કામોથી ખરાબ કરવાથી વધારે બુરુ માનવામાં આવશે.

પરંતુ ફક્ત બુરાઈઓને બંધ કરવામાં આવે ન કે મીલાદની મેહફિલોને[૧]. બલ્કે આ મેહફિલોને ઘણી સારી રીતે ચાલુ રાખવામાં આવે. જો માથામાં દુખાવો હોય તો દુખાવો બંધ કરવાનો ઈલાજ કરવામાં આવશે ન કે માથાને કાપી નાખવામાં આવશે ! એજ રીતે શાદીમાં કોઈ ખરાબ રિવાજ હોય તો એને બંધ કરવામાં આવશે, નિકાહ કરવા પર પાંબદી નહીં લગાડવામાં આવે ! એટલે બુરાઈઓને બંધ કરવા માટે નિકાહથી રોકવાની ઈજાઝત નથી[૨].

મેહફિલે મીલાદની ખૂબસૂરત સજાવટ મના કરેલ બાબતોથી નથી પરંતુ સાંભળવાવાળા માટે આકર્ષણનું કારણ બને તથા ઈંતેજામ કરવાવાળા માટે સવાબનું કારણ છે[૩].

---

**૧.** *હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી ફર્માવે છે કે, "જો કોઈ કાર્યમાં શરીઅત વિરુધ્ધ કામો સામેલ થઈ જાય તો એ કામોને બંધ કરવામાં આવે ન કે સારા અમલને બંધ કરવામાં આવે. આવા કામોથી રોકવું ઘણી ભલાઈથી રોકવું છે. (શમાઈમે ઈમદાદિયા, પેજ–૧૨૯, બહવાલા દેવબંદી મઝહબ પેજ–૨૬૪, ઈમદાદુલ મુશ્તાક પેજ–૮૮, બિલાલગંજ–લાહોર.)*

**૨.** *મુફ્તી અહમદ યાર ખાં ફર્માવે છે : કોઈ સુન્નત હરામ કામમાં સામેલ થઈ જવાથી નાજાઈઝ નથી બની જતી, નિકાહ સુન્નત છે પરંતુ લોકોએ એમાં હજારો બુરાઈઓ સામેલ કરી દીધી તો નિકાહને નથી રોકવામાં આવતો પરંતુ એ બુરી વાતોથી રોકવામાં આવે છે. (ઈલ્મુલ કુર્આન, પેજ–૨૦૧)*

**૩.** *હઝરત સદરુલ અફાઝિલ હઝરત મુલ્લા અલી કારીથી નકલ ફર્માવે છે : (તર્જુમો) "સારાંશ એ છે કે જે ચીજની તરફ નજર કરવું હક્કની તરફ વાળે અને ખુદાની યાદ અપાવે તે ઈબાદત છે." (તબર્રુકાતની તા'ઝીમ, પેજ : ૪૦)*

**વાંધો** : નેઅમત પર શુક્ર અને ખુશી દિલથી હોવી જોઈએ, જાહેર કરવું અને ચર્ચા કરવી બરાબર નથી. માલો દૌલત ખર્ચ કરવું બેકાર (માલને વેડફવુ) છે અને સજાવટ કરવી ફુઝૂલખર્ચી છે અને ફુઝૂલખર્ચીમાં ભલાઈ નથી એટલા માટે આ બુરાઈ છે.

**જવાબ** : અલ્લાહ ફર્માવે છે :–

**قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذَا لِكَ فَلْيَفْرَحُوْاهُوَ خَيْرٌ مِّمَا يَجْمَعُوْنَ** *(સૂ. યૂનુસ)*

**તર્જુમો શાહ વલીયુલ્લાહ** : "તમે કહો ખુદાના ફઝલ અને રહમત પર ચાહીએ ખુશી જાહેર કરે એ સારુ છે, જે કાંઈ જમા કરો છો એનાથી."

**તર્જુમો આલા હઝરત** : "તમે ફર્માવો કે અલ્લાહના જ ફઝલ અને એની જ રહમત અને એના પર જ ચાહીએ કે ખુશી મનાવે એ એમના બધા ધન દૌલતથી સાઢ છે." *(કન્ઝુલ ઈમાન)*

**તર્જુમો મેહમૂદુલ હસન** : "ફર્માવો ! અલ્લાહ ﷻ ના ફઝલ અને મહેરબાનીથી, તો એના પર એમણે ખુશ થવુ જોઈએ, એ સારું છે એ વસ્તુઓથી જેને એ ભેગુ કરે છે." *(તાજ કંપની)*

**શબ્બીર અહમદ ઉષ્માની તફસીરમાં કહે છે** : કોઈ નેઅમત પર એ પ્રમાણે ખુશ થવું કે અલ્લાહ ﷻના ફઝલ અને રહમતથી મળ લ છે સારુ છે. જે રીતે અહીં ફર્માવ્યું : **فَبِذَا لِكَ فَلْيَفْرَحُوْا**

**મુફ્તી અહમદ યારખાં નઈમી** رحمة الله عليه ફર્માવે છે : "મુસલમાનોને અલ્લાહ ﷻના ફઝ્લ અને રહમત પર ખુશી મનાવવાનો હુકમ આપવામાં આવ્યો." *(મવાઈઝે નઈમિયા –૩૪૯)*

**પીર મુહમ્મદ કરમશાહ અઝહરી** ફર્માવે છે : **فليفرحوا** "ખુશી તથા આનંદનો ઈઝહાર કર્યા કરો." *(ઝિયાઉનબી ૨/૪૬)*

કુર્આનમાં બીજી જગ્યાએ છે : **وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّث** "પોતાના રબની નેઅમતની ખૂબ ખૂબ ચર્ચા કરો."

બીજી જગ્યાએ છે : **قُلْ مَنْ حَرَّمَ زِيْنَةَ اللّٰهِ الَّتِىْ اَخْرَجَ لِعِبَادِهٖ** "તમે



ફર્માવો, કોણે હરામ કરી એ ઝીનત જે એણે પોતાના બંદાઓ માટે પૈદા કરી." *(સૂ. અઅરાફ–૨૩૨)*

હદીષે પાકમાં છે : લોકો પર કોઈ સવાર એવી નહીં હોય કે એમાં બે ફરિશ્તા ઉતરે છે, એમાંથી એક કહે છે, હે અલ્લાહ ! ﷻ ખર્ચ કરવાવાળાઓને એમનો બદલો આપ અને બીજો કહે છે, હે અલ્લાહ ! બખીલને બરબાદ કરી દે. *(બુખારી મુતર્જિમ ૧/૫૪૫)*

હવે ઓલમાએ હકના ખુલાસા જુઓ :–

**સૈયદના મુજદ્દિદે અલ્ફેષાની** رحمة الله عليه કહે છે : નેઅમત પ્રાપ્ત કરવાવાળા પર નેઅમત આપવાવાળા રબનો શુક્ર માનવો બુધ્ધિ અને શરીઅતની દ્રષ્ટિએ જરૂરી છે. અને આ વાત પણ મશહૂર કે શુક્રનું વાજિબ થવું નેઅમતો પ્રાપ્ત થવા પ્રમાણે હોય છે. બસ જેટલી નેઅમત વધારે પ્રમાણમાં હશે શુક્ર પણ એટલો જ વધુ પ્રમાણમાં હશે. *(મક્તૂબાત દફતર–૧, ૨/૭૧)*

**ઈમામ જલાલુદ્દીન સિયૂતી** رحمة الله عليه ફર્માવે છે કે : "હુઝૂર ﷺ ની મુબારક પૈદાઈશ પર ખુશી જાહેર કરવી આપણા માટે સારૂ છે." *(અલ્લામા કાઝમી, મીલાદુન્નબી ﷺ, બહવાલા રૂહુલ બયાન ૯/૫૬)*

જ્યારે હુઝૂર ﷺની જાત મહાન નેઅમત છે. સૈયદના મુજદ્દિદે અલ્ફેષાનીની નજરમાં એના ઉપર શુક્ર માનવો જરૂરી અને ઈમામ જલાલુદ્દીન સિયૂતીની નજરમાં એ જ શુક્રને જાહેર કરવો સારુ (મુસ્તહબ) છે. તો પછી વાંધો કેવો ? ! અને મુસ્તહબની શાન શું છે એ આપણા દીનને તાજો કરવાવાળા બીજા હજાર વર્ષના મુજદ્દિદને એટલે મુજદ્દિદે અલ્ફેષાનીને પૂછીએ છીએ, આપ ફર્માવે છે : "મુસ્તહબને લોકો શું ઓળખે ?! મુસ્તહબને અલ્લાહ ﷻએ પસંદ કરેલ છે, અને અલ્લાહ ﷻના પસંદ કરેલાના બદલામાં દુનિયા અને આખેરતને આપી દઈએ તો કાંઈ પણ ન આપ્યું. *(ઝુબ્દતુલ મક઼ાલાત ઉર્દૂ, પેજ–૨૭૫)*

અને સાંભળો ! આ'લા હઝરતે આવા જ એક સવાલના જવાબમાં ઓલમાની તરફથી ફર્માવ્યું, "ફુઝૂલ ખર્ચીમાં ભલાઈ નથી અને

ભલાઈમાં ફુઝૂલ ખર્ચી નથી." આગળ ફર્માવ્યું : જે વસ્તુની તાઝીમ ઝિક્ર શરીફમાં મક્સદ હોય તે બિલ્કુલ મના નથી હોઈ શકતી." *(મલ્ફૂઝાત, ૧/૧૧૨)*

અહીં અલ્લાહ ﷻ નું એક બીજું ફર્માન જુઓ, હુકમ થયો **فَاسْتَبِقُوا الْخَيْرَات** એટલે "ભલાઈનાં કામોમાં એકબીજા પર આગળ નીકળો" (એમાં બીજાથી વધીને ભાગ લો. હવે નેઅમતનો શુક્ર અને હુઝૂર ﷺ નું ઝિક્ર નેકી બલ્કે મહાન નેકી★, તો એમાં આગળ વધવા માલ ખર્ચ કરવો ફુઝૂલ ખર્ચી કેવી રીતે થશે ?! જો આ જ ફુઝૂલ ખર્ચી છે, મઆઝલ્લાહ ! તો શું અલ્લાહ આવો હુકમ આપતો ? (અસ્તગ્ફિરુલ્લાહ !)

**فَاسْتَبِقُوا الْخَيْرَات**ની રોશનીમાં બરાબર ફર્માવ્યું ઓલમાએ **لااسراف فی الخیر** એટલે "નેકીના કામમાં માલ ખર્ચ કરવો ફુઝૂલ ખર્ચી નથી."

હવે રહ્યુ સજાવવું, તો એ વિશે હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہથી નકલ થયેલ છે. ધ્યાનથી વાંચો "જે વસ્તુ તરફ ધ્યાન કરવું હક્ક તરફ માઈલ કરે અને અલ્લાહની યાદ અપાવે એ ઈબાદત છે. *(તબર્રુકાતની તાઝીમ–૪૦)*

આજના સમયમાં મસ્જિદોમાં સજાવેલા મેહરાબો, ઊંચા મિનારા વિગેરેનું પણ કોઈ જાઈઝ હોવાની દલીલ હશે ? વળી **૧૦૦ સાલા જશ્ને દેવબંદની તૈયારીમાં ૭૫ લાખ રૂપિયાથી વધુ રકમ ખર્ચ કરવામાં આવી, મંડપ બનાવવામાં ૪ લાખથી વધુ રકમ ખર્ચ કરવામાં આવી.** *(રોજનામા જંગ રાવલપિંડી, ૨–એપ્રિલ, ઈમરોઝ, લાહોર, ૯ એપ્રિલ ઈ.સ. ૧૯૮૦, દેવબંદી હકાઈક–૨૦૩)*

---

★ *શારહે બુખારી અલ્લામા સૈયદ મહમૂદ અહમદ રઝવી ફર્માવે છે : "હુઝૂર ﷺની પૈદાઈશ અલ્લાહ ﷻ ની ઘણી મોટી નેઅમત છે. અલ્લાહની નેઅમતનો શુક્ર એની યાદ, અને યાદગાર કાયમ કરવી, ખુશી મનાવવી શરીઅતથી સાબિત છે. (ઈસ્લામી તકરીબાત પેજ–૨૨)*



**શું અહીં ફુઝૂલ ખર્ચી ન થઈ ?** : પૂરી દેવબંદી જમાઅત ઈલ્મો ફઝલ જુભ્ભા દસ્તાર સાથે હાજર હતી ! શું કોઈ ફત્વો ન આપવામાં આવ્યો ?!

રહ્યું મેહફિલે મીલાદની તૈયારી અને એના ઈન્તેજામમાં ખર્ચ વિગેરે, એટલે હુઝૂર ﷺ ના ઝિક્રની મેહફિલને સજાવવું. તો આ કોઈ નવુ કામ પણ નથી, મુહક્કિકે દૌરાં અલ્લામા ડોકટર મુહમ્મદ મસ્ઊદ અહમદના કેહવા પ્રમાણે : "ઝિક્રે રસૂલ ﷺ ની મેહફિલને સજાવવાનો તરીકો હઝરત ઈમામ માલિક બિન અનસે શીખવ્યો. જ્યારે આપ મેહબૂબ ﷺની વાતો સંભળાવતાં અને હુઝૂર ﷺનું ઝિક્ર કરતા ત્યારે શું કરતા ? ધ્યાન આપો ! સાંભળો ! પહેલાં ગુસ્લ કરતા, ખુશ્બુ લગાડતા, નવાં કપડાં પહેરતા, અમામો પહેરતા, ચાદર માથા પર રાખતા, એમના માટે એક તખ્ત જે રીતે દુલ્હાનો હોય છે રાખવામાં આવતો, એ સમયે બહાર આવતા અને ખૂબ (ખુશૂઅ તથા ખુઝૂઅથી) સાફ દિલથી એ તખ્ત ઉપર ત્યારે બેસતા, જ્યારે હુઝૂર ﷺની હદીષ બયાન કરવી હોય. *(મિશ્કાત, ૩/૧૩૦)* વિનંતિ કરવામાં આવી કે તમે આટલી તૈયારી કેમ કરો છો ?! ફર્માવ્યું, મને હુઝૂર ﷺની તાઝીમ કરવાથી મહોબ્બત છે. *(જશ્ને બહારાં, રઝા એકડમી–લાહોર)*

એટલે કુર્આન તથા હદીષ, ઓલમાના ખુલાસા અને જલીલુલકદ્ર ઈમામના અમલથી વાંધાને સાબિત કરી દીધો. બસ, એહલે સુન્નતનો અમલ બરાબર અને સવાબ મળવાનો સબબ છે, મના કરેલ બાબતોમાંથી નથી.

**એક અધિક વાંધો** : તમે દરેક વર્ષે ૧૨, રબીઉલ અવ્વલના દિવસે મીલાદની ખુશી મનાવો છો, પરંતુ જો ૧૨, રબીઉલ અવ્વલ પૈદાઈશનો દિવસ છે તો વિસાલનો દિવસ પણ છે, જેથી તમે અડધો દિવસ ખુશી મનાવો અને અડધો દિવસ ગમ મનાવો ! અને ગમ ન મનાવવું તો જરૂર બુરાઈ છે.

**જવાબ** : એટલે દિવસ મનાવવા પર વાંધો ન રહ્યો ! પરંતુ ખુશી સાથે ગમ મનાવવાની માંગણી આવી. હા ! આ માંગણી અમારા એહલે

સુન્નતથી છે. વાધાં ઉઠાવવાવાળા એનાથી અલગ છે ! એટલે હુઝૂર ﷺની ખુશી મનાવીએ તો પણ અમે સુન્ની અને ગમ મનાવીએ તો પણ અમે સુન્ની ! એમનો હુઝૂર ﷺ થી કોઈ રિશ્તો નથી એટલા માટે આ ખુશી અને ગમ સાથે એમને કોઈ લેવા દેવા નથી !

અમે તો ખુશીઓ મનાવીએ છીએ કે અમે હુઝૂર ﷺના ઉમ્મતી છીએ અને અમોને ખુશી છે કે આમેનાના લાલ તશરીફ લાવ્યા. (ﷺ)અને અમે ખુશીઓ મનાવતા રહીશું, એટલા માટે કે **શરીઅતમાં ગમનો નહીં ખુશી મનાવવાનો હુકમ આપવામાં આવ્યો છે.**

કુર્આન ફર્માવે છે : **فَلْيَفْرَحُوْا** "(નેઅમત પ્રાપ્ત થવા પર) ખુશી કરે." એટલા માટે અમે જરૂર મીલાદની ખુશીઓ મનાવીશું.

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે, શરીઅતે પૈદાઈશના સમયે અક઼ીક઼ાનો હુકમ આપ્યો છે અને આ બાળકના પૈદા થવા પર અલ્લાહ ﷻના શુક્ર અને ખુશીનો એક પ્રકાર છે, પરંતુ મૌતના સમયે એવી વસ્તુનો હુકમ નથી આપવામાં આવ્યો, બલ્કે, રડવા, મારવાથી રોકવામાં આવ્યા છે. શરીઅતના આ ઉસૂલની માંગણી એ છે કે રબીઉલ અવ્વલ શરીફમાં હુઝૂર ﷺ ની પૈદાઈશ પર ખુશી જાહેર કરવામાં આવે ન કે વિસાલ પર ગમ. *(ઝિયાએ હરમ, ઈદે મીલાદુન્નબી ﷺ નંબર–૩૬૨)*

૧૨ રબીઉલ અવ્વલ વિસાલનો દિવસ નથી પરંતુ પૈદાઈશનો દિવસ છે. સદરુલ મુનાઝેરીન હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ અશરફ ક઼ાદરી મુરાળિયાં શરીફે દલીલોથી ભરપૂર શાનદાર ઈલ્મી તેહક઼ીક઼ી મક઼ાલો (લેખ) લખ્યો. જે માહે તયબહ ઓક્ટોબર ઈ.સ. ૧૯૯૦માં છપાયો. આપે સહાબાએ કિરામ અને તાબઈનનાં ફર્માનથી એક કે બે રબીઉલ અવ્વલ હુઝૂર ﷺના વિસાલની અને ૧૨, રબ્બીઉલ અવ્વલ હુઝૂરની પૈદાઈશની સાબિતી આપી છે. મુફ્તી સાહબ પોતાની શાનદાર તહેક઼ીક઼માં છેલ્લે ફર્માવે છે : "અમે સાબિત કરી ચૂકયા ૧૨, રબીઉલ અવ્વલ પૈદાઈશનો દિવસ છે, વિસાલનો નહીં, પરંતુ વફાતનો દિવસ પણ માની લેવામાં આવે તો પણ પૈદાઈશની ખુશી એ દિવસે મનાવવું



જાઈઝ જ રહેશે અને વફાતના ગમ મનાવવાથી રોકવામાં આવશે. એટલા માટે કે નેઅમતની ખુશી મનાવવી શરીઅતની દ્રષ્ટિએ તથા વારે ઘડીએ પસંદગી પામેલ છે. જેમ કે હઝરત ઈસા علیہ السلامએ બનાવેલા ખાવાનું દસ્તરખ્વાન ઉતરવાનાં દિવસને પોતાના પહેલા અને છેલ્લાના માટે ઈદ ફર્માવી આપ્યું. (કુર્આન ૫/૧૧૪) પરંતુ **વફાત (વિસાલ–મૌત)નો ગમ વિસાલથી ત્રણ દિવસ પછી મનાવવો બિલ્કુલ જાઈઝ નથી.**

એના પહેલાં નિસાઈ શરીફ અને ઈબ્ને માજાના હવાલાથી કહે છે : જુમ્આનો દિવસ હઝરત આદમ علیہ السلامની પૈદાઈશનો દિવસ પણ છે, અને વિસાલ (મોત)નો દિવસ પણ, પરંતુ એ છતાં પણ અલ્લાહ તઆલાએ વિસાલના ગમને છોડી પૈદાઈશ (મીલાદ)ની ખુશીને બાકી રાખી અને જુમ્આના દિવસે ઈદ (ખુશી) મનાવવાનો હુકમ આપ્યો, એટલા માટે જો ૧૨, રબીઉલ અવ્વલને પૈદાઈશનો દિવસ અને વિસાલનો દિવસ પણ માની લેવામાં આવે, તો **વિસાલનો ગમ ત્રણ દિવસ પછી પૂરો થયો અને પૈદાઈશની ખુશી ક઼યામત સુધી બાકી રહેશે.** *(માહે તયબહ, ઓક્ટો. ૧૯૯૦)*

અને હુઝૂર ﷺએ ફર્માવ્યું : "મારી જિંદગી પણ તમારા માટે સારી છે અને મારી મૌત પણ તમારા માટે સારી છે." હા ! વાંધો ઉઠાવવાવાળા પોતાને આ હુકમથી અલગ સમજે છે, તો એમને અધિકાર છે ! અમોને તો અમારા હુઝૂર ﷺના આ ફર્માનથી ખુશી જ પ્રાપ્ત થાય છે અને અમે અલ્લાહ ﷻ નો શુક્ર માનીએ છીએ.

પછી અમે ગમ કેમ જાહેર કરીએ ? અમારા હુઝૂર ﷺ જીવંત છે.

અનસ બિન માલિક رضی اللہ عنہની રિવાયત કરેલ હદીષે પાક કે, "તમામ નબી પોતાની કબરોમાં જીવંત છે." ને ઘણા મોહદ્દિષો સિવાય શેખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વીએ મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૭૬૩માં, શાહ વલીયુલ્લાહે ફુયૂઝુલ હરમૈન મુતર્જિમ પેજ–૮૪માં, અલ્લામા સૈયદ સઈદ અહમદ કાઝમીએ હયાતુન્નબી ﷺ પેજ–૧૯માં, અલ્લામા સૈય્યદ મહમૂદ અહમદ રઝવીએ ફુયૂઝુલ

બારી પા–૭, પેજ–૧૧૬માં અને મૌલાના દેવબંદી અશરફ અલી થાનવીએ નશરુત્તયબમાં (૨૮મી ફસલમાં) લખેલ છે.

અલ્લામા સૈય્યદ મહમૂદ અહમદ રઝવીએ એ જ ફુયૂઝુલ બારી પારા–૭, પેજ–૧૧૪) પર હુઝૂર ﷺ ના જીવંત હોવા પર ઈજમાઅ (સર્વ સંમતિ) હોવાનું લખ્યું છે. દેવબંદી મુફતી મુહમ્મદ શફીએ કરાચવી સીરતે રસૂલે અકરમ ﷺ સફા–૬૩૧ માં જમહૂર ઉમ્મતનો અકીદો હોવાનું લખ્યું છે. અને મોટા દેવબંદી આલિમો કહે છે : અમારા નજીક અમારા બુઝુર્ગો નજીક હુઝૂર ﷺ પોતાની કબર મુબારકમાં જીવંત છે, અને આપની જિંદગી દુનિયાની જિંદગી છે વિના મુકલ્લફે (વિના ફરક કર્યે). *(અલ મુહન્નદ અલલ્ મુફન્નદ–૭)*

પછી હુઝૂર રહમતુલ્લિલ્ આલમીન ﷺ બંનેવ જહાન માટે રહમત છે. દરેક વસ્તુ આપની રહમતો અને બરકતોથી ફૈઝ પ્રાપ્ત કરી રહેલ છે અને આ બધું જીવંત (હયાતુન્નબી) હુઝૂર ﷺના હોવાના કારણે છે જ્યારે આપણા હુઝૂર ﷺ પોતાના તમામ ઈખ્તેયાર અને ખૂબીયો સાથે જીવંત છે, તો પછી ગમ કઈ વાતનો ?!

એટલા માટે ખુશીઓ મનાવવી જ જાઈઝ છે, ગમ નહીં. અને ગમ ન મનાવવું બુરા કામોમાં નથી બલ્કે ગમ મનાવવું, અથવા એના માટે ઉત્તેજીત કરવું બુરાં કામોમાંથી છે. અલ્હમ્દુલિલ્લાહ ! આ વાંધો પણ ખોટો સાબિત થયો.

## ★ મના કરેલી ચીજો શું છે ? ★

અમે અહીં અમુક બુરાઈઓનું વર્ણન કરીએ છીએ એટલા માટે કે આશિકો મેહફિલે મીલાદની તૈયારીમાં એવાં કામોથી દૂર રહી વધારે સવાબ પ્રાપ્ત કરી શકે અને આ રીતે મેહફિલની પાકીઝગી પણ બુરાઈઓથી ખરાબ ન બને.

(૧) હરામ વસ્તુઓને વાપરવું (૨) ફર્ઝ નમાઝો છોડવું (૩) પૈસા લેવામાં મહોલ્લાવાળાને તથા રસ્તે ચાલતા લોકોને મજબૂર કરવા (૪) ભેળસેળ મેળાવડા કરવા (એવા જલ્સા જેમાં મર્દ અને ઓરત ભેગા



હોય) (૫) જીવંત વસ્તુના પોસ્ટરો, તવાફે કા'બાની સૂરતમાં યા કોઈ બીજી રીતે. (તથા અન્ય નવાં નવાં હરામ કામો જે પણ છે.)

અમારી એ જ વિનંતી છે કે બુરાઈઓથી જરૂર બચવામાં આવે. થોડુ હોય પણ બરાબર હોય. સારી વાત પર અમલ કરે બુરી વાતને છોડી દે. અલ્લાહ ﷺ તૌફીક આપે, જ્યારે આપણે લોકો બુરાઈઓથી પોતાની મેહફિલોને દૂર રાખીએ. તો વિશ્વાસ છે કે આજુબાજુથી આંગળીઓ આપણા તરફ નહીં ઉઠાવવામાં આવે.

## ★ બિદઅતે હસનાના વિરોધીઓ અને મેહફિલે મીલાદ ★

અમે અહીં વિરોધીઓની ઘણી ભરોસાપાત્ર કિતાબથી મેહફિલે મીલાદના જાઈઝ હોવાની દલીલ રજૂ કરીએ છીએ એટલે દરેક પ્રકારના ખોટા વિચારો દૂર થઈ જાય. લખ્યું છે : અમે તો શું કોઈ પણ મુસલમાન એવો નહીં હોય જે હુઝૂર ﷺની પૈદાઈશનું ઝિક્ર બલ્કે આપના નાલેન શરીફ (પગરખા મુબારક)ની માટી અથવા આપની સવારીના ગધેડાના પેશાબના ઝિક્રને પણ બુરુ, બિદઅતે સય્યેઆ (બુરી બિદઅત) અથવા હરામ કહે. એ બધી જ હાલતો જેને હુઝૂર ﷺથી જરા પણ નિસ્બત છે એનું ઝિક્ર અમારી નજીક ઘણુ જ પસંદીદા અને ઉચ્ચ કક્ષાનું સારુ કામ છે. ચાહે હુઝૂર ﷺની પૈદાઈશનું બયાન હોય ચાહે આપના બોલો બરાજ (પેશાબ પાખાના) ઉઠવા બેસવાનું અને જાગૃત થવા વિશેનું બયાન હોય. *(અલમુહન્નદ, પેજ–૫૨)*

જેથી જો મૌલુદની મજલિસ બુરા કાર્યોથી ખાલી હોય તો શક્ય છે કે અમે એવું કહીએ કે પૈદાઈશનું બયાન નાજાઈઝ અને બિદઅત છે ?! *(અલમુહન્નદ–૫૨)*

હઝરત હાજી ઈમદાદુલ્લાહ મુહાજિર મક્કી ફર્માવે છે : આપણા આલિમો મીલાદની મેહફિલ વિશે પણ ઘણો ઝગડો કરે છે, તેમજ ઓલમાનો જાઈઝ હોવાનો પણ અભિપ્રાય છે. જ્યારે જાઈઝ હોવાનો પ્રકાર મૌજૂદ છે પછી કેમ આવી સખ્તી કરે છે ? અને આપણા માટે હરમૈનની પૈરવી કરવું પૂરતું છે. *(ઈમ્દાદુલ મુશ્તાક, પેજ–૫૫,૫૬)*

હજુ પણ દેવબંદી જમાઅત ન માને તો આપણે શું કહી શકીએ છીએ ! વળી દેવબંદી જમાઅત તો એને ધોકો જ સમજે છે, નહીં તો કોઈકવાર તો મીલાદની મેહફિલ રાખી બુરાઈઓથી ખાલી મેહફિલે મીલાદનું દ્રષ્ટાંત રજૂ કરતા ! ખુલાસો એ કે આપણા એહલે સુન્નત વ જમાઅતનો અમલ જાઈઝ અને બરાબર સાબિત થઈ ગયો, મજલિસે મૌલુદ અને મેહફિલે મીલાદ એક જ વાત છે.

આ લોકો મીલાદની મેહફિલની જગાએ ''સીરત કોન્ફ્રન્સ'' રાખે છે. ''મેહફિલે મીલાદ'' તો અમુકની નજીક એટલા માટે નાજાઈઝ છે કે આ નવા તરીક઼ાથી કરવું છે અને સહાબાએ કિરામથી સાબિત નથી, તો **જણાવો કે ''સીરત કોન્ફ્રન્સ''નું કરવું આ રીતે ક્યાંથી સાબિત છે ? એ કેવી રીતે સુન્નત બની ગયું ?!** હવે તો અલ્લાહ جل جلاله ના ફઝલથી મેહફિલે મીલાદનું જાઈઝ હોવું ખૂબ સારી રીતે સાબિત થઈ ગયું એટલા માટે અમે પૈદાઈશની તારીખ અને ઉમ્મતના અમલ વિશે થોડુ લખી આગળ વધીએ છીએ.

## ★ તારીખે વિલાદત અને ઉમ્મતનો અમલ ★

તવારીખે હબીબે ઈલાહ હિ. ૧૨૭૫માં છે : હરમૈન શરીફૈન અને વધુ પડતા મુસ્લિમ દેશોમાં રિવાજ છે કે રબીઉલ અવ્વલ મહીનામાં મીલાદની મેહફિલ રાખે છે, અને મુસલમાનોને ભેગા કરી પૈદાઈશનું બયાન કરે છે અને વધુ પ્રમાણમાં દુરુદ શરીફ પઢે છે અને દઅવત કરી ખાવાનું અથવા તો મીઠાઈની વહેંચણી કરે છે, આ અમલ ઘણી મોટી બરકતોનું કારણ છે. હુઝૂર صلى الله عليه وسلم થી મહોબ્બતના કારણે ૧૨, રબીઉલ અવ્વલે મદીના શરીફમાં મસ્જિદે નબવીમાં આ બરકતવાળી મેહફિલ રાખવામાં આવે છે અને મક્કા શરીફમાં હુઝૂર صلى الله عليه وسلم ની પૈદાઈશના મકાનમાં થાય છે.

શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વીએ ફુયુઝૂલ હરમૈનમાં લખ્યું છે : હું હાજર થયો એ મેહફિલમાં જે મક્કા શરીફમાં હુઝૂર صلى الله عليه وسلمના મકાનશરીફમાં રાખવામાં આવેલી હતી ૧૨મી રબીઉલ અવ્વલે



પૈદાઈશનું બયાન અને તે સમયે આશ્ચર્યજનક બનેલ વાતોને બયાન કરવામાં આવતી હતી મેં જોયું કે એક સાથે નૂર (રોશની) એ મેહફિલથી ઉપર ઉઠી. મેં એ વિશે વિચાર્યું તો જાણકારી મળી કે એ નૂર હતું, ફરિશ્તાઓનું જે આવી બરકતવાળી મેહફિલોમાં હાજરી આપે છે. બીજુ પણ નૂર હતું અલ્લાહ جل جلاله ની રહમતનું[૧].

ઈમામ અબૂ શામી જે ઈમામ નવવી શારેહે સહીહ મુસ્લિમની હદીષમાં ઉસ્તાદ છે, ફર્માવે છે : ''મારા સમયમાં જે શ્રેષ્ઠ નવુ કામ કરવામાં આવે છે તે એ છે કે દરેક વર્ષે હુઝૂર صلى الله عليه وسلمની પૈદાઈશના દિવસે લોકો સદ઼કો અને ખૈરાત કરે છે અને ખુશી જાહેર કરવા માટે પોતાના મકાનો અને મહોલ્લાઓને સજાવે છે[૨].

સનદુલ મોહદ્દિષીન હઝરત અલ્લામા સૈય્યદ મહમૂદ અહમદ રઝવી ફર્માવે છે : દરેક જમાનામાં બુઝુર્ગો ઈદે મીલાદુન્નબી صلى الله عليه وسلمની ખુશી ઘણી ઈજ્જત અને ધુમધામથી મનાવતા રહ્યા છે અને એની ફઝીલતો અને બરકતોથી ફૈઝ પ્રાપ્ત કરતા રહ્યા છે. *(દીને મુસ્તફા–૩૪૭)*

મૌલાના અબ્દુસ્સમીઅ રામપૂરીએ પૂર્વ અને પશ્ચિમના એવા ૭૩ ભરોસાપાત્ર મોહદ્દિષોનાં નામ લખ્યાં છે જેમણે મીલાદની મહેફિલ રાખવી (મુસ્તહબ તથા મુસ્તહસન) સારુ કામ ફર્માવ્યું છે. *(અન્વારે સાતિઆ–૨૪૭)*

શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી લખે છે : ''૧૨ રબીઉલ અવ્વલના દિવસે મેં જૂના તરીક઼ા પ્રમાણે. (એટલે રાબેતા મુજબ દર વર્ષ જેમ) કુર્આનની તિલાવત કરી અને હુઝૂર صلى الله عليه وسلمની નિયાઝના રૂપે કાંઈક વહેંચણી કરી અને હુઝૂર صلى الله عليه وسلم ના બાલ મુબારકની ઝિયારત

---

**૧.** *તવારીખે હબીબે ઈલાહ ૧૫ આ કિતાબથી જાતે અશરફ અલી થાનવીએ નશરુત્તય્યબ લખવામાં એનાથી ફાયદો ઉઠાવ્યો છે. જુઓ (નશરુત્તય્યબ પેજ–૪)*

**૨.** *સીરતુલ હલબિય્યહ, પેજ–૮૦, ભાગ–૧, બહવાલા ઝિયાએ હરમનો મીલાદુન્નબી صلى الله عليه وسلم નંબર, હિ.સ.૧૪૧૦, પેજ–૩૪૨, બહવાલા ઝિયાઉન્નબી صلى الله عليه وسلم , પેજ–૪૭, એને ઈસ્માઈલ દહેલ્વીએ પણ રિસાલા ચહારદા મસાઈલમાં લખે છે. જુઓ (મૌલાના ઈસ્માઈલ ઓર તક઼વિયતુલ ઈમાન પેજ–૧૧૫)*

કરાવી.'' *(અલ કૌલુલ્ જલીકી બાઝયાફત, પેજ ૩૦–૫૮ બહવાલા અલકૌલુલ્જલી–૭૪)*

અલ્લામા ઈબ્ને જવઝી ફર્માવે છે : ''જો આપણે દરરોજ હુઝૂર ﷺ નું મીલાદ મનાવતા તો પણ વાજિબ હતું.'' *(મીલાદુર્રસૂલ ﷺ–૪૪)*

હઝરત ઈમામ કસ્તલાની શારેહે બુખારીના મવાહિબથી લખે છે : ''હુઝૂર ﷺની પૈદાઈશના મહિનામાં મુસલમાનો હમેશાંથી મેહફિલો સજાવતા રહ્યા છે અને ખુશી સાથે ખાવાનું બનાવતા આવ્યા છે અને ખાવાની દાવત કરે છે, અને એ રાતોમાં દરેક પ્રકારની ખૈરાત કરતા આવ્યા છે અને ખુશી જાહેર કરતા આવ્યા છે અને નેક કામોમાં હમેશાં વધારો કરતા રહ્યા છે અને હુઝૂર ﷺની પૈદાઈશ મુબારકના બયાનની ખાસ તૈયારી કરતા રહ્યા છે જેની બરકતોથી એમના પર અલ્લાહ ﷻનો ફઝલ થતો રહ્યો છે. અને એની ખૂબીઓમાંથી એ છે કે મીલાદની મેહફિલ કાયમ કરવું પૂરા વર્ષ માટે સુકૂન અને શાંતિનું કારણ છે અને દરેક મક઼સદની પ્રાપ્તિમાં ખુશ ખબરી જલ્દી મળે છે. તો અલ્લાહ ﷻ એ આદમી પર રહમ તો નાઝિલ કરે જેણે પૈદાઈશના મહિનાની દરેક રાતને ઈદ બનાવી દીધી. *(મિલાદુન્નબી ﷺ અલ્લામા કાઝમી–૭૩,૭૫)*

હઝરત શૈખ કુતબુદ્દીન હનફી ફર્માવે છે : ''૧૨, રબીઉલ અવ્વલની રાતે મસ્જિદે હરામમાં દરેક વર્ષે બાક઼ાયદા ઈજતેમાનું એલાન કરવામાં આવતું હતું. બધા જ વિસ્તારોના ગવર્નર, આલિમો, મુફતીઓ, અને ચારેવ મઝહબ (હન્ફી, શાફઈ, માલિકી, હંબલી)ના ક઼ાઝીઓ મગરિબની નમાઝ પછી મસ્ઊદે હરામમાં ભેગા થઈ જતા. નમાઝ પઢ યા પછી સૌકુલ્લૈલથી નીકળી મૌલુદુન્નબી (એ મકાન મુબારક જેમાં હુઝૂર ﷺ ની વિલાદત થઈ)ની ઝિયારત માટે જતા. એમના હાથોમાં ઘણી મીણબત્તીઓ, ફાનસો અને રોશની હોતી (એટલે એ રોશનીઓ ઉઠાવેલો જુલૂસ હોતો) એમાં લોકોની એટલી ભીડ રહેતી કે જગા ન મળતી. પછી એક આલિમ ત્યાં બયાન કરતા બધા મુસલમાનો માટે દુઆ થતી અને બધા લોકો પાછળ ફરી મસ્જિદે હરામમાં આવી જતા.'' *(ઝિયાએ હરમનો ઈદેમીલાદુન્નબી નંબર–૨૭)*



હઝરત અલ્લામા સખાવી ફર્માવે છે : ''ત્રણ સદીઓ પછી મીલાદની મેહફિલો શરૂ કરવામાં આવી, પછી જે આ રિવાજ શરૂ થયો તો આજ સુધી ચાલુ છે. એ લખે છે :

''એ પછી બરાબર બધા દેશોમાં અને શહેરોમાં મુસલમાનો ઈદે મીલાદ મનાવી રહ્યા છે. એ દિવસે લોકો દરેક પ્રકારનો સદકો કરે છે, અને હુઝૂર ﷺ ની પૈદાઈશના વાકે઼આત બયાન કરે છે જેની બરકતો એમના ઉપર જાહેર થતી આવી છે. *(જાને જાનાં પેજ–૧૨, બહવાલા અન્વારે કુતુબે મદીના–લાહોર, પેજ–૪૬૫)*

હઝરત શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનો અમલ હતો કે ૧૨, રબીઉલ અવ્વલના દિવસે એમના ત્યાં લોકો ભેગા થતા. દુરુદ પઢવામાં આવતું પછી શાહ સાહબ હુઝૂર ﷺની ફઝીલતો અને અમુક હદીષ સંભળાવતા, ત્યાર પછી પૈદાઈશનું બયાન, દૂધ પીવાનું, ચેહરા મુબારક, બરકતો, વિગેરેનું બયાન કરતા પછી જે કાંઈ પણ સામે હોય ખાવા કે મીઠાઈ એના પર ફાતેહા પઢી હાજર લોકોમાં વહેંચી દેવામાં આવતી, મૂએ મુબારકની ઝિયારત પણ કરાવવામાં આવતી. *(અદ્દુર્રુલ મુનઝ્ઝમ, પેજ–૮૯ બહવાલા જાનેજાનાં–૧૧૫)*

હઝરત શૈખ અબ્દુલ હક઼ મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે : ''હમેશાંથી મુસલમાનો હુઝૂર ﷺના પૈદાઈશના મહિનામાં મેહફિલો (મીલાદની) કરે છે અને ખાવા (શીરીની) વિગેરે બનાવી આ મહીનાની રાતોમાં ભાત ભાતનાં તોહફાની વહેંચણી કરે છે.'' *(માષબતમિનસ્સુન્નહ મુતર્જિમ પેજ–૧૫૫, લાહોર)*

પૈદાઈશની તારીખ વિશે ફર્માવે છે : ''પરંતુ પેહલો ક઼ૌલ એટલે ૧૨, રબીઉલ અવ્વલનો વધારે મશહૂર છે અને એના પર મક્કા શરીફવાળાઓનો અમલ છે, પૈદાઈશની જગાની ઝિયારત એ જ રાત્રે કરે છે અને મીલાદ★ પઢે છે.

★ *મદારિજુન્નબુવ્વત, ઉર્દૂ બીજો ભાગ, પેજ–૨૩ અને મોહદ્દિષ ઈબ્ને જવઝીએ અલ મીલાદુન્નબી ﷺ અને અલવફા પેજ–૧૧૮માં આ જ પ્રમાણે લખ્યું છે.*

## ★ મીલાદનો જુલૂસ ★

જ્યારે આ વાત સાબિત થઈ ગઈ કે આપણા હુઝૂર ﷺ અલ્લાહ ﷻની બધાથી મહાન નેઅમત છે અને નેઅમતનું ઝિક્ર જરૂરી, તો મીલાદના જુલૂસનો મક્સદ પણ એ જ નેઅમતનું ઝિક્ર એટલે ઝિક્રે રસૂલ ﷺ છે. જુલૂસે મીલાદમાં થાય છે શુ ? એ જ ખુદાની નેઅમતનું ઝિક્ર ! નારાએ તકબીર તથા રિસાલત, દુરૂદે પાકના નગ્માઓ, નઅત શરીફો, સીરતના વાકેઆ, સરકારના ફૈઝો, બરકતો, ફઝીલતો, અને ખૂબીઓ, ખાસિયતો અને મોઅજિઝા પર રૂહને તાજગી આપવાના બયાનો, આ બધુ હુઝૂર ﷺનું ઝિક્ર જ છે. આ જ અમારો લગાવ અને શોક છે.

ધ્યાન આપો ! અલ્લાહ ﷻની નેઅમતના ઝિક્ર પર આધારિત આ જુલૂસમાં કઈ એવી વાત છે જેનાથી આ જુલૂસ નાજાઈઝ થઈ જાય ? હલાલ, હરામ અને જાઈઝ હોવા વિશે રજૂ કરેલ કાયદા પ્રમાણે આ જાઈઝ અને સવાબવાળુ છે.

જો હાલના જુલૂસની રીત પર વાંધો ઉઠાવવામાં આવે, તો આ જ વાંધો દીની જલ્સાઓ પર ઉઠશે અને કોઈ પણ શરીઅતના કાનૂનના આધારે આ જલ્સાઓને અલગ નહીં કરી શકીએ અને નવી રીતના આધારે આ જલ્સાઓ પણ નાજાઈઝ બની જશે. જો બીજા જલ્સાઓ હાલના સમયમાં નવી રીતે ઘણા ખર્ચ સાથે જાઈઝ અને સવાબનું કામ છે, તો ફક્ત એટલા માટે કે એનો મક્સદ દીનની તબલીગ છે, અને એ સાબિત છે. તો તબ્લીગ જમાનાના સંજોગો પ્રમાણે કોઈ પણ રીતે કરો જાઈઝ છે એટલા માટે એ જલ્સા અને બીજા દીની પ્રોગ્રામો જાઈઝ છે. જેથી આ જ વસ્તુના આધારે હુઝૂર ﷺનું ઝિક્ર અને દીનની તબ્લીગના કારણે જુલૂસ પણ જાઈઝ થયું એટલા માટે કે ઝિક્રે રસૂલ ﷺ અને દીનની તબ્લીગ માટે શરીઅતે કોઈ ખાસ તરીકો નિશ્ચિત નથી કર્યો અને ન તો આ રીતે જુલૂસ કાઢવાથી રોકવામાં આવ્યા છે★.

*★ જનાબ આમિર ઉષ્માની કહે છે કે એક માણસને આઝાદી છે કે હદીષ સંભળાવવા ઊંટ પર બેસી જાય અથવા ટ્રેન પર અથવા જમીન પર બેસીને સંભળાવે અથવા તખ્ત પર. કોઈ પણ એવો તરીકો જેમાં દીનના કોઈ હુકમના વિરુધ્ધ થતુ ન હોય જાઈઝ હશે, એને બિદઅત કહેવામાં નહીં આવે. (બિદઅત ક્યા હૈ–૨૧૭)*



જેથી આ પ્રકારના જુલૂસને ખોટુ કહેવું એમનું પોતાના તરફથી બનાવેલ કાનૂન ગણાશે જે હુઝૂર ﷺથી સાબિત નથી, એટલે દીનની તબ્લીગ અને ઝિક્રે રસૂલને શરીઅતે વિના શર્તે ફર્માવ્યું છે, કોઈ પણ પ્રકારની શર્ત નથી રાખી, જેથી કોઈ શર્ત મૂકવી પોતાના તરફથી ગણાશે. અને મૌલવી રશીદ અહમદ ગંગોહી કહે છે : જે હુકમને શરીઅતે વિના શર્તે બયાન કર્યો છે એમાં પોતાના દિમાગથી શર્ત મૂકવી ''હરામ'' છે. *(ફતાવા રશીદિયા–૧૨૭)*

જોઈ લો ! અમે તો વિના શર્તના કાનૂનને એ જ પ્રમાણે રાખ્યો, પરંતુ **વિરોધીઓએ જાતે જ વિના શર્તના કાનૂનને નકારી અને જુલૂસને નાજાઈઝ કહી ગુમરાહ કરવાવાળી બિદઅતમાં સપડાય ગયા છે.** હે વિરોધીઓ ! જ્યારે શરીઅતે વિના શર્તે કહી દીધું તો પછી કોઈ પણ રીતે ઝિક્રે રસૂલ ﷺ થાય બરાબર માની લો, એમાં જ ફાયદો છે.

જુલૂસે મુબારકમાં હુઝૂર ﷺ સાથે અકીદત તથા મહોબ્બત જાહેર કરવામાં આવે છે અને મહાન નેઅમતના ચર્ચાને જાહેર કરવું પણ છે. પછી અલ્લાહ ﷻની ખાસ નેઅમતની ચર્ચા ગલી ગલીએ થાય એ હુઝૂર ﷺના ઉચ્ચ કક્ષાના ઝિક્રની તૈયારી કરવી કેવી રીતે નાજાઈઝ હોય ?! જ્યારે અલ્લાહ ﷻ ફર્માવે છે : **وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ** ''હે મહબૂબ! અમે તમારુ ઝિક્ર તમારા માટે બુલંદ (ઊચું) કર્યુ.''

આવી શાનદાર તૈયારીઓથી તો ઈસ્લામની શાન ખુલીને સામે આવે છે જેનાથી બેઅમલ મુસલમાનોના દિલોમાં પણ સામેલ થવાની ઈચ્છા પૈદા થાય છે અને અજાણ લોકો પણ ફઝીલતો અને તારીફો સાંભળવા સામેલ થઈ જાય છે. અને જ્યારે હુઝૂર ﷺની સૂરત તથા સીરત વિશે જાણકારી પ્રાપ્ત કરે છે તો હુઝૂર ﷺની મહોબ્બતનો જઝબો, એમની સુન્નત પર અમલનો જઝબો આપણને અમલ કરવા પ્રોત્સાહિત કરે છે. દિલોને બદલવાવાળો અલ્લાહ ગુનાહોથી નેકીઓ તરફ દિલોને ફેરવવાની તાકત ધરાવે છે. આ તો હતો ગુનાહોમાં સપડાયેલ મુસલમાનો માટે અમલનો સબક, અહીં તો કાફિરો સામે પણ હુઝૂર

ﷺની અઝમત, ઈજ્જત, સાચા હોવું, શૌકત આવી જાય છે. હવે જણાવો આ મક઼સદોને ધ્યાનમાં રાખી આ સારી નિય્યતથી જુલૂસ કેવી રીતે નાજાઈઝ થશે ?

હુઝૂર ﷺને પૈદા થવાનો મુબારક દિવસ ખુશી જાહેર કરવા અને નેઅમતની ચર્ચા કરવાનો સમય હોય છે, એટલા માટે કે નેઅમતો પ્રાપ્ત થવા પર જેટલો પણ નાઝ કરીએ ઓછો છે, અને એવું કહેવું કે એમાં નાના મોટાની શર્ત નથી, દરેક માટે હોવું જોઈએ, તો એવી વિચારસરણીને અમારા સલામ છે ! જે ફૂલ અમે કાંટામાં તફાવત નથી કરી શકતી ! જે આમ અને ખાસમાં તફાવત જરૂરી નથી સમજતી, જે ખુદા ﷻના મેહબૂબ ﷺ અને પૂરી મખ્લૂકમાં ખુદાના સૌથી શ્રેષ્ઠ શાહકારને ખુદાના મેહબૂબ અને ખુદાનું શ્રેષ્ઠ શાહકાર નથી માનતી, અલ્લાહ ﷻની રાખેલ શર્તને જરૂરી નથી જાણતી. હુઝૂર ﷺની દુશ્મનીને ઉઠાવીને ફરવાવાળા આવી વિચારસરણીથી પોતાના દામનમાં ધૃણા અને હસદ સિવાય કાંઈ પણ નથી રાખતા. અલ્લાહ બચાવે અને પોતાના મેહબૂબની સાચી મહોબ્બત આપે.

આપણે તો દરેક નેમઅતો પર અલ્લાહનો શુક્ર માનીએ છીએ પરંતુ હુઝૂર ﷺ નું તશરીફ લાવવું એટલા માટે કે સૌથી અલગ અને અજોડ છે એટલા માટે એના પર ખુશી પણ અલગ હોવી જોઈએ. અમે ખાસ હોવું અને એનું કારણ અગાઉ સાબિત કરી ચૂક્યા છીએ.

**એક અજબ માંગણી !** : જો જુલૂસના તરીક઼ાની બુનિયાદ હુઝૂર ﷺ થી સાબિત થઈ જાય તો પછી અમે એને જાઈઝ માની લઈશું !

**જવાબ હાઝિર હૈ !** : જુઓ, બુખારી શરીફ, ગઝવતુલ ફતહ હુઝૂર ﷺ ૧૦, રમઝાનુલ મુબારકે હિ.સ. ૮ના દસ હજાર તૈયાર ફોજ સાથે મદીના શરીફથી રવાના થાય છે. ક઼દીદમાં કબીલાઓને અલગ અલગ ઝંડાઓ આપવામાં આવે છે. રોકાણ મરઉજ્જહરાનમાં થાય છે. હુઝૂર ﷺના હુકમથી ફોજ અલગ અલગ જગાએ (દસ અથવા બાર હજાર જગાએ–મદારિજુન્નબુવ્વત) આગ સળગાવે છે. મક્કાવાળા હાલાતની જાણકારી માટે અબૂસુફયાન વિગેરેને મોકલે છે. હિફાઝત



કરવાવાળી ટોળી એમને પકડી હુઝૂર ﷺની બારગાહમાં લાવે છે. અબૂ સુફયાન ઈમાન લઈ આવે છે. જ્યારે હુઝૂર ﷺ લશ્કર સાથે મક્કા તરફ નીકળવા લાગે છે. તો હઝરત અબ્બાસ رضی اللہ عنہથી ફર્માવે છે કે અબૂ સુફયાનને ઈસ્લામી લશ્કર નીકળવાના નાના રસ્તે ઉભા કરી આપો, એટલા માટે કે અલ્લાહ ﷻની ફોજ એટલે મુસલમાનોની તાકતને નિહાળી શકે (અને ઈસ્લામનો દબદબો એમના દિલમાં બેસી જાય) અને હઝરત અબ્બાસ અબૂ સુફયાનને લઈ એવી જગાએ ઉભા થઈ જાય છે અને હુઝૂર ﷺ ના હુકમ પ્રમાણે અલગ અલગ કબીલા જમાઅતોની શકલમાં પોતપોતાના અલગ ઝંડાઓ સાથે અબૂ સુફયાનની સામેથી નીકળે છે. *(બુખારી શરીફ ગઝવતુલ ફતહ–મદારિજુન્નબુવ્વત, તવારીખે હબીબે ઈલાહ)* અને ખૂબ ઈસ્લામની શૌકત અને હુઝૂર ﷺની અઝમતને જાહેર કરવામાં આવે છે.

જુઓ અને વિચારો ! હુઝૂર ﷺ એ ઈસ્લામની શૌકત ઊંચી કરવા માટે અલગ અલગ ઝંડાઓ સાથે ગૃપના સ્વરૂપમાં દરેક કબીલાને અલગ નીકળવાનું જણાવ્યું. એટલા માટે કે અબૂ સુફયાન અને બીજા મક્કાવાળાઓ સામે ઈસ્લામ અને હુઝૂર ﷺની શાન જાહેર થાય.

અહીંથી જુલૂસનો તરીક઼ો પણ સાબિત થઈ ગયો ! અને જુલૂસનો મક઼સદ પણ. નહીં તો આવી તૈયારી સાથે અબૂ સુફયાન સામેથી નીકળ વાનો ફાયદો શું હોય શકે છે ? એટલા માટે એહલે સુન્નત વ જમાઅતનો અમલ બરાબર સાબિત થઈ ગયો.

**બીજી માંગણી** : એ તો બરાબર છે કે ઉપર વર્ણન કરેલ તૈયારીઓથી હુઝૂર ﷺ નો મક઼સદ ઈસ્લામની શાન જાહેર કરવું હતું, અને બેશક ! એ એક જુલુસની સૂરતમાં હતા, પરંતુ આપણે તો એવી કોઈ સાફ દલીલ માંગીએ છીએ જેનાથી ખાસ હુઝૂર ﷺ ના માટે જ જુલૂસની તૈયારી કરવું સાબિત થઈ જાય !

**ચેભી હાઝિર હૈ !** : ધ્યાનથી જુઓ, હિજરતના સમયે મદીના શરીફમાં હુઝૂર ﷺના પ્રવેશ કરવાનું બયાન કરવામાં આવ્યું છે. દેવબંદી અશરફ અલી થાનવીની કિતાબ 'નશરુત્તય્યબ' વિગેરેમાં છે

કે : "મદીના શરીફના લોકો હુઝૂર ﷺના તશરીફ લાવવાના વિચારથી દરરોજ મક્કાના રસ્તા પર સ્વાગત કરવા આવતા અને બપોર પહેલાં જતા રહેતા મદીના શરીફમાં પ્રવેશવાના દિવસે આદત પ્રમાણે સ્વાગત માટે આવ્યા હતા અને મોડુ થવાના કારણે પાછા જતા હતા, એ જ સમયે એક યહૂદીએ એક ટેકરા પરથી હુઝૂર ﷺની સવારી નિહાળી અને મોટા અવાજમાં પાછા ફરવાવાળાઓને કહ્યું :–

طَلَعَ الْبَدْرُ عَلَيْنَا مِنْ ثَنِيَّاتِ الْوَدَاعِ

وَجَبَ الشُّكْرُ عَلَيْنَا مَا دَعَا لِلّٰهِ دَاعٍ[1]

"હે અરબની જમાઅત ! આ તમારો મતલબ છે !" આ લોકો પાછા આવ્યા અને આપની સાથે મદીનામાં પ્રવેશ કર્યો. ઘણી ખુશી મદીનાવાસીઓને પ્રાપ્ત થઈ. અન્સારની નાની છોકરી ગાતી હતી.

**તલઅલ બદરુ અલૈના–મિન્ ષ–નિય્યાતિલ્ વદાઈ**

**વ જબ શુક્રુ અલૈના – મા દઆ લિલ્લાહિ દાઈ[2]**

"નીકળ્યો ચાંદ અમારા ઉપર ષનિય્યાતિ લ વદાઅથી. શુક્ર કરવું જરૂરી થયું અમારા ઉપર, જ્યાં સુધી દુઆ કરે અલ્લાહ ﷻ થી કોઈ દુઆ કરવાવાળો[2]."

પછી આપે મદીના શરીફમાં રોકાવાનો ઈરાદો કર્યો. શહેરના લોકોને ઘણી ઈચ્છા હતી એ વાતની કે આપ અમારા ફળીયામાં રોકાય જ્યારે આપ સવાર થયા તો દરેક કબીલાના લોકો સાથે થયા અને એ જ વિનંતી ઝબાન પર હતી. આપે ફર્માવ્યું, મારી ઊંટણીને હુકમ આપવામાં આવ્યો છે, એ જ્યાં બેસી જશે. ત્યાં જ હું રોકાણ કરીશ. *(તવારીખે હબીબે ઈલાહ, પેજ–૬૨, નશરુત્તય્યબ, પેજ–૧૧૧)*

---

**૧.** *બુખારી શરીફ, પારા–૧૫, હિજરતે મદીના વિશે હદીષે આઈશામાં પણ એવું જ વર્ણન છે.*

**૨.** *ઈમામ જવઝીની અલવફા, પેજ–૩૦૨, ઈમામ જલાલુદ્દીન સિયૂતીની ખસાઈલે કુબ્રા ઉર્દૂ પેજ–૧/૩૬૫માં આજ શેઅરો છે.*

**૩.** *તવારીખે હબીબે ઈલાહ પેજ–૬૧ મતબૂઆ લાહોર, નશરુત્તયબ પેજ–૧૧૦ મતબૂઆ તાજ કંપની વિગેરે.*



અને હઝરત અબૂબકરનું બયાન છે કે હુઝૂર ﷺ અને હું જ્યારે મક્કાથી નીકળી મદીના શરીફ પહોંચ્યા ત્યારે લોકો આપના સ્વાગત માટે નીકળ્યા. અમુક ચાલતા, અમુક ઊંટો પર અને છોકરાઓ રસ્તામાં દોડી રહ્યા હતા અને મોટેથી અવાજ આપી રહ્યા હતા, "અલ્લાહુ અકબર ! અલ્લાહ ﷻના રસૂલ તશરીફ લાવ્યા ! મુહમ્મદ (અલ્લાહ ﷻ અને મખ્લૂકના નજીક તારીફના લાયક) તશરીફ લાવ્યા !" *(અલવફા ઉર્દૂ–૨૯૮)*

અલ્લામા શિબ્લી નોઅમાની લખે છે : લોકોને જ્યારે આપના તશરીફ લાવવાની જાણકારી મળી તો દરેક બાજુથી લોકો ખુશીના માર્યા દોડવા લાગ્યા. આપના નાના તરફથી સંબંધ રાખવાવાળા બનૂ નજ્જાર હથિયારો લઈને આવ્યા. કુબાથી મદીના સુધી આ જાન આપવાવાળાઓની લાઈનો હતી. *(હિજરતે મદીના, પેજ–૧૧)*

કેમ જનાબ ? આને જુલૂસ જ કહેવામાં આવે છે કે બીજુ કાંઈ ? **હુઝૂર ﷻ સવાર છે ! ઘણી ઈજ્જત અને દબદબાથી મદીના શરીફમાં પ્રવેશ કરે છે, ઘણા બધા લોકોનું કોઈપણ પ્રસંગે ભેગા થઈ બજાર વિગેરેથી નીકળવાને જ જુલૂસ કહેવામાં આવે છે. હવે કહો ! હુઝૂર ﷺ ના મદીના શરીફમાં પ્રવેશ કરવા પર જુલૂસની રીત અપનાવી ? આ હુઝૂર ﷺ ના સહાબા છે ? જુલૂસ કાઢવાવાળા સહાબા ! અને ન રોકવાવાળા હુઝૂર !** અને જે કાર્યને જોઈ હુઝૂર ચુપ રહે અને રોકે નહીં એને 'હદીષે તકરીરી' કહે છે★ તો એટલે હુઝૂર ના માટે જુલૂસની દલીલ હુઝૂર ﷺ થી

---

★ *ફયૂઝુલ બારીમાં છે કે હુઝૂર ﷺના કહેવાને, કરવાને અને ચુપ રહેવાને 'હદીષ' કહે છે. તકરીરનો મતલબ છે. હુઝૂર ﷺ સામે કોઈ કામ કરવામાં આવે અથવા તો હુઝૂર ﷺને કોઈ કાર્યની જાણકારી મળી અને આપ ન રોકીને એના પર ખામોશ રહ્યા, એ પણ જાઈઝ હોવાની દલીલ છે. (ફયુઝૂલ બારી, પેજ ૧/૩૫)*

*વિરોધીઓના સ્કોલર ડોકટર ખાલિદ મેહમૂદ માંચેસ્ટરી લખે છે કે હુઝૂર ﷺની ફર્માવેલ અથવા અમલ કરેલ હદીષની સાથે આપ કોઈ કાર્ય પર ખામોશ રહેલ હદીષ પણ ઈલ્મે હદીષની દૌલત છે.* (વધુ ફૂટનોંધ આગળના પેજ ઉપર)

જાતથી સાબિત થઈ ગઈ.

**વિચારવા જેવું :** અમુક શંકા કરવાવાળા હેરાન–પરેશાન લોકો જેઓ કહે છે કે, "નાના મોટાની શર્ત નથી, દરેક માટે જશ્ન હોવું જોઈએ." તો જણાવો શું મક્કા શરીફની હિજરત કરવાવાળાઓમાં **હુઝૂર ﷺ સિવાય બીજા સહાબાએ કિરામ પણ મદીના શરીફ તશરીફ લાવતા રહ્યા છે કે નહીં ? જરૂર તશરીફ લાવતા રહ્યા છે ! તો શું સ્વાગત વિગેરેની તૈયારી અને જુલૂસની આ રીત અને એમના આવવા પર મદીના શરીફના રહેવાસીઓ એ આ રીતે ખુશી મનાવી છે ? અથવા આવા સ્વાગતની તૈયારી અને જુલૂસ ફક્ત હુઝૂરના માટે જ કરવામાં આવી છે★?!**

જરા વિચારો ! એ કેવો ખૂબસૂરત અને દિલ લોભાવવાવાળો નઝારો હશે જેને વર્તમાન બોલીમાં જશ્નનો માહોલ કહેવામાં આવે તો બરાબર છે.

હવે જુઓ, ઉમ્મતમાં શ્રેષ્ઠ મદીનાવાળાઓએ નાના મોટાની શર્તને અપનાવી છે કે નહીં ? અક઼ીદો કેવળ દેખાડવા માટે ન હોવો જોઈએ બલ્કે સાચો હોવો જોઈએ, અને અમલ પણ સહાબાએ કિરામના અમલ

*(પાછળના પેજની ફૂટનોંધ ચાલુ....) આપના ઝબાન મુબારકથી એનું બરાબર હોવું ફર્માવી આપે એ તો એક બાજુ રહ્યું ! જો કોઈ કાર્ય પર આપની નજર પડી જાય અને આપ ચૂપ રહે તો એને પણ હુઝૂર ﷺએ સ્વીકારેલ માનવામાં આવશે. (આષારુલ હદીષ ૧/૮૭)*

*હઝરત ક઼ાઝી અયાઝ ફર્માવે છે : જો કોઈ કામ અથવા વાણી બોલવા પર હુઝૂર ચૂપ રહે અને તેને કરવાવાળાને ન તો રોકે અને ન તો કરવા પર પ્રોત્સાહિત તો હુઝૂર ﷺ નું ચુપ રહેવું એ તે કાર્યના "જાઈઝ" હોવાની દલીલ છે. (કિતાબુશ્શિફા, ૨/૨૪૯)*

*★ જુઓ, બુખારી શરીફ પા. ૧૫, હદીષે બરાઅ્ ઈબ્ને આઝિબ. મેં મદીનાવાળાઓને આટલી ખુશી મનાવતા કોઈ દિવસ નથી જોયા જેટલી ખુશી એમને હુઝૂર ﷺના તશરીફ લાવવાથી થઈ. નવાબ સિદીક઼ હસન ભોપાલી પણ સ્વીકારે છે : મદીનાવાળાઓને હુઝૂર ﷺના તશરીફ લાવવાથી ઘણી ખુશી પ્રાપ્ત થઈ. (અશમામતુલ અંબરિયા પેજ–૩૭)*



પ્રમાણે હોવા જોઈએ. સહાબાએ કિરામના અમલથી અને હુઝૂર ﷺના સમર્થને સાબિત કરી દીધુ. વિશ્વાસ છે કે પોતાના અક઼ીદાને જરૂર બરાબર કરી લેવામાં આવશે. અને આ રીતે સહાબાએ કિરામના વિઢ્દધ કરવાથી બચવાનો માર્ગ પર મળી જશે અને હુઝૂર ﷺનો અદબ પણ નસીબ થશે અને જ્યારે આ અદબ પ્રાપ્ત થશે તો મહોબ્બત પણ પૈદા થશે. અને જ્યારે મહોબ્બત હશે તો હુઝૂર ﷺ ની દરેક અદા, આપની દરેક નિસ્બત અને દરેક સુન્નતથી મહોબ્બત થશે અને આ સંપૂર્ણ પૈરવી★ કરવાનો સબબ બની જશે. જે **فاتبعونی** (મારી પૈરવી કરો) પર અમલ કરવાથી **يحببكم الله** (અલ્લાહ ﷻ તમારાથી મહોબ્બત કરશે)ની ઊંચાઈઓ આપશે અને પછી જવાબે શિકવામાં અલ્લામા ઈકબાલ અલ્લાહ ﷻ તરફથી ફર્માવે છે :–

**કી મુહમ્મદ ﷺસે વફા તૂને તો હમ તેરે હૈં**
**યહ જહાં ચીઝ હૈ ક્યા લોહો કલમ તેરે હૈં**

### ★ ઈમામ બુખારીનું સ્વાગત અને જુલૂસ ★

અહીં અમે એક અનોખી અને અજોડ સાબિતીથી રજૂ કરીએ છીએ જે ઈમામ બુખારીના મુક઼લ્લિદો (જે ઈમામ બુખારીના અમલને દલીલ માને છે) માટે અમારી પાસે ભારે દલીલ છે.

હિ.સ. ૨૫૦માં ઈમામ બુખારી رضي الله عنه એ નીશાપૂર આવવાની તૈયારી કરી. આ ખબર સાંભળીને જ નીશાપૂરવાળાઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું. એ સમયમાં મુહમ્મદ બિન યહ્યા ઝૈલી નીશાપૂરી ઈલ્મી સામ્રાજયના અમીર હતા. મોહમ્મદ બિન યહ્યા ઝૈલીએ નીશાપૂરવાળાઓને ઈમામ બુખારીનું સ્વાગત કરવા જણાવ્યું. એના માટે એક મોટી જમાઅતે મુહમ્મદ બિન યહ્યાની સરદારી હેઠળ ત્રણ મંઝિલ આગળ જઈ ઈમામ બુખારીનું સ્વાગત કર્યું અને શાનદાર

*★ વિરોધીઓના જ મૌલાના મંઝૂર નોઅમાની લખે છે : "અલ્લાહ ﷻ અને રસૂલ ﷺની મહોબ્બત માટે એમની પૈરવી જરૂરી છે, બલ્કે સચ્ચાઈ એ છે કે પૂરી પૈરવી મોહબ્બતથી જ પૈદા થાય છે. (મઆરિફુલ હદીષ ૨/૨૦૮)*

તૈયારીઓ સાથે ઈમામ બુખારીને શહેરમાં લઈ આવ્યા[1]. ઈમામ મુસ્લિમ બિન હિજાઝ ફર્માવે છે : મેં આનાથી પહેલાં આવુ શાનદાર સ્વાગત ન તો કોઈ આલિમનું જોયું ન તો કોઈ બાદશાહનું *(તઝકેરતુલ મુહદ્દિષીન–૧૯૧)*

પછી ઈમામ બુખારી જ્યારે ઈલ્મ પ્રાપ્ત કરી ઈસ્લામી મુલ્કોથી કૂચ કરી બુઝુર્ગોથી ફૈઝ પ્રાપ્ત કરી પોતાના વતન બુખારા શરીફ જે આપની પૈદાઈશની જગા પણ છે ત્યાં પાછા તશરીફ લાવ્યા, તો બુખારાના રહેવાસીઓએ આપની ઘણી ઈજ્જત કરી અને અદબ કર્યો અને બુખારાથી ત્રણ માઈલ દૂર થઈ આપનું સ્વાગત કર્યું અને ત્રણ માઈલના રસ્તામાં આપની ઈજ્જતમાં ઘણી જગાએ તંબૂઓ બાંધ્યા અને આપ પર દિરહમ દીનાર (પૈસા) કુર્બાન કર્યા[2].

વિચારો ! ઈમામ બુખારી માટે જુલૂસ, એમના ઉચ્ચ મર્તબાને જાહેર કરવા, એમનું સ્વાગત અને દિરહમ તથા દીનારથી વધાવવું સાબિત થઈ રહેલ છે. ઈમામ બુખારી જો જુલૂસને બૂરુ સમજતા તો પાછા ચાલ્યા જતા. રાજી ખુશીથી જુલૂસમાં ન ચાલતા બલ્કે રસ્તામાં ટેન્ટ બાંધવાવાળાઓને અને દીનારથી વધાવવાવાળાઓને ફુઝૂલ ખર્ચી કરવાનો હુકમ લગાડી તૌબા કરવા જણાવતા, જ્યારે કે ઈમામ બુખારીથી

★ *હઝરત સૈયદના મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ અને એમના પીર હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ رحمۃ اللہ علیہ નો અમલ પણ જુઓ, ત્રીજી વખતે (હઝરત મુજદ્દિદે) હઝરત (ખ્વાજા બાકી લિલ્લાહ)ની ખિદમતમાં પહોંચ્યા અને હઝરતે આપના આવવાની ખબર સાંભળી તો ચાલીને આપના સ્વાગત માટે ફીરોઝી કિલ્લાથી જે હઝરતનું ઠેકાણુ હતું કાબૂલી દરવાજા સુધી પહોંચ્યા અને ઘણી ઈજ્જત સાથે આપને સાથે લઈ ગયા. ખુલાસો એ કે ત્રીજી વખતે હઝરત આપની ઘણી ઈજ્જત કરી. (હઝરાતુલ કુદ્દસ, ભાગ–૨, ઉર્દૂ પેજ–૩૪)*

*અશિઅતુલ્લમ્આત ઉર્દૂ ૧/૧૪૫, ફુયૂઝુલ બારી ૧/૩૨ અને તઝકેરુલ મોહદ્દિષીનમાં પણ કાંઈક આવી જ રીતે લખેલ છે, બલ્કે સુલ્તાને સંજરના શાહી દરબારથી ઉઠી ઈમામ સાહબ (ગિઝાલી) શહેર (તૂસ)માં આવ્યા તો પૂઢ શહેર સ્વાગત માટે નીકળ્યુ અને બધા લોકોએ જશ્ન મનાવી આપને પૈસાથી વધાવ્યા. (અલગિઝાલી–૩૫)*



આવી કોઈ વાત સાબિત નથી. એટલે આપની નજરમાં જુલૂસ બિદઅતનું ન હતું જો જુલૂસ (બુરી) બિદઅત હોત તો આપ રોકી દેતા.જાણકારી મળી કે આજે જે લોકો આ કામને નાજાઈઝ અને હરામ કહી રહ્યા છે, એ ફક્ત આંધણાપણાનો શિકાર છે. ઈમામ બુખારી સાથે સાથે હઝરાતે સહાબાએ કિરામ અને હુઝૂર ﷺ કોઈના ઉપર પણ વિશ્વાસ નથી કરતા અને એમને પરેશાની પણ આ જ છે.

## ★ જરૂરી વાત ★

અને એવું કહેવું શું જુલૂસનો હુકમ આપવામાં આવ્યો છે ? અમે કહીએ છીએ જો આવો હુકમ હોત તો પછી આ કામ "ફર્ઝ" હોત અથવા વાજિબ અમે ન તો ફર્ઝ જાણીએ છીએ, ન તો વાજિબ, અમે તો મુસ્તહબ (સારુ) સમજી સવાબ માટે નેઅમતની ચર્ચા માટે આ કાર્ય કરીએ છીએ, અને એના પર શરીઅતમાં કોઈ રોક નથી.

પછી આશ્ચર્ય છે કે જે લોકો વોટોને (મતોને) પ્રાપ્ત કરવા માટે જુલૂસ કાઢે છે, પોતાના મોટા આલિમોના જુલૂસ કાઢે છે. એમનામાંથી જ જનરલ યહ્યાના સમયમાં ચૂંટણીમાં એક વાંધો ઉઠાવવાવાળી જમાઅતે (જમાઅતે ઈસ્લામી) લાહોરમાં શૌકતે ઈસ્લામનો જુલૂસ કાઢયો ! એ જ લોકો ઈદે મીલાદુન્નબી ﷺ ના જુલૂસને નાજાઈઝ અને બિદઅત કહે છે ! **العیاذ باللہ** જ્યારે આ જુલૂસ ફક્ત હુઝૂર ﷺ ની અઝમત અને ઈસ્લામની શૌકત બતાવવા માટે જ હોય છે.

અમોને જણાવો જનરલ યહ્યાના સમયે લાહોરમાં "યૌમે શૌકતે ઈસ્લામ"નો જુલૂસ કઈ શરીઅતની દલીલથી સુન્નત હતું ? જો બિદઅત (બુરી) જ હતું તો આવુ બુઢ કામ કરવામાં આવ્યું ? જુલૂસની તૈયમી કરવાવાળા કેવી સજાના પાત્ર છે ? એટલા માટે કે એમને ત્યાં દરેક નવી વસ્તુ એટલે દરેક બિદઅત (નવુ કામ) ગુમરાહ કરવાવાળી છે. આ કેવી દોઝખમાં નાખવાવાળી શરીઅત છે કે હોદ્દાની ખુરશીની પ્રાપ્તિ માટે જુલૂસ જાઈઝ થઈ જાય ! એમના મોટા મૌલવીના સ્વાગત માટે જુલૂસ જાઈઝ હોય ! તેહરીકે નિઝામે મુસ્તફા ﷺ ઈ.સ. ૧૯૭૭ના

રાજકારણી અને વિના રાજકારણીના માટે જુલૂસ જાઈઝ હોય ! અને "યવમે શૌકતે ઈસ્લામ"નું એમના તરફથી કાઢેલ જુલૂસ જાઈઝ હોય ! જ્યારે કે આ જો સારુ હતું તો એને છોડવું અલ્લાહ ﷻ ને નારાજ કરવાનું કારણ છે. *(અલહદીદ, પા.૨૭, આ.૨૭)* એને છોડવું (એટલે ઈદે મીલાદના જુલૂસને નાજાઈઝ માનવુ) જાહેર કરે છે કે આ જુલૂસ ફક્ત હોદ્દો પ્રાપ્ત કરવા માટે હતું જેને "શોકતે ઈસ્લામ" નામ આપી દેવામાં આવ્યું, નહીં તો શું હવે ઈસ્લામની શૌકત જાહેર કરવાની જરૂરત નથી રહી ?!

હા ! તો જુઓ એમના કાઢેલ બધા જ જુલૂસ જાઈઝ, પરંતુ આપણે હુઝૂર ﷺની પૈદાઈશની ખુશીમાં જુલૂસ કાઢીએ અને ઈસ્લામ અને હુઝૂર ﷺ ની અઝમત જાહેર કરીએ તો નાજાઈઝ ![1] العیاذ باللہ

**જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ ને બિદઅત અને નાજાઈઝ કહેવાવાળા ઘરની શરીઅતવાળાઓએ પોતાના દા.ઉ.દેવબંદનો ૧૦૦ વર્ષે જશ્ન મનાવ્યો એમાં ઈંદિરા ગાંધી જેવી ગૈરમુસ્લિમાને ખાસ મેહમાન બનાવી અને પોતાના સ્ટેજ પર બેસાડી. જે એની મહોબ્બત અને ઈજ્જત કરવાનું જીવતું જાગતુ સબૂત છે[2].**

શું કુર્આન તથા હદીષથી **આ બુરી બિદઅતની સાબિતી આપી શકો છો ?** આ સવાલ એટલા માટે કરવામાં આવ્યો છે કે એમની ઘરની મનઘડત બનાવેલી શરીઅતમાં કુર્આન તથા હદીષ પર દેખાડવા માટે ઘણો ભાર આપવામાં આવે છે, નહીં તો બધા જ જાણે છે કે હકીકત શું છે ?

---

*૧. આ લોકો રબવહમાં દર વર્ષે જુલૂસ કાઢે છે ૧૨, રબીઉલ અવ્વલના દિવસે (રઝાએ મુસ્તુફા ગુજરાનવાલા રબીઉલ આખર હિ. ૧૪૦૬, ડિસે. ૧૯૮૫, પેજ–૧)*

*૨. (તર્જુમો :) "ઈન્સાન એની સાથે હશે જેનાથી મહોબ્બત હશે." (રિયાઝુસ્સાલેહીન બહવાલા બુખારી, મુસ્લિમ) ભારતના વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ પોગ્રામનું ઉદ્‌ઘાટન કર્યું. (દૈનિક પત્ર મશ્રિક, તારીખ ૨૨–૨૩ માર્ચ ૧૯૭૦) (હવાલો : હકાઈક–૨૦૧)*

*અને બાનીએ દેવબંદના નવાસા અને દેવબંદના બુઝુર્ગ મોહતમિમ કારી મહમ્મદ તૈય્યબે ઈંદિરા ગાંધીને ઈજ્જત કરવા લાયક હિંદુસ્તાના વડાપ્રધાન કહી સ્વાગત કર્યું અને એની મોટી હસ્તીઓમાં ગણના કરી. (દેવબંદી હકાઈક–૨૦૧)*



## ★ ઈસાલે સવાબ ★

ઈસાલે સવાબ જેવા સારાં કામને નાજાઈઝ કહેવાનું કારણ જાણી ન શકયા. ખૂદ કુર્આન તથા હદીષે એને પસંદ કરેલ છે★.

મુર્દાઓ માટે બખ્શિશની દુઆ અને ઈસાલે સવાબથી રોકવાવાળાઓની વિચારધારા આ પ્રમાણે જાહેર થાય છે :–

**(૧)** ક્યાં તો અલ્લાહ એ ઈસાલે સવાબને પસંદ નથી કરતો અને આ તદ્દન બેકાર અમલ છે.

**(૨)** ક્યાં તો કોઈ પણ સવાબ પહોંચાડવાને લાયક નથી અને કોઈ પણ મુર્દાઓના હકમાં બખ્શિશની દુઆ અને ઈસાલે સવાબ પહોંચાડવું બરાબર નથી.

**(૩)** ક્યાં તો પછી વિરોધીઓ એવું સમજે છે કે લોકોનો અમલ અલ્લાહ ﷻની બારગાહમાં કબૂલ નથી થતો તો ઈસાલે સવાબ કેવી રીતે કરવામાં આવે ?

જ્યારે કે કુર્આનો હદીષના આધારે જોતાં ઉપર રજૂ કરેલ વિરોધીઓની વિચારસરણી ખોટી છે અને ઈસાલે સવાબ નેક જાઈઝ

---

*★ શારેહે બુખારી હઝરત સૈયદ મહમૂદ અહમદ રઝવી ફર્માવે છે : ઈસાલે સવાબ જાઈઝ અને સારુ કામ છે. (દીને મુસ્તફા ﷺ ૪૯૫)*

*'શરહે અકાઈદ'થી લખે છે : જીવતા લોકોની દુઆ મુર્દાઓ માટે અને સદકો કરવાનો ફાયદો મુદાઓને મળે છે. અને આ મસ્અલામાં મોઅતઝલાનો વિરોધ છે. (ઈસ્લામી તકરીબાત, પેજ–૮૭)*

*પછી ફર્માવે છે : જે લોકો ઈસાલે સવાબનો ઈન્કાર કરવાવાળા છે, એ મોઅતઝલી છે. (ઈસ્લામી તકરીબાત–૮૭)*

*એ જ પ્રમાણે હિદાયા શરીફમાં છે :–*

*"બેશક ! ઈન્સાન પોતાના અમલનો સવાબ કોઈ બીજા માણસને પહોંચાડી શકે છે, ચાહે નમાઝનો હોય કે રોઝાનો કે સદકો વિગેરે હોય, આ એહલે સુન્નત વ જમાઅતનો મઝહબ છે અને હિદાયાની શરહમાં પણ અલ્લામા બદરુદ્દીન અયનીથી આવું જ લખેલ છે. (ષવાબુલ ઈબાદાત–૧૦–૧૧)*

અને સવાબનું કામ છે. અમે સાબિતી માટે કુર્આન તથા હદીષ અને બુઝુર્ગો વિગેરેના લખાણો રજૂ કરીએ છીએ.

જુઓ કુર્આનની આયત :–

**(૧)** "અને એ જે એમના પછી આવ્યા, અર્ઝ (વિનંતી) કરે છે, હે અમારા રબ ! અમોને બખ્શી દે અને અમારા ભાઈઓને જે અમારાથી પેહલાં ઈમાન લાવ્યા."★ *(સૂ. હશ્ર–૧૦, પારા : ૨૮)*

**(૨)** "અને મુસલમાનો માટે બખ્શિશ માંગે છે." (ફરિશ્તા) *(અલમુઅમિન આ.૭)*

**(૩)** "દુઆ કબૂલ કરું છું પુકારવાવાળાની જયારે પુકારે." *(બક્રહ–૧૮૬)*

**(૪)** "તમારા રબ ﷻએ ફર્માવ્યું, મારાથી દુઆ કરો હું કબૂલ કરીશ." *(સૂ.મુઅમિન–૮)*

જુઓ, ઈમાનવાળાઓ પોતાના આગલા ભાઈઓ માટે બખ્શિશની દુઆ કરી રહ્યા છે. બલ્કે અલ્લાહ ﷻના ફરિશ્તા મુસલમાનો માટે બખ્શિશની દુઆ માંગે છે. જો અલ્લાહ ﷻને પસંદ ન હોતું તો ઈમાનવાળાઓ અને ફરિશ્તાઓ આ કામ ન કરતા અને ન તો કુર્આન એને સારા કાર્યની સનદ આપતુ. જો કોઈ પણ એનું હકદાર ન હોત તો પણ કોઈના માટે ઉપર વર્ણન કરેલ દુઆઓ સાબિત ન થતી અને અલ્લાહ ﷻએ ફર્માવી દીધુ : "દુઆ કરતા રહો, હું કબૂલ કરવાવાળો છું."

**(૫)** "અને જે ખર્ચ કરે એને અલ્લાહ ﷻની પાસે થવાનું અને હુઝૂર ﷺથી દુઆઓ લેવાનું કારણ સમજે. હા ! હા! એ એમના માટે નજીક થવાનું કારણ છે." *(સૂ. તૌબા–૯૯, પારા : ૧૧)*

હઝરત સદઢલ અફાઝિલ એની તફસીરના હાશિયામાં ફર્માવે છે

★ *આ આયતના હેઠળ ઈમામ જલાલુદ્દીન સિયૂતી ફર્માવે છે : આ હુકમ પર ઘણા આલિમોએ ઈજ્માઅ નકલ કર્યા છે કે, "બેશક ! દુઆ મય્યતને ફાયદો પહોંચાડે છે." (સવાબુલ ઈબાદાત, પેજ–૪, બહવાલા–શરહુસ્સુદૂર, પારા–૨૮, સૂ. હશ્ર, આ.૧૦, કન્ઝુલ ઈમાન.)*



કે : "જયારે હુઝૂર ﷺની સમક્ષ સદકો લાવે તો હુઝૂર તેમના માટે ભલાઈની દુઆ કરતા. આ જ હુઝૂર ﷺ નો તરીકો હતો. મસ્અલામાં ફાતેહાની આ જ દલીલ છે કે સદકાની સાથે મગફેરતની દુઆ કરવામાં આવે છે. એટલા માટે ફાતેહાને બિદઅત અને નાજાઈઝ બતાવવું કુર્આન તથા હદીષથી વિરુધ્ધ કરવું છે."

હવે જુઓ હદીષે મુબારકા :–

**(૧)** અલ્લાહ ﷻ નેક બંદાઓના જન્નતમાં દરજા બુલંદ કરે છે, તો એ બંદો વિનંતિ કરે છે, અલ્લાહ ! ﷻ મને દરજાઓની ઊંચાઈ કેવી રીતે મળી ? ! અલ્લાહ ફર્માવે છે, તારા છોકરાની તારા માટે બખ્શિશની દુઆથી. *(મિશ્કાત બાબુલ ઈસ્તિગફાર)*

**(૨)** "મય્યત કબરમાં ડૂબી રહેલ (પાણીમાં) ફરિયાદ કરવાવાળાની જેમ જ હોય છે, કે માં, બાપ, ભાઈ, દોસ્તની સારી દુઆની રાહ જોતુ રહી છે, પછી જ્યારે એને દુઆ પહોંચી જાય છે તો એને આ દુઆ દુનિયા અને જે કાંઈ એમાં છે એ બધી નેઅમતો કરતાં વધુ પ્યારી (પસંદ) હોય છે અને અલ્લાહ તઆલા જમીનવાળાઓની દુઆથી કબરવાળાઓને સવાબના પહાડ આપે છે. અને બેશક ! જીવંત લોકોનો મુર્દાઓ માટે તોહફો બખ્શિશની દુઆ છે★.

જાણકારી મળી કે નેક માટે બખ્શિશની દુઆ કરવાથી એના દરજાઓ બુલંદ થાય છે અને ગુનેહગાર માટે બખ્શિશની દુઆથી એને અઝાબ વિગેરેથી છૂટકારો મળે છે. હદીષ શરીફના ફર્માન પ્રમાણે આ કામ ઘણુ સારું છે એટલા માટે એનું નામ હદિયો અને તોહફો છે.

★ *મિશ્કાત બાબુલ ઈસ્તિગ્ફાર, શરહુસ્સુદુર ઈમામ જલાલુદ્દીન સિયૂતી અને મકતૂબાત દફતરે અવ્વલ, મકતૂબ–૧૦૪ માં હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીએ પણ આ હદીષ લખેલ છે.*

*હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "ઈન્સાન મૌત પછી જે કાંઈ પણ છોડે છે એમાંથી શ્રેષ્ઠ ત્રણ વસ્તુ છે : (૧) નેક છોકરો જે એના માટે દુઆ કરે. (૨) સદકાએ જારીયા કે એનો સવાબ એને મળતો રહે. (૩) એ ઈલ્મ જેના ઉપર એના પછી લોકો અમલ કરે. (ઈબ્ને માજહ–મુતરિજમ,૧/૧૦૦)*

જેમ કે હઝરત સઅદ ઈબ્ને ઉબાદા رضی اللہ عنہએ હુઝૂર ﷺ ની બારગાહમાં આવી વિનંતિ કરી, મારી મા ઉમ્મે સઅદનો વિસાલ થઈ ગયો છે તો કયો સદક઼ો વધુ સારો છે ? ફમાવ્યું, "પાણી ! તો હઝરત સઅદે કૂવો ખોદાવ્યો અને કહ્યું, " આ (કૂવો) સઅદની મા માટે છે."
*(મિશ્કાત બાબ ફઝલુસ્સદક઼ા, શરહુસ્સુદૂર મદારિજુન્નબુવ્વત, ૨/૩૧૯–૩૨૦)*

આ હદીષથી નીચે દર્શાવેલ કાર્યોની સાબિતી ખૂબ સારી રીતે મળે છે :

**(૧)** મય્યતને નેક અમલ ખાસ કરીને માલના સદક઼ાનો સવાબ બખ્શવો સુન્નત છે.

**(૨)** જો જરૂરત હોય તો પાણીનો સદક઼ો શ્રેષ્ઠ છે, અને આજના રિવાજમાં સબીલે ઈમામ હુસૈન અને આવી સબીલો આ જ તરીક઼ાથી છે.

**(૩)** સવાબ બખ્શવાના સમયે સવાબ પહોંચાડવાના શબ્દો ઝબાનથી અદા કરવા સહાબાએ કિરામની સુન્નત છે. દા.ત. "આ સઅદની મા માટે છે."

**(૪)** કોઈ વસ્તુ પર મય્યનું નામ આવી જવાથી એ વસ્તુ હરામ નથી બનતી, અને આવો વસ્તુ પર હરામ હોવાનો ફતવો આપવો સહાબાએ કિરામના અમલ વિદ્ધધ્ધ છે. એવું કહેવું કે અલ્લાહ ﷻ ના સિવાય બીજાનું નામ આવી જવાથી વસ્તુ હરામ થઈ જાય છે એ સદંતર ખોટી વાત છે. એટલા માટે હદીષમાં "આ સઅદની માના માટે છે." શબ્દોમાં અલ્લાહ ﷻ સિવાયનું નામ "ઉમ્મે સઅદ" મૌજૂદ છે. આ સહાબીથી સાબિત છે, વધુમાં એના ઉપર હુઝૂર ﷺ ની સનદ છે.

**(૫)** ખૈરાત કરતાં પહેલાં જ સવાબ પહોંચાડવું જાઈઝ છે, જેમ કે અહીં કૂવાનું પાણી પછી પીવામાં આવ્યું હતું.

જેથી જીવતા લોકોની નેકી મુર્દાઓને ઘણી કામ આવે છે, દરજાઓ બુલંદ થાય છે, અને પરેશાની હોય તો આસાની થઈ જાય છે. વિસ્તારપૂર્વક જાણકારી માટે જુઓ શરહુસ્સુદૂર, ઈમામ જલાલુદીન સિયૂતી. બલ્કે અમુક સમયે તો મુર્દાઓની નેકી જીવતા લોકોના કામ



પણ આપે છે. જેમ કે હઝરત ખિઝર علیہ السلامએ બે યતીમ છોકરાની દીવાલ (ભીંત) બરાબર કરવાનું કારણ એના બાપનું નેક હોવાનું કારણ આપ્યું. وَكَانَ اَبُوْهُمَا صَالِحًا (સૂ. કહફ–૮૨)

હવે મૈય્યત દફનાવ્યા પછી ક઼બર પર ક઼ુર્આન★ પઢવા વિશે રિવાયત જુઓ : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે મેં હુઝૂર ﷺને ફર્માવતાં સાંભળ્યા, જયારે કોઈ મૃત્યુ પામે તો એને રોકી ન રાખો, એને ક઼બર સુધી જલ્દી પહોંચાડો, એના માથા પાસે સૂરએ બક઼રહનો શરૂ અને પગો તરફ સૂરએ બક઼રહનો છેલ્લા રુકૂઅ

*★ હઝરત મુફ્તી અહમદ યારખાં ફર્માવે છે : અમુક જગાએ રિવાજ છે કે કોઈ મુસલમાનની મૌત જુમ્આ સિવાય કોઈ બીજા દિવસે થાય તો મૈયતના વારિસો એની કબર પર હાફિઝ બેસાડી જુમ્આ સુધી ક઼ુર્આન પઢાવે છે. અમુક દેવંબદી એને પણ હરામ કહે છે. પરંતુ આ હરામ કહેવું તદ્દન ખોટુ છે. અને કબર પાસે ક઼ુર્આન પઢાવવું ઘણા સવાબનું કારણ છે. એની દલીલ આ છે : "મિશ્કાત કિતાબ અઝાબિલ કબ્ર"માં છે, " જ્યારે મય્યતને કબરમાં રાખી દેવામાં આવે છે. " અને એ દફન કરી આવતા રહે છે , ત્યારે મુન્કર, નકીર ફરિશ્તા સવાલ કરવા માટે આવે છે." જેનાથી જાણકારી મળે છે કે દફન કરવાવાળાઓની હાજરીમાં કબરમાં સવાલ નથી કરવામાં આવતા. વળી શામી ભાગ–૧, 'સલાતુલ જનાઈઝ'માં છે : "આઠ માણસોથી સવાલ નથી કરવામાં આવતા, એમાંથી એક જે જુમ્આના દિવસે અથવા જુમ્આની રાત્રે મરણ પામે છે."*

*જાણવા મળ્યું જે જુમ્આના દિવસે મરણ પામે એને કબરમાં સવાલ નથી થતો તો કોઈની મોત દા.ત. રવિવારે થાય અને દફન કર્યા પછીથી જ કોઈ આદમી ત્યાં હાજર રહે તો એની હાજરીના કારણે કબરના સવાલ ન થયા અને જ્યારે જુમ્આ આવી ગયો તો કબરના સવાલનો સમય નીકળી ગયો, હવ ક઼યામત સુધી સવાલ નહીં થાય. એટલે આ અલ્લાહ ﷻ ના અઝાબથી મૈય્યતને બચાવવાનો તરીક઼ો છે અને અલ્લાહની રહમતથી ઉમ્મીદ છે કે એના ઉપર રહમ ફર્માવી દે. હવે જ્યારે કે ત્યાં આદમી બેઠેલો છે, તો બેકારમાં બેસીને શું કરે ? તો ક઼ુર્આનની તિલાવત કરે જેનાથી મૈય્યતને પણ ફાયદો થાય અને પઢવાવાળાને પણ. કિતાબુલ અઝકાર, લેખક ઈમામ નવવી બાબ* **ما يقول بعد الدفن** *માં છે : (તર્જુમો) : ઈમામ શાફઈએ ફર્માવ્યું, કબરની પાસે કંઈક પઢવું સારું (મુસ્તહબ) છે. જો પૂઢ ક઼ુર્આન પઢવામાં આવે તો પણ સારુ છે. (જાઅલ હક્ક, ૧–૩૯૨)*

પઢો. *(શરહુસ્સુદૂર–૧૦૭, બહવાલા તિબરાની વ બૈહકી બાબ દફનુલ મય્યત)*

ઈમામ સિયૂતીએ લખ્યું છે : જ્યારે અન્સારમાંથી કોઈ મૃત્યુ પામતુ તો એ એમની કબર પર આવતા જતા અને કુર્આન પઢતા. *(શરહુસ્સુદૂર–૨૯૩)*

હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ તરફ મનસૂબ છે, ફર્માવે છે : અગ્યાર વખતે સૂરએ ઈખ્લાસ અને એના સિવાય કુર્આનમાંથી પઢો અને કબરવાળાને એનો સવાબ પહોંચાડો. *(ગુન્યતુત્તાલિબીન, ઉર્દૂ–૧૮૭)*

હઝરત મુજદ્દિદે અલ્ફેષાની મૌલાના હસન બરકીના જવાબમાં ફર્માવે છે : "અને આપે એ પણ પૂછયું હતું કે કુર્આન પૂઢ કરવું અને નફલ નમાઝ પઢવું, તસ્બીહ પઢવી અને એનો સવાબ મા બાપ અથવા ઉસ્તાદ અથવા ભાઈઓને બખ્શી દેવો સાઢ છે અથવા કોઈને ન બખ્શવો સાઢ ? જાણી લેવું જોઈએ કે સવાબ બખ્શી દેવો સારુ છે કે એમાં બીજાને પણ ફાયદો છે, અને પોતાને પણ ફાયદો છે. અને ન બખ્શવામાં કેવળ પોતાને જ ફાયદો છે અને એવું પણ છે કે શક્ય છે કે બીજાના સદકામાં એના અમલને પણ કબૂલ કરી લેવામાં આવે★.

'ઝુબ્દતુલ મકામાત'માં પોતાનો અમલ આ રીતે લખેલ છે કે કબરોની ઝિયારતના બારામાં આપ (એટલે હઝરતે મુજદ્દિદ) વધુ પડતુ એમાં કુર્આન પઢતા હતા કે સાહિબૈન (ઈમામ યૂસુફ અને ઈમામ મુહમ્મદ)ના મઝહબ પ્રમાણે જાઈઝ છે અને ફત્વો પણ એના પર જ છે. *(ઝુબ્દતુલ મકામાત ઉર્દૂ ૨૭૯)*

## ★ તઅઝિયત (અફસોસ જાહેર કરવા વિષે) ★

મિર્ઝા અલીને લખ્યું, તમારાં વલીએ નેઅમત મર્હૂમાનું વજૂદ ફક્ત આ સમયમાં ગનીમત હતું. હવે તમારા ઉપર જરૂરી છે કે એહસાનનો બદલો એહસાનથી આપો અને દુઆ અને સદકાથી હર ઘડી એમની મદદ કરતા રહો. *(મક્તૂબાત દફતરે અવ્વલ, ૨/૮૯)*

★ *દફતરે દોમ, હિસ્સો–૭ મકતૂબ નં.૭૭ હઝરત શાહ વલીયુલ્લાહે પણ આ બુઝુર્ગોને કુર્આનનો સવાબ પહોચાડવાનું કહ્યું છે.*



હઝરત મુજદ્દિદે અલ્ફેષાની એક જગાએ ફર્માવે છે : દોસ્તોને કહી દો કે ૭૦ હજાર વખત **લા ઈલાહ ઈલ્લલ્લાહ** મર્હૂમ ખ્વાજા મુહમ્મદ સાદિકની રૂહ માટે અને ૭૦ હજાર વખત એમની બહેન ઉમ્મે કુલસૂમની રૂહાનિય્યત માટે પઢે અને ૭૦ હજારનો કલ્માનો સવાબ બીજાની રૂહને બખ્શી આપે. દોસ્તોને ફાતેહા અને દુઆ માટે વિનંતી છે. *(મક્તૂબાત શરીફ બ હવાલા ષવાબુલ ઈબાદાત–૯૧)*

હઝરત શૈખ અબ્દુલ હક મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ઈસાલે સવાબ જાઈઝ હોવા વિશે ફર્માવે છે, આ એક માની લીધેલ વાત છે કે જીવંત લોકોની દુઆઓથી અને સદકાથી મુર્દાઓને ફાયદો પ્રાપ્ત થાય છે. આ વિષય પર હદીષો અને આષાર મળે છે. નમાઝે જનાઝા આ જ વિષયથી છે." અથવા ફર્માવ્યું, "નમાઝે જનાઝા દુઆ છે." *(તકમીલુલ ઈમાન)*

દેવબંદી પેશવા મૌલાના કાસિમ નાનોત્વી કહે છે કે હઝરત જુનેદ બગદાદીએ એક લાખ અથવા ૭૫ હજાર વખતે કલ્મો પઢવાનો સવાબ પોતાના મુરીદની માને પહોંચાડયો કે આ સવાબ બખ્શવા પર બખ્શિશનો વાયદો છે. *(તહઝીરુન્નાસ)*

અને એવો જ એક વાકેઓ હઝરત મુલ્લા અલી કારી મિશ્કાત શરહે મિશ્કાતના હવાલાથી હઝરત શૈખ મોહીયુદ્દીન ઈબ્ને અરબીથી પણ નકલ કરેલ છે. *(તસ્હીહુલ અકાઈદ–૧૨૯)*

મોલવી ઈસ્માઈલ દહેલ્વી કહે છે :–

તજનીસમાં છે : "જો નમાઝ પઢી રોઝો રાખ્યો અથવા કોઈ વસ્તુ આપી અથવા નેક કામોમાંથી કોઈ કામ કર્યુ એટલા માટે કે એનો સવાબ મૃત્યુ પામેલાને મળે એ જાઈઝ છે, અને સવાબ મળશે. ઈસાલે સવાબમાં નિય્યત અને અમલને માન્યતા આપવામાં આવે છે." *(મૌલાના ઈસ્માઈલ ઔર તકવિય્યતુલ ઈમાન–૧૧૨)*

એક જગા પર લખે છે : (તર્જુમો) કોઈ એવું ન વિચાર કરે કે મુર્દાને ખાવા અને ફાતેહા પઢી સવાબ પહોંચાડવું સારુ નથી કેમ કે આવુ કામ

સારુ અને શ્રેષ્ઠ છે. *(સિરાતે મુસ્તકીમ–૬૪ બહવાલા ષવાબુલ ઈબાદાત–૨૫)*

મોલવી અશરફ અલી થાનવી (દેવબંદી) લાહોરમાં બાદશાહોની કૃબરો પર ગયા અને ગરીબોની કૃબર પર પણ ફાતેહા પઢી સવાબ પહોંચાડયો અને આ સિલસિલામાં દાતા ગંજ બખ્શના મઝાર પર ઘણીવાર સુધી મુરાકિબો કર્યો. *(આલમે બરઝખ, અઝ : કૃારી તૈયબ)*

હાજી ઈમ્દાદુલ્લાહ ફર્માવે છે : ''મૃત્યુ પામેલાને સવાબ પહોંચાડવામાં કોઈ ''નો વિરોધ નથી.'' *(ફૈસલા હફત મસ્અલા)*

## ★ ખાવા સામે રાખી[1] કુર્આનની આયતો પઢવી અને બરકતની દુઆ ★

---

*૧. હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ ફર્માવે છે : આશૂરના દિવસે એહલે બૈતના ઈમામો તરફથી એક થી વધુવાર આ ફર્માનો મળ્યાં કે એ બુઝુર્ગોની ફાતેહા માટે કાંઈક તૈયારી કરવી એટલા માટે એક દિવસ મીઠાઈ મંગાવવામાં આવી અને કુર્આન પૂરુ કરી ફાતેહા પઢવામાં આવી તો એ હઝરાત તરફથી ખુશીની હાલત નજરમાં આવી. (અલ કૃવલુલ જલી કી બાઝ યાફત પેજ–૨૯, બહવાલા અલ કૃવલુલ જલી)*

*''આ જ શાહ વલીયુલ્લાહ પોતાનાથી મહોબ્બત કરવાવાળાઓ માટે (ઈન્કાર કરવા અને વિરોધ કરવાવાળા માટે નહીં ) જરૂરતો પૂરી કરવા માટે એક તરીકો બતાવી ફર્માવે છે, ''૩૬૦ વખત (અલમ નશ્રહ) પઢે, ૩૬૦ વખત એ જ લખેલ દુઆ પઢે (અમલ કિતાબમાં જુઓ) પછી ૧૦ વખત દુરૂદ શરીફ પઢે અને ખતમ પૂર્ણ કરે અને થોડી મીઠાઈ પર ફાતિહા આમ ચિશ્તી બુઝુર્ગોના નામના પઢે અને પોતાની જરૂરતો અલ્લાહ جل جلاله ની બારગાહમાં રજૂ કરે, ઈન્શાઅલ્લાહ ! થોડા દિવસમાં ફાયદો થશે. (ઈન્તેબાહ ફી સલાસિલે અવલિયા અલ્લાહ, મુતર્જિમ–૧૦૦) એને અલ્લામા અબ્દુલ હામિદ બદાઈયુનીએ તસ્હીહુલ અકૃાઈદ ૧૨૪માં લખેલ છે.)*

*હઝરત શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''એ ખાણુ જે હઝરત ઈમામ હસન અને હુસૈનની બારગાહમાં હદીયો બનાવી પેશ કરવામાં આવે છે, અને એ ખાવા પર ફાતેહા કુલ અને દુરૂદ શરીફ પઢી લે છે, એ બરકતવાળુ બની જાય છે જેને ખાવુ ઘણુ સારુ છે. (ફતાવા અઝીઝિયા–૭૮ બહવાલા માહે તૈબા ૧૯૯૩ અને તસ્હીહુલ અકૃાઈદ–૧૨૪)*

*સૈયદના મુજદ્દિદ અલ્ફેષાની ફર્માવે છે :*

*થોડા વર્ષો પેહલાં ફકીરની આદત એ હતી કે જો* (વધુ ફૂટનોંધ આગળના પેજ ઉપર)



એની સાબિતી માટે મિશ્કાત શરીફની હદીષો જોઈ લો :–

## ★ હવાલો : મિશ્કાત બાબ ફિલ મોઅજિઝાત ★

૧. હઝરત જાબિરના ઘરે હુઝૂર ﷺને આટો આપવામાં આવે છે. આપ લુઆબે દહન (થૂક શરીફ) નાખે છે અને ખૈરો બરકતની દુઆ ફર્માવે છે.

૨. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની રિવાયતમાં છે કે જયારે દસ્તરખ્વાન પર થોડી વસ્તુ ભેગી થઈ ગઈ તો આપે બરકતની દુઆ ફર્માવી.

૩. હઝરત સુલૈમને ત્યાં થોડી રોટલી અને શાક પર હુઝૂર ﷺએ કાંઈક પઢયું જેનું પઢવું અલ્લાહે ચાહ્યું.

બીજુ કે કુર્આન મો'મિનો માટે શિફા અને રહમત છે : ''અને અમે કુર્આનમાં ઉતારીએ છીએ એ ચીજ જે ચીજ ઈમાનવાળાઓ માટે શિફા

---

(પાછળના પેજની ફૂટનોંધ ચાલુ....) *(ઈસાલે સવાબ માટે) ખાણુ બનાવતો હતો તો આલે અબાની પાક રૂહાનિયત માટે ખાસ કરતો હતો અને હુઝૂર સાથે (ઈસાલે સવાબમાં) હઝરત અમીર, હઝરત ફાતિમા અને હસ્નૈન કરીમૈન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને શરીક કરતો હતો.*

*એક રાતે (આ ફકીર) ખ્વાબમાં જુએ છે કે હુઝૂર ﷺ તશરીફ લાવ્યા છે. ફકીર હુઝૂર ﷺને સલામ કરે છે. હુઝૂર ﷺ ફકીર તરફ ધ્યાન નથી આપતા અને ચેહરો મુબારક ફકીર તરફથી ફેરવી બીજી તરફ રાખેલ છે. એ જ દરમિયાન ફકીરથી ફર્માવ્યું, હું ખાવા આઈશાના ઘરમાં ખાઉં છું, જે શખ્સ મને ખાણુ મોકલે આઈશાના ઘરે મોકલે. ત્યારે ખબર પડી કે ધ્યાન શરીફ ન આપવાનું કારણ એ હતું કે ફકીર હઝરત સિદ્દીકૃાને ખાવામાં સામેલ ન કરતો હતો. ત્યાર પછી હઝરત સિદ્દીકૃા બલ્કે આપની તમામ બીવીઓને બધા એહલે બૈત સાથે સામેલ કરતો અને બધા એહલે બૈતથી વસીલો માંગતો. (મકતૂબાત, દફતરે દોમ, મકતબ નંબર–૩૬)*

*જાણકારી મળી કે હઝરત મુજદ્દિદની નઝદીક બુઝુર્ગોને ઈસાલે સવાબ કરવું જેને ફાતેહા આપવું કહેવામાં આવે છે. જાઈઝ છે, બિદઅત નથી એટલા માટે કે આપ બિદઅત (બુરી) નાબૂદ કરવાવાળા અને સુન્નતને રિવાજ આપવાવાળા હતા બલ્કે હુઝૂર ﷺ એ હઝરત આયેશાને પણ સામેલ કરવાનો હુકમ આપ્યો અને જાતે ઈસાલે સવાબનો તરીકો સમજાવ્યો. (મિશ્કાત બાબુફિલ મુઅજિઝાત)*

અને રહમત છે.'' *(પારા–૧૫, બની ઈસ્રાઈલ–૮૨)*

હવે કુર્આનની તિલાવતથી અથવા ખૈરો બરકતની દુઆથી ખાણુ કેવી રીતે બરાબર નહીં રહે. કુર્આનની તિલાવત કેવી રીતે ફાયદા વિનાની થશે જ્યારે કે આ શિફા અને રહમત છે.

અલ્બત્ત, આયત وَلَا يَزِيْدُ الظّٰلِمِيْنَ اِلَّا خَسَارًا ના પ્રમાણે આ જાલિમો અને હદથી વધવાવાળાઓ માટે નુકસાન છે.

અને આ મોમિનો માટે કેટલી બધી શિફા છે. હઝરત શાહ વલીયુલ્લાહે હઝરત તાજુદ્દીન કલઈ હન્ફીનો એક વાકેઓ લખ્યો છે. તમે પણ વાંચો કે, ''એક વખતે હું ઘણો બીમાર થઈ ગયો અને બીમારી ઘણી લંબાઈ, કમજોરીએ હળવા ફરવાના લાયક ન છોડયો. એ જ હાલતમાં એક રાત્રે મેં ખ્વાબમાં જોયું જાણે કોઈ માણસ આવ્યા છે અને એ કહે છે કે આ બીમારીથી શિફા માટે એક મરઘી બનાવવામાં આવે અને એના ઉપર પૂરુ કુર્આન પઢવામાં આવે અને આ બીમાર એને ખાય તો શિફા મળી જશે. જ્યારે હું જાગ્યો તો મેં પાકો ઈરાદો કરી લીધો કે ખ્વાબના હુકમ પ્રમાણે અમલ કરવો જોઈએ. આવનારી રાત્રે જ્યારે હું સૂઈ ગયો તો જાણે ઈમામ બુખારી અમારા ઘરે તશરીફ લાવ્યા છે પોતાના હાથ મુબારકથી એક દેગ રાખી અને એના નીચે આગ સળગાવી અને સવારથી સાંજ સુધી એમાં મરઘી રાંધી મારા સામે રાખી અને કહ્યું, અમે આ ખાવા પર કુર્આન પઢયું છે ખાઈ લો ! મેં એને ખાધુ તો તંદુરસ્ત થઈ ગયો અને મારી અંદર બીમારીની અસર ન રહી, હું તંદુરસ્ત બની ઉઠી ગયો. મને બીમારી દૂર થવાથી વધારે એ વાતની ખુશી થઈ કે ઈમામ બુખારીએ મારા ઉપર આટલી બધી મહેરબાની અને કરમ કર્યો. *(અન્ફાસુલ આરિફીન ઉર્દૂ, ૨૯૪–૨૯૫)*

## ★ દિવસ નક્કી કરવો ★

હવે દિવસ નક્કી કરવા વિષે હદીષો જુઓ :–

**(૧)** હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે કે હુઝૂર ﷺ ચાલતાં અને સવારી પર બંનેવ રીતે દર શનીવારે મસ્જિદે કુબા તશરીફ લઈ જતા



હતા. અને હઝરત અબ્દુલ્લાહ પણ આ જ રીતે કરતા હતા[૧].

**(૨)** હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે : હુઝૂર ﷺએ વાએઝ અને નસીહતો કરવા માટે અમુક દિવસો નક્કી કર્યા હતા કે અમારુ દિલ કાંઈ એનાથી ભરાઈ ન જાય. *(બુખારી શરીફ, કિતાબુલ ઈલ્મ)*

**(૩)** હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ દર ગુરુવારે લોકોમાં તક્રીર કરતા. એમાંથી એક આદમીએ કહ્યું, હે અબૂ અબ્દુર્રહમાન ! અમારી ઈચ્છા છે કે તમે દરરોજ અમારા માટે બયાન કરો ! ફર્માવ્યું, દરરોજ તક્રીર કરવાથી એ વસ્તુ રોકે છે કે શક્ય છે કે તમારું દિલ ભરાઈ જાય. અને મેં તો તમારી નસીહત માટે એ જ રીતે નક્કી કરેલ છે જે રીતે હુઝૂર ﷺએ લોકોને નસીહત કરવા માટે સમય નક્કી કર્યો હતો કે ક્યાંક અમારુ દિલ ભરાય ન આવે[૨]. (અકળામણ ન અનુભવે)

---

*૧. બુખારી શરીફ પા–૫, બાબે મન અતા મસ્જિદે કુઆ કુલ્લ સબ્તીન, હઝરત અલ્લામા સૈયદ મેહમૂદ અહમદ રઝવી ફર્માવે છે : હુઝૂર શનીવારે ત્યાં તશરીફ લઈ જતા હતા. એનાથી સાફ થઈ ગયું કે કોઈ નેક કામ માટે દિવસ નક્કી કરવો જાઈઝ છે, બિદઅત (બુરી) નથી. (ફુયૂઝુલ બારી, ૫/૪૫, દીને મુસ્તફા ﷺ ૪૮૫)*

*નવાબ સિદ્દીક હસન ભોપાલી કહે છે : એમાં શું બુરાઈ છે કે જો દરરોજ હુઝૂર ﷺ નું ઝિક નથી કરી શકતા તો દર અઠવાડિયે કે દર મહીને એને નક્કી કરી લેવામાં આવે ? (અશ્શમા મતુલ અંબરિયા)*

*૨. (બુખારી શરીફ પા. ૧–કિતાબુલ ઈલ્મ–મિશ્કાત કિતાબુલ ઈલ્મ)*

*અલ્લામા અબ્દુસ્સમીઅ રામપૂરી ફર્માવે છે : આ હદીષ ઘણી અઝમતવાળી છે, દીનની સમજ ધરાવનાર લોકો માટે. જો કોઈ દિવસ કોઈ સારા કામ માટે અમુક સહુલતોના કારણે નક્કી કરવામાં આવે તો જાઈઝ છે. ઈમામ બુખારીએ આ હદીષથી દિવસ નક્કી કરવાની દલીલ બનાવી છે. (અન્વારે સાતિઆ ૯૪)*

*હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : ઉર્સ માટે દિવસ એટલા માટે નક્કી કરવામાં આવે છે કે એ દિવસ યાદગાર હોય છે, કે તે દિવસે એમણે દુનિયાથી સવાબના ઘર તરફ કૂચ કરી છે, નહીં તો જે દિવસે પણ આ અમલ કરવામાં આવે કામયાબીનો ઝરીયો અને નજાતનો સબબ થશે. (ફતાવા અઝીઝી ૫૯ બહવાલા માહે તયબહ જનવરી ૫૯૩)*

જાણકારી મળી કે કોઈ નેક કામ માટે દિવસ નક્કી કરવો હુઝૂર ﷺ અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો તરીકો છે. હુઝૂર ﷺ એ લોકોની જે આસાની માટે જે રીતે સમય નક્કી કરેલ હતો એ જ આસાની માટે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદે દિવસ નક્કી કરવું જરૂરી જાણ્યું, એટલા માટે કે લોકોનો ભેગા થવાનો શોખ ઓછો ન થાય.

અહીં તો દિવસ નક્કી કરવું સુન્નત સાબિત થઈ રહેલ છે, અને લોકોની આસાની માટે દિવસ નક્કી કરવાને જરૂરી જાણવું પણ. જેથી આ રીતે દિવસ નક્કી કરવું સુન્નત છે, એને બિદઅત કહેવું એ ઓછી સમજ, પૂર્વગ્રહ, શરીઅતમાં વધારો, સુન્નતના વિરુધ્ધ કરવું અને સુન્નત ઉઠવાના કારણે (આવું કહેવું) જાતે જ ગુમરાહ કરવાવાળી બિદઅત છે.

હવે કોઈ એવું કહી દે કે ત્રીજા દિવસને નક્કી કરવો બિદઅત છે શરીઅતમાં એની કોઈ દલીલ નથી. *(ફતાવા રશીદિયા–૧૪૬)* અને એને ઉપર વર્ણન કરેલ હદીષમાં દિવસ નક્કી કરવું જાઈઝ હોવાની દલીલ ન દેખાય તો અમારો વાંક શું ? પછી આ જ સાહેબ મુસીબતના સમયે ખત્મે બુખારી જાઈઝ હોવા માટે ઝિક્રે ખૈર પછી દુઆ કબૂલ થવાની દલીલ (બુનિયાદ) શરીઅતમાં જોઈ લે તો શું આ એક લતીફો નથી ?!

અમે સ્વીકારી લીધું કે ઝિક્રે ખૈર પછી દુઆ કબૂલ થાય છે પરંતુ એ ઝિક્રે ખેર માટે ખત્મે બુખારીને જ કેમ ખાસ કરવામાં આવી ? જાતે તો કહે છે : કોઈ શર્ત પોતાના તરફથી લગાડવી ગુમરાહ કરવાવાળી બિદઅત છે★ ! *(ફતાવા રશીદિયા–૧૨૯)* અને હવે ફર્માવો આ ખાસ કરવું પોતાના તરફથી છે કે અલ્લાહ جل جلالہ અને હુઝૂર ﷺ તથા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین તરફથી ?!

કુર્આનનું ખતમ કરવું પણ સારું ઝિક્ર છે. વઝીફો અને દુરૂદ શરીફ પણ સારું ઝિક્ર છે. કલમાએ તય્યબનું પઢવું પણ સારું ઝિક્ર છે, અને

*★આ રીતે રાયવંડી તબલીગી જમાઅતનો ત્રણ દિવસનો ચિલ્લા પર આધારિત બધો નિઝામ બિદઅત થઈ ગયો !*



બુખારી શરીફનું ખતમ પણ સારું ઝિક્ર છે. આ બધા જ ઝિક્રે ખૈરમાંથી ખત્મે બુખારીને ખાસ કરવું શું મતલબ છે ?! દાળમાં કંઈક કાળુ છે ! આશ્ચર્યમાં નાખવાવાળી મન્તિક છે કે જે અમલને જાતે સ્વીકારી લે, એની બુનિયાદ (દલીલ, કાનૂન) શરીઅતથી સાબિત થઈ જાય અને એ પણ પોતાને આવેલી પરેશાની અને મુસીબતથી છૂટકારા માટે. પરંતુ મૃત્યુ પામેલને સવાબ પહોંચાડવા માટે દિવસ નક્કી કરવો વિના દલીલ અને નાજાઈઝ જ રહે ?! તૌબા તૌબા ! જ્યારે કે દિવસ નક્કી કરવાના કાનૂનની વાત તો શું પણ દિવસ નક્કી કરવો સુન્નત સાબિત થઈ ચૂક્યું છે !

જો દિવસ નક્કી કરવાને નાજાઈઝ હોવાની શર્ત રાખવામાં આવે તો આ શર્ત કોઈ શરીઅતની દલીલથી સાબિત હોવી જોઈએ. એટલા માટે કે એઓ જ કહે છે કે કોઈ શર્ત પોતાના તરફથી રાખવી ગુમરાહ કરવાવાળી બિદઅત છે. *(ફતાવા રશીદિયા–૧૧૯)*

અને અલ્હમ્દુલિલ્લાહ ! આ જ સુધી સોયમ (ત્રીજીયુ વિગેરે) પર શરીઅતની દલીલથી નાજાઈઝ સાબિત નથી થઈ શક્યું. જ્યારે રોકવામાં નથી આવ્યા તો નાજાઈઝ કેમ ?!★

## ★ ફતાવા રશીદિયાનો દિલચસ્પ ફતવો ★

**સવાલ** : જે હદીષોમાં આવેલ છે કે મૈય્યત માટે ૭૫ હજાર વખત કલ્માએ તય્યબ પઢવામાં આવે તો એ જન્નતી છે. તો જો બીજા દિવસે પઢીએ છીએ તો દોમ (બીજુ) અને ત્રીજા દિવસે (તીજયા) એના પર જ કયાસ કરો, ચોથયુ વિગેરે અને એને જ (તમે) આલિમો બિદઅત કહો છે તો હવે કેવી રીતે મૈય્યતને સવાબ પહોંચાડવામાં આવે અને

*★ મુફતીએ "જંગ" (અખ્બાર, પાક.) મૌલાના અબ્દુર્રહમાન એક સવાલના જવાબમાં કહે છે, સવાલ : શરીઅતની રોશનીમાં કબર પર કુત્બા (લખાણ) લખવું બરાબર છે કે નહીં ?*

*જવાબ : કેમ કે કુર્આન તથા હદીષમાં એનાથી રોકવામાં નથી આવ્યા એટલા માટે જાઈઝ છે. (જુમ્આ મેગેઝિન જંગ, રાવલપીંડી, ૧૭ થી ૨૩ માર્ચ, ૧૯૮૯)*

મૈય્યતના ઘરમાં અથવા મૈય્યતની પાસેની મસ્જિદમાં બેસી કુર્આન અથવા કલમએ તય્યબા દિવસ નક્કી કરી પઢીએ કે નહીં ?

**જવાબ** : જે સમયે મૈય્યતના ઘરે ભેગા થાય છે એના કફન દફન માટે ત્યાં જે લોકો કારોબારમાં લાગેલ હોય એ પોતાનું કામ કરે (એટલે કારોબાર કરે) અને બીજા કલ્મો પઢતા રહે, જેટલુ બની શકે અને બાકી રહેલ પોતાના ઘરે પઢી લે. કોઈ ભેગા થવાની જરૂરત નથી. હદીષમાં એક બેઠકમાં પઢવું કે ભેગા થઈ પઢવું એનું બયાન તો નથી આવ્યું, પઢવાનું કહેવામાં આવ્યું જે રીતે બને પઢી લે. *(ફતાવા રશીદિયા–૧૪૪)*

આ ફતવાથી અમુક વાતોની જાણકારી મળી :–

**(૧)** જે મૈય્યતને ૭૫ હજાર વખત કલ્માનો સવાબ પહોંચાડવામાં આવે હદીષ પ્રમાણે એ મૈય્યત જન્નતી છે.

**(૨)** હદીષમાં આટલી વખત કલ્મો પઢવાનું ફર્માવ્યું છે, એક બેઠકમાં કે અલગ અલગ પઢવાનું વર્ણન નથી ફર્માવ્યું.

**(૩)** જે રીતે બને પઢી લે કે એમાં મૈય્યતને ફાયદો છે.

**(૪)** રશીદ ગંગોહીનું બયાન કે ''પઢવું ફર્માવ્યું છે''થી જાણકારી મળે છે કે જે તરીક઼ો ગંગોહીએ બતાવ્યો છે એ પોતાનો મશવરો છે, હદીષનું મઝમૂન નથી.

**(૫)** હદીષમાં ફક્ત પઢવાનું કહેવામાં આવ્યું છે બસ, અલગ અલગ પઢવામાં આવે કે ભેગા થઈ બંનેવ બરાબર છે. પોતાની મનમાનીથી એકને બરાબર કહેવું અને બીજાને નાજાઈઝ, વિના શર્તના ફર્માનને શર્ત લગાડવી છે. જો હદીષે પાક કોઈ સ્થિતિને ખાસ કરી આપતી તો એના સિવાયમાં ફાયદો ન હોતો, બલ્કે કોઈ બીજા તરીકાને અપનાવવું ગુનો બનતું, અને આવુ કહેવું બરાબર ન હોત કે જે રીતે બને કરી આપો.

એટલા માટે હવે બંનેવ રીતે જાઈઝ છે અને દરેક રીતે મૈય્યતને ફાયદો પહોંચી શકે છે. બીજુ જ્યારે હુઝૂર ﷺ એ મૈયતના ફાયદા માટે કલ્મએ તૈય્યબને પઢવુ વિના શર્તે રાખ્યું છે તો બીજા કોઈને શું અધિકાર છે કે એમાં શર્ત લગાવી દે અને મૈયતના નુકસાન સાથોસાથ



હદીષ શરીફની માંગણીથી વિરૂધ્ધ પણ કરે. યાદ રાખો ! હદીષની માંગણીથી વિરૂધ્ધ કરવું ગુમરાહ કરવાવાળી બિદઅત છે, એમાં કોઈને શંકા નથી જેથી વિના શર્તની હદીષમાં શર્ત મૂકવી બરાબર નથી. જાતે ફતાવા રશીદિયા લખવાવાળો કહે છે : ''જે હુકમનું વર્ણન શરીઅતમાં વિના શર્તે છે પોતાના દિમાગથી એમાં શર્ત રાખવી હરામ છે.'' *(ફતાવા રશીદિયા–૧૪૭)*

**(૬)** હદીષ શરીફના હુકમથી સાહિબે ફતાવા રશીદિયા રશીદ ગંગોહી તીજીયાને નક્કી કરવા વિશે રદિયો ન આપી શક્યા એટલા માટે ધીમે અવાજે આ સનદ આપી દીધી કે જે રીતે બને કરી દે ! એટલે સોયમ (તીજીયા)નો ઈન્કાર કરવો બરાબર નથી જીદ અને પૂર્વગ્રહ છે★.

હઝરત સદરુલ અફાઝિલ ફર્માવે છે. તીજયા (સોયમ)થી મના કરવાવાળા લોકો નાજાઈઝ હોવાની કોઈ દલીલ નથી ધરાવતા અને એમની પોતાની વાત શરીઅતમાં ભરોસાપાત્ર નથી. ઝિક્ર, તિલાવત, સદક઼ો સારાં કામો છે અને આ જ તીજયામાં થાય છે અને આ જ એની હક઼ીક઼ત છે. અને મૃત્યુ પામેલાઓને સવાબ પહોંચાડવો અને એનાથી એમને નફો પ્રાપ્ત થવો શરઈ દલીલોથી સાબિત છે.

ત્રીજો દિવસ નક્કી કરવો ફક્ત સહુલત માટે છે કે એ તઆઝિયત

*★ હઝરત અલ્લામા અબ્દુલ હામિદ બદાયુની ફતાવા મુલ્લા અલી ક઼ારીથી એક હદીષ નકલ કરે છે : ''હુઝૂર ﷺના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમની વફાતનો ત્રીજો દિવસ હતો. હઝરત અબૂઝર હુઝૂર ﷺ પાસે સૂકી ખજૂર અને દૂધ લાવ્યા જેમાં જવની રોટલી હતી એને હુઝૂર ﷺ પાસે રાખ્યું હુઝૂર ﷺએ એના ઉપર સૂરએ ફાતિહા અને સૂરએ ઈખ્લાસ ત્રણવાર પઢી અને પોતાના બંને હાથ ઉઠાવી મોઢા પર ફેરવ્યા અને હુકમ આપ્યો લોકોમાં વહેંચણી કરી દો. (તસ્હીહુલ અક઼ાઈદ)*

*હઝરત શાહ વલીયુલ્લાહની વફાત પછી એમનું તીજીયું થયું. હઝરત શાહ અબ્દુલ અઝીઝ લખે છે : ''ત્રીજા દિવસે માણસોની એટલી ભીડ હતી કે ગણત્રીથી બહાર છે. ૮૧ કુર્આનના ખતમ તો ગણવામાં આવ્યા અને એનાથી વધારે જ થયા હશે અને કલ્મા શરીફની તો ગણત્રી જ નથી. (મલ્ફૂઝાતે અઝીઝી બહવાલા ઈસ્લામી તક઼રીબાત ૧૦૨, ષવાબુલ ઈબાદાત ૨૮)*

કરવાનો બધાથી છેલ્લો દિવસ છે, જેના પછી રહેવાસીઓ માટે તાઝિયત કરવી નાપસંદ થઈ જશે. એ દિવસ બધા લોકો તાઝિયત માટે પહોંચી જાય છે અને આસાનીથી વિના દાવતે અને બોલાવ્યે ભેગા થઈ જાય છે. આવું નક્કી કરવું શરીઅતમાં મના નથી. *(ગ્યારહવીં શરીફ, ૨૭–૨૯, કશ્ફૂલ હિજાબ અન મસાઈલે ઈસાલે સવાબ)*

બીજુ જ્યારે સોયમ (તીજયા)નો ઈન્કાર કરવાવાળાઓના મોલ્વી ગંગોહીએ કહી દીધુ કે જે રીતે શક્ય હોય કરી આપે, તો ઈદારએ ઈસ્લામિયાત લાહોર અને એના માહિરુલ ક઼ાદરી વિગેરે માટે ઓછામાં ઓછું પોતાના ગંગોહી ઈમામથી વિરુધ્ધ જવું તો બરાબર નથી! જ્યારે ઈમામ જાઈઝ કહી ચૂક્યો છે તો એનું એ કહેવું કે તીજયુ, દસમુ,ચાલીસમુ વિગેરે બરાબર છે તો ગ્યારહવી શરીફ પણ બરાબર સાબિત થઈ ગઈ.

**(૭)** અમે એહલે સુન્નત વલ જમાઅતનો અમલ બંનેવ રીતે છે. ઈસાલે સવાબ માટે જલ્સાની સૂરતમાં ભેગા થઈ વધારેથી વધારે નક્કી કરેલ દિવસમાં અને અલગ અલગ પણ જ્યારે સમય મળે આ સારા કામમાં ભાગ લઈએ છીએ. કોઈ એક રીતને જરૂરી કહી બીજી રીતનો ઈન્કાર કરવો અમારા સુન્નીઓની આદત નથી, અમો તો દરેક રીતે ફાયદો ઉઠાવીએ છીએ અને ફાયદો પહોંચાડીએ છીએ.

### ★ દિવસ નક્કી કરવાના ફાયદા ★

હદીષોથી જાણકારી મળી કે દિવસો નક્કી કરવા આસાની માટે હોય છે એટલા માટે જે લોકો પાસે સમયનો અભાવ છે એ પણ સમય કાઢી નેક કાર્યમાં ભાગ લઈ શકે. એટલા માટે જ ખાસ કામો માટે નક્કી કરેલ દિવસની સાથે સાથે કાર્યનો સમય પણ નક્કી કરી દેવામાં આવે છે. દા.ત. :–

**(૧)** દીની જલ્સાઓની તારીખ અથવા બીજા પ્રોગામોની તારીખ નક્કી કરેલ દિવસ અને સમય સાથે મશહૂર કરી દેવામાં આવે છે.

**(૨)** નમાઝે જનાઝા માટે દિવસ આજે કે સવારે અને સમય



મસ્જિદોમાં માઈક પર એલાનના ઝરીએ નક્કી કરી દેવામાં આવે છે, વિગેરે વિગેરે. બીજી વાતોને છોડો, એ કહો કે જનાઝાની નમાઝ માટે સમય નક્કી કરવો ફર્ઝ છે ? અથવા ફર્ઝ સમજી નક્કી કરવામાં આવે છે? ના ! એવી કોઈ વાત નથી ! આ નક્કી કરવું તો સામેલ થવાવાળાઓની આસાની★ માટે હોય છે જેથી વધુથી વધુ લોકો જનાઝામાં સામેલ થાય અને મય્યતને ફાયદો મળે.

જ્યારે આ સમય નક્કી કરવાથી નમાઝે નમાઝા જે ફર્ઝે કિફાયા છે, બરાબર રહે છે. તો ઈસાલે સવાબ માટે સોયમનો દિવસ નક્કી કરવો કેમ નાજાઈઝ થઈ ગયો ? જાતે નમાઝે જનાઝા પણ ઈસાલે સવાબના જ પ્રકારોમાંથી છે, જો નક્કી કરવું એવું જ નાજાઈઝ કામ છે તો આ નક્કી કરવું દરેક જગાએ નાજાઈઝ હોવું જોઈએ. જ્યારે નમાઝે જનાઝા માટે સમય નક્કી કરવો બરાબર છે. તો ઈસાલે સવાબ માટે પણ સમય નક્કી કરવો બરાબર ગણાશે. બીજી વાત હમેશાં કરવું અલગ વાત છે અને ફર્ઝ અથવા વાજિબ સમજવું અલગ વાત છે. સોયમ (તીજયા)નો દિવસ હમેશાં માટે નક્કી કરી લેવો હમેશાંની એલાનની તકલીફથી બચાવે છે, ફર્ઝ કે વાજિબ બિલ્કુલ નથી.

પરંતુ હવે શું કરવામાં આવે ગંગોહી સાહેબના પૂર્વગ્રહનું અને દુશ્મનીનું ! એ કહે છે કે (મીલાદની મજલિસ અને ઈસાલે સવાબ બુઝુર્ગાને દીનના ઉર્સ વગેરે) અમારા લોકો પર પબ્લિકની આદતથી થઈ ગયુ છે કે આ લોકો જરૂરી અને સુન્નત જાણે છે જેથી અમે બિદઅત કહીએ છીએ. *(ફતાવા રશીદિયા–૧૩૧)*

એટલે ગંગોહી સાહેબ વિગેરે પબ્લિકની આદતના લઈને હમેશગી

---

★ *અશરફ અલી થાનવી દેવબંદી પોતાના માટે ક઼ાયદો બનાવે છે : "મુનાજાત મક઼બૂલ છે. જે સાત મંઝિલ છે આ દરરોજની આસાની માટે છે. આવું નક્કી કરવામાં બિદઅતની શું વાત છે જેના પર ખટકો હોય ?! આ તો આસાની માટે આવું કરવામાં આવ્યું છે. (અલ ઈફાદતુલ યવમિયા, ૭/૧૯૪) (તો વિરોધીઓ ! અમારા માટે આવી સહુલતો જાઈઝ નથી સમજતા ?!) –ઝિયા*

લોકોની જોઈ (સુન્નત માનવાની શકયતાને લઈને) સુન્નત માનવાનાં કારણે બિદઅતનો ફત્વો આપે છે. જાણવા મળ્યું કે ઓલમાએ હક્ક઼ એહલે સુન્નત વ જમાઅતમાંથી કોઈની એવી વાત ગંગોહી બહાદુર ન લાવી શક્યા ! નહીં તો અવામની આદતની આડ લેવાની જરૂરત ન હતી. હા ! અવામની આદત (એટલે હમેશાં કરવું)થી સાબિત ન થઈ શકત તો એને બિદઅત ન કહેતા, જ્યારે નમાઝમાં નફલ નમાઝ અવામ હમેશાં પઢે છે, જાણકારી મળી શકી કે ગંગોહીએ એ નફલી નમાઝોને પણ બિદઅત કહ્યું છે કે નહીં ?! પરંતુ મીલાદ શરીફ અને ઈસાલે સવાબ વિગેરેથી એમની દિલી દુશ્મની જરૂર ખુલીને સામે આવી છે.

અમે અઝાન પહેલાં સલાતો સલામના ટાઈટલ હેઠળ બુખારી શરીફ અને હુજજતુલ્લાહિલ બાલિગહના હવાલાથી લખ્યું છે કે અલ્લાહ ﷻની નજીક પસંદગી પામેલ અમલ એ છે જેને કરવાવાળો એને હમેશાં કરતો રહે. અવામ તો અલ્લાહ ﷻની રઝા માટે સારા કામને હમેશાં કરે છે, પરંતુ ગંગોહીને ખુદાનો ડર નથી અલ્લાહ ﷻની બારગાહમાં પસંદગી પામેલ અમલને અવામની આદતનું નામ આપી બિદઅત કહે છે ! (અસ્તગફિરુલ્લાહ !) એટલે જે વાત અલ્લાહ ﷻ અને એના રસૂલ ﷺ ને પસંદ છે એ ગંગોહીને પસંદ નથી !

અને સાંભળો ! પ્રોફેસર મુહમ્મદ સરવર શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વીથી નક઼લ કરે છે કે : જો કોઈ મુસ્તહબ (સારા કામ)ને સુન્નતે મોઅક્કેદાની રીત જરૂરી કરી લે અથવા સારા કામોમાંથી કોઈ એકને પોતાના માટે જરૂરી કરી લે અને એને દાંતોથી ખૂબ સખ્તીથી પકડી રાખે, આ પ્રકારની આદતને 'બિદઅતે હસના' કહે છે, જેમ કે વિર્દો વઝાઈફનો અમલ છે. આ પ્રકારના કામો પર સવાબ પ્રાપ્ત થાય છે. *(અર્મુગાને શાહ વલીયુલ્લાહ, ૨૮૬)*

જુઓ કોઈ સારા કામને હમેશાં માટે અમલમાં લાવો અને એ સખ્તીથી કરો તો હઝરત શાહ વલીયુલ્લાહની નજરમાં આ કામ સવાબ પ્રાપ્ત થવાનું કારણ છે, પરંતુ ગંગોહીની શું વાત છે ! એમને શાહ વલીયુલ્લાહની વાતની શું ફિકર ?! એ તો ખાસ હદીષ શરીફને પણ



ધ્યાનમાં નથી લાવતા અને એમના અનુયાયીઓ છે કે વિના કોઈ ડરે એની પાછળ ચાલવામાં લાગેલ છે !

અને આગળ ચાલો ! હઝરત મુજદ્દિદે અલ્ફેષાનીનો અમલ જુઓ, એ પણ સારા કામો પર પાબંદ રહેવાનું જણાવે છે.

જુઓ ! હઝરત ખ્વાજા હાશિમ કશ્મીથી લખે છે કે, ''બંદો એક દિવસ કોઈ સમયે આપ (હઝરત મુજદ્દિદ)ની ખિદમતમાં મૌજૂદ હતો આપે મૌલાના સાલેહ ખત્લાનીને હુકમ આપ્યો કે થોડી લવીંગ થેલીમાંથી કાઢી લાવે, એમણે ૬ લવીંગ હાજર કરી આપી. (એટલે હઝરત મુજદ્દિદ) ગુસ્સામાં આવી ગયા અને ફર્માવવા લાગ્યા, અમારા આ સૂફીએ એ પણ નથી સાંભળ્યું કે, અલ્લાહ ﷻ વિત્ર છે અને વિત્રને પસંદ કરે છે. (એટલે એકી સંખ્યા) વિત્રનો ખયાલ રાખવો મુસ્તહબ કામોમાંથી છે. *(અર્મુગાને શાહ વલીયુલ્લાહ–૨૮૬)*

મુસ્તહબોને લોકો શું જાણે મુસ્તહબને અલ્લાહ ﷻએ પસંદ કરેલ છે, અલ્લાહના પસંદ કરેલ એક અમલના બદલામાં દુનિયા અને આખેરતને આપી દઈએ તો કશું ન આપ્યું.

અને ફર્માવ્યું, અમે મુસ્તહબનો ખયાલ એ હદે રાખીએ છીએ કે ચેહરો ધોતી વખતે ખયાલ રાખુ છું કે પાણી પહેલાં જમણા તરફ પડે એટલે 'જમણા તરફથી શરુ કરવું' પણ મુસ્તહબ કામોમાંથી છે★.

નજીકના ભૂતકાળના સારા આલિમ અને શાનદાર ખતીબે પાકિસ્તાન હઝરત મૌલાના મુહમ્મદ શફીઅ ઓકાળવી સાહબ, ગંગોહી વિગેરે વિરોધીઓની કોઈ આવી જ શંકાના રદિયામાં ફર્માવે છે : જો કોઈ સારા કામ અથવા મુસ્તહબને હમેશાં કરે તો એનાથી એ જરૂરી નથી બનતું

★ આ'લા હઝરતે નક઼લ ફર્માવ્યું કે દુર્રે મુખ્તારમાં છે : ''ખુત્બામાં ચારેવ ખુલફાએ રાશેદીનનું અને હુઝૂર ﷺના બંનેવ કાકાનું ઝિક્ર કરવું મુસ્તહબ છે અને હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીએ તો એક ખતીબ પર પોતાના મકતૂબાતમાં એટલા માટે કે એણે એક ખુત્બામાં ખુલફાએ રાશેદીનનું ઝિક્ર કર્યું ન હતું તો સખત બુરાઈ કરી અને એને ''ખબીષ'' લખ્યું. *(ઈક઼ામતુલ ક઼યામહ પેજ–૧૦, ઝુબ્દતુલ મક઼ાલાત ઉર્દૂ–૨૭૫)*

કે એ એને ફર્ઝ કે વાજિબ સમજે છે. એટલા માટે કે પાબંદી કરવી વાજિબ હોવાની નિશાની નથી, જેમ કે કોઈ ચાશત કે તહજ્જુદને હમેશાં પઢે તો શું એવું કહેવું જાઈઝ થશે, કે આ આદમી ચાશત અને તહજ્જુદને ફર્ઝ કે વાજિબ જાણે છે ? બિલ્કુલ નહીં ! બલ્કે એમના ઉપર તોહમત અને એની નિય્યત પર એક નાજાઈઝ હુમલો છે. યાદ રાખો ! અમલમાં તો હમેશગી અને પાબંદીની જ માંગણી છે અને પસંદીદા છે. હુઝૂર ﷺ ફર્માવે છે : ''અલ્લાહની બારગાહમાં એ અમલ પસંદીદા છે જે હમેશાં કરવામાં આવે ભલે એ ઓછો હોય.'' *(બરકાતે મીલાદ શરીફ–૩૦)*

## ★ ઉર્સ ★

કુર્આન ફરમાવે છે :–

وَاتَّبِعْ سَبِيْلَ مَنْ اَنَابَ اِلَيَّ ''અને એમના રસ્તે ચાલ જેઓ અલ્લાહ તરફ રુજૂઅ લાવ્યા.''

એટલે પૈગંબરો અને ખુલૂસવાળા બંદાઓના રસ્તે ચાલ. (તફસીરે મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની) બીજુ સીધો રસ્તો ઈનામ પ્રાપ્ત કરેલ જમાઅતમાંથી છે, તો અમોને એમના માર્ગે ચાલવાનો હુકમ આપવામાં આવ્યો છે. જેના પર ચાલવા માટે એની જાણકારી જરૂરી છે. ઉર્સની મેહફિલોથી આ મક઼સદ સારી રીતે પ્રાપ્ત થઈ જાય છે.

કોઈ અલ્લાહના વલીના વિસાલના દિવસે એમની ક઼બ્ર પાસે અથવા બીજી કોઈ જગાએ ભેગા થવાની સૂરતમાં એમના હાલાતનું ઝિક્ર, એમના અખ્લાકની પૈરવી કરવા માટે પ્રોત્સાહિત કરતાં બયાનો, તબ્લીગ વિગેરેની તૈયારીનું નામ 'ઉર્સ' છે.

હુઝૂર ﷺ ફર્માવે છે, મોમિન બંદો જ્યારે ક઼બ્રની પરીક્ષામાં પાસ થઈ જાય છે તો મુન્કર નકીર કહે છે : ''તું હવે દુલ્હનની જેમ સૂઈ જા !'' *(મિશ્કાત બાબ ઈસ્બાતિ અઝાબિલે ક઼બ્ર)* અને તે દુલ્હનની જેમ નાઝથી સૂઈ રહી આરામ કરે છે. *(તહઝીબુલ અક઼ાઈદ–૪૧)*

મિર્આત શરહે મિશ્કાતમાં છે : આ હદીષ બુઝુર્ગોના ઉર્સ માટે દલીલ છે. એટલા માટે કે ફરિશ્તાઓએ એ દિવસે કબરવાળાને ઉરુસ કહ્યું છે,



એટલા માટે એ દિવસનું નામ ઉર્સનો દિવસ છે. *(મિર્આત શરહે મિશ્કાત)*

જાઅલ હક઼્ક઼માં એ જ મુફ્તી અહમદ યારખાં رحمۃ اللہ علیہ સાહબે ફર્માવ્યું, ઉર્સનો શાબ્દિક અર્થ થાય છે ''શાદી'', એટલા માટે કે દુલ્હા, દુલ્હનને 'ઉરુસ' કહે છે બુઝુર્ગોની વફાતની તારીખને એટલા માટે 'ઉર્સ' કહે છે કે મિશ્કાત બાબ ઈસ્બાતે અઝાબિલ ક઼બરમાં છે કે જ્યારે નકીરૈન મૈયતની પરીક્ષા લે છે અને એ કામ્યાબ થાય છે તો કહે છે, તું એ દુલ્હનની જેમ સૂઈ જા જેને એના પ્યારા સિવાય કોઈ જગાડી નથી શકતું.

તો જેમ કે મુન્કર નકીરે એ દિવસે એમને 'ઉરુસ' કહ્યું. એટલા માટે એ દિવસને 'ઉર્સ' કહેવામાં આવ્યો, અથવા એટલા માટે કે હુઝૂર ﷺ નો જમાલ જોવાનો દિવસ છે, કે મુન્કર નકીર દેખાડીને પૂછે છે કે તું એમને શું કહેતો હતો અને એ તો પૂરી મખ્લૂક઼ના દુલ્હા છે. પૂરી કાઈનાત એમના તશરીફ લાવવાથી છે, અને મહબૂબને મળવાનો દિવસ ઉર્સનો દિવસ છે. (ખુશીનો દિવસ છે) જેથી આ દિવસને ઉર્સ કહેવામાં આવ્યો. *(જાઅલ હક઼્ક઼, ભાગ–૧, પેજ–૩૧૩)*

વિરોધીઓના મોલ્વી અશરફ અલી થાનવી કહે છે : હક઼ીક઼તમાં હુઝૂર ﷺ ની મુબારક જાત એવી જ છે કે જેમનાથી ક઼બરમાં રોશની થઈ જાય છે. મૃત્યુ પામેલાથી જ્યારે ફરિશ્તા પૂછે છે : ''આ વ્યક્તિ કોણ છે ?'' મુસલમાન જવાબમાં કહે છે ? ''આ અમારા હુઝૂર ﷺ છે.'' *(અશ્રફુલ મવાઈઝ–૨૯)*

ઉર્સના વિરોધીઓના પીરો મુર્શિદ હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી પણ પોતાની તેહક઼ીક઼માં ઉર્સની સાબિતી પર આ જ હદીષથી દલીલ લાવે છે અને ફર્માવે છે : શબ્દ ઉર્સને આ હદીષથી કાઢ વામાં આવ્યો છે : ''નેક બંદાથી કહેવામાં આવે છે કે દુલ્હનની જેમ આરામ કર.'' એટલા માટે કે મોત અલ્લાહના વલીઓ માટે મહબૂબે હક઼ીક઼ીથી મળવાનો દિવસ છે. એનાથી વધીને કઈ 'ઉરુસી' (ખુશી) હશે. *(ફૈસલા હફ્ત મસ્અલા, કુલ્લિયાતે ઈમ્દાદિયા–૮૨)*

આપે મલફૂઝાતમાં ફર્માવ્યું : ઉર્સનો શબ્દ જે બોલવામાં આવે છે આ જ હદીષથી કાઢેલ છે. જો કોઈ એ દિવસનો ખ્યાલ રાખે અને એમાં ઉર્સ

કરે. તો કયો ગુનો બની જાય છે ? *(ઈમ્દાદુલ મુશ્તાક–૮૮, મલ્ફૂઝ–૧૭૧)*

પછી "ફૈસલા હફ્ત મસ્અલા"માં ફર્માવે છે : ઉર્સને રિવાજ આપવાનો મક્સદ એ હતો, કે બધા સિલસિલાના લોકો એક તારીખમાં ભેગા થઈ જાય. એક બીજાથી મુલાકાત પણ થઈ જાય અને સાહિબે ક્બરની રૂહને કુર્આન અને ખાવાનો સવાબ પહોંડવામાં આવે, આ ભેદ છે દિવસ નક્કી કરવામાં. રહ્યું એ કે ખાસ વફાતના દિવસને નક્કી કરવો, એમાં છુપાયેલા ભેદો છે એને જાહેર કરવું જરૂરી નથી. બસ, ઉર્સની બુનિયાદ આ જ છે, અને એમાં કોઈ વાધો નથી. અમુક આલિમોએ બીજી હદીષોથી એનું બયાન કર્યું છે. કુલ્લિયાતે ઈમ્દાદિયા–૮૨નું આ બહષમાં "અન્વારે લાષાની" કિતાબની દલીલો પણ ઘણી સારી છે, જરૂરી જુઓ.

**માંગણી** : એ તો જાણકારી મળી ગઈ કે કામિલ મોમિનનો વિસાલનો દિવસ એના માટે ઉર્સ (ખુશી)નો દિવસ હોય છે એટલા માટે એને 'ઉરુસ' કહી દેવામાં આવ્યું છે, પરંતુ શું આ મઝારો પર તક્રીર અને નસીહતોના નામ પર મેહફિલ કરવી જાઈઝ છે ? ખુલાસો કરો !

**ખુલાસો** : આ મેહફિલના જાઈઝ હોવાની સાબિતી માટે ઈમામ બુખારીએ પોતાની સહીહમાં આ પ્રકરણ રાખ્યું છે : "કબરના દરવાજા પાસે મોહદ્દિષનું તક્રીર અને નસીહત કરવું અને લોકોનું એના આજુબાજુ બેસવું." *(બુખારી શરીફ)*

અને એ પ્રકરણ હેઠળ 'હદીષે હઝરત અલી رضی اللہ عنہની અંદર બક્રીઅ ગરકદમાં છે કે હુઝૂર ﷺ તશરીફ લાવ્યા અને બેસી ગયા એટલે **فَقَعَدَ وَ قَعَدْنَا حَوْلَهٗ**ના શબ્દો પછી હુઝૂર ﷺ નું વઅઝ તથા નસીહત ફર્માવવાનું બયાન કરવામાં આવ્યું છે. બસ, ઈમામ બુખારીની નઝદીક આવી મજલિસ જાઈઝ છે જેમાં લોકોના ફાયદા માટે વઅઝ તથા નસીહત હોય★.

★ *સાહિબે ફુયૂઝુલ બારીએ અલ્લામા અયની અને બીજા શારેહીનથી વઅઝ તથા નસીહતના મક્સદથી બુઝુર્ગોના મઝાર પર મેહફિલે ઉર્સના જાઈઝ હોવા પર આ હદીષથી દલીલ કરી છે. (જુઓ : ફુયૂઝુલ બારી, ૫/૧૩૮)*



જો કે આ ઉર્સની મેહફિલ કોઈ પણ જગાએ રાખી શકાય છે, પરંતુ ક્બરની ઝિયારત દરેક જગાએ નથી હોતી, એ ક્બરની પાસેથી જ થાય છે. તો આ રીતે ક્બરની ઝિયારત પણ થઈ જાય છે. બલ્કે **فَقَعَدَ وَ قَعَدْنَا حَوْلَهٗ**ના પ્રમાણે તો ક્બરની પાસે વઅઝ તથા નસીહતની મેહફિલ 'સુન્નત' પણ છે.

**સવાલ** : હવે ઉર્સ વિશે તો કોઈ પરેશાની ન રહી, હવે જણાવો કે આ હદીષ : "ત્રણ મસ્જિદો મસ્જિદ હરામ, મસ્જિદે નબવી, મસ્જિદે અકસાના સિવાય કોઈ બીજી જગા માટે સફર ન કરવામાં આવે."★

આ હદીષમાં ઉર્સ માટે સફર પર જે મના હોવાનો હુકમ લાગી રહ્યો છે તે કેવી રીતે દૂર થશે ? અને એનો હલ (રસ્તો) શું હશે ?

**જવાબ** : આ હદીષમાં બયાન કરેલ ત્રણ મસ્જિદો સિવાય અન્ય મસ્જિદના તરફ એ નક્કી કરેલ સવાબની નિય્યતથી" જે સવાબ એ ત્રણ મસ્જિદો સાથે ખાસ છે." સફર કરવાથી રોકવામાં આવ્યા છે. અને સફર ઈલ્મ પ્રાપ્ત કરવા અથવા જેહાદ કરવા અથવા ઝિયારત માટે અથવા ઉર્સમાં સામેલ થવાનો ઈન્કાર નથી. જાતે ઈમામ બુખારીની નજીક હદીષનો મતલબ આ જ છે. એટલા માટે જ આપે એને બાબે ફઝલુસ્સલાત ફી મસ્જિદે મક્કા વ મદીના એટલે મક્કા શરીફ અને

★ *બુખારી શરીફ પા.૫, ભાગ–૧, બાબ ફઝલુસ્સલાત ફી મસ્જિદે મક્કા વ મદીના, તિર્મિઝી અબવાબુસ્સલાત મુનાઝિરે ઈસ્લામ અલ્લામા મુહમ્મદ ઉમર ઓછરવીએ આ હદીષને મન્સૂખ લખી છે. (મિક્યાસે હન્ફિયત, પેજ–૫૫૪)*

*વિરોધીઓની ભરોસાપાત્ર કિતાબ અલ મુહન્નદ અલલ મુફન્નદ ઉર્દૂ નામ 'અક્રાઈદે ઓલમાએ દેવબંદ' પેજ–૬ પર લખ્યું છે : એવું કહેવું કે મદીના શરીફ તરફ સફર કરવાવાળાએ ફક્ત મસ્જિદે નબવીની નિય્યત કરવી જોઈએ અને એ વાત પર હદીષ લાવવી કે તૈયારી ન કરવામાં આવે, પરંતુ ત્રણ મસ્જિદ માટે" તો આ ક્રૌલ મરદૂદ છે. એટલા માટે કે હદીષ કોઈપણ રીતે મના હોવા પર દલાલત નથી કરતી. બલ્કે સમજ રાખવાવાળો વિચારે તો આ જ હદીષ જાઈઝ હોવા પર દલીલ પુરવાર કરે છે.*

*અને એનાથી પહેલાં લખ્યું છે, સફરના સમયે હુઝૂર ﷺની ઝિયારતની નિય્યત કરે.*

મદીના શરીફની મસ્જિદોમાં નમાઝ પઢવાની ફઝીલતના હેઠળ આ મસ્જિદોમાં નમાઝ પઢવાની ફઝીલતમાં બયાન કરી રહ્યા છે.

તબ્લીગી જમાઅતના ભરોસાપાત્ર અને તબ્લીગી નિસાબ લખવાવાળા મૌલાના મુહમ્મદ ઝકરિયા લખે છે, એમાં શંકા નથી આ મસ્જિદો સિવાય ઘણા બધા સફરો જાઈઝ બલ્કે બધાની સંમતિથી જાઈઝ બલ્કે વાજિબ છે. જે રીતે કે હજની નિય્યતથી સફર, જેહાદ માટે સફર, ઈલ્મ પ્રાપ્ત કરવા સફર, હિજરતનો સફર, કારોબાર માટે સફર, જેથી એ તો કહેવું જ પડશે કે આ હદીષે પાકથી વિના શર્તે સફર આ (ત્રણ) મસ્જિદો સિવાય રોકવું મકસદ નથી. *(ફઝાઈલે હજ્જ–પેજ–૧૦૨)*

જો આ મસ્જિદો સિવાય કોઈ બીજા સફરથી રોકવામાં આવ્યા હોત તો ઈલ્મ પ્રાપ્ત કરવાવાળો કોઈ દિવસ ઈલ્મ પ્રાપ્ત ન કરી શકતો અને ઈમામ બુખારી પાસે આટલી બધી હદીષો ન હોતી જાતે હુઝૂર ﷺ ઈલ્મ પ્રાપ્ત કરવા માટે સફરની અઝમત નક્કી કરે છે કે : "જે આદમી ઈલ્મની તલાશમાં નીકળ્યો એ અલ્લાહ ﷻની રાહમાં છે." *(તિર્મિઝી અબવાબુલ ઈલ્મ)*

અહીં ઈલ્મ પ્રાપ્ત કરવા માટે સફરને અલ્લાહ ﷻની રાહ એટલે કહેવામાં આવ્યો છે અને પછી ફર્માવ્યું : "દરેક મુસલમાન પર ઈલ્મ પ્રાપ્ત કરવો ફર્ઝ છે."

એના સિવાય હુઝૂર ﷺ એ ફર્માવ્યું : જે શખ્સ ઈલ્મની તલાશમાં સફર કરે છે. અલ્લાહ ﷻ એના માટે જન્નતનો રસ્તો સરળ બનાવી દે છે. *(જામેઅ તિર્મિઝી, મુતહજિમ, ૨/૨૮૮, બાબુલ ફઝલુલ ઈલ્મ)*

બીજુ ઉર્દૂ ડાયજેસ્ટવાળાએ મે ઈ.સ. ૧૯૮૯માં રહમતુલિલ આલમીન નંબર છાપ્યો એની બીજી જિલ્દમાં "અરબઈને જામી"ની ૪૦ ચૂંટી કાઢેલી હદીષોને ફારસી નઝમમાં તર્જુમો. મૌલાના જામી અને ઉર્દૂ નઝમમાં તર્જુમો મૌલવી ઝફરઅલીખાંએ પણ છાપ્યાં. એમાંથી ૩૪ નંબરની હદીષ જુઓ : " ઈલ્મથી રોકવું હલાલ નથી." *(ઉર્દૂ ડાયજેસ્ટ, રહમતુલ્લિલ્ આલમીન નંબર, ભાગ–૨, મે.૧૯૮૯)*



જ્યારે ઈલ્મ પ્રાપ્ત કરવા સફર કરવી બરાબર છે, તો ઉર્સમાં★ આલિમો ઈલ્મના મોતી વહેંચે છે, એને પ્રાપ્ત કરવાથી રોકવાનો તરીકો શું હશે ? ઈમામ બુખારી પ્રમાણે જ્યારે મોહદ્દિષો વઅઝ તથા નસીહતની મજલિસ રાખશે તો એમની આજુબાજુ સાંભળવાવાળા લોકો ક્યાંથી આવશે ? તદ્દન સાફ છે કે લોકોના આ રીતે પહોંચવાથી સફર થઈ જશે. બસ, સ્વીકારવું પડશે કે ઉર્સ માટે સફર કરવું મના નથી, નહીં તો મોહદ્દિષોનું આ મેહફિલ રાખવું અને સાંભળવાવાળાઓની હાજરીની કોઈ સ્થિતિ જોવા નથી મળતી.

વળી રાયવંડવાળાઓનો (તબ્લીગી જમાઅત)ની રાઈવંડની વાર્ષિક સફર તો જરૂર નાજાઈઝ સાબિત થશે ! એટલા માટે કે હદીષમાં જણાવેલ ત્રણ મસ્જિદોમાંથી કોઈ પણ ત્યાં નથી ! જેથી જો કોઈ (બિદઅતે હસના)ના વિરોધીની નજરમાં સ્પેશ્યલ બસોમાં ટ્રેનો મારફત લોકોને હાંકી કાઢીને રાઈવંડ લઈ જવું, અને વાર્ષિક જલ્સો અને એમાં સામેલ થવાને જરૂરી જાણવું બિદઅત હોવા છતાં યોગ્ય છે, તો ઉર્સ માટે સફર અને એમાં સામેલ થવા તૈયારી કરવી કેમ નાજાઈઝ ?! (ઈન્સાફ કરો !)

જઝબુલ કુલૂબમાં શૈખ અબ્દુલ હક્ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ એક હદીષ લખી છે જેમાં આ ત્રણ મસ્જિદો સિવાય એક ચોથી મસ્જિદનું પણ બયાન છે, જુઓ : "જેણે નમાઝ પઢી ચારેવ મસ્જિદોમાં માફ કરી દેવામાં આવશે એના ગુનાહ." ચાર મસ્જિદોથી મુરાદ મસ્જિદે હરામ, મસ્જિદે નબવી, મસ્જિદે અકસા, મસ્જિદે કુબા છે. *(જઝબુલ કુલૂબ)*

શેખ મોહદ્દિષે આ જ જગાએ બીજી હદીષ લખી છે : "જો આ (મસ્જિદે કુબા) દુનિયાના કોઈ ખૂણામાં હોત તો અમે એને માટે ઊંટોના

*★ મોઅત્તા ઈમામ માલિકમાં છે કે લુકમાન હકીમે પોતાના છોકરાને નસીહત કરી ફર્માવ્યું, હે બેટા ! આલિમોની ખિદમતમાં બેસતો રહેજે અને એમનાથી પોતાના ગુઠણ જોડી દેજે, એટલા માટે કે અલ્લાહ હિકમતની રોશનીથી અલ્લાહ ﷻ દિલોને જીવંત કરે છે. જે રીતે સુખી જમીનને આસનના પાણીથી જીવંત કરે છે. (મોઅત્તા ઈમામ માલિક મુતર્જિમ અલ્લામા મુહમ્મદ હકીમ શાહજહાંપૂરી)*

જિગરને મારતા." (સફર કરતા) *(જઝબુલ કુલૂબ)*

એક હદીષમાં ફર્માવ્યું, મસ્જિદે કુબામાં બે રકાત પઢવું બૈતુલ મુકદસની બે વખત ઝિયારતથી વધારે પસંદ છે. *(મદારિજુન્નબુવ્વત, ૨/૧૧૨)*

બીજી એક હદીષમાં ફર્માવ્યું : "મસ્જિદે કુબામાં નમાઝ(નો સવાબ) ઉમરા બરાબર છે." *(તિર્મિઝી અબવાબુસ્સલાત મુતર્જિમ, અલ્લામા મુહમ્મદ સિદ્દીક હઝારવી)*

હવે જણાવો ઉમરાના સવાબ માટે અને બખ્શિશ પ્રાપ્ત કરવા માટે મસ્જિદે કુબા તરફ સફર થશે કે નહીં ?! બલ્કે જાતે હુઝૂર ﷺથી મસ્જિદે કુબા તરફ ચાલતા અને સવારી પર જવું સાબિત છે★. એટલું જ નહીં ઈમામ બુખારીએ પોતાની સહીહમાં એક પ્રકરણનું નામ રાખ્યું છે. *(બુખારી કિતાબુલ ઈલ્મ, ભાગ-૧)*

એટલે કોઈ મસ્અલો આવી જાય તો એના જવાબની પ્રાપ્તિ માટે સફર કરવો અને ચર્ચા હેઠળની હદીષમાં હઝરત ઉકબાનું સવારી પર સવાર થઈ મસ્અલો પૂછવા માટે સફર કરવાનું પણ બયાન છે.

અને મોલવી અબ્દુલ હક દેવબંદી (અકોટા ખટક) બયાન કરે છે કે હઝરત અબૂ ઐયૂબ અન્સારી જે દસ વર્ષ સુધી હુઝૂર ﷺની ખિદમતમાં રહ્યા. એક હદીષ માટે ઊંટણી વેચાતી લીધી અને બીજા સહાબી પાસે ૪૦ દિવસનો સફર કરી પહોંચ્યા અને હદીષ : "અલ્લાહ ﷻ ના બંદાની મદદમાં છે, જ્યાં સુધી બંદો પોતાના ભાઈની મદદમાં છે." સાંભળી પરત આવ્યા.

તો સાફ જાહેર થઈ ગયું કે હદીષ શરીફમાં ત્રણ મસ્જિદો ફક્ત નક્કી કરેલ સવાબ માટે ખાસ છે, એના સિવાય સફર કરવો મના નથી.

અને તબ્લીગી જમાઅતનો નિસાબ બનાવવાવાળા મૌલાના ઝકરિયા

---

★ *બુખારી શરીફ બાબ મન અતા મસ્જિદિલ કુબા કુલ્લ સબતિન્ "દરેક અઠવાડીયે મસ્જિદે કુબામાં આવવું." બલ્કે મૌલાના મુહમ્મદ ઝકરિયા સાહેબે તો ઈમામ નવવીના હવાલાથી લખ્યું છે કે કુબાની હાજરીને સારા (મુસ્તહબ) હોવાની ઘણી તાકીદ છે. (ફઝાઈલે હજ-૧૨૨)*



સાહેબ નકલ કરે છે. હુઝૂર ﷺ નું ફર્માન છે : "જે મારી ઝિયારત માટે આવે અને એના સિવાય કોઈ નિય્યત ન હોય તો મારા પર હક્ક બની ગયો કે એની સિફારીશ કરું. *(બુખારી કિતાબુલ ઈલ્મ)*

હઝરત ઉમર જ્યારે બૈતુલ મુકદ્દસ તશરીફ લઈ ગયા તો કઅબ અહબાર જે યહૂદીના ઘણા મોટા આલિમ હતા તે મુસલમાન થયા. હઝરત ઉમર رضی اللہ عنہને એમના ઈસ્લામ લાવવાથી ઘણી ખુશી થઈ અને એમને ફર્માવ્યું, મારા સાથે મદીના શરીફ ચાલો, એટલા માટે કે હુઝૂર ﷺની કબર મુબારક પર હાજરી થાય. એમણે સ્વીકાર કર્યો અને હઝરત ઉમરના ફર્માન પર અમલ કર્યો★.

જુઓ ! આ સફર મસ્જિદે નબવીની નિય્યતથી નથી પણ હુઝૂર ﷺના રોઝાની ઝિયારતની નિય્યતથી કરવામાં આવ્યો, અને બીજા ખલીફા હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જાતે આ સફર કરાવવામાં મદદગાર હતા અને આપ **تعا ونوا على البر والتقوىٰ ولا تعا ونوا على الاثم والعدوان** નેકી પર મદદ કરવાના હુકમ પ્રમાણે નેકીમાં મદદગાર છે, બુરાઈમાં નહી. એટલે ઈસ્લામમાં આ ત્રણ મસ્જિદો સિવાય સફર કરવું નાજાઈઝ તથા ગુનોહ નથી. હવે ફારૂકે આઝમનો અમલ જુઓ અને કહો **ما انا عليه واصحابى**ના પ્રમાણે ચાલવાવાળા કોણ લોકો છે ? મુકદસ ઝિયારતો અને એના સફરથી રોકવાવાળા કે એહલે સુન્નત વ જમાઅત ?!

ઈમામ સિયૂતી ફર્માવે છે : બૈહકીએ વાકેદીથી રિવાયત બયાન કરી છે કે હુઝૂર ﷺ દર વર્ષે શોહદાએ ઓહદની કબરોની ઝિયારત માટે તશરીફ લઈ જતા હતા.

અને આ જ અમલ હઝરાતે અબૂબક્ર, ઉમર, ઉષ્માનનો રહ્યો. ઝિયાઉલ કુર્આનમાં જનાબ પીર મુહમ્મદ કરમશાહ અઝહરી કુત્બીના હવાલાથી આ જ રિવાયત નકલ કર્યા પછી લખે છે કે અલ્લાહના

---

★ *ફઝાઈલે હજ્જ, પેજ-૧૦૩, શાહ અબુલ હસન ઝૈદ ફારૂકીએ "મૌલાના ઈસ્માઈલ ઔર તકયિતુલ ઈમાન" પેજ-૭૨માં એને નકલ કર્યું. અને એવું જ "અલકૌલુલ જલીકી બાઝયાફત", પેજ-૪૪માં લખેલ છે.*

વલીઓના ઉર્સ અને મઝારો પર હાજરીની આ ખુલ્લી દલીલ છે. *(ઝિયાઉલ કુર્આન, પા.૧૩, સૂ. રઅદ–૨૪)*

શામીના મુકદ્દમાના હવાલાથી હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہનો કૌલ નકલ કરેલ છે, ફર્માવે છે : તર્જુમો : હું ઈમામ આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની કબર પર બરકત પ્રાપ્ત કરું છું અને એમની કબર પર આવું છું જ્યારે મને કોઈ જરૂરત પડે છે. તો હું બે રકાત નમાઝ પઢું છું અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની કબર પાસે ઉભો રહી દુઆ કરું છું તો તરત જ જરૂરત પૂરી થઈ જાય છે. મઝહબના આટલા મોટા ઈમામ હઝરત અબૂહનીફા رضی اللہ عنہની કબરને દુઆ માટે વસીલો બનાવી સફર કરી ત્યાં આવે છે અને વસીલાથી દુઆ કરે છે★.

મૌલાના ઝફર અહમદ ઉષ્માની થાનવી અને મૌલાના ઝકરિયા તબ્લીગી નિસાબવાળાઓની ઝબાનથી સાંભળો : એ લખે છે કે, હઝરત શૈખ સૈય્યદ અહમદ રિફાઈ હિ.સ. ૫૫૫માં ખાનએ કા'બાની ઝિયારત માટે તશરીફ લઈ ગયા તો હુઝૂર ﷺના રોઝાની ઝિયારત માટે પણ હાજર થયા. ગુંબદે ખઝરા પાસે પહોંચી ઊંચા અવાજમાં કહ્યું, અસ્સલામુ અલયક યા જદ્દી ! (હે મારા નાના જાન ! તમારા પર સલામ !) તરત જ હુઝૂર ﷺના રોઝાથી અવાજ આવ્યો, ''વઅલયકસ્સલામ યા વલદી !'' (હે મારા બેટા ! તારા ઉપર પણ સલામ !) આ મુબારક અવાજ સાંભળી આપના ઉપર વજદ આવી ગયો. આપના સિવાય જેટલા પણ લોકો ત્યાં હાજર હતા બધાએ હુઝૂર ﷺના અવાજને સાંભળ્યો. થોડીવાર પછી આપે રડતાં રડતાં આ બે શેર પઢયા : –

**(૧)** જુદાઈની (દૂર હોવાની) હાલતમાં તો હું તમારા રોઝા ઉપર પોતાની રૂહને મોકલતો હતો એટલા માટે કે મારા તરફથી આપના આસ્તાનાને ચુમવાનો શર્ફ પ્રાપ્ત કરે.

**(૨)** અને જ્યારે આ દૌલત મારી જાતને પ્રાપ્ત થઈ છે, તો તમે

★ *આ પ્રકારની એક રિવાયત 'અલ ખયરુલ હસ્સાન' મુતર્જિમ ઉર્દૂ પેજ–૨૩૦ અને 'સવાનેહે બેબહાએ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ પેજ–૨૮૩માં પણ છે. (રહમતે ખુદા બ વસીલએ અવલિયા–૨૭)*



પોતાનો મુબારક હાથ આપો ! હું એને ચુમી ઈજ્જત પ્રાપ્ત કરું !

એ જ સમયે હુઝૂર ﷺની કબર મુબારકથી હાથ મુબારક નીકળ્યો અને આપે એને ચૂમ્યો. એ સમયે ઓછામાં ઓછા ૯૦ હજાર આશિકો હાજર હતા જેમાં હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ પણ હતા. *(અલ્ બુન્યાનુલ્મુશય્યદ તર્જુમા બુર્હાનુલ મુઅય્યદ, પેજ–૨૧, ફઝાઈલે હજ્જ–૧૩૦, ૧૩૧)*

હવે વિચારો ! એ ૯૦ હજાર આશિકોમાંથી વધુ પડતા દૂરથી સફર કરીને આવ્યા હશે. હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ અને સૈયદ અહમદ રિફાઈ (ઝફર ઉષ્માનીએ એમને ગૌષે મુકદ્દમ લખ્યા છે. અલ બુનયાનુલ મુશય્યદ પેજ–૨) કેટલા ઉચ્ચ કક્ષાના બુઝુર્ગ છે ! અને નાજાઈઝ સફરો પર જવાવાળા બુઝુર્ગ નથી હોતા, અને આ બંને બુઝુર્ગીમાં તો શંકા જ નથી, પછી શું નાજાઈઝ કામો કરવાવાળાને પણ આવા ઈનામોથી નવાઝવામાં આવે છે ? ના ! શક્ય જ નથી એટલે આ સફર જાઈઝ છે, અને ત્રણ મસ્જિદો સિવાય બરકતવાળી જગાઓનો સફર ઝિયારત માટે અલ્લાહના નેક બંદાઓનો તરીકો છે. હા ! આ બુઝુર્ગોના વિરોધીઓ એમનાથી અલગ રસ્તા પર ચાલતા રહેશે, જ્યારે કે અલ્લાહ ﷻ પોતાના મકબૂલ બંદાઓની પૈરવી ચાહે છે.

કુર્આનમાં છે : وَاتَّبِعْ سَبِيْلَ مَنْ اَنَابَ اِلَیَّ ''અને તું પણ એની રાહ પર ચાલ જે અલ્લાહ ﷻ તરફ રજૂ લાવ્યા.''

અને સાંભળો ! ઈમામ નવવીથી મનકૂલ છે, એ ફર્માવે છે : મુસ્તહબ છે કે મદીના શરીફની બરકતવાળી જગાઓની ઝિયારત કરવામાં આવે. *(ફઝાઈલે હજ્જ–૧૧૨)*

આપે જોયું કે હુઝૂર ﷺએ પોતાની ઝિયારત માટે આવવાળાઓને શફાઅતનો વિશ્વાસ અપાવ્યો, જાતે શોહદાએ ઓહદમાં વારે ઘડીએ જઈ નવાઝતા રહ્યા અને ખોલફાએ રાશેદીનમાંથી હઝરત સિદ્દીકે અકબર, ફારૂકે આ'ઝમ, ઉષ્માન ગની પણ શોહદાએ ઓહદની દર વર્ષે ઝિયારત કરતા રહ્યા. ખાસ કરીને હઝરત ફારૂકે આ'ઝમ લાંબા સફર કરી બૈતુલ મુકદ્દસથી હઝરત કઅબ અહબારને પણ પોતાની

સાથે હુઝૂર ﷺના રોઝાની ઝિયારત કરાવવા માટે મદીના શરીફ લાવ્યા.

હઝરત શૈખ અહમદ રિફાઈ અને સૈય્યદના ગૌષે પાક બલ્કે હજારો આશિકોના વિશે પઢયું. અને ઝિયારત અને સફર કરવાના કારણે એમને જે ઈનામો મળ્યાં એ પણ તમે જોયું. હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ પણ પોતાની જરૂરતોને લઈને હઝરત ઈમામ આઝમ અબૂ હનીફા رضی اللہ عنہના રોઝા પર હાજર થાય છે. જો કોઈ હજુ પણ ઝિયારત માટે સફર કે ઉર્સમાં સામેલ થવા માટે સફરને નાજાઈઝ કહી રહ્યો છે, તો અમે શું કહી શકીએ છીએ ?!

હવે અમે હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہનો અમલ રજૂ કરીએ છીએ, વિશ્વાસ છે કે વિરોધીઓ પોતાની ઝબાનોની જરૂર હિફાઝત કરશે.

હઝરાતુલ કુદ્સમાં લખ્યું છે કે આપ (હઝરત મુજદ્દિદ) પહેલી વખત વલીઓના શહેર લાહોર પોતાના પીરો મુર્શિદ હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ رضی اللہ عنہ સાથે તશરીફ લાવ્યા હતા અને થોડો સમય અહીં રોકાયા. બીજી વખતે આપ અહીં બુઝુર્ગોના મઝાર પર હાજર થવા તશરીફ લાવ્યા એટલા માટે કે ફૈઝ અને બરકતો પ્રાપ્ત કરી શકીએ. *(નૂરે ઈસ્લામ મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ, ભાગ–૧, પેજ–૬૩)*

પરંતુ શું કરવામાં આવે ઝિયારતનો ઈન્કાર કરવાવાળા અને બુઝુર્ગોને દીનના વિરોધીઓનું કે તેઓ કોઈનો અદબ નથી કરતા, કોઈના અમલને ઈસ્લામ પ્રમાણે નથી સમજતા, એમની હિંમત તો જુઓ !

ઈદારાએ ઈસ્લામિયાત–લાહોર અને એના મશહૂર મોહક્કિક઼ શૈખ અહમદ કહે છે : ઝિયારત માટે કોઈ જગાએ અથવા બરકતવાળી જગાનો સફર કરવો જાઈઝ નથી. જે લોકો પણ આ બધી ચેતવણીઓ પછી પણ ક઼બરની ઝિયારતના નામ પર ક઼બરની પૂજા કરે છે એ જાણીબુઝીને ખુદાની લઅનતના હક઼દાર બની જાય છે. *(બિદઅત ક્યા હૈ ?–૧૫૩)*

ક઼બરની પૂજાને શરઈ ઝિયારતનું નામ આપી દેવામાં આવ્યું છે,



જ્યારે એ ક઼બરની ઝિયારત નથી, બલ્કે ક઼બરની પૂજા છે. *(બિદઅત ક્યા હૈ ?–૧૫૩)*

અસ્તગફિરુલ્લાહ ! અસ્તગફિરુલ્લાહ ! આ કેવો ઈસ્લામ છે જેને ફેલાવવા માટે ઈદારાએ ઈસ્લામિયાત કામ કરી રહ્યો છે ! એમની નજર અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَની વિરૂધ્ધ કરવાનું નામ ઈસ્લામ છે ! હુઝૂર ﷺ શોહદાએ ઓહદની ક઼બરોની ઝિયારત કરે છે, તો આ ઈદારો એને ક઼બરની પૂજા કહે છે. હુઝૂર ﷺ પોતાની ઝિયારત માટે હાજર થવાવાળાને ચૂમવા માટે હાથ મુબારક આપી એમની ઈજ્જત વધારે છે, એટલે એમને ઈનામથી નવાઝે છે. અને લાહોરનો આ ઈદારો એમને લઅનતનો હક઼દાર સમજે છે. અસ્તગફિરુલ્લાહ !

આ ઈદારો સુન્નતના વિરૂધ્ધ કરવાના કારણે બિદઅતે સય્યેઆ (બુરી બિદઅત)માં સપડાયેલો છે અને ઈસ્લામી ઈદારાના નામથી ઈસ્લામ વિરૂધ્ધ લખાણો પણ છાપી રહ્યો છે.

આ ઈદારા અને એના મક઼સદોથી નજર ફેરવી તમે અમારી રજૂઆત પર પાછુ ધ્યાન આપો. હક઼ીક઼ત ઈન્શાઅલ્લાહ ! ખુલીને સામે આવી જશે.

ખૂદ કુર્આનમાં આ મસ્જિદો સિવાય સફર કરવાનો હુકમ મૌજૂદ છે. જુઓ, આયતો : "તો જમીન પર ચાલીને જુઓ શું પરિણામ આવ્યું જૂઠલાવવાવાળાઓનું. *(આલે ઈમરાન–૧૩૭)* અને જમીન પર ચાલીને જુઓ કેવું પરિણામ આવ્યું આગલાઓનું. *(સૂ. રૂમ–૪૨)*

અલ્હમ્દુલિલ્લાહ ! આ (ત્રણ) મસ્જિદો સિવાય પણ સફરનું જાઈઝ હોવું સાબિત થઈ ગયું કે જે વિરોધીઓ માટે સબડક છે★.

**સવાલ** : શું અમારા સ્વીકારેલ બુઝુર્ગોમાંથી કોઈએ આ મેહફિલ

*★ ફખ્રે ગેર મુક઼લ્લિદિયત મોલવી વહીદુઝઝમાં લખે છે : હઝરત અબૂ હુરૈરાએ કોહેતૂરની ઝિયારત માટે સફર કર્યો અને આગલા પાછલા ઘણા આલિમોએ નબીઓ અને નેક લોકોની ક઼બરોની ઝિયારત માટે સફર કરવું જાઈઝ કહ્યું છે. (હદયતુલ મેહદી, ઉર્દૂ–૬૩)*

રાખી છે, અથવા એમાં સામેલ થવા સફર કર્યો છે ?

**જવાબ** : લખાણ લાબું થવાની બીકે ટૂંકમાં લખાણ કરીએ છીએ !

હઝરત શૈખ અબ્દુલ હક઼ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

હું કહું છું કે આ રિવાયતના કારણે હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہનો ઉર્સ રબીઉલ આખરની ૯ તારીખે હોવો જોઈએ જેના ઉપર મેં અમારા પીરો મુર્શિદ આરિફ કામિલ શૈખ અબ્દુલ વહાબ ક઼ાદરી رحمۃ اللہ علیہનો અમલ જોયો. શૈખ આપના ઉર્સ માટે આ જ તારીખ યાદ રાખતા હતા. બેશક ! આપણા દેશમાં (ઉર્સે ગ઼ૌષે આ'ઝમ માટે) આજે ૧૧ તારીખ મશહૂર છે. *(તઅય્યુને યૌમકા ષબૂત, માષબત મિનસ્સુન્નહ, મુતર્જિમ–૩૧૯)*

**શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી ફર્માવે છે :–**

રમઝાનના મહિનામાં મોટા મોટા ઉર્સ છે. ૨ તારીખે હઝરત ફાતેમતુઝ્ઝહરાનો ઉર્સ, ૮ તારીખે હઝરત આઈશાનો ઉર્સ, ૨૧ તારીખે હઝરત અલીનો ઉર્સ અને આ જ તારીખે હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہનો ઉર્સ થાય છે. *(મલ્ફૂઝાતે અઝીઝી, પેજ–૫૦ બહવાલા માહે તયબહ, ફેબ્રુ. ૧૯૯૩)*

લખેલું છે કે હઝરત શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાના વાલિદ હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનો ઉર્સ મનાવતા હતા. મૌલ્વી અબ્દુલ હકીમ મુલ્તાનીએ વાંધો ઉઠાવ્યો કે તમે ઉર્સને ફર્ઝ સમજી લીધો છે, દર વર્ષે કરો છો★.

એનો નીચે રજૂ કરેલ જવાબ આપ્યો જે ઝુબતુન્નસાઈહ, પેજ–૪૨ પર લખેલ છે. આપ ફર્માવે છે :–

**તર્જુમો** : "આ વાંધો" જેના ઉપર કરવામાં આવે છે, એ એની હાલતથી અજાણતા અને જહાલતના કારણે છે. એટલા માટે કે શરીઅતે જે ફર્ઝો નક્કી કરેલ છે તે સિવાય કોઈ પણ માણસ કોઈ વસ્તુને ફર્ઝ

★ *આ જ રીતે ગંગોહીએ પણ કહ્યું છે કે અમોને અવામની આદતથી સાબિતી મળી છે કે આ લોકો મીલાદની મેહફિલ અને ઉર્સ વિગેરેને જરૂરી અને સુન્નત જાણે છે, એટલા માટે અમે બિદઅત કહીએ છીએ. (ફતાવા રશીદિયા–૧૩૧)*



નથી જાણતો. હા ! આ વાત જરૂર છે કે ક઼બરોની ઝિયારત અને નેક લોકોની ક઼બરોથી બરકત પ્રાપ્ત કરવી, કુર્આનની તિલાવત, સારી દુઆ, ખાવા અને મીઠાઈની વહેંચણીએ ઓલમાની સર્વ સંમતિથી મુસ્તહસન તથા સારૂ કામ છે.

અને ઉર્સનો દિવસ નક્કી કરવાનું કારણ એ છે કે આ દિવસ એમના અમલના ઘરથી સવાબના ઘરે જવાની યાદ જીવંત કરે છે. *(મસ્લકે ઈમામે રબ્બાની, ૨૭૫–૨૭૬)*

હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"બુઝુર્ગોના ઉર્સની હિફાઝત કરવામાં આવે છે. અને એ ક઼બરોની ઝિયારતને પાબંદી સાથે અને એની ફાતેહા પઢવાનો અને એમના માટે સદકો આપવાની તૈયારી કરવામાં આવે છે." *(ક઼તરાત તર્જમએ હમ્આત–૧૬૬, અઝ : મહેરઅલી)*

ફુયૂઝૂલ હરમૈનમાં છે :–

"જે સમયે મેં શોહદાએ ઓહદની ઝિયારત કરી અને એમના મઝારોની આજુબાજુ ઉભો થયો તો એમનાં મઝારોથી એકદમ મારા તરફ રોશની ચમકી." *(ફુયૂઝુલ હરમૈન મુતર્જિમ–૭૯)*

શાહ સાહબ જાતે ઉર્સમાં સામેલ થતા હતા અલ કવ્લુલ જલીમાં લખે છે :–

"શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہ શાહ અબ્દુર્રહીમ رحمۃ اللہ علیہની ઉર્સની મેહફિલમાં એમના મઝાર પર બેઠેલા હતા. *(અલ ક઼ૌલુલ જલી બાઝયાફ્ત–૩૧, બહવાલા અલ ક઼ૌલુલ જલી–૩૬)*

હઝરત મખ્દૂમ જમાલુદ્દીનના ઉર્સના દિવસે આપ પતલાવદા આપની કબર શરીફની ઝિયારત માટે તશરીફ લાવ્યા હતા. *(અલ ક઼ૌલુલ જલી બાઝયાફ્ત–૮૮, બહવાલા અલ ક઼ૌલુલ જલી–૩૮૭)*

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી ફર્માવે છે :–

મશરબ ફકીરનો એ છે કે દર વર્ષે પીરો મુર્શિદની રૂહને સવાબ પહોચાડું છું. પહેલાં કુર્આન પઢવામાં આવે છે અને થોડી થોડીવારે જો

સમય વધારે હોય તો મૌલુદ પઢવામાં આવે છે. પછી જે કાંઈ હાજર હોય એ ખાવા ખવડાવવામાં આવે છે, અને એનો સવાબ બખ્શી દેવામાં આવે છે. *(ફૈસલા હફ્ત મસ્અલા પેજ–૯)*

ફર્માવે છે : એક વખત હું હઝરત અબ્દુલ કુદ્દુસના ઉર્સમાં અંભેઠ આવ્યો, ઉર્સના છેલ્લા સમયે. *(ઈમ્દાદુલ મુશ્તાક઼–૧૩૬)*

મૌલવી ઈસ્માઈલ દહેલ્વી કહે છે : બસ, દરેક ઈબાદત જે મુસલમાન કરે એનો સવાબ કોઈ મૃત્યુ પામેલાની રૂહને પહોંચાડે અને એના માટે અલ્લાહ ﷻની બારગાહમાં દુઆ કરે, તો આ ઘણુ બેહતર તથા સારુ છે અને રિવાજમાં ફાતેહા પઢવું, ઉર્સ કરવા, મૃત્યુ પામેલાની ન્યાઝ કરવાના રિવાજો સારા હોવામાં કોઈ શંકા નથી. *(સિરાતે મુસ્તકીમ–૫૫, બહવાલા ષવાબુલ ઈબાદાત–૨૯)*

હવે સૈયદના મુજદ્દિદ અલ્ફેષાનીનો અમલ રજૂ કરીએ છીએ :

એટલા માટે કે એમના નામથી ઘણી વખત ધોકો આપવામાં આવે છે, એટલા માટે પણ એમના અમલને બરાબર હોવાને નકારવુ મુશ્કેલ છે, અને એટલા માટે કે શક્ય છે એમના પર જ ભરોસો કરી લેવામાં આવે. અમોને કામયાબીનો વિશ્વાસ છે.

શેખ ફરીદના નામથી ફર્માવે છે :–

"હઝરત ખ્વાજાના ઉર્સના દિવસોમાં ફક઼ીર દિલ્હી આવ્યો અને ઈરાદો હતો કે એમની ખિદમતમાં પણ હાજર થાય. *(દફતરે અવ્વલ–૨૩૩)*

હઝરાતુલ કુદ્સમાં છે : આપ (હઝરત મુજદ્દિદ) દર વર્ષે હઝરત ખ્વાજા ઉર્સના સમયમાં તશરીફ લઈ જતા હતા. ઈલ્લા માશા અલ્લાહ !★ *(હઝરાતુલ કુદ્સ ઉર્દૂ–૨/૫૪)*

વિચારો ! હઝરત મુજદ્દિદની નજરમાં ઉર્સ કરવો પણ બરાબર અને લાંબો સફર કરીને દિલ્હી ઉર્સમાં સામેલ થવું પણ જાઈઝ અને સાબિત છે અને અય્યામે ઉર્સ (ઉર્સના દિવસો) અને "હર સાલ" (દર વર્ષે)ના

★*ઉર્સના દિવસોથી નસીહત પ્રાપ્ત થઈ શકે છે. (અન્ફાસુલ આરેફીન, ઉર્દૂ પેજ–૮૩)*



શબ્દોથી જાહેર થાય છે કે ઉર્સની તારીખ નક્કી કરવું ઘણા વર્ષોથી થઈ રહ્યું છે.

એ જ રીતે એક વખત હઝરત મુજદ્દિદ અજમેર શરીફમાં ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله عليهની બારગાહમાં ઝિયારત માટે હાજર થયા. ખાદિમો તરફથી મઝાર શરીફની ચાદર તોહફામાં આપવામાં આવી તો ઘણા અદબ સાથે સ્વીકારી અને પોતાના કફન મુબારક માટે રાખી લીધી. *(હવાલો ઉપર મુજબ)*

તમે બુઝુર્ગોના અમલને જાણી લીધો છે તો વિશ્વાસ છે કે હવે તો જરૂર તમે અમારી રજૂઆત સ્વીકારશો.

## ★ દિલચસ્પ બનાવ ★

ઉર્સ અને ઉર્સના સફરથી રોકવાવાળી જમાઅતના આલિમો સેમીનારમાં સામેલ થવા માટે લાંબો સફર કરી જાતે હિન્દુસ્તાન રવાના થયા. ઉર્સ જેવા સારા કામમાં સામેલ થવાની જગાએ સાફ અંગ્રેજી ઝબાનના સેમીનારમાં સામેલ થવા માટે સફર શું મતલબ રાખે છે ?! જુઓ, રોજનામા જંગ, રાવલપિંડી, ૩૦ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૮૫

લાહોર પી.પી.એ.ના ન હોવા બરાબર જમાઅતના સેક્રેટરી જનરલ મોલવી ફઝલુર્રહમાનની સદારતમાં ૪૦૦ પાકિસ્તાની આલિમોની એક જમાઅત દેવબંદ રવાના થઈ જ્યાં એ શયખુલ હિંદની યાદમાં થવાવાળા સેમીનારમાં સામેલ થશે. પાકિસ્તાન રેલ્વેએ ભારત જવાવાળી ટ્રેનમાં ખાસ ડબ્બાની વ્યવસ્થા કરી હતી. આલિમો ૧૫ દિવસ સુધી ભારતમાં રોકાશે. *(રોઝનામા જંગ)*

**બતાવો ! સેમીનારની હૈસિયત શું છે ? કોનો સેમીનાર ? કુર્આન તથા હદીષથી એની દલીલ ? આ કોની સુન્નત છે ? અને આ ૪૦૦ આલિમો માટે આટલો લાંબો સફર કે "ખાસ ડબ્બાઓની વ્યવસ્થા" કરવી કેવી ? ઉપર વર્ણન કરેલ ત્રણ મસ્જિદોમાંથી એક પણ ત્યાં નથી જેની નિય્યતથી સફર કર્યો હોય ? ઉર્સ તો સવાબની નિય્યત પર હોય છે જ્યારે આ**

**સેમીનાર અને એમાં સામેલ થવું ક્યા મક઼સદ પર આધારિત છે !**

અને સાંભળો ! જનાબ મુજીબુર્રહમાન શામી રોઝનામા જંગમાં પોતાની કોલમ ''જલ્સએ આમ''માં ''ઝરા ફૈસલએ મસ્જિદ તક''માં લખે છે : શોહદાએ બહાવલપૂરનો આ (એટલે ૧૭ ઓગષ્ટ, ૧૯૯૨નો દિવસ) ચોથો શહાદતનો દિવસ હતો. **મૌલાના અબ્દુલક઼ાદિર આઝાદ (દેવબંદી) દર વર્ષે (લાહોરથી) અહીં આવતાં અને દુઆ માટે હાથ ઉઠાવતા હતા.** *(રોઝનામાં જંગ રાવલપિંડી, ૨૧–ઓગષ્ટ ૧૯૯૨)*

જનાબ રશીદ દહેલ્વી પોતાના કોલમ ''ખૈરિયત મતલૂબ હૈ''માં લખે છે કે ૧૪–ઓગષ્ટ ઈ.સ. **૧૯૯૨ યવમે આઝાદીના સમયે જમાઅતે ઈસ્લામીએ મઝારે ક઼ાઈદે આઝમ કરાચી પર એક મોટી રેલીનું આયોજન કર્યું જેમાં ક઼ાઝી હુસેન અહમદ સાહેબ અમીર જમાઅતે ઈસ્લામીએ તક઼રીર કરી. આ રીતે ક઼ાઝી સાહબ જમાઅતે ઈસ્લામીના પહેલા એવા અમીર બન્યા જેમણે ક઼ાઈદે આઝમની ક઼બર પર હાજરી આપી** અને યવમે આઝાદીના દિવસે ક઼ાઈદે આઝમથી મહોબ્બત જાહેર કરી. ખુલાસો એ કે યવમે પાકિસ્તાન પર જમાઅતે ઈસ્લામીના અમીરનું ક઼ાઈદે આઝમની ક઼બર પર હાજરી આપવું, સલામી આપવી મારા (રશીદ દહેલ્વી)ની નજરમાં સારી વાત છે. એનાથી સમજી શકાય છે કે જમાઅતે ઈસ્લામી (તૌબા) કરી ધીમે ધીમે પોતાની (મઝહબી રાજકારણી) અમલની રીત બદલી રહી છે. *(રોઝનામા જંગ, રાવલપિંડી, ૨૧–ઓગષ્ટ, ૧૯૯૨)*

## ★ મસ્લકે મુજદ્દિદ અલ્ફેષા رحمۃ اللہ علیہની પર એક નજર ★

ઉર્સ, ઈસાલે સવાબ અને મીલાદને અમે એહલે સુન્નત જાઈઝ કહીએ છીએ, વાંધો ઉઠાવવાવાળા આ કામોને બુરી બિદઅત નાજાઈઝ, અને મરદૂદ ગણે છે, પરંતુ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہની જાતે આ કાર્યો પર અમલ કરતા રહ્યા છે. તો જણાવો કે સાચા મુજદ્દિદની ઓળખ આ જ છે કે એ બુરી બિદઅત પર અમલ કરતો રહે કે ના !



બિલ્કુલ નહીં ! બલ્કે પરંતુ હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہ માટે આવું વિચારવું પણ મઝહબના માર્ગથી દૂર થવાની દલીલ છે, એટલા માટે કે જે જાતે સુન્નત વિઢધ્ધ અને નાજાઈઝ કામો પર અમલ કરતો રહે એ સાચો મુજદ્દિદ નથી હોતો અને આપને તો મુજદ્દિદ અલ્ફેષાની સ્વીકારવામાં આવેલ છે. એટલા માટે કે આપ બુરી બિદઅતોનો નાશ કરી સુન્નતને રિવાજ આપવાવાળા છે, જો આપની નજરમાં આ કામો નાજાઈઝ અને હરામ હોત તો આપ એના ઉપર અમલ ન કરતા, આપના અમલ કરવાથી સાબિત થાય છે કે આ બધા કામો આપની નજરમાં નેક અને જાઈઝ બલ્કે સુન્નત હતાં.

અમે સ્વીકારીએ છીએ કે હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہની નજરમાં બિદઅતે હસનાનું વજૂદ નથી એટલા માટે કે એ બિદઅતનો હુકમ ત્યારે જ કરતા હતા જ્યારે એ કામથી સુન્નત ઉઠી જતી હોય. ફર્માવે છે : હદીષોથી જે કાંઈ સમજમાં આવે છે એ આ છે કે દરેક બિદઅત સુન્નત ખતમ કરવાવાળી છે. *(દફ઼તરે અવ્વલ, મક્તૂબ–૧૮૬)*

જાણવા મળ્યું કે આ કામોથી સુન્નત ખતમ નથી થતી, નહીં તો આપ એના ઉપર અમલ ન કરતા આપના અમલથી આ કામોનું જાઈઝ હોવું સાબિત થયું અને સવાબનું કારણ પણ, અને એ પણ કે આપ એને બિદઅત જાણતા જ ન હોતા.

પરંતુ બીજા આલિમો (બિદઅતના પ્રકારોને માનવાવાળા) સુન્નતની દલીલ અને તરીક઼ાના બદલાવના કારણે બિદઅતે હસના કહી એને જાઈઝ હોવાનું અને સારા હોવાનું બયાન કરે છે★.

હવે જણાવો ! જાઈઝ હોવામાં શું તફ઼ાવત રહ્યો ?! હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہ અને બીજા આલિમો વચ્ચે તા'રીફ઼માં તફ઼ાવત હોવાનું કારણ એ હોય શકે છે કે બીજા આલિમો એ તરીક઼ામાં બદલાવના લઈને

*★રોકવા અને વિઢધ્ધ કરવાવાળાઓના મુફ઼્તી મુહમ્મદ શફ઼ીઅ કરાચવી સ્વીકારે છે કે જે મુફ઼્તીઓના લખાણમાં અમુક બિદઅતોને સારી કહેવામાં આવી છે, એ શબ્દકોશના અર્થમાં બિદઅત છે, નહીં તો હક઼ીક઼તમાં બિદઅત નથી. (સુન્નતો બિદઅત –૮૧)*

બિદઅત અને એની દલીલ સુન્નતથી સાબિત હોવાના કારણે હસના (સારુ) કહ્યું અને હઝરત મુજદ્દિદે તરીક઼ાના બદલાવને ન સ્વીકારી એ જ વસ્તુને સુન્નત જાણ્યું, અમલ કર્યો અને કરાવ્યો ફાયદો એક જ છે, વાત કેવળ શબ્દોથી નથી બનતી એમના મક઼સદને પણ નજરો સમક્ષ રાખવો જરૂરી છે.

કુર્આને ફરમાવ્યું : لَا تَقْرَبُوا الصَّلٰوةَ "નમાઝની પાસે ન જાવ." હવે ફક્ત આ શબ્દોને નહીં જોઈએ પરંતુ ન જવાના કારણને પણ વિચારીશું.

હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہને ત્યાં જ્યાં સુધી સુન્નત ન ઉઠે ખાસ કામ જાઈઝ અને સુન્નત જ રહે છે, ફક્ત તરીક઼ો બદલાવાથી સુન્નત ઉઠતી નથી. અને ન તો બિદઅત કહેવામાં આવે છે. અને સુન્નત ઉઠી ગઈ તો બિદઅત કહી દીધુ. અને આ જ સુન્નતનું ઉઠવું સારી બિદઅતને નકારવાનું કારણ છે. સારું હોવું તો ફક્ત સુન્નતમાં છે એટલા માટે જે બીજા આલિમોએ પણ એ કામોમાં સારુ હોવું એ સમયે જ સ્વીકાર્યું જ્યારે એ સુન્નતની દલીલથી સાબિત હોય, એટલે બીજા આલિમોની નજરમાં પણ સારુ હોવાની નિશાની સુન્નત જ છે, નહીં તો એ આલિમો પણ બુરુ કહેવાથી નથી ચૂક્યા અને જરૂર રદિયો આપ્યો. જાણવા મળ્યું જે કામોને બીજા આલિમો બિદઅતે હસના (સારી બિદઅત) કહે છે એ જ કામોને હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہ સુન્નત કહે છે, ન કે સારા હોવાને કે જાઈઝ હોવાને નકારે છે. એ સારા કામ માટે સુન્નતના શબ્દને વાપરવું સારું જાણે છે★.

**માંગણી :** હઝરત મુજદ્દિદ અલ્ફેષા رحمۃ اللہ علیہની તથા અને બીજા આલિમો વચ્ચે આ જે તારીફ (વ્યાખ્યા)માં તફાવત થયો છે એનો કોઈ

★ હઝરત શાહ અહમદ સઈદ દહેલ્વી ફર્માવતા હતા કે બિદઅતે હસના હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہની નજરમાં સુન્નતમાં સામેલ છે, એટલા માટે કે હઝરત ઈમામ كُلُّ بِدْعَةٍ ضَلَالَةٌના હુકમ પ્રમાણે એના પર બિદઅતનો શબ્દ ન બોલતા, અને આપના તથા એ આલિમો વચ્ચે જે બિદઅતે હસનામાં માનવાવાળા છે, ફક્ત શબ્દોનો વિરોધાભાસ હતો. (મક઼ામાતે સઈદિયા, પેજ–૧૨૫ બહવાલા ઝિયાએ હરમ ઈદે મીલાદુન્નબી ﷺ નંબર, પેજ–૩૭૦, હિ.સ. ૧૪૧૦)



સ્વીકારવા જેવા ખુલાસો રજૂ કરી દેવામાં આવે તો પછી અમે સ્વીકારવામાં શરમ નહીં સમજીએ.

**હાઝિર હૈ !** : ઉપર વર્ણન કરેલ લખાણોથી સચ્ચાઈ ખૂબ સારી રીતે સામે આવી ગઈ છે, અને એ સ્વીકારવામાં શરમ ન કરવી જોઈએ. તો પણ અમારી આદત છેલ્લી દલીલ પણ આપી દેવાની છે. માંગણી કરેલ ખુલાસો રજૂ કરીએ છીએ અને ફેંસલો વાંચકો પર છોડીએ છીએ.

જુઓ, હદીષના પ્રમાણે :–

عَلَيْكُمْ بِسُنَّتِىْ وَسُنَّةِ الْخُلَفَاءِ الرَّاشِدِيْنَ الْمَهْدِيِّيْنَ હઝરાત ખુલફાએ રાશેદીન رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના ફર્માન અને અમલને સુન્નત કહેવામાં આવ્યું, પરંતુ ફારૂકે આઝમે પોતાના પૈદા કરી રિવાજ આપેલ તરીક઼ા (કામ)ને نعمت البدعةનું બિરૂદ આપ્યું. હવે જુઓ, હુઝૂર ﷺ એ ફર્માવ્યું, ખુલફાએ રાશેદીનનો અમલ સુન્નત છે, અને ફારૂકે આ'ઝમ ફર્માવે છે : نعمت البدعة તો હઝરત મુજદ્દિદે હદીષ પર આ રીતે અમલ કર્યો કે હુઝૂર ﷺ એ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના અમલને સુન્નત ફર્માવ્યું છે, બિદઅત ફારૂકે આ'ઝમે જાતે મુરાદ લીધેલ છે, એટલા માટે આ સુન્નત જ છે. અને બીજા આલિમો نعمت البدعةના ફર્માનને એ રીતે સુન્નત સમજ્યા કે બિદઅતને શબ્દ નેઅમતનું બિરૂદ આપવું હઝરત ફારૂકે આ'ઝમની સુન્નત છે તો એમણે બિદઅતે હસનાની તારીફ પસંદ કરી એને સુન્નત જણાવ્યું. એટલે વાત એક જ છે જેની ઓળખ અલગ અલગ તરીક઼ાથી થઈ રહી છે. ખુલફાએ રાશિદની વાત પર હુઝૂર ﷺ ના ફર્માન પર વધારે અમલ કરવામાં સ્થિતિ ભલે અલગ અલગ રહી, પરંતુ બંનેવનો મક઼સદ એક જ છે.

**ફાયદા :** હાલના સમયમાં તક઼લીદે શખ્સી (એક નિશ્ચિત ઈમામની તક઼લીદ)ની ગણના બિદઅતમાં થાય છે. અમે એને હસના (સારુ) કહીએ છીએ અને વાજિબ (જરૂરી) સમજીએ છીએ. ખૂદ હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہ પણ ફર્માવે છે : મુજતહિદની તક઼લીદ (પેરવી) ભૂલ થવાની શક્યતામાં પણ જાઈઝ અને બરાબર બલ્કે વાજિબ અને જરૂરી છે. *(દફતરે અવ્વલ, મક્તૂબ–૩૧)*

જ્યારે કે કુઢને ષલાષા (રસૂલ, સહાબા, તાબઈન ત્રણેવ) જમાનામાં એના વાજિબ હોવાનું ઝિક્ર પણ ન હોતું. અને જ્યારે હઝરત મુજદ્દિદ બિદઅતથી બચવા અને સુન્નત પર અમલ કરવા હુકમ આપે છે તો જરૂરી છે કે તક઼લીદ એમના નજીક સુન્નત હોય, હવે આ કેમ સુન્નત છે અને કોની સુન્નત છે, બિદઅતે હસનાથી રોકવાવાળા જણાવશે. અમે હઝરત મુજદ્દિદ અને બીજા આલિમો વચ્ચે વાતનું એક હોવું સાબિત કરી ચૂક્યા છીએ. એટલા માટે હઝરત મુજદ્દિદથી સંમત થવા માટે ઉપર જણાવેલ કામોને જાઈઝ માનવું પડશે, નહીં તો વિરોધ કરવું જાહેર છે. જે છુપાવવાથી છુપાઈ જવું શક્ય નથી થઈ શકતું.

ખુલાસો એ કે જો હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہનો અમલ બરાબર છે, અને બેશક ! દુરુસ્ત છે, તો આ કામો પણ બરાબર થયાં. અને એ જ રીતે અમારા એહલે સુન્નત વ જમાઅતનો અમલ પણ બરાબર સાબિત થયો. અને જે કામ નેક અને સારુ છે એમાં મદદ કરવાનો અલ્લાહ جل جلالہનો હુકમ છે : وَتَعَاوَنُوا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى "અને નેકી અને પરહેઝગારી પર એકબીજાની મદદ કરો." *(માઈદા–૨, પા.૬)*

જેથી બધાએ આ સારા કામોમાં સામેલ થઈ મદદ કરવી જોઈએ એટલા માટે કે અલ્લાહ جل جلالہનો આ જ હુકમ છે.

## ★ અઝાન પહેલાં સલાતો સલામ ★

કુર્આન તથા હદીષમાં હુઝૂર ﷺ પર દુરૂદ શરીફ પઢવાનો હુકમ આપ્યો, એની ફઝીલત વર્ણન કરવામાં આવી, ઘણા ફાયદાઓ બયાન કરવામાં આવ્યા. દેવબંદી મોલવી અશરફ અલી થાનવીએ પણ "ગૈરુલ્લાહ"ના નામથી લખેલ પોતાની કિતાબ "ઝાદુસ્સઈદ"માં એવા ઘણા વિષયો પર ઘણી બધી હદીષો લખી છે. ખુલાસો એ કે, દુરૂદ શરીફની ફઝીલત અને ફાયદાઓથી કોઈનો ઈન્કાર નથી. હા ! અઝાન પહેલાં અને અઝાન પછી દુરૂદો સલામ પઢવામાં આજે વિરોધ છે, અને ઈન્શાઅલ્લાહ ! આ સંક્ષિપ્ત ચર્ચામાં આ વિરોધને દૂર કરવાની કોશિશ કરીશું.

કુર્આનમાં અલ્લાહ جل جلالہ ફર્માવે છે : "બેશક ! અલ્લાહ جل جلالہ અને



એના ફરિશ્તા દુરૂદ મોકલે છે એ ગૈબ બતાવવાવાળા (નબી) પર, હે ઈમાનવાળાઓ ! એમના પર દુરૂદ અને ખૂબ સલામ પહોંચાડતા રહો." *(અહઝાબ–૫૬, પા. ૨૨)*

બેશક ! અલ્લાહ جل جلالہ અને એના ફરિશ્તા રહમત મોકલે છે આ પેગમ્બર પર, હે ઈમાનવાળાઓ ! તમે પણ આપ પર રેહમત મોકલો અને ખુબ સલામ પહોંચાડો[૧]. *(તર્જુમો : અશરફઅલી થાનવી)*

અહીં શબ્દ "ખૂબ"[૨] વિચારવા જેવી જગા છે, મુરાદ ઘણીવાર અને વારંવાર મોકલવું છે. એટલે સલાતો સલામ જે હુઝૂર ﷺ ની યાદગાર છે અલ્લાહ جل جلالہને ઘણી પસંદ છે અને અલ્લાહ جل جلالہ ની સુન્નત છે.

આયતે કરીમા અને એનો તર્જુમો તમે પઢી લીધો. આવો ! હવે અમુક હદીષો પણ પઢી લો. હુઝૂર ﷺ એ ફર્માવ્યું :–

૧. એની નાક માટીવાળી થાય જેની પાસે મારુ ઝિક્ર કરવામાં આવે અને મારા ઉપર દરૂદ ન પઢે. *(મિશ્કાત બાબુસ્સલાત અલન્નબી ﷺ)*

૨. અને મારા ઉપર દરૂદ મોકલ્યા કરો કે તમારુ દુરૂદ મને પહોંચે છે તમે જ્યાં પણ હોય. *(મિશ્કાત બાબુસ્સલાત અલન્નબી ﷺ)*

૩. ક઼યામતમાં મારાથી વધુ પાસે એ હશે જે મારા ઉપર વધુ દુરૂદ પઢે છે. *(મદારિજુન્નબુવ્વત)*

૪. મોટો કંજૂસ એ છે જેના પાસે મારૂ ઝિક્ર થાય અને એ મારા પર દુરૂદ ન પઢે. *(તબ્લીગી નિસાબ, ફઝાઈલે દરૂદ શરીફ ત્રીજી ફસ્લ)* અને મદારિજુન્નબુવ્વતમાં આ રીતે પણ છે. બેશક ! આ બધા કંજૂસોમાં બુરો કંજૂસ છે. *(મદારિજુન્નબુવ્વત–૧/૫૭૫)*

---

*૧. અલ્લામા સખાવી ફર્માવે છે : ઈમામ ઝૈનુલ આબેદીનથી નક઼લ કરે છે, હુઝૂર ﷺ પર વધુ દુરૂદ પઢવું એહલે સુન્નતની નિશાની છે. (તબ્લીગી નિસાબ, ફઝાઈલે દુરૂદ શરીફ, પેજ–૯)*

*૨. મૌલાના મુહમ્મદ શફીઅ ઓકાળવી ફર્માવે છે : અહીં શબ્દ* سلّموا *ના પછી* تسليما *મફઉલે મુત્લક બયાન ફર્માવીને સલામ પઢવામાં ભાર મૂકવામાં આવ્યો કે સલામ જરૂર જરૂર પઢશો, એટલા માટે કે મફઉલે મુત્લકનો મક઼સદ તાકીદ (ભાર મૂકવો–વજન આપવું) છે. (બરકાતે મીલાદ શરીફ પેજ–૧૬)*

ઉપર જણાવેલ આયત અને હદીષો વિગેરેમાં સમયની કોઈ શર્ત નથી. અમે થાનવી મહાશયની "ઝાદુસ્સઈદ" પણ જોઈ, એ પણ આ શર્તથી ખાલી મળી, બલ્કે આયતે કરીમાની શર્તની જગાએ વિના શર્તે છે જે આમ હુકમ જણાવે છે.

હવે જણાવો, કુર્આન તથા હદીષે તો દુરૂદ પઢવાને વિના શર્તે રાખેલ છે[૧] કે જ્યારે પણ પઢો સમયની પાબંદી બિલ્કુલ નથી કે ફલાણા સમયે પઢયું તો બરાબર થશે અને ફલાણા સમયે પઢયું તો ગુનો ! જો એવું હોતું કે દુરૂદ શરીફ પઢવાના સમય નક્કી કરી દેવામાં આવતા અથવા રોકેલ સમયની વિગત બયાન કરવામાં આવતી, જ્યારે કે આવું નથી. તો આ શર્ત કે અઝાન અથવા અઝાન પછી દુરૂદ પઢવું બરાબર નથી એ એક ઘડી કાઢેલી શર્ત છે. અને 'ફતાવા રશીદિયા' માં છે : જે હુકમને શરીઅતે વિના શર્તે રાખેલ છે તેમાં પોતાના દિમાગથી શર્ત લગાડવી હરામ છે. *(ફતાવા રશીદિયા–૧૪૭)*

હઝરત અલ્લામા સઈદ અહમદ કાઝમી ફર્માવે છે : અઝાન પહેલાં અને અઝાન પછી સલાતો સલામ બિલ્કુલ બુરુ નથી, ન શરઈ બિદઅત છે, જેને બુરી બિદઅત કહી શકીએ. પરંતુ સારું (મુસ્તહસન) કામ છે જેની દલીલ કિતાબ તથા સુન્નતમાં મૌજૂદ છે. કુર્આનમાં صلوا وسلموا નું ફર્માન છે જેમાં કોઈ શર્ત નથી[૨]. *(મક઼ાલાતે ક઼ાઝમી, ૩/૩૨૨)*

જ્યારે દરેક સમયમાં દુરૂદો સલામ પહોંચાડવું મુસ્તહબ અને સારુ છે, તો પછી અહીં કેમ રોકવામાં આવે છે ?! આશ્ચર્ય છે કે આટલા મુબારક અને નેક કામથી પણ દુશ્મની છે ?! મઆઝલ્લાહ !

શંકાઓને દૂર કરવા માટે આવવાવાળા પેજમાં અમુક વિચારવા જેવા

**૧.** *વિરોધીઓના મુફતી મુહમ્મદ શફીઅ દેવબંદી કરાંચવી કહે છે : જે રીતે અલ્લાહ ﷻ નું ઝિક્ર અને કુર્આન પઢવું ઉભા રહી, બેસી, સૂઈને, દરેક રીતે જાઈઝ છે એ રીતે દુરૂદ શરીફ પણ દરેક રીતે જાઈઝ છે. (સુન્નતો બિદઅત–૫૭)*

**૨.** *મદારિજુન્નબુવ્વત ઉર્દૂ ૧/૧૭૦, અને જઝબુલ કુલૂબ ઉર્દૂમાં પેજ–૨૪૪, ૫૨ એવા સારા સમયોમાં અઝાન તથા ઈક઼ામત પછીના સમયને પણ ગણવામાં આવ્યો છે.*



અને ફાયદાવાળા સવાલો લખેલ છે તેને જુઓ અને પોતાના રસ્તાને જાણી ઓળખી સીધા રસ્તા ઉપર પહોંચવાની કોશિશ કરો.

**૧.** જણાવો કે આયતે કરીમાનો હુકમ વિના શર્તે છે કે પછી સમયની શર્ત સાથે ખાસ છે ? એમાં કોઈ ખાસ સમયે એ મના કરવામાં આવ્યું છે ? અને શું મના કરેલ સમયમાં અઝાન પહેલાંનો સમય સામેલ છે ? મનાનો હુકમ સાબિત કરવા માટે કોઈ દલીલની જરૂરત હોય છે ? અને આ રોકવાનો (મના) અધિકાર કોને છે ?★ અને એમાં કોઈ પ્રકારનું બયાન (વર્ણન) ન હોવાનું કારણ શું છે ?

**૨.** મસ્જિદમાં ઈબાદતનાં કામો કયાં કયાં છે ? એમાં દરૂદ શરીફ

★ *ક઼ારી તય્યબ માજી મોહતમિમ દા.ઉ.દેવબંદ કહે છે, કોણ હિમ્મત કરી શકે છે કે વિના શર્તે બયાન થયેલ કુર્આનમાં કોઈ સૂરતને મના ઠરાવી કુર્આનના વિના શર્તના હુકમને મનસૂખ કરવાની હિમ્મત કરે અને આ રીતે કુર્આનના વિના શર્તના હુકમને શર્ત લગાડી બદલી કુર્આનની એક સાફ અને ચોખ્ખી દલીલના સામે આવે. એટલા માટે દીનનાં બારામાં કોઈ વિના શર્તના હુકમને શર્ત લગાડવામાં અને શર્ત સાથેના હુકમને વિના શર્તે કરવાનો, કોઈ આમ હુકમને ખાસ કરી દેવાનો અથવા ખાસને આમ કરી દેવાનો હક્ક઼ અલ્લાહ ﷻ અને રસૂલ સિવાય કોને મળેલ છે ? આ હિમ્મત હોય તો પણ કોઈ ખુદા ﷻ અને રસૂલ સિવાય આવુ કરે તો હક઼ીક઼તમાં આ પર્દામાં રહી શરીઅત બનાવવાનો દાવો છે, જે બધાથી બુરી બિદઅત અને રિસાલતમાં શરીક઼ થવું છે." (કલમએ તય્યબા–૧૯–૨૦) એટલા માટે દુરૂદ પઢવાના વિના શર્તના હુકમમાં શર્ત લગાવાવાળો પોતાના આ જ ક઼ારી સાહબના હુકમમાં છે. પછી ક઼ારી સાહેબે કલમાએ તૈય્યબાની તરક઼ીબી બદલાવ અને એના જાઈઝ હોવાની બહષમાં જે કાંઈ કહ્યું છે એને મારા નિર્દેશોની સામે રાખીને જુઓ તો અઝાન પહેલાં સલાતો સલામનું જાઈઝ હોવું પણ ખૂબ સાફ થઈ જાય છે, ફક્ત ઈન્સાફ શર્ત છે. એ કહે છે કે હવે જો કલમએ તય્યબાથી મના કરવાવાળા (એ જ રીતે અઝાન પહેલાં સાલતો સલામથી રોકવાવાળા) આ સાબિતી વિઢધ્ધ એ પ્રકારનું કોઈ સબૂત રજૂ કરતા, કોઈ આયત અથવા સહીહ હદીષ અથવા મુતવાતિર અને મશહૂર રિવાયત સામે રજૂ કરતા કે કુર્આનના મુત્લકને મન્સૂખ કરી સાફ કલમએ તૈય્યબા (એ જ રીતે અઝાન પહેલાં સલાતો સલામ)ના મના અથવા નાજાઈઝ અને બિદઅત હોવા પર દલીલ પૂરી પાડતા તો વિના શંકાએ એના ઉપર ધ્યાન આપવું જરૂરી હતું, પરંતુ એનાથી અલગ રિવાયતો મળે છે. તો એ કુર્આનના મુત્લક હુકમને અને એ કુર્આનના મુત્લક હુકમની નીચે આવેલ દરેક હાલતના જાઈઝનું સબૂત મળે છે, જેથી અમારુ રજૂ કરેલ સબૂત વધારે મજબૂત થઈ જાય છે. (કલમએ તૈય્યબહ, ૨૪)*

સામેલ છે કે નહીં ? એનું વુઝૂ સાથે પઢવું વધુ સારુ કે વુઝૂ વિના પઢવું ? અને મસ્જિદમાં પઢવું વધુ સારું કે મસ્જિદની બહાર ? જ્યારે કે મસ્જિદમાં નમાઝ પણ થઈ રહી ન હોય.

૩. જરૂરી તો એ છે કે જે પણ હુઝૂર ﷺ નું નામ લે કે સાંભળે એ દુરૂદ શરીફ પઢે, ન પઢવાવાળો કંજૂસ અને ખુદાની રહમતથી દૂર થવાનો હક્કદાર છે, હવે જે ન પઢે એ તો કંજૂસ છે, અને જે રોકવાવાળા છે એમના માટે શું સજા છે ? જો એવું કહેવામાં આવે કે એ ન પઢવાવાળાથી મોટો કંજૂસ છે તો બરાબર નથી ?

૪. અઝાનમાં બે વખત હુઝૂર ﷺ નું નામ આવે છે, જો અઝાન આપવાવાળો અઝાન પહેલાં અથવા યા પછી સલાતો સલામ પઢે તો વાંધો શું છે ? શું આ કંજૂસીથી બચવાનો સારો રસ્તો નથી ?

૫. અઝાન પહેલાં સલાતો સલામથી રોકવું કોની સુન્નત છે અને આ કેવી રીતે જાઈઝ છે ?

૬. એને બિદઅત જણાવી ન પઢવું કોનાથી સાબિત છે ?

૭. જ્યારે દીન મુકમ્મલ (પૂરો) છે અને એમાં રોકવામાં નથી આવ્યા, તો હવે કેમ અને કેવી નિય્યત (ઈરાદા)થી રોકવામાં આવે છે ? બીજું એ કે મનાનો હુકમ લગાડવાથી કુર્આન તથા હદીષના વિરુધ્ધ ન થયું ?

૮. અલ્લાહ ﷻ એ ફર્માવ્યું છે : صَلُّوا عَلَيْهِ وَسَلِّمُوا تَسْلِيماً "અને રોકવાવાળા કહે છે કે ન પઢો ! બતાવો, ખુદાના હુકમ વિઢધ્ધ કરવાનો મક્સદ શું છે ?"

૯. અમે અમુક કાયદાઓ દર્શાવ્યા છે, એના પ્રમાણે શું હુકમ છે ?

આ સવાલો પર વિચાર કરવાથી અઝાન પહેલાં દુરૂદ શરીફ જાઈઝ હોવામાં કોઈ શંકા નહીં રહે અને એની જરૂરત અને ફાયદાઓ પણ સારી રીતે માલૂમ થઈ જશે. સાચા આલિમોએ એને જાઈઝ જાણ્યું અને એના ઉપર અમલ કર્યો. અમે કિતાબ લાંબી થવાની બીકે સાચા આલિમોના લખાણોથી નજર ફેરવી વિરોધીઓના ભરોસાપાત્ર મુફતીએ



"જંગ" મૌલાના અબ્દુર્રહમાન જામિઆ અશરફિયા–લાહોરનો ફતવો રજૂ કરીએ છીએ એટલા માટે કે અઝાન પહેલાં દુરૂદ શરીફ જાઈઝ હોવા પર ઈતમામે હુજ્જત (દલીલ પૂર્ણ) થઈ જાય. જુઓ 'જંગ' મેગેઝીન, રાવલપિંડી, ૧૪ તારીખથી ૨૦ જાન્યુઆરી ૧૯૮૩ અને અમારા એહલે સુન્નતના કાર્યોની તારીફ કરી સાચું માની સ્વીકારી લો.

**સવાલ** : અઝાન પહેલાં સલાતો સલામ જે આજે રીવાજ બની ગયો છે શું જાઈઝ છે ?

**જવાબ** : સલાતો સલામ એમાં કોઈ શંકા નથી કે શ્રેષ્ઠ ઈબાદત છે અને દરેક સમયે એને પઢવું બરકત તથા રહેમતનું કારણ છે, પરંતુ જોવાનું એ છે કે આવવાવાળી પેઢીઓ એને અઝાનનો હિસ્સો તો નહીં સમજી લે ?! જો એને અઝાનનો હિસ્સો સમજી લે તો વિના શંકાએ બિદઅત થશે, જેની બુરાઈ સાફ છે. ઈન્સાફની વાત એ છે કે અઝાનથી પેહલાં પઢવાવાળા પઢે અને અઝાન જેવું ઊંચા અવાજમાં ન પઢે પરંતુ અવાજ થોડો ધીમો રાખે. અને અઝાન અને સલાતો સલામ વચ્ચે થોડો સમય ગાળો હોય. ભલે અડધી મિનિટનો જ હોય, પછી ઈન્શાઅલ્લાહ ! બિદઅત હોવાની શક્યતા નહીં રહે. *(જંગ, ૧૪ થી ૨૦, જાન્યુ. ૧૯૮૩)*

જોયું તમે ?! કે આ અઝાન પહેલાં સલાતો સલામ જાઈઝ હોવાનું કોણ અને કેવી રીતે વર્ણવી રહ્યું છે ?! કહે છે કે, "દરેક સમયે એને પઢવું રહમત અને બરકતનું કારણ છે."

એમાં દરેક સમયમાં અઝાન પહેલાં પઢવું જાઈઝ હોવાની દલીલ છે. એટલા માટે કે સવાલમાં એ જ સમયનું ઝિક્ર છે.

રહી એ બીક કે આવવાવાળી પેઢીઓ એને અઝાનનો ભાગ તો નહીં સમજી લે ?! તો એ એક વિના આધારની શંકા છે, ન તો આજ સુધી કોઈએ એવું સમજ્યું છે, ન તો ઈન્શાઅલ્લાહ ! આવી હાલત પૈદા થશે. નફલ હમેશાં પઢવા છતાં આજ સુધી એ નમાઝ (ફર્ઝ)નો ભાગ નથી સમજવામાં આવ્યો, ન તો આવનાર સમયમાં આવુ સમજવાની શંકા છે. હમેશાં કરવું એક વાત છે અને ફર્ઝ, વાજિબ, અથવા એનો

ભાગ સમજવું અલગ વાત છે.

બુખારીમાં હદીષ છે : ''અલ્લાહ ﷻની બારગાહમાં પસંદગી પામેલ અમલ એ છે જેને કરવાવાળો એને હમેશાં કરે છે. *(બુખારી શરીફ કિતાબુલ ઈમાન, રિયાઝુસ્સાલિહીન, ૧/૯૪, મુતર્જિમ વગેરે)*

તો કોઈ સારા કામને હમેશાં કરવાને ફર્ઝ અથવા વાજિબ સમજી લેવાની શંકા કરવી બરાબર નથી. આ હમેશાં કરવું તો અલ્લાહની બારગાહમાં પસંદગી પ્રાપ્ત કરવાનું કારણ છે. એમના ત્યાં અઝાન પહેલાં સલાતો સલામ પઢવું બિદઅત નથી બલ્કે અઝાનનો ભાગ સમજવું બિદઅત છે અને એમના શબ્દ ''આઈંદા'' ''આવનારી એટલે ભાવિથી સારી રીતે સાબિત થાય છે કે વર્તમાન સમયમાં અઝાનનો ભાગ નથી સમજવામાં આવતું એ માટે બિદઅત નથી !

અને આગળ મોલવીએ સનદ પણ આપી દીધી કે, ''ઈન્સાફની વાત એ છે કે પઢવાવાળા પઢે, એટલે આ અમલને છોડે નહીં, અને એમને રોકવું ઈન્સાફની વાત નથી. હા ! થોડો ધીમો અવાજ હોય, અને અઝાન અને સલાતો સલામ વચ્ચે થોડો સમય ખામોશી હોય, ભલે અડધી મિનિટની હોય, તો પછી બિદઅત નથી.''

જેથી અઝાન પહેલાં સલાતો સલામ જાઈઝ અને સવાબવાળુ કામ છે અને બિદઅત અને નાજાઈઝ કહેવું જુલ્મ છે. ઈસ્લામ ઈન્સાફની વાતની માંગણી કરે છે એટલા માટે અમે વિનંતી કરીએ છીએ કે જ્યારે અઝાન પહેલાં સલાતો સલામ પઢવું રહમત અને બરકતનું કારણ છે, તો રહમત અને બરકત પ્રાપ્ત કરવા ખૂદ પણ પઢે, એટલે પોતાના ત્યાં પણ રિવાજ આપે, એટલા માટે કે અલ્લાહ ﷻની રહમત અને બરકતથી બેફિકર થવું બગાવતના રસ્તા પર જવું છે, અને અલ્લાહ ﷻની નારાજગીનું કારણ પણ છે.

જુઓ, અલ્લાહ ﷻ ફર્માવે છે : ''એવી વાત કેમ કહો છે જે કરતા નથી ? અલ્લાહ ﷻની બારગાહમાં એ વાત ઘણી નારાજગીની છે કે એવી વાત કહો જે કરતા નથી.'' *(અસ્સફ–૨,૩, પારા–૨૮)*



અમે મોલ્વી થાનવીનો તર્જુમો લખેલ છે એટલા માટે કે કોઈ છુપી વાત ન રહે અને મુફતીએ ''જંગ'' પોતાના દોસ્તો સાથે જાતે પણ આ કામ કરવાનું શરૂ કરી દે જેથી વિરોધાભાસનો દરેક પ્રકાર ખતમ થઈ જાય. દુઆ છે કે અલ્લાહ ﷻ આપણને બધાને સારાં કામો (અઝાન પહેલાં સલાતો સલામ) કરવાની તૌફીક઼ આપે, બગાવતથી બચાવે, અને પોતાની ખાસ બરકતો અને રહમતોથી નવાઝે.)

**آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم**